ओ३म्

આયુર્વેદીક નિબંધમાળા.

ભાગ ત્રીજો.

યોજક અને કર્તા

વૈદ ધીરજરામ દલપતરામ—સુરત.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શા. મંગળદાસ લલ્લુભાઈ નારણદાસ બુકસેલર.

લીમડા ચોક, સુરત.

કીમ્મત રૂપીઓ સવા.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૧૧૫૨૦ वर्गांक

पुस्तकनुं नाम આયુર્વેદ નિબંધમાળા

विषय [illegible]

ओ३म्

આયુર્વૈદીક નિબંધ માળા.

ભાગ ત્રીજો.

શ્લોક.

यं शैवाः समुपासते शिव इति ब्रह्मेति वेदान्तिनो
बौद्धा बुद्ध इति प्रमाण पटवः कर्तेति नैयायिकाः।
अर्हन्नित्यथ जैन शासनरताः कर्मेति मीमांसका
सोऽयं नो विदधातु वांछितफलं त्रैलोक्यनाथो हरिः !

યોજક અને કર્તા

વૈદ્ય ધીરજરામ દલપતરામ—સુરત

સર્વ હક સ્વાધીન.

આવૃતી ૧ લી. પ્રત ૧૦૦૦.

છપાવી પ્રસીદ્ધ કરનાર
શા. લલ્લુભાઈ નારણદાસ બુકસેલર.

સંવત ૧૯૮૦ સને ૧૯૨૪.

સુરત બરાનપુરી ભાગળ ઉપર આવેલા શ્રી 'અનાવિલ'
પ્રિન્ટીંગ પ્રેસમાં રઘુભાઈ લલ્લુભાઈ દેશાઇએ છાપી.

કીમ્મત રૂપીઓ સવા.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

હમારા દવાખાનામાં

બાહાર ગામના દરદીઓ માટે સગવડ.

પોતાના રોગની સંપુર્ણું હકીગત વિગતવાર લખી મોકલવાથી હમે આયુર્વેદીક, ઔષધો જેવાં કે ભસ્મો, રસો, ઉપરસો, ગુગળો, માત્રાઓ, રસસીંદુરો, સુવર્ણસીંદુરો અને ચંદ્રોદય તથા સુવર્ણ ચંદ્રોદય વિગેરે ઉંચી જાતના ઔષધમાંથી દરદીના રોગના પ્રમાણમાં જે ઔષધ આપવું ઘટીત હશે. તેમાંથી યોગ્ય ઔષધ માત્ર એક માસના ચાર રૂપીઆ લેખે ફી લઇને આપીશું. પરંતુ કોઇને પણ પંદર દીવસ કરતાં ઓછા દીવસની દવા આપીશું નહીં. તેમજ કોઇને એક માસ કરતાં વધારે દીવસની દવા એક સામટી આપીશું નહીં. પત્ર વ્હેવાર કરનારે જવાબને માટે ટીકીટ બીડવી ટીકીટ વગર કોઇને જવાબ આપવામાં આવશે નહીં તેમજ વગર કારણની નીરર્થક સંકાઓના જવાબ આપવામાં આવશે નહીં. પત્ર વ્હેવાર નિચેને સીરનામે કરવો.

વૈદ્ય ધીરજરામ દલપતરામ

રૂવાળાને ટેકરે—**સુરત.**

પ્રસ્તાવના.

આયુર્વેદી નિબંધમાળાના આગલા બે ભાગો મારા પરમ મીત્ર સ્વર્ગસ્થ વૈદરાજ નિલકચંદ તારાચંદે પ્રસિદ્ધ કર્યા હતા. અને ત્રીજો ભાગ પણ તેઓ પ્રસિદ્ધ કરવાના હતા, પરંતુ દૈવઇચ્છાથી તેઓ એકાએક હૃદય બંધ પડી જવાથી સ્વર્ગવાસી થયા. પરંતુ અવસાનની છેલ્લી ઘડી સુધી તેઓ આયુર્વેદને ભૂલ્યા ન હતા, જેથી તેમનું અપુર્ણ રહેલું કામ, આયુર્વેદ નિબંધમાળા ભાગ ત્રીજો, પ્રસિદ્ધ કરવા મેં નિશ્ચય કર્યો અને તેમાં બીજા વૈદરાજોએ પોતાના અનુભવેલા ઉપાયો મોકલીને મને વધુ ઉત્તેજીત કર્યો, જેથી આ નિબંધમાળાનો ત્રીજો ભાગ આપ સજ્જન વૈદરાજોના સમીપમાં રજુ કરવાને ભાગ્યશાળી થયો છું. આ ત્રીજા ભાગમાં વધુ નિબંધો નહિં આપતાં, અનુભવેલા ઉપાયોનો વધુ સંગ્રહ આપવામાં આવ્યો છે. કારણ આજકાલ દરેક વૈદને સારા અને અનુભવેલા ઉપાયોની ખાસ જરૂર છે. કારણ હાલમાં પશ્ચીમની વિધા ભણેલા ડાકટરોની સામે ઉભા રહીને કામ કરવાનું હોવાથી જેમ બને તેમ સારા અને તાત્કાળીક અસર કરનારા ઉપાયો હોય તો લોકોની શ્રદ્ધા દેશી વૈદક ઉપર ટકી રહે માટે દરેક વૈદરાજ એ બાબતમાં ખુલ્લુ દીલ રાખે અને અવારનવાર પોતાના સીધ્ધ ઉપાયોની આપલે કરે તો આયુર્વેદનાં સારા સારા રત્નોનો નાસ નહિં થતાં તે હંમેસને માટે જળવાયલા રહે, અને અરસ પરસની મદદથી વૈદરાજોની સંઘ સકતીમાં હંમેશા વધારો થતો રહે વિસેસ આ નિબંધ માળામાં જે જે વૈદોએ પોતાના ઉપાયો મોકલ્યા છે. તે તેમના નામ સાથે દાખલ કરવામા આવ્યા છે માટે તેના સંબંધમાં કોઇ જાતની શંકા હોય તો તે બાબત તેમને લખીને ખુલાશો કરવો.

વૈદ્ય ધીરજરામ દલપતરામ.

આયુર્વેદીક નિબંધ માળા ભાગ ત્રીજો

અનુક્રમણીકા

નામ		પુષ્ટ.
શું! આયુર્વેદ અપુર્ણ છે.	૧ થી	૯
આપણી નાડી પરીક્ષા.	૧૦ ,,	૨૬
ઔષધીની શરીરમાં અસર	૨૭ ,,	૩૮
હમારા ખાસ અનુભવેલા ઉપાય	૩૯ ,,	૫૫
વૈદ ચુનીલાલ હરગોવન જોસી	૫૫ ,,	૫૮
વૈદ વિશ્વનાથ અમૃત મજુરે	૫૮ ,,	૬૦
દાંત બાંધનાર ઠાકોરલાલ	૬૦ ,,	૬૨
વૈદ બાળકૃષ્ણ રત્નેશ્વર	૬૨ ,,	૬૫
વૈદ છગનલાલ આત્મારામ	૬૫ ,,	૬૮
સુરતપાસે ગામ ઉધનાવાળા	૬૮ ,,	૭૧
સુરત છાપરીઆ શેરી નિવાસી	૭૧ ,,	૭૨
રા. રા. ઇશ્વરલાલ રતનલાલ	૭૩ ,,	૭૭
ફરાળો બ્રહ્મચારી	૭૮ ,,	૮૧
ગાંધી બેચરદાસ વીઠ્ઠલદાસ	૮૧ ,,	૮૩
વૈદ ભોળાનાથ નર્બદાશંકર સ્માર્ત	૮૩ ,,	૮૫
વૈદ ડાહ્યાલાલ મનસુખરામ		૮૫
,, જશભાઈ જી. પટેલ		૮૫
,, છગનલાલ કુબેરદાસ		૮૫
,, ત્રીભોવન જીભાઇ		૮૬
,, હીરજીભાઇ ગોવિન્દજી		૮૬
,, નાથાલાલ કૃપાશંકર	૮૬ ,,	૮૭
,, મણીશંકર ભાનુશંકર		૮૭

,, પરબતસીંહ ખુશાલસીંહ ૮૮
,, મુળજી ત્રીકમ ... ... ૮૮ ,, ૮૯
,, નંદલાલ વિદ્યારામ ૮૯
,, પન્નાલાલ દત્તુલાલ ૯૦
ડૉ. ભાઈલાલ કપુરચંદ શાહ ૯૧
વૈદ રામેશ્વર રામકુમેર ૯૨
,, ગાંધી જીવા અજરામર ... ... ૯૨ , ૯૩
,, નટવરલાલ પરશોતમ ૯૩
,, ચંદુલાલ પેહેલાદજી ૯૪
,, દુર્ગાશંકર જગજીવન ... ... ૯૪ ,, ૯૫
,, કેશવલાલ શીવશંકર ... ... ૯૫ ,, ૯૬
,, વિરમજી વધાજી ... ... ૯૬ ,, ૯૭
વૈદ નાથુરામ અનોપરામ ૯૭
વૈદ ચુનીલાલ ભાઇલાલ ૯૮
વૈદ કૃષ્ણરામ અભેરામ ... ... ૯૮ ,, ૯૯
સાધુ છગનલાલ અકુદાસ ... ... ૯૯ ,, ૧૦૦
ગાંધી મુળજી ત્રીકમ ૧૦૦
વૈદ વસંતીલાલ નંદકીશોર ૧૦૧
ગાંધી કચરાલાલ જેઠાલાલ ... ... ૧૦૧ ,, ૧૦૨
વૈદ પરશુરામ ટીડા ... ... ૧૦૨ ,, ૧૦૩
,, નર્મદાશંકર મોનજી ... ... ૧૦૩ ,, ૧૦૪
,, પ્રભાશંકર વંદ્રાવન ... ... ૧૦૪ ,, ૧૦૫
,, મનોહરલાલ કાશીરામ ૧૦૫
ડૉ ચંદુલાલ મુકુંદરાય ... ... ૧૦૫ ,, ૧૦૬
સાધુ મગનદાસજી રણછોડદાસજી ... ... ૧૦૭ ,, ૧૦૮
વૈદ ધનેશ્વર નાગેશ્વર ... ... ૧૦૮ ,, ૧૦૯

,, મણીલાલ છોટાલાલ શોની ... ... ૧૦૯ ,, ૧૧૦
,, ધીરબાવા ગુમાનબાવા ... ... ૧૧૦ ,, ૧૧૨
બ્રહ્મચારી આત્મારામજી ... ... ૧૧૨ ,, ૧૧૩
વૈદ નટવરલાલ પુરૂષોત્તમ પંડયા ... ... ૧૧૪ ,, ૧૧૫
,, ઉમેદરામ મગનલાલ ૧૧૫
પારસી વૈદ અરદેશર કાવશજી દાદા ચાંદજી ... ૧૧૫ ,, ૧૧૭
રા. ગોરધનભાઇ સોમાભાઇ દલાલ ... ... ૧૧૭ ,, ૧૧૮
આર્ય વૈદ શાકળચંદ ભુલાભાઇ ચુડગર ... ૧૧૮ ,, ૧૧૯
વૈદ ભાણજી નથ્થુ ઠાકોર ૧૨૦
,, સાધુ રામજી જોધપુરવાળા ... ... ૧૨૧ ,, ૧૨૨
,, દયાળજી રામચંદ્ર રાવળ ... ... ૧૨૨ ,, ૧૨૪
ડો. ગોવિન્દરાવ હનમતરાવ મીરજવાળા ... ૧૨૪ ,, ૧૨૫
વૈદ મૂળજી વસરામ ... ... ૧૨૫ ,, ૧૨૭
,, અંબારામ શંકરજી ... ... ૧૨૭ ,, ૧૩૦
,, ધીરજલાલ મા. શાહ ... ... ૧૩૦ ,, ૧૩૩
પ્રોફેસર માહાદેવ દતાત્રય ... ... ૧૩૩ ,, ૧૩૫
વૈદ બાળકૃષ્ણ ઉમીઆશંકર ... ... ૧૩૫ ,, ૧૩૬
રા. સ્યામચંદ ગોરધનદાસ ... ... ૧૩૬ ,, ૧૩૭
વૈદ ગંગાશંકર ત્રીભોવન ... ... ૧૩૭ ,, ૧૩૮
,, શીવશંકર મનોરભાઇ ... ... ૧૩૮ ,, ૧૩૯
,, મંગળ ભુધર ... ... ૧૩૯ ,, ૧૪૦
ડો. મૂળચંદ ઝવેરચંદ કતરીઆ ૧૪૦
વૈદ અમૃતરામ મોતીરામ ગોમીવાળા ... ... ૧૪૦ ,, ૧૪૨
વૈદ મયાશંકર હીરજી ૧૪૨
વૈદ ઇશ્વિરલાલ અમરજી પંડયા ... ... ૧૪૨ ,, ૧૪૩
વી. એમ. પાલખીવાળા ... ... ૧૪૩ ,, ૧૪૪

ડા. મણીલાલ ભીખાભાઇ	૧૪૪ ,, ૧૪૫
વૈદ અંબાલાલ નરોતમ જોશી	૧૪૫ ,, ૧૪૬
વૈદ દેવીસીંહજી ભૂપતસીંહજી	૧૪૬ ,, ૧૪૭
,, કરૂણાશંકર નરભેરામ	૧૪૭ ,, ૧૪૯
,, હીમ્મતરામ મુગટરામ	૧૪૯ ,, ૧૫૦
,, જમનાદાસ મદનજી વૈષ્ણવ	૧૫૦ ,, ૧૫૧
,, દુર્ગાશંકર વશરામ શુકલ	૧૫૧ ,, ૧૫૨
,, ત્રીકમદાસ કાળીદાસ શાહ	૧૫૩ ,, ૧૫૪
,, એમ. એમ. પારેખ	૧૫૪ ,, ૧૫૫
,, નરભેરામ હરજીવન ભટ્ટ	૧૫૫ ,, ૧૫૬
,, વીરચંદ હરીચંદ પંચાળ	૧૫૬ ,, ૧૫૮
,, પુરૂશોતમ બહેચરભાઇ યાજ્ઞીક	૧૫૮ ,, ૧૬૦
ભાઇલાલ મયાશંકર ઠાકર	૧૬૦ ,, ૧૬૧
રા. ભોગીલાલ સી. જનોડીઆ	૧૬૧
વૈદ ગોપાળજી કુવરજી ઠક્કુર	૧૬૧ ,, ૧૬૩
હકીમ નાથાભાઈ અબદુલ્લા	૧૬૩
વૈદ કેશવલાલ બાપુજી	૧૬૩ ,, ૧૬૫
,, મણીલાલ વલમરામ	૧૬૫ ,, ૧૬૬
,, શ્રીધર ભાઉ દાણે	૧૬૬
,, સુલેમાન નાથાભાઇ	૧૬૬ ,, ૧૬૭
રા. માસ્તર મોહનલાલ જેઠાલાલ	૧૬૭ ,, ૧૬૮
ડા. નારણભાઇ બાર્ઈઆભાઇ	૧૬૮
વૈદ દયાશંકર મોરારજી	૧૬૯ ,, ૧૭૦
,, ગીરજાશંકર કાશીરામ	૧૭૧ ,, ૧૭૩
,, ગીરધરલાલ નરસીંહરામ	૧૭૩ ,, ૧૭૪
,, લક્ષ્મીશંકર રેવાશંકર	૧૭૪ ,, ૧૭૬
,, પોપટલાલ મોનજી	૧૭૬

અર્પણ પત્રીકા

શ્રીયુત નાથાલાલ લલ્લુભાઈ વકીલના

ગવરમેન્ટ સરટીફાઈડ ઓડીટર

મુ. સુરત

આપ મારા બાળમાત્ર તથા સુભેચ્છક છો, તેમજ આપ આયુર્વેદીક જ્ઞાનનો વધુ ફેલાવો જોવને સદા સર્વદા ઉત્સુક રહો છો તેમજ આયુર્વેદની સંસ્થાઓને તન, મન, અને ધનથી હંમેસ મદદ કરતા રહો છો, એટલુંજ નહિ પણ આ નિબંધમાળાના બે ભાગો પ્રસીદ્ધ કરનાર સ્વર્ગસ્થ વૈદરાજ તિલકચંદ તારાચંદ તમારા અને મારા બંન્નેના ખાસ મીત્ર હતા તેમનું અર્પુણ રહેલુ ત્રીજો ભાગ પ્રસીદ્ધ કરવાનું કાર્ય સંપુણ કરી મીત્ર રૂણમાંથી મુક્ત થઇ આ આયુર્વેદીક નિબંધ માળાનો ત્રીજોભાગ આપને અર્પણ કરૂ છું; જે આપ સ્વીકારશો એવિ આશા છે.

લી. આપનો બાળમીત્ર.

વૈદ ધીરજરામ દલપતરામ

રૂવાળાને ટકરે સુરત.



[illegible]

[illegible] સુરત [illegible]

[illegible] પ્રિ [illegible]

આયુર્વેદીક નિબંધ માળા ભાગ ત્રીજો.

નિબંધ ૧ લો.

શું !! આર્યુવેદ અપુર્ણ છે ?

વર્તમાન સમયમાં ઘણી વખતે, એવું સભળવામાં, કે. વાંચવામાં આવે છે, કે, પશ્ચિમના અમુક વિદ્વાને અથવા અમુક મોટા ડાકટરે કે પ્રોફેસરે પોતાનાં ભાષણમાં કહ્યું છે કે, હિન્દુસ્તાનનું દેશી વૈદું, ઘણીજ રીતે અપુર્ણ અને વિશ્વાસ રાખવાને પાત્ર નથી. કારણ દેશી વૈદું, આમથી તેમથી ભેગું કરીને કૃતીમ રીતે ઉપજાવિ કાઢેલું છે. જેથી તેના ઉપર કોઇપણ જાતનો વિશ્વાસ રાખી શકાય નહીં, આવિ ખોટી માન્યતા કેટલાક પશ્ચીમના ડાકટરોના મનમાં ધૂશી ગયેલી છે. અને તેથીજ તેઓ પોતાના લેખો, અને ભાષણોમાં આવા એક તરફી વિચારો જણાવે છે. એટલુંજ નહીં પણ એક વખતે આપણાં ઇલ્લાકાની મુખ્ય ધારાસભમાં પણ એક વિદ્વાન ગણાતા ડાકટર સાહેબે, દેશી વૈદાં ઉપર ઘણાં કઠણ આક્ષેપો કર્યા હતા, પરંતુ તે વખતે ધારાસભામાં બીરાજતા આપણાં દેશી ગ્રહસ્થોએ તેની એ દલીલને સખત રીતે વખોડી કહાડી દાખલા દલીલોથી સિદ્ધ કરી બતાવ્યું હતું કે, દેશી અને યુનાની વૈદક ઘણુંજ પ્રાચીન અને સંપૂર્ણ પણે વિદ્યાથી ભરપુર છે. એટલુંજ નહીં પણ ખરી રીતે દેશી વૈદક દુનીયામાંના બીજા વૈદક શાસ્ત્રોને જન્મ આપનાર માતા જેવું છે. કારણ પશ્ચિમનું વૈદક પણ દેશી વૈદકના પરીણામથી ઉત્પન્ન થયેલું છે. માટે તેને રાજ્ય તરફથી મદદ કરવી જોઇએ.

જો દેશી વૈદ્યોને રાજ્ય તરફથી પુરતો આશ્રય મળે તો, જરૂર તે આગળ વધે અને ત્યારેજ તેના ચમત્કારો દેખાઈ આવે. અને દેશી વૈદકમાં કેવાં કેવાં તત્વો સમાયલાં છે. તે ધ્યાનમાં આવે. આવી રીતના હીમ્મત ભરેલા બચાવથી તે વખતની ધારાસભામાં દેશી અને યુનાની વૈદકને ઉત્તેજન આપવાનો ઠરાવ ધારાસભામાં થયો હતો. તેમજ સદરહુ ડાકટર શાહેબને ઘણાં વર્તમાન પત્રોમાં તેમજ માસીકોમાં જવાબો આપવામાં આવ્યા હતા, પરંતુ જેઓને માત્ર એક તરફી સંસ્કારો લાગેલા હોય છે, તેઓ પોતાની નજરમાં આવે તેવા આક્ષેપો આપણાં દેશી વૈદાં પર કરે છે. પરંતુ તેઓ જો આપણાં આયુર્વેદનો અભ્યાસ કરે તો તેની ખાત્રી થાય કે આયુર્વેદમાં કેવી ગુઢ વિદ્યા ભરેલી છે. અને તેમાં કેવાં કેવાં તત્વો સમાયલાં છે. પરંતુ જ્યાં સુધી કોઇ પણ બાબત જાણ્યા વગર તે બાબતમાં સારો કે નઠારો મત અપાએ તે કોઇપણ વિદ્વાનને નહીં છાજે એવી એક જાતની મુર્ખતા છે દાખલા તરીકે એક ડાકટરને આપણે કોઈ જાતના કાયદાનો સવાલ પુછીએ અને તેમાં તે પોતાનો મનસ્વી જવાબ આપે. તો કોઇપણ કાયદાનો અભ્યાસી કબુલ કરે નહીં, બલ્કે તે જવાબ આપનારને હસી કાઢે. તેજ પ્રમાણે જે વિદ્યાના સંબંધમાં આપણે કશુંજ જાણતા નહીં હોઇએ છતાં તે વિદ્યા નકામી છે એવો એક મારગી જવાબ આપીએ તે જવાબ તે વિદ્યાનાં અભ્યાસી અને વિદ્વાનો કેવીરીતે કબુલ રાખી શકે? દાખલા તરીકે એક મોટા એમ. ડી. થયેલા ડાકટરને એક વનસ્પતીથી ભરેલા જંગલમાં લઇ જઇને પુછીએ કે ડાકટર સાહેબ? આ જંગલમાંથી લજ્જામણીનો છોડ અથવા હંસરાજ બતાવો. તો તે વેળા તે ડાકટર સાહેબ આપણાં

મોઢાં સામું જોઇ રહેશે અને એમાંથી એકે વસ્તુ બનાવી શકશે નહી, તેજ પ્રમાણે એક સારા હોશિયાર વૈદના હાથમાં એક હથિયાર આપીને કહેવામાં આવે કે, આ મુડદાંની હોજરીમાંથી અન્ન, રસને જુદો પાડો તો તે પણ કંઇ કરી શકશે નહી. તેજ પ્રમાણે જે માણસ જે વિદ્યામાં નીપુણ હોય તેજ બાબતમાં પોતાના વિચાર દર્શાવી શકે માટે જે જે ડાકટરો આયુર્વેદનો અભ્યાસ કર્યા વગર તેનાં ઉપર ખોટા આક્ષેપો કરે તેની અસર દુનીઆમાં થઇ શકેજ નહીં.

પશ્ચિમના વિદ્વાનો ઇતર શોધખોળના સંબંધમાં ગમે તેવું અજવાળું પાડી શકે, પરંતુ તેઓએ જ્યાંસુધી આયુર્વેદનો સંપુર્ણ અભ્યાસ કર્યો નથી ત્યાંસુધી આયુર્વેદના સંબંધમાં કોઇપણ પ્રકારનો મત આપી શકે નહીં, છતાં તેઓ જો કંઇ બોલે અથવા લખે તેની અસર આપણાં દેશના લોકો ઉપર થઇ શકે નહીં, હવે આપણો મૂળ હેતુ એ છે કે શું !! આયુર્વેદ અપુર્ણ છે ? આ પ્રશ્ન ઘણી વખતે આપણાં આગળ ખડો થાય છે. પરંતુ જો આપણે દીર્ઘ દૃષ્ટિથી, વિચાર કરીએ તો સમજાઇ જશે કે જે વિદ્યા સૃષ્ટીની આદીથી આપણને પ્રાપ્ત થઇ છે. અર્થાત્ વૈદક શાસ્ત્રનો આરંભ આપણાં વેદ કાળથીજ થયેલો છે. તેના ઘણા પ્રમાણો આપણને ૠગ્વેદના મંત્રોથી મળી આવે છે, એટલુંજ નહી પણ આપણાં આર્ય લોકો સંપુર્ણપણે માનતા આવેલા છે કે વેદ એ સૌથી અનાદી અને ઇશ્વિરદત્ત વિદ્યા છે અને આયુર્વેદ એ પણ એક વેદની અંતર ગત વિદ્યા છે. જેથી તેમાં કોઇપણ પ્રકારે અપુર્ણતા હોવાનો બીલકુલ સંભવ નથી. કારણ વેદનું જ્ઞાન સંપુર્ણપણે પુર્ણ છે. એ વાતમાં કોઇપણ પ્રકારનો મતભેદ છેજ નહીં. તો આયુર્વેદ પણ વેદનું એક અંગ

હોવાથી તેમાં પણ કોઇ જાતની અપુર્ણતા હોય એ માની શકાય એવી વાત નથી. કારણ જો એમ હોય તો ઇશ્વરનાં સંબંધમાં અપુર્ણતાનો દોષ લાગુ પડે. માટે જેવી રીતે વેદ ઇશ્વરી જ્ઞાન હોવાથી તે પુર્ણ છે. તેવીજ રીતે આયુર્વેદ પણ વેદમાંનો એક ભાગ હોવાથી તે પણ સદા સર્વદા પુર્ણ છે, પરંતુ તેમાં ન્યાયની દ્રષ્ટીથી જોતા એ વાત આપણે કબુલ કરવી પડશે કે વેદીક કાળમાં ભાષા સુત્ર રૂપે વપરાતી હતી. અને આયુર્વેદના તે કાળના પુસ્તકો પણ એવીજ સુત્રની ભાષામાં લખેલાં મળી આવે છે. કારણ તે સમયના વિદ્વાનો એવી સુત્રનીજ ભાષામાં થોડામાં મોહોળું જ્ઞાન સમાવતા હતા, પરંતુ કાળના ક્રમે તે જમાનો ફરી ગયો, જેથી લોકો, સુત્રની ભાષા સમજતા બંધ પડી ગયા. જેથી તે જમાનાના વિદ્વાનોએ એવી સુત્રની ભાષા સમજાવવાને નિરૂક્ત, નિઘંટુ, આદિ કોષના ગ્રંથો રચ્યા કે જેની મદદથી, સુત્રની ભાષા સમજી શકાય; પરંતુ જેમ જેમ સમય બદલાતો ગયો, તેમ તેમ, લોકો ઉપર જુદાં જુદાં, રાજયોની ક્રાન્તીઓ થવા માંડી, જેથી એવી કઢંગી દશા થઇ પડી કે તેઓ વિદ્યા સંબંધી વિચાર કરવાનું ભુલી ગયા, એટલુંજ નહીં પણ તેજ સમયમાં, કેટલાક પરધર્મી રાજ્યોએ આપણાં દેશ ઉપર સ્વારીઓ કરીને ધર્મને નામે મોટી લુટ ચલાવી તેમાં હિન્દુ ધર્મના પુસ્તકો ઉપર તેઓનો એવો કટાક્ષ હતો, કે જયાં જયાં તેવા પુસ્તકોનો જથ્થો મળી આવ્યો. તેને ભસ્મીભુત કરવામાંજ તેઓ ધર્મ સમજતા હતા. જેથી તેવા પુસ્તકોની ભેગાં આયુર્વેદના પુસ્તકો પણ બળીને ભસ્મીભુત થઇ ગયાં જેમાં વૃદ્ધ ચરક, વૃદ્ધ વાગવટ, ધન્વતરી, સંહીતા, આદી પુસ્તકો પણ હોવા

જોઇએ. કારણ હજુ તેના નામો, કેટલાક પુસ્તકોમાંથી આપણને મળી આવે છે, પરંતુ ભારે સોધ ખોળ કરતાં પણ હજુ ઉપરના પુસ્તકોમાંથી કોઇ પણ મળી આવતું નથી, જેથી ખાત્રી થાય છે કે જેવી રીતે આયુર્વેદના બીજા સાહીત્યને પરદેશી લોકોએ નાશ કરાવ્યો તેમાં ઉપરના માહાન ગ્રંથો પણ આવી જવા જોઇએ.

પરંતુ તે કાળના આજુ બાજુના સમયમાં સીકંદર બાદશાહની સ્વારી હીન્દુસ્તાનમાં આવી હતી, અને તેનાં લશ્કરમાં સર્પ, દંશથી હજારો માણસો મરવા લાગ્યાં, પરદેશી હકીમો તેનાં ઉપાયો કરીને થાકી ગયાં પણ સર્પનું વિષ ઉતર્યું નહીં, જેથી બાદશાહે આ દેશના વૈદોને બોલાવ્યા અને તેને વિનંતી કરી કે તમારી પાસે જો સર્પના વિષનો ઉપાય હોય તો મારા લશ્કરના માણસોને કરો જેથી વૈદોએ પોતાની વિદ્યાથી બાદશાહના લશકરના સીપાઇઓનું, સર્પ, વિષ ઉતાર્યું, જેથી બાદશાહ ઘણોજ ખુશ થઈ ગયો, અને તેણે પોતાના હકીમોને ફરમાવ્યું કે આ દેશી વૈદો પાસે તમે અભ્યાસ કરો. એટલુંજ નહીં પણ કેટલાક સારા વિદ્વાન વૈદોને પગાર આપીને પોતાના લશ્કરમાં રાખ્યા. કારણ બાદશાહ આયુર્વેદીક ઔષધીઓથી ઘણોજ ખુશ થઇ ગયો હતો. બાદશાહના હુકમ મુજબ કેટલાક સારા અને વિદ્વાન ગણાતા હકીમોએ વૈદો પાસે ચરક સુશ્રુત આદી મોટા ગ્રંથોનો અભ્યાસ કર્યો અને ત્યાર પછી તેઓએ ચરક સુશ્રુત, આદી ગ્રંથોના યુનાની ભાષામાં ભાષાન્તરો કર્યાં, અને ત્યારબાદ તેઓએ એ વિદ્યાનો પ્રચાર યુનાન દેશમાં કર્યો. એટલે આપણી આયુર્વેદીક વિદ્યાનો યુનાનમાં પ્રચાર થયો; એજ અરસામાં પશ્ચીમના લોકો યુનાનમાં આવ્યા. અને

ત્યાંના હકીમોની રોગ સારા કરવાની પદ્ધતી જોઇને ઘણાંજ ખુશ થયા, અને કેટલાક હકીમોને સારો પગાર આપી તેની પાસેથી વૈદકનો અભ્યાસ કર્યો. અને પછી યુનાનમાંથી જેટલાં પુસ્તકો મળ્યાં તે પોતાને દેશ લઇ જઈ તેનાં ભાષાન્તરો પોતાની ભાષામાં કર્યાં. એટલે તેઓને રાજ્ય તરફથી સંપુર્ણ મદદ મળી જેથી તેઓએ એ વિદ્યાને લગતી શોધખોળો કરવા માંડી. અને ઔષધો કરતાં સુશ્રુતના લખેલા શારીર શાસ્ત્ર તરફ પુસ્કળ લક્ષ આપ્યું અને જુદી જુદી જાતના હથિયારો બનાવીને, ચીરવા ફાડવાની વિદ્યામાં પુસ્કળ લક્ષ આપ્યું અને તેમાં તેઓને રાજ્ય અને બીજી રીતે મદદો મળી. જેથી એ વિદ્યામાં ઘણોજ સારો સુધારો કરી શક્યા. અને હજુપણ દીનપર દીન તેમાં સુધારાઓ થયાજ જાય છે.

આવી રીતે આપણી આયુર્વેદીક વિદ્યાનો પ્રચાર પ્રથમ યુનાન દેશમાં, અને પછી ત્યાંથી ધીરે ધીરે આખા યુરોપમાં થયો.

હવે સમજુ અને શાણા માણસો આ ઉપરથી વિચાર કરશે કે જે આયુર્વેદ અથવા દેશી વૈદુ બનાવટી અને કેટલાક પશ્ચિમના ડાકટરોના કહેવા મુજબ આમથી તેમથી ભેગું કરીને ઉપજાવિ કાઢેલું છે. તો પશ્ચિમની વૈદક વિદ્યા કયાંથી આવી? અને તેને કોણે ઉપજાવિ કાઢી તે બાબતનો નિર્ણય થવાની જરૂર છે.

કેટલાક એવી માન્યતાવાળા પણ છે કે શરીરને લગતી ચીરવા, ફાડવાની વિદ્યા આયુર્વેદમાં છેજ નહીં, એ વિદ્યા તો યુરોપના મોટા મોટા ડાકટરોએ શોધી કાઢેલી છે. પરંતુ જેણે શુશ્રુતનો અભ્યાસ કરેલો છે. તેઓ સારી રીતે સમજે છે કે શારીરની બાબતમાં, સુશ્રુતે

કાંઈ બાકી મુકયું નથી, એટલુંજ નહીં પણ સર્જન સુશ્રુતની પદ્ધતી ઘણી ખરી હાલના જમાનાને શીખરે પોહોચેલી સર્જન વિદ્યાને મોટે ભાગે મળતી આવે છે. જેથી ખાત્રી થાય છે કે આપણો આયુર્વેદ કોઈ પણ પ્રકારે અપુર્ણ નથી, પણ સંપુર્ણપણે સૃષ્ટીની આદીથી એક માહાન વિદ્યા તરીકે આખા જગતમાં પ્રખ્યાતીને પામેલો છે. જેને માટે આપણાં, વેદો પુરાણો વિગેરેમાંથી પુષ્કળ પ્રમાણો મળી આવે છે. એટલુંજ નહીં પણ યુરોપનો પ્રખ્યાત ગ્રંથકાર ડૉકટર, વાઈઝ પણ કબુલ કરે છે કે, વૈદક શાસ્ત્રનું પ્રથમ જ્ઞાન મનુષ્ય જાતને હીન્દુઓ પાસેથી મલ્યું હતું, એટલુંજ નહીં પણ (શવચ્ય વચ્છેદ! એટલે મુડદાં ચીરીને, શરીરની રચનાનું જ્ઞાન મેળવવાની પદ્ધતિ તેમજ મનુષ્યો, અને પ્રાણીઓ માટે ઈરિપતાલો તથા ધાતુ, અને ઉપધાતુઓનો ઔષધ તરીકે ઉપયોગ કરવાનું આખા જગતને પ્રથમ શીખવનાર હિન્દુઓજ હતા, એટલુજ નહી પણ નાસ પામેલી ચામડીને સ્થાને નવી ત્વચા ચોટાડવાનું નાક જેવાં કપાઈ ગયેલાં અંગોને નવીન બનાવવાનું, આંખના મોતીઆને બાજુ પર ખસેડી દેવાનું કામ પણ હિન્દુઓની પાસેથીજ પશ્ચીમના લોકો શીખ્યા હતા. ત્રિદોષ નિર્ણય, અને રૂધિરા ભિસરણ વિષેનું જ્ઞાન પણ પ્રથમ હિન્દુસ્તાનના લોકોને હતું.

આપણો વૈદિકકાળ ઈશવીસન પૂર્વે ચાર હજારથી પચ્ચીસો સુધીનો હતો, એવા પુરાવા આપણને ઈતીહાસમાંથી મળી આવે છે. જેથી સમજાય છે કે આ વખતે રણભૂમિપર ઘાયલ થયેલાઓની સાર વાર કરનાર શસ્ત્ર વૈદો હતા. તેઓ નકામા થઇ ગયેલાં અંગો પ્રત્યાંગોને કાપી નાખી બીજા બનાવટી બેસાડી સકતા હતા

આપણાં પુરૂષ સૂક્ત ઈત્યાદિમાં. શરીરનાં વિવિધ અંગો અને હાડપિંજરોના નામ આવે છે. અને વેદોમાં પણ કેટલીક ઠેકાણે ક્ષય રોગ ચિકિત્સા અને મુત્રશલાકાના ઉપયોગ વિસે ઉલ્લેખ છે. આટલા ઉપરથી સીદ્ધ થય છે કે આપણું દેશી વૈદુ કોઈ પણ પ્રકારે ઉપજાવી કાઢેલું કે બનાવટી નથી. પણ એક મોહાન શાસ્ત્ર છે. અને શસ્ત્રવિદ્યા, પ્રસૂતિ તંત્ર, ચિકિત્સા, નિદાન શાસ્ત્રો, કૌમારભૃત્ય, વિગેરે આયુર્વેદના જુદાં જુદાં અંગોની મોહાન વિદ્યા પ્રથમ આપણાં દેશના હીન્દુઓએજ સંપાદન કરેલી હતી. એટલુંજ નહીં પણ કાસ્મીરમાંથી જડેલો માકડીઅન હસ્તલેખ જે સર વિલીયમ જોન્સ ઈંગ્લેન્ડ લઈ ગયા છે. તે ઉપરથી સાબીત થયું છે કે ઈશવીસન પૂર્વે લગભગ ૭ હજાર વર્ષ અગાઉ હિંદુસ્તાનમાં ભવ્ય સંસ્કૃતિ પ્રસરેલી હતી; ગણીત શાસ્ત્ર, બીજ ગણીત, ભૂમિતી, સેતરંજ નીરમત, અને પંચતંત્રના જેવી બોધક વાર્તાઓ લખવાની પ્રથમ શોધ કરનાર હિંન્દુઓજ હતા. એટલુંજ નહીં પણ પરમાણુંવાદ, ઉત્ક્રાંતિવાદ, અને નિદાન ચિકીત્સાની વિદ્યાનો પ્રથમ પ્રચાર કરનાર પણ આ દેશના આર્યોજ હતા, તેમજ ગતિ, ગુરૂત્વાકર્ષણ, નાદ, પ્રકાશ, ઉષ્મા ઇત્યાદિની પ્રગટ તેમજ નિગૂઢ, અવસ્થાઓ વિશેના વાદ કે મૂળ તત્વો, તેમજ આકાશ તત્વ, પૃથ્વીની દૈનિક ગતી, પરિચ્છેદ ગણના ચંદ્રની ક્ષય તથા વૃદ્ધિની ગણના, તેમજ ગ્રહણો થવાના સમયની ગણના યુરોપને તે બાબતનું ભાન થયું, તે અગાઉ સેંકડો સૈકાએ પહેલાં આ હિંદુસ્તાનના વિદ્વાંનો સારી રીતે જાણતા હતા. ઉપરના સઘળા પુરાવાથી આપ લોકોના ધ્યાનમાં આવ્યું હશે કે આપણું દેશી વૈદુ કોઈપણ પ્રકારે

અપુર્ણ નથી. છેવટ એટલુંજ કહેવાનું કે, જ્યારે આપણાં દેશમાં વૈદક શાસ્ત્ર સંપુર્ણ કળાએ પોહોંચેલું હતું, ત્યારે પશ્ચિમમાં એ વિદ્યાની ઝાંખી સરખી પણ દેખાતી નોહોતી. કારણ આપણો આર્યાવૃતબીજા બધા દેશોની પૂર્વે સંપુર્ણપણે કેળવાયલો હતો. જેથી બીજા બધા દેશના લોકો સઘળી વિદ્યા આપણી પાસેથીજ શીખેલા છે, અને તેજ પ્રમાણે પશ્ચિમનું વૈદુ પણ ખરી રીતે આપણાં હિંદુસ્તાનનું રૂણી છે. કારણ પ્રથમ આપણી પાસે યુનાન શીખ્યું, અને યુનાન પાસેથી પશ્ચિમ શીખ્યું પરંતુ તે મૂળ વિદ્યા તો આપણાં દેશનીજ ગણાય. તો પછી જે વિદ્યાને પ્રભાવે યુરોપ આજકાલ જે સુધારા કરી રહ્યું છે અને જે વિદ્યાથી પોતાની વિદ્યા ઘડાઈ છે. તેના ઉપરજ અપુર્ણતાનો દોશ લગાડવો એ કેવું કહેવાય. તેનો ખ્યાલ વાંચનાર વૈદ્યરાજો અને ગૃહસ્થો પોતેજ કરી લેશે એવી આશા છે.

લી૦ વૈદરાજોનો સેવક,

વૈદ ધીરજરામ દલપતરામ.

નિબંધ ૨ જો.

આપણી નાડી પરીક્ષા.

વર્તમાન સમયમાં આપણાં આયુર્વેદનું જે ગૌરવ જળવાઇ રહ્યું છે. અને પશ્ચિમમાંથી ઉદય પામેલા જ્ઞાન, રૂપી સુર્યની આગે અદ્યાપી પર્યંત આપણો આયુર્વેદ ટકી રહ્યો છે, તેનું કારણ આપણી નાડી પરીક્ષા છે, કારણ બીજા બધા કરતાં આપણાં દેશના લોકોનો વિશ્વાસ નાડી પરીક્ષા ઉપર એટલો બધો છે કે, જો કોઈ વૈદ રોગીની નાડી જોઇને તેના રોગની પરીક્ષા કરે તો રોગી તેના ઉપર ફીદા થઈ જાય છે. અને તેનુંજ ઔષધ કરવાને લલચાય છે. એટલુંજ નહીં પણ બીજી ઘણી રીતે આપણાં દેશની નાડી પરીક્ષા સર્વોપરી અને શ્રેષ્ટ ગણાય છે, છતાં આજકાલ તેની સ્થિતિ ઘણીજ કઢંગી અને કફોડી થઈ પડી છે. જેથી તેનો વિચાર કરવો એ દરેક આયુર્વેદના અભ્યાસીની ખાસ ફરજ છે. આપણાં દેશનું નાડી પરીક્ષા શાસ્ત્ર સર્વોપરી અને રોગની પરીક્ષા કરવામાં ખરેખરૂં મદદગાર છે. એ બાબતમાં કોઈ પણ વાંધો કાઢે એમ નથી, કારણ નાડી પરીક્ષાના સબંધમાં, આપણે આપણાં ઘરડાંવરડાંથી કેટલીક વિશ્વાસપાત્ર વાતો સાંભળતા આવ્યા છઇએ કે રોગના નિદાનનું મુખ્ય અંગ નાડી પરીક્ષા શાસ્ત્ર છે અને તેનાથી શરીરમાં થયેલા અને ભવિષ્યમાં થનારા રોગની અસર ઘણીજ સારી રીતે સમજાય છે, એવી લોકોની જે માન્યતા ચાલી આવે છે તેમાં હજુ કોઈ પણ પ્રકારનો વિક્ષેપ દેખાતો નથી. તેમજ નાડી પરીક્ષામાં અલોકીક સામર્થ રહેલું છે. એ વાતમાં હજુ કોઇ પણ પ્રકારનો વિક્ષેપ દેખાતો નથી. તેમજ નાડી પરીક્ષામાં

૧૨૮૨૦

અલોકીક સામર્થ્ય રહેલું છે. એ વાત હજુ પણ આપણાં દેશના લોકો સર્વાંશે ખરી અને અને વિશ્વાસનીય, માને છે, જેથી ખાત્રી થાય છે કે આપણાં આયુર્વેદમાં નાડી પરીક્ષા એ સર્વોપરી અને માનનિય બાબત છે. પરંતુ વર્તમાનકાળમાં નાડી પરીક્ષાના સબંધમાં આપણાં વૈદરાજોમાના કેટલાક એવું માનનારા છે કે, રોગીની નાડી પરીક્ષા કરવી તે એક જાતનો જુનો રીવાજ છે. અથવા જુના વખતથી ચાલતી આવેલી પુરાણી અતિશયોક્તિ અથવા રૂઢી છે જેથી તેઓને ત્યાં જે દરદી આવે છે તેની પ્રથમ નાડી જોવી જોઇએ. જો રોગીની નાડી નહીં જુએ તો રોગીને કે તેના ઘરના માણુસને વૈદ ઉપર વિશ્વાસ આવે નહી માટે રોગીની નાડી જુવે છે. પરંતુ વૈદરાજને નાડી પરીક્ષાનું કેટલું જ્ઞાન છે, તે તો તે વૈદરાજ પોતેજ સમજે છે. માત્ર રોગીને વિશ્વાસ આવે, એટલાજ ખાતર વૈદ દરદીની નાડી હાથમાં લઇને જાણે નાડી પરીક્ષાથીજ રોગીના રોગનું નિદાન કરતા હોય તેવો દંભ બતાવી, દરદીના રોગનું નિદાન કરવામાં વૈદરાજ પ્રશ્ન, દર્શન ત્વચા વિગેરેને મુખ્ય સાધન ગણીને રોગીના મનનું સમાધાન કરી, જાણે રોગીની નાડી પરીક્ષા કરીનેજ રોગનું નિદાન વૈદરાજે કર્યું છે, એવો ભાસ રોગીઓની ઉપર પાડે છે. કારણુ નાડી પરીક્ષામાં વૈદરાજને કેટલો વિશ્વાસ છે, તે તો વૈદરાજ પોતેજ સમજે છે.

ઉપરની હકીગતમાં કોઇ પ્રકારની અતિસયોકિત અથવા વૈદ વર્ગની નિંદા કરવાનો મારો હેતુ બીલકુલ નથી. એ બાબત વૈદ વર્ગ ખાત્રી રાખશે. પરંતુ આજકાલ નાડી પરીક્ષાની કેવી સ્થિતિ થઇ પડી છે કે, ભલે ! વૈદ હો ! વા નહીં હો, પણુ રોગીના હાથ

ઉપર આંગળા મુકીને જાણે કોઈ માહાન નાડી પરીક્ષક હોય એવો ડોળ રોગીઓના ઉપર ઠસાવે છે. જાણે નાડી પરીક્ષા કરવી એ સહેલી અને સાધારણ બાબત કેમ નહીં હોય! તેમ આજકાલના ગાંધીની દુકાનો માંડનારા ઘાંચીઓ અને બીજા કેટલાક અભણ વૈદો પણ આવો ડોળ કરવામાં પાછી પાની કરતા નથી. જેથી નાડી પરીક્ષા શાસ્ત્રની કેવી સ્થિતિ પઈ પડી છે. તે અમારા વૈદ બંધુઓ જાણી શકશે.

નાડી પરીક્ષાની આવી સ્થિતિ થઈ પડેલી છે. તેમાં કોઈ જાતનો સુધારો કરવાને અથવા નાડી પરીક્ષા સબંધી કોઈ જાતની શંકા વિગેરે કારણોને લઇને જો કોઈ આયુર્વેદને લગતાં મસીકમાં કે પાક્ષીકમાં જો કોઇ ચર્ચાપત્ર કે લેખ પ્રગટ કરવામાં આવે તો તે સબંધી ચર્ચામાં હમારા વૈદ મીત્રોમાંથી કોઈ ભાગ્યેજ હાથ ઘાલે પરંતુ જો રોગોના ઉપાય, અને અનુભવેલા નકસાઓ માગવામાં આવે તો જરૂર વૈદરાજોમાં પડાપડી થાય. અને એક કહેશે કે મારો ખરો અને બીજો કહેશે કે મારો સાચો; આવી જરૂર પડાપડી થાય. મને ખબર છે કે થોડાક વર્ષ ઉપર અમદાવાદથી પ્રસિદ્ધ થતાં વૈદ કલ્પતરૂમાં, કોઈ વૈદરાજે નાડી પરીક્ષા સબંધી ચર્ચા કરવાને વૈદરાજોને વિનંતી કરી હતી. પણ તે વાત આગળ કોઇ પણ વૈદરાજ તરફથી બીલકુલ ચર્ચાઈ નહીં એ ઘણીજ ખેદકારક વાત છે.

આપણી નાડી પરીક્ષા સબંધી આપણે ઘણીવાર ઘરડા માણસો દ્વારા જે દંતકથા સાંભળતા આવ્યા છઇએ, તેમાં અને હાલના જમાનાસાં જમીન અને આસમાનનો અંતર પડી ગયેલો દેખાય છે. એનું કારણ શું? એ પ્રશ્ન આપણાં આગળ

સહજ ખડો થાય છે, એ પ્રશ્નનો ઉત્તર આપણે એટલોજ આપી શકીએ કે જુનીદંત કથાઓ અતિશયોક્તિવાળી હોય છે. પરંતુ જો એ વિષયમાં સૂક્ષ્મ અને સોધક બુદ્ધીથી વિચાર કરવામાં આવે તો સમજાય કે જેની રીતે દંત કથાઓ અતિશયોતિકવાળી હોય છે પરંતુ તેમાં બીજરૂપે ઐતીહાસીક કંઈકિ સત્ય પણ હોય છે, અને તેથી સાબીત થાય છે કે નાડી પરીક્ષા રોગ પરીક્ષાનું પ્રધાન અંગ છે. એ વાત પરાપુર્વથી સાબીત થયેલી છે. ત્યારે વળી એ પ્રશ્ન ખડો થાય છે કે, તો પછી વર્તમાન સમયમાં નાડી પરીક્ષાની સ્થિતિ આવી કેમ ! એનો જવાબ માત્ર અટલોજ આપી શકાય કે વર્તમાન સમયમાં ગુરૂ પરંપરાનો લોપ, સારા પુસ્તકોની અછત, અને હાલના વિદ્વાનોની એ બાબતમાં દુર લક્ષતા એ સીવાય બીજું કારણ દેખાતુ નથી.

પ્રાચીન કાળમાં આપણો દેશ અત્યંત વૈભવશાળી હતો. એટલુંજ નહી પણ સઘળી જાતની શ્રેષ્ટ વિદ્યામાં અને જ્ઞાનમાં સઘળી વાતે ચડીયાતો અને સંપુર્ણ હતો. એ બાબતમાં કોઈપણ જાતનો મત ભેદ છેજ નહીં, પરંતુ કાળની ગતીનો ઝપાટે લાગવાથી ઉતરની કળામાં આવી પડયો. એટલુંજ નહીં પણ પરધર્મી અને પરદેશી જુલમી રાજાઓના હાથમાં સપડાઈ પડયો અને હજારો હલ્લાઓ, અને લડાઈઓમાંથી પસાર થવું પડયું. એટલુંજ નહીં પણ પરદેશી લોકોએ આપણાં દેશમાં પુસ્કળ લૂટફાટ કરી. તેમાં એકલી સંપત્તિજ નહીં પણ આપણાં ગ્રંથ સંગ્રહો પણ તેઓના હાથમાં જવાથી તેનો મોટે ભાગે તેઓએ નાશ કર્યો. એવી ઇતિહાસ આપણને સાક્ષી આપે છે. આવા વખતમાં વિદ્યાને મુખપાઠ કરી રાખવાની આપણી

જુની રૂઢીનો અમલ વિદ્વાનોએ કર્યો, અને વિદ્યાને સાચવી રાખી અને પ્રસંગ આવતાં પાછી લખી રાખી, વિદ્યાનો સંપુર્ણ નાશ થતો અટકાવ્યો. વર્તમાન સમયમાં આપણી પાસે જે પુસ્તકોનો મોટો સંગ્રહ છે, તે પણ એવીજ રીતે અનેક હલ્લાઓ પછી આપણા દેશના વિદ્વાનોએ કંઠસ્થ કરી રાખેલાનોજ સાર હોવાનો પુરેપુરો સંભવ છે. બીજા વિષયના ગ્રંથો કરતાં, આયુર્વેદના ગ્રંથો મૂળથીજ થોડા, તેમજ તેના વિદ્વાનો પણ થોડા જેથી જરૂર પુરતા ગ્રંથો મુખપાઠે રાખવામાં આવતા અને જ્યારે વિશેષ જરૂર પડે ત્યારેજ પ્રસંગ પુરતા બીજા ગ્રંથો જોઈ લેવામાં આવતા જેથી જે જે પુસ્તકો પરદેશીઓના હલ્લા વખતે મુખપાઠ નહીં હતા. તેવાં સઘળાં પુસ્તકોનો સતંદર નાશ થઈ ગયો. એમ કહીએ તો હરકત નથી અને તેજ કારણથી આજે કોઈ પણ પુસ્તકોના મોટા સંગ્રહમાંથી ભાગ્યેજ કોઇ વૈદક વિદ્યાનું પુસ્તક મળી આવે છે.

ઉપરના કારણથી આપણા જુના વૈદક સંબંધી માહીતી ભારે પ્રયત્ન કર્યા વગર મળી આવે એમ નથી. માટે એ બાબતમાં ખંત રાખીને પ્રયત્ન કરવો જોઇએ. જેવી રીતે જ્યોતિષ, કાવ્ય, વેદાન્ત, શાસ્ત્રોના સંબંધમાં ઘણા વિદ્વાનોએ ભારે ખંત રાખીને મહેનત કરી હતી. તો તેનું પરિણામ ઘણુંજ સારૂં આવેલું છે. તેવીજ રીતે વૈદક વિદ્યાના વિદ્વાનો જો એ બાબતમાં તન, મન અને ધનથી પ્રયત્ન કરે તો જરૂર વૈદક શાસ્ત્રના સંબંધમાં મોટુ અજવાળું પાડી શકે. પરંતુ ખેદની વાત છે કે આજકાલના વિદ્વાન ગણાતા વૈદો એ બાબતમાં કશુંજ કરતા નથી. જેથી વૈદકની ખરી અને પરંપરાથી ચાલતી આવેલી વિદ્યાનું ઉપહાસ થાય છે. એટલુંજ નહીં પણ

કેટલાક તો આપણા દેશી વૈદ્યોની ઘણાં પ્રકારે મશ્કરીઓ પણ કરે છે. એટલુંજ નહીં પણ આપણી નાડી પરીક્ષાને તો એક જાતનું ઢોંગ માને છે.

ઉપર લખ્યા પ્રમાણે આપણાં દેશની નાડી પરીક્ષાની સ્થિતિ થઈ પડેલી છે.તેમાં વળી આપણાં દેશના કેટલાક વિદ્વાન ગણાતા વૈદરાજો એવું માને છે. કે નાડી પરીક્ષા આપણાં દેશના ચરક સુશ્રુત, વાગભટ, આદી જુના ગ્રંથોમાં દેખાતી નથી માટે તે પાછળથી થયેલી છે. જેથી તે પ્રમાણ ભુત ગણાય નહી એટલુંજ નહીં પણ એકલી નાડી પરીક્ષાથીજ રોગોનું નિદાન થઇ શકતું નથી માટે નાડી પરીક્ષા એ આયુર્વેદનું મુખ્ય અંગ નથી.

બીજી તરફથી દેશનો મોટો ભાગ જે વૈદ્યોનો છે, તેઓ સંપૂર્ણ પણે એવું માનનારા છે કે નાડી પરીક્ષાથી તમામ રોગનું નિદાન થઈ શકે છે. એટલુંજ નહીં પણ જો નાડી પરીક્ષાનો ખંત રાખીને કાળજી પુર્વક અભ્યાસ કરેલો હોય તો તે માણસ નાડી પરીક્ષાથી એકલા રોગની પરીક્ષાજ નહીં, પણ રોગીએ શું વસ્તુ ખાધી છે. તે પણ કહી શકે છે, એ વાતને આપણાં દેશના ઘણાં લોકો ટેકો આપે છે એટલુજ નહીં પણ હજી સુધી લોકોની શ્રદ્ધા નાડી પરીક્ષા ઉપર સંપુર્ણપણે કાયમ રહેલી છે. જેથી વૈદ ગમે તો તેવા વિચારનો હોય પણ પોતાને ત્યાં આવનાર દરદીની પ્રથમ નાડી જોવીજ પડે છે.

જો વૈદ પોતાને ત્યાં આવનાર દરદીની નાડી નહીં જુએ તો દરદીની શ્રદ્ધા વૈદ ઉપર બેસતી નથી. જેથી વૈદે દરદીની નાડી જોઇને ગમે તે પ્રકારની હકીકત કહેવીજ પડે છે. આવા પ્રકારની નાડી પરીક્ષા

ઉપર આપણાં દેશના લોકોની જે સંપુર્ણ શ્રદ્ધા છે. જેથી સિદ્ધ થાય છે કે જુના વખતથી એ રિવાજ આપણાં દેશમાં ચાલુ છે. પરંતુ તેનો સંપુર્ણ ઇતિહાસ આજે મળી શકવો દુર્લભ છે. પરંતુ એટલી વાત તો સિદ્ધ છે કે, આપણાં દેશના સર્વે શાસ્ત્રો આ પૃથ્વી ઉપર બધાથી જુનાં, અને સર્વે સપુર્ણ હતા. એ બાબતમાં જરાપણ શંકા નથી. પરંતુ તેને અનંત સંકટમાંથી પસાર થવું પડ્યું છે. જેથી તે અત્યંત ગળીત ગાત્ર થઈ પડયાં છે. તેમાં વૈદક શાસ્ત્ર તો માત્ર જીવતુંજ રહ્યું છે, અને તેમાં નાડી પરીક્ષા શાસ્ત્ર તો માત્ર છાયા રૂપજ રહી ગયું છે. જેથી ઘણાંને એવી શંકા પણ થાય છે કે, નાડી પરીક્ષા શાસ્ત્ર આપણાં દેશનું છે કે નહીં. પરંતુ કેટલાક આજુબાજુના પ્રમાણથી તેમજ આપણો વેદીક કાળ ઘણોજ પ્રાચીન છે. એ બાબતમાં કોઇની શંકાજ નથી. જેથી ઉપરની શંકાનું સમાધાન એની મેળેજ થઇ જાય છે.

પ્રાચીન કાળમાં આપણું વૈદક શાસ્ત્ર, જુદી જુદી શાખાઓમાં વ્હેંચાયલું હતું, અને પ્રત્યેક શાખાના પ્રવર્તક અને કાર્ય કરનારા જુદા જુદા હતા, અને જે માણસ જે શાખાનો અભ્યાસી હોય તેજ શાખાનો સંપુર્ણ અભ્યાસ કરે, અને તેજ કામમાં તે કુશળ ગણાય, અને જેઓ જે કામ કરતા હોય તેજ ઉપનામથી ઓળખાય, અર્થાત્ નિદાનીક, નાડી પરીક્ષક, ચિકીત્સક, બસ્તી ક્રીયા કરનાર દામદેનાર, ચીરવા ફાડવાનું કામ કરનાર, વગેરે જુદી દી શાખાના જુદા જુદા અભ્યાસીઓ હતા અને તેજ પ્રમાણે નાડી પરીક્ષા કરનાર પણ જુદા હતા અને તેઓ એક બીજાના કામમાં બીલકુલ હાથ ઘાલતા ન્હોતા તે સમયે નાડી પરીક્ષામાં અગ્નિ વિટ નામના રૂશ્રી

સર્વોપરી ગણાતા હતા, પરંતુ જેમ જેમ બુદ્ધી સામર્થ્યમાં ફેર પડતો ગયો અને કાળ ચક્રનો ક્રમ ફેરવાતો ગયો તેમ તેમ વિદ્વાનોએ વૈદક શાસ્ત્રની બધી સાખાઓનો સાર એકત્ર કરી સંક્ષીપ્ત પુસ્તકો રચવા માંડયા, ભારદ્વાજ સંહીતા, વૃદ્ધ હારીત સંહીતા, ભેડ સંહીતા, એવી સંહીતાઓ રચવાનો ક્રમ શરૂ થયો. અને તેમાં નાડી પરીક્ષા શાસ્ત્રને પણ એકત્ર કરવામાં આવ્યું હતું, એવું તે જુના ગ્રંથોના ઉતારાઓ ઉપરથી દેખાઇ આવે છે. પરંતુ તેવા ગ્રંથો આજકાલ મળવા ઘણાજ કઠણ પડે છે. ભેડ-સંહીતા માત્ર તાંજોરની લાયબ્રેરીમાં છે. એવું કેટલાક વિદ્વાનોનું કહેવું છે. પણ તે અસલ ભેડ સંહીતા હશે કે કેમ તે બાબતમાં શંકા છે. લગભગ હજાર-બારસો વર્ષ ઉપર વૈદ્યોના બનાવેલા જે ગ્રંથો છે, તેમાં નાડી પરીક્ષાનો વિષય લીધેલો દેખાય છે. પરંતુ નાડી પરીક્ષાનો વિષય અતિ ગહન હોવાથી તેના ઉપર મોટા મોટા ઋષિએએ સ્વતંત્ર અને જુદા ગ્રંથો લખેલા છે. તેની શોધ કરતાં અને આજુબાજુના બીજા ગ્રંથો તપાસતાં તથા જર્મનીની એશીયાટીક સોસાયટીમાં જે પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવેલો છે. તેમાં નાડી પરીક્ષાના નાના મોટા પુસ્તકોનું જે લીષ્ટ આપવામાં આવ્યું છે તે નીચે પ્રમાણે છે.

૧. વશીષ્ટ કૃત, નાડી પરીક્ષા શાસ્ત્ર, ૨. પારાસરકૃત નાડી પરીક્ષા શાસ્ત્ર, ૩. માર્કન્ડ કૃત નાડી પરીક્ષા શાસ્ત્ર, ૪. માંડવ્ય કૃત નાડી પરીક્ષા શાસ્ત્ર, ૫. ગૌતમ કૃત નાડી પરીક્ષા શાસ્ત્ર; ૬. રાવણકૃત નાડી પરીક્ષા, ૭. કણાદ રૂષી પ્રણીત નાડી વિજ્ઞાન, ૮. શીવ પાર્વતી સંવાદે નાડી વિજ્ઞાન, ૯. દત્તાત્રયકૃત નાડી પરીક્ષા, ૧૦. અષ્ટ સ્થાન પરીક્ષા, ૧૧. સિદ્ધ નાગાર્જુનકૃત અષ્ટ

વિષ પરીક્ષા, ૧૨. ભીમકૃત વૈદ્ય ભૂષણ, ૧૩. નાડી ગ્રંથ, ૧૪. નાડી જ્ઞાન, ૧૫. નાડીજ્ઞાનતરંગીણી, ૧૬. આત્રેયકૃત નાડી પરીક્ષા, ૧૭. પ્રયોગ ચીંતામણી, ૧૮. નાડી પ્રબોધ, ૧૯. નાડી સમુચ્ચય, ૨૦. ભોજરાજકૃત નાડી પ્રકાસ, ૨૧. ગુવિંદકૃત નાડી પ્રકાશ, ૨૨. રામરાજકૃત નાડી પરીક્ષા, ૨૩. નાડી વિજ્ઞાનીય, ૨૪. શંકરસેનકૃત નાડી પ્રકાસ, ૨૫. ગોવિંદ રામસેનકૃત નાડી પ્રકાસ, ૨૬. નાડી શાસ્ત્ર, ૨૭. નાડી જ્ઞાન દીપીકા, ૨૮. નાડી નિદાન, ૨૯. નાડી પ્રકરણ, ૩૦. રત્નપાણી કૃત નાડી પરીક્ષાદી ચીકીત્સા કથન, ઉપરની યાદીથી આપણને કેટલોક ઇતીહાસીક પુરાવો મળી આવે છે. કારણ આત્રય ઋષિ રામાયણના કાળમાં હૈયાત હતા. અને રામાયણનો કાળ હાલના વિદ્વાનોની ગણત્રી પ્રમાણે ઇસવીસન પુર્વે બે હજારનો છે, તો પછી નડી પરીક્ષા શાસ્ત્ર કેટલું જુનું હશે તે વૈદરાજો વિચાર કરી લેશે.

જેવી રીતે આત્રેય ઋષિ રામાયણ કાળી ન હતા. તેજ પ્રમાણે રાવણ પણ તે કાળમાં હતો. અને તેણે પણ તે કાળમાં નાડીજ્ઞાનનું સ્વતંત્ર પુસ્તક લખ્યું છે. જે રાવણ કૃત નાડી પરીક્ષાના નામથી વૈદરાજ જાદવજી ત્રીકમજીએ આયુર્વેદ ગ્રંથમાળાના માસીકમાં સંસ્કૃત ભાષામાં છાપેલું છે. એ શીવાય કણાદ ઋષિ પ્રણીત નાડી વિજ્ઞાન નામનું પુસ્તક કલકત્તામાં શ્રી જીવાનંદ વિદ્યાસાગર ભટ્ટાચાર્યે સંસ્કૃત ટીકા સહીત છપાવેલું છે. એ ઉપરથી પણ સિદ્ધ થાય છે કે, કણાદ ઋષિ પણ ઘણાં જુના કાળમાં થઈ ગયા છે, તો તે કાળમાં પણ નાડી પરીક્ષા એ રોગનું નીદાન કરવાનું સાધન ગણાતું હતું. તો એ રીતજ અને એ શાસ્ત્ર કેટલાં જુના છે, એની વાંચક વર્ગને ખાત્રી

થશે. એટલુંજ નહી પણ સિદ્ધ નાગાર્જુનને થઈ ગયા ને લગભગ બે હજાર વર્ષ થયાં તેણે પણ નાડી પરીક્ષાને લગતો અષ્ટવિધ પરીક્ષાનો ગ્રંથ લખેલો છે. જેથી સાબીત થાય છે કે નાડી પરીક્ષા શાસ્ત્ર આધુનીક નથી પણ ઘણુંજ પ્રાચીન કાળથી ચાલુ છે. પરંતુ દલગીરીની વાત એટલીજ છે કે આજકાલ આપણાં દેશમાં માત્ર પાંચ છ નાડી પરીક્ષા સંબંધી પુસ્તકો મળી આવે છે. તેમાં પણ કેટલાકમાં કર્તાના નામનો પતો લાગતો નથી આવી સ્થિતિ આજ કાલ આપણાં દેશમાં નાડી પરીક્ષાની થઈ પડી છે. પરંતુ ઈતીહાસ આપણને સાક્ષી આપે છે. તેમજ કેટલાક પરદેશી મુસાફરોએ હીન્દુસ્તાનની મુસાફરી કરીને જે હકીગતો લખેલી છે. તે ઉપરથી પણ સિદ્ધ થાય છે કે વૈદક વિદ્યા અને નાડી પરીક્ષા પ્રથમ આપણાં દેશમાથી બીજા દેશના લોકો શીખી ગયા છે.

એસીઆ ખંડમાં ઘણું જુનુ રાજ્ય ચીન ગણાય છે. અને ત્યાં વૈદકનો ઈતીહાસ ઈસ્વીસન પુર્વે ત્રણ હજાર વર્ષનો મળી આવે છે. પરંતુ તેને ખરી રીતે વ્યવસ્થામાં મુકનાર ચીન દેશનો વિદ્વાન ચંકી થઈ ગયો છે. તેણે ઈસ્વીસન પુર્વે લગભગ (૨૨૫) વર્ષ ઉપર નાડી પરીક્ષાનો એક ગ્રંથ ચીની ભાષામાં લખેલો છે. અને તે આપણાં દેશની નાડી પરીક્ષાનું રૂપાંન્તર હોય એવું સમજાય છે. કારણ ઈસ્વીસન બસો પચ્ચોતેર વર્ષના સુમારમાં આપણાં દેશમાં અશોક રાજા થઈ ગયા છે. અને તેણે બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવાને ચીન દેશમાં બૌદ્ધ ધર્મી સાધુઓને મોકલ્યા હતા અને તેઓ ધર્મ પ્રચારની સાથે વૈદકના પુસ્તકો પણ લઈ ગયા હશે. જેથી ખાત્રી થાય છે કે, ચીન દેશમાં પણ વૈદક વિદ્યા અને

નાડી પરીક્ષા આપણાં દેશમાંથીજ ગયાં છે. તેમજ આપણાં દેશનો પ્રસીદ્ધ અમર કોશનો ગ્રંથ પણ જોઈને તેવીજ રચેનિમાં ચીનમાં ગયો છે. તેનું ત્યાંની ભાષામાં ભાષાન્તર થયેલું છે અને તે ત્યાં હાલમાં પણ ચાલુ છે. આપણાં દેશના ચરક. સુશ્રુત વાગ્ભટ, આદી માહાન સંહીતાઓનું ભાષાન્તર ત્યાંની ભાશામાં થયેલું છે. અને તે ટીબેટમાં હાલમાં પણ ચાલે છે.

ઉપરનાં બધા પુરાવા ઉપરથી એ સાર નિકળે છે કે આપણાં દેશની વૈદક વિદ્યા ઘણીજ પ્રાચીન છે.

હવે આ બાબતમાં પશ્ચીમમાં કેવી માન્યતા હતી. તે બાબત વિચાર કરીએ, પશ્ચીમમાં સૌથી પ્રથમ ઈજીપ્ત, ચડીયાતું હતું ઈસવીસન પુર્વે પંદરસો થી સોળસે વર્ષના સુમારમાં ઈજીપ્તમાં વૈદક વિદ્યા ઘણા સારા પ્રકાશમાં આવેલી હતી જેથી ગ્રીકમાના સારા સારા વિદ્વાનો ત્યાં વિદ્યા શીખવા જતા હતા, આપણાં વેદની માફક તે લોકો વિદ્યાને ઈશ્વર તરફથી આવેલી માનતા હતા. ઈજીપ્તના થોત નામના વૈદે વૈદક ઉપર જુદા જુદા ૭, ગ્રંથો લખેલા છે. અને તે અદ્યાપી પરીયત ત્યાંની લીબર્ટીક, પાઠ શાળામાં હૈયાત છે. ત્યાર બાદ ઈજીપ્તની રાજકીય પડતી શરૂ થઈ અને ગ્રીશ વિદ્યાની બાબતમાં ચડયું, અને ખરી વાત કહીએ તો પશ્ચીમમાં વૈદક વિદ્યાનો સુર્ય પ્રથમ ગ્રીશમાંથીજ ઉદય થયો ત્યાં ઈસવીસન પુર્વે ચોથા પાંચમાં શૈકામાં, હિપ્રોક્રેટીસ, નામના વીદ્વાને નાડી પરીક્ષાને વ્યવસ્થીત રૂપમાં મુકીને નાડી પરીક્ષાથી રોગનું નિદાન નાડીની જુદી જુદી ચાલ ઉપરથી થઈ સકે છે. એ નકકી કર્યું, અને ત્યાર બાદ ઈ. સ. પુર્વે લગભગ ૩૦૦ વર્ષ ઉપર "હીરોફીલીશ" નામનો વિદ્વાન થયો

તેણે નાડી અને હૃદય એની ચાલમાં કેટલું મળતા પણું છે. તે સિદ્ધ કર્યું. અને ત્યાર બાદ ઈ. સ. પુર્વે ૨૩૦ વર્ષના સુમારમાં ઇજીપ્તમાંથી રોમમાં વૈદવિદ્યા ગઇ અને ધીરે ધીરે વધી પરંતુ ઇ. સ. ના પ્રથમ સૈકામાં, ત્યાં "એસેપી આડીસ" અને થેમીશન નામના વૈદો થઈ ગયા. અને ત્યાર પછી થોડાજ સમયમાં રોમમાં "સેલસસ. નામને ઘણોજ પ્રખ્યાત અને નામ ચીન. વૈદ થઈ ગયો તેણે વૈદ વિદ્યા ઉપર એક મોટું પુસ્તક લખ્યું છે. અને તેનાં આઠ ભાગ કરેલા છે. અને તેમાં નાડી પરીક્ષાની ઘણીજ સારી માહીતી આપેલી છે. એ પુસ્તક હાલમાં પણ ઈંગ્લાંડમાં પ્રસિદ્ધ છે. અને ડાકટર લોકો વૈદકના સારા પુસ્તક તરીકે માને છે. સેલસસના, કાળમાંજ ત્યાં થેસેલસ નામનો પ્રખ્યાત વૈદ હતો. તેની પાસે ઘણા શિષ્યો અભ્યાસ કરતા હતા. તે જ્યારે દરદીના રોગ પરીક્ષા કરવા જતો ત્યારે બધા શિષ્યોને સાથે લઇ જતો. અને પ્રથમ પોતે નાડી પરીક્ષા કરી પછી શિષ્યો પાસે નાડી જોવડાવતો હતો. જેથી ખાત્રી થાય છે કે આપણાં દેશની માફક ત્યાંપણ રોગની પરીક્ષા કરવાનું મુખ્ય સાધન નાડી પરીક્ષા હતી. એજ અરસામાં આર્કેગેનસ, અને રૂફસ નામના વૈદો થઈ ગયા. તેણે નાડી પરીક્ષા ઉપર ઘણોજ સારો પ્રકાશ પાડયો. અને નાડી પરીક્ષા ઉપર ઘણુંજ સારૂં પુસ્તક લખ્યું છે. અને તે પશ્ચિમમાં છપાયલું છે. જે ઘણીજ ખુશીથી ત્યાંના ડાકટરો વાંચે છે તેમજ બીજા સૈકામાં ત્યાં ગેલન નામનો વિદ્વાન વૈદ થયો હતો. તેણે લગભગ વૈદક શાસ્ત્ર ઉપર બસો જેટલાં પુસ્તકો લખેલા હતાં. જેમાના હાલપણ લગભગ ૧૩૭ ગ્રંથો હયાત છે. તેણે ફક્ત નાડી પરીક્ષા ઉપર સાત પુસ્તકો લખેલાં છે. જેથી ખાત્રી થાય છે કે તે ભારે વિદ્વાન હોવો જોઇએ.

હવે ઈંગ્લાંડમાં વૈદક પ્રચાર ક્યારથી શરૂ થયો તે તરફ નજર કરીએ કારણ ઇ.સ. ના બારમા સૈકા સુધી તો ત્યાં રોગ મુકતી કરનારા ધર્મ ગુરૂઓજ હતા, અને તેવો મંત્ર તંત્ર દોરા ધાગા વીગેરે ક્રીયાઓ કરતા તેમજ તેમના કેટલાક દેવોની બાધા અને રાજાઓનો સ્પર્શ એ રોગ મુકતીના સાધન ગણાંતા, અને તેમા રાજાઓને હજારો રૂપીઆની કમાઈ થતી સને ૧૬૮૨ ના સાલમાં બીજા ચાર્લ્સ રાજાના વખતમાં એક રવીવારને રોજ લગભગ આઠ હજાર ઉપર રોગીઓને રાજાએ સ્પર્શ કરેલો એવી હકીગત મળી આવે છે.

આ રીવાજ સારો નથી, એવી માન્યતા ત્યાં બારમાં શૈકાથી ચાલવા લાગી પરંતુ તે વખતના ત્યાંના પાદરીઓએ અધીકારીઓ પાસે એવા હુકમો કઢાવેલા કે જેઓ સુધારામાં પડશે તેને સજા થશે. પરંતુ જેઓ ખરો સુધારો કરનાર હતા તેઓ તો પોતાના કામમાં મંડયાજ રહ્યા, જેથી ત્યાં સૌથી પહેલી વૈદકની વિદ્યાપીઠ બારમાં સૈકામાંજ શરૂ થઇ અને લેલન; અને હિપોક્રેટીસના મત પ્રમાણે શીક્ષણ આપાવા લાગ્યું અને મરી ગયેલા માણસોનું શરીર ફાડીને વૈદક વિદ્યા શીખવવાની પ્રથમ પરવાનગી ઈ. સ. ૧૩૧૫ માં મળી અને પ્રોફેસર માડીની નામના વૈદે શરીરને લગતા નકસા તૈયાર કર્યા અને ત્યારપછી જુદા જુદા વિદ્વાનોએ વૈદક શાસ્ત્ર સંબધી પુષ્કળ શોધો કરી. ઈ. સ. ૧૫૫૫માં ડોકટર વિહસીલીયસ નામના વિદ્વાને નાડીની ઉતપતિનું કારણ જે હૃદય, તેની રચના અને ક્રિયા અને તેની સાથે રકતાભીશરણની સ્થિતિનો શોધ કર્યો, અને ત્યાર બાદ કોલંબો, કાર્પી, આદી વિદ્વાનોએ શરીરના જુદા જુદા અંગોની

ગીરાઓ તેમજ જીવનને ધારણ કરનારી ક્રિયાઓના સંબંધમાં ઘણું અજવાળું પાડયું, અને ત્યાર બાદ લગભગ ઈ. સ. ૧૭૩૧ના અરસામાં ડૉ. સોલાના નામના વિદ્વાને જુની પદ્ધતિ પ્રમાણે અનેક પ્રકારના અનુભવ મેળવીને દુશીત નાડીની સ્થિતિ અને તેના પરિણામથી ઘણાં રોગના નિદાનો થઇ શકે છે. એવો અનુભવ પ્રસિદ્ધિમાં મુકયો અને તેને માટે પુસ્તકો લખ્યાં અને ત્યાર બાદ થોડાજ કાળમાં ડૉ. બોર્ડો, ફ્રેકૂવેર વિગેરે. વિદ્વાનોએ નાડી પરીક્ષા શાસ્ત્ર ઉપર જુદા જુદા ગ્રંથો લખીને પુષ્કળ અજવાળું પાડયું અને ત્યારપછી પશ્ચિમમાં નાડી પરીક્ષા કરવાના યંત્રોની શોધ થઇ. જે અધ્યાપી પર્યંત ચાલુ છે.

ઉપર લખેલી હકીકતથી તથા મુશલમાન લોકો આપણાં દેશમાં દાખલ થયા. ગીઝનીનો મહમદ હિન્દ ઉપર ભયંકર સ્વારીઓ લઈ આવ્યો અને શહેરો, ગામો અને ગ્રંથોના મોટા મોટા ભંડારો બાળીને ભસ્મીભુત કર્યાં તેમાં આયુર્વેદના સેંકડો પુસ્તકોનો નાશ થયો ત્યાર બાદ અકબર, જહાંગીર અને શાહાજહાંના વખતમાં થોડી શાન્તી રહી પરંતુ ત્યાર પછી ઔરંગઝેબના સમયમાં હીંદીઓને પુષ્કળ દુઃખ પડયું, તેણે હજારો દેવાલયો તોડી પાડયા. આયુર્વેદના તેમજ બીજા ઉદ્યોગ હુન્નરને લગતા પુસ્તકોનો પુષ્કળ નાશ થયો એવા કટોકટીના વખતમાં પણ આપણાં બ્રાહ્મણોએ આયુર્વેદના તથા બીજા કેટલાક પુસ્તકો કંઠસ્થ કરીને પણ સાચવી રાખ્યા હતાં તેનીજ પ્રસાદીથી આપણો આયુર્વેદ તથા તેની અંતરગત નાડી પરીક્ષા શાસ્ત્ર હાલ આપણને મળી આવે છે. અને તેજ કારણથી ચરક સુશ્રુત, આદી જુનાં ગ્રંથોમાં નાડી પરીક્ષા દેખાતી નથી છતાં એ વિદ્યા

જુની છે એવું પાછળના ઇતીહાસોથી સાબીત થાય છે. કારણ સઘળા દેશમાં આયુર્વેદ આપણાં દેશમાંથીજ ગએલો છે.

માટે વૈદરાજોએ નાડી પરીક્ષા સંબંધી મતભેદ દુર કરી નાડી પરીક્ષાના સંબંધમાં પોતાના અનભવો ખુલ્લા દીલથી જનસમુહના આગળ મુંકી તેમાં જે જે વાતની તૃટી માલમ પડે. તેને સુધારવાનો પ્રયત્ન કરવો એમાંજ આયુર્વેદની સર્વોપરી મહત્તા સમાયલી છે. કારણ આયુર્વેદમાં બીજા બધા વિષયો કરતાં નાડી પરીક્ષાનો વિષય ઘણોજ ગંભીર અને મહત્વ ભરેલો છે. તેમજ શીખનારને પુર્વના સસ્કાર વગર ગમે તેવી મહેનત કરવા છતાં પણ પ્રાપ્ત થઇ શકતો નથી. કારણ એ વિષય ઘણોજ સુક્ષ્મ હોવાથી બુદ્ધિનો સંપૂર્ણ ઉપયોગ કરવો પડે છે. માટે એક કવિ કહે છે કે :—

દોહરો.

રાગ, પાઘ ને પારખું, નાડી ને વળી ન્યાય;
તરવું, તંતરવું ને તસ્કરવું, એ આઠે આપ કળાય.

ઉપરની વિદ્યાઓ, બીજાની શીખવેલી સંપૂર્ણપણે આવડી શકતી નથી. પણ પોતેજ પોતાની બુદ્ધિથી શીખી શકે છે. તેજ પ્રમાણે નાડી પરીક્ષા કરવામાં પણ બ્હોળો અનુભવ અને બુદ્ધિની ખાસ જરૂર છે. બુદ્ધિ વિદ્યાથી વધે છે માટે પ્રથમ કોઇ સારા ગુરૂ પાસે નાડી પરીક્ષા શાસ્ત્રનો અભ્યાસ કરી. પછી નાડી જોવાનો અનુભવ કરવા માટે દરરોજ સવારમાં પાંચ વાગે ઉઠી પ્રથમ પોતાના જમણા હાથની નાડી જેવી અને તે કેવી ચાલે છે તે પોતે પોતાના અંતરમાં નક્કી કરવું. એવારીતે દરરોજ સવારે હંમેશા એકજ વખતે પોતના જમણા

હાથની નાડી ૭ માસ સુધી જોવી, પછી એજ પ્રમાણે ડાબા હાથની નાડી જોવી, અને તે પણ એજ પ્રમાણે ૭ મહીના સુધી જોવી; આવીરીતે અભ્યાસ કરતી વખતે નાડીની ગતિ, ચાલ, વિગેરે આપણે જે નાડી પરીક્ષા શાસ્ત્ર ગુરૂ પાસે ભણ્યા હોઇએ તેના શ્લોકો સાથે મેળવતા જવું, આવી રીતનો અભ્યાસ કરતી વખતે ફક્ત આપણે આપણી પોતાનીજ નાડી જોવી એ અરસામાં બીજા કોઇની નાડી બીલકુલ જોવી નહીં આ પ્રમાણે બાર માસ પોતાના ઉપર અનુભવ મેળવ્યા પછી પોતાનાં ઘરમાં કોઇ નિકટનું સંબંધી અથવા પોતાની સ્ત્રી હોય તેની નાડી સવારના પહોરમાં દરરોજ જોવાની શરૂ કરવી અને તે પણ લગભગ ચાર, ૭, મહીના સુધી હંમેશાં ધ્યાન રાખીને એક વૃતીથી જોવી, ત્યાર બાદ કોઇ રોગી પોતાની નજીકમાં રહેતો હોય તેની નાડી જોવાનો આરંભ કરવો અને તે રોગીની નાડી હંમેશા જે સમય નિયત કરેલો હોય તેજ સમયે જોવી અને દરદીના રોગમાં જે જે રીતનો ફેરફાર માલમ પડે તે ધ્યાનમાં રાખવું જેથી અનુભવ કરનારને વાત, પીત, કફ, વિગેરેમાં નાડીની ગતી કેવી હોય છે તેનો સારો અનુભવ થશે એટલુંજ નહીં પણ ઉપર પ્રમાણે અનુભવ મેળવ્યા પછી, વાત પ્રકૃતીવાળા પુરૂષની થોડા દીવસ નાડી જોવી પછી પીત્ત પ્રકૃતીવાળા પુરૂષની થોડા દીવસ નાડી જોવી અને ત્યાર બાદ કફ પ્રકૃતીવાળા પુરૂષની નાડી જોવી અને તેમાં જે જે ફેરફાર પોતને દેખાતો જાય તે લક્ષમાં રાખતા જવું એ પ્રમાણે કર્યા બાદ એવીજ રીતે ત્રણે પ્રકૃતીવાળી સ્ત્રીઓની નાડી જોઇને અનુભવ મેળવવો અને એ પ્રમાણે પરીક્ષાનો અનુભવ ચાલતો હોય તે અરસામાં જુદી જુદી પ્રકૃતીવાળા સ્ત્રી પુરૂષોને પાંચથી સાત

દીવસ સુધી જુદી જુદી જાતનો ખોરાક ખાવાની ભલામણ કરવી અને તે પ્રમાણે જુદા જુદા ખોરાકો ખાવાથી નાડીની ગતીમાં, અને ચાલમાં શું શું, ફેરફાર થાય છે તેનો બરાબર અનુભવ મળશે આવી રીતે વરસ દોઢ વરસ સુધી શાસ્ત્રમાં કહેલી રીત પ્રમાણે જો નાડી જોવાનો અનુભવ કરવામાં આવે તો અવશ્ય નાડી પરીક્ષાના સબંધમાં તે માણસને ઘણુંજ સારૂં જ્ઞાન પ્રાપ્ત થાય, અને એજ પ્રમાણે જો હમેશા જુદા જુદા માણસોની નાડી જોવાનો સારી રીતે અભ્યાસ કરે, તો તે માણસ નાડી પરીક્ષા ઉપર પોતાનો સારો કાબુ ધરાવી શકે એટલુંજ નહીં પણ તે માણસ નાડી જોઇને દરદીના દરદની હકીકત અને રોગની સંપૂર્ણ રીતે પરીક્ષા કરી શકે. પરંતુ વિદ્યા, ખંત અને મહેનત કર્યા વગર માત્ર શાસ્ત્ર વાંચીને નાડીની પરીક્ષા કરવા મંડી પડે તે આગળ નહીં વધતાં જયાંના ત્યાંજ રહે માટે શાસ્ત્રનો પાર નથી પરંતુ તેમાંથી જે અનુભવ કરીને મેળવ્યું તેજ આપણું છે, નહી તો તે શાસ્ત્ર શાસ્ત્રમાં અને આપણે જયાંના ત્યાં, વિદ્યાનો પાર નથી નાડી પરીક્ષા બુદ્ધિનો વિષય છે માટે જેવી જેવી ને જેટલી બુદ્ધિ પહોંચે તેટલુંજ તે કરી શકે માટે વૈદરાજ બંધુઓ ભુલચુકની ક્ષમા કરશે એવી આશા રાખી આ નિબંધ બંધ કરૂં છું તથાસ્તુ

લી૦ વૈદરાજોનો સેવક,

વૈદ્ય ધીરજરામ દલપતરામ, સુરત.

નિબંધ ૩ જો.

ઔષધિની અસર શરીરમાં શી રીતે થાય છે?

આયુર્વેદનું અવલોકન કરતાં સમજાય છે કે આયુર્વેદનો એક ભાગ ઋષિપ્રણિત છે અને બીજો ભાગ સિદ્ધ યોગીપ્રણિત છે. છતાં બેઉ ભાગ ઘણાજ ગંભીર વિચાર, અવલોકન, જ્ઞાન અને બુદ્ધિપૂર્વક રચાયલા છે પરંતુ ઋષિવર્યોનો પ્રાચીન સિદ્ધાન્ત એવો છે કે જેમ બને તેમ થોડું લખી ઘણું સમજાવવું. તેમ તે વખતનો શિષ્યવર્ગ પણ એટલો બધો મેધાવાન હતો કે ગુરુદ્વારાએ એક સૂત્રનો પાઠ મળે તો તેના ઉપર સ્વયં વિચાર કરીને સૂત્રમાં રહેલા ગંભીર અર્થને ગ્રહણ કરતો હતો. જેમ **कोहक् कोहक् कोहक्** એવા ત્રણ પ્રશ્ન કરનાર શિષ્યને ગુરુએ સમજાવ્યું કે **हितभुक् मितभुक् अशाक भुक्** એટલાજ ત્રિપદીરૂપ સૂત્ર ઉપરથી આખા આયુર્વેદરૂપ આરોગ્ય શાસ્ત્રનું રહસ્ય સમજાઈ ગયું! શું આ જમાનામાં એવો એક પણ મેધાવી શિષ્ય મળવાનો સંભવ છે? જેમ જેમ કાળનું પરિવર્તન થતું ગયું અને જીવનની જરૂરીઆતો વધતી ગઈ, તેની સાથે પોતાના શરીરને ભાડે ફેરવવામાં આજીવિકાનું સાધન મનાતું ગયું. એટલે જેમ એક મકાન કિરાયુ મેળવવાની ઇચ્છાથી તૈયાર કરવામાં આવે તો તેમાં ઘરધણીની સગવડ નહિ પણ ભાડુતની સગવડ સાચવવાનાં તમામ સાધનો તૈયાર કરવાં પડે છે, તે પ્રમાણે મનુષ્યોને પોતાનું શરીર ભાડે ફેરવી આજીવિકા મેળવવાનું હોવાથી શરીરને ભાડે રાખનારની જરૂરીઆતો પુરી પડે એવી સગવડવાળી કેળવણી લેવાની

ફરજ પડે છે. જેથી પરિણામે મનુષ્યોના વિચારને બુદ્ધિ—વાદમાંથી પાછા હઠીને શબ્દવાદ ઉપર આવવું પડે છે. મતલબ કે દરેક બાબતને એવી રીતે સમજાવવાનું ચાલુ થયું કે ઘણું લખેલું હોય તેમાંથી થોડું સમજાય! વર્તમાન કાળમાં એવી રૂઢી દાખલ થવાથી જે વિદ્યાની ઉપર લંબાણ વિવેચન નહિ થયેલું હોય તે વિદ્યા અપૂર્ણ છે! અથવા તેમાં સુધારાની ઘણી જરૂર છે! આટલું કહીને અટકના હોય તો તો ઠીક પણ તેથી વધીને હમારા દેશના વિદ્વાનો એટલે સુધી કહી શકે છે જુના જમાનાના ગણુતા વિદ્વાનોએ કાંઇપણ તપાસ કે પૃથક્કરણ કર્યા સિવાય જેમ વિચારમાં આવ્યું તેમ લખી માર્યું છે. એટલે તે તદ્દન વિશ્વાસપાત્ર નથી. આવો આક્ષેપ બીજાં શાસ્ત્રો કરતાં આયુર્વેદ ઉપર વધારે થવાથી આયુર્વેદાચાર્યોએ કેટલાં પૃથક્કરણ, કેટલું અવલોકન અને કેટલી બુદ્ધિથી એક વાતનો નિર્ણય કર્યો છે તે બતાવવા તથા આયુર્વેદને અપૂર્ણ માનનાર મનુષ્યનું સમાધાન કરવા માટે હું કાંઇક પ્રયત્ન કરૂં છું.

આયુર્વેદની પદ્ધતિ પ્રમાણે જ્વરની આદિમાં લંઘન, જ્વરની મધ્યમાં પાચન, જ્વરની અંતમાં ઔષધ અને જ્વરના મુક્ત થયા પછી વિરેચન આપવાની આજ્ઞા કરેલી છે. એટલે વાત જ્વરમાં સાત, પિત્ત જ્વરમાં દશ, અને કફ જ્વરમાં બાર દિવસનું લંઘન કરાવવું એવો ઠરાવ કરી તેની મધ્યમાં લંઘનને આમ દોષનું પાચન કરવામાં મદદ કરે એવા પાચન દ્રવ્યની યોજના કરવામાં આવી છે, તે પ્રમાણે યોજના કરી હોય તે રોગીનો આમ ઉતાવળે પચી તે નિરામ થાય છે. જ્વરને અંતે જે ઔષધ આપ્યું હોય તે બરાબર

ગુણ લાગે અને રેગી સઘળી રીતે નિરોગી થાય તે પાચન નીચે પ્રમાણે કહેલું છે.

नागरं देव काष्टंच धान्यकं बृहति द्वयं ॥
दद्यात्पाचनकंपूर्वं ज्वरितानां ज्वरापहम् ॥

જ્વરના રોગીને જ્વર મટાડવા માટે જ્વરની મધ્યમાં એટલે જ્વર આવ્યા પછી વાતજ્વરમાં ત્રીજે, પિત્તજ્વરમાં પાંચમે અને કફ-જ્વરમાં છઠ્ઠે દિવસથી, ત્રણ દિવસ આ પાચન કવાથ આપ્યો હોય તો જ્વરને હલકો બનાવે છે અને આમને પચાવે છે. તથા ઘણી વખતે એનાથીજ તાવ વિરામ થઈ તાવનું ઔષધ આપ્યા વિના તાવ જતો રહે છે. એટલે સુંઠ, દેવદાર, ધાણા, રીંગણી અને ભોંય-રીંગણી એનું પાચન વિધિપૂર્વક આપવાથી આમ પચીને રોગીનો કોઠો નિરામ થાય છે એ સત્ય છે. પણ આટલીજ વાત હાલના વખતમાં વિશ્વાશ રાખી શકે એવા હમારા દેશના વિદ્વાનો નહિ હોવાથી તેઓ પરંપરાની રીતે ચાલનારા હમારા વૈદ્ય બંધુઓને પૂછે છે કે એ વસ્તુઓમાં એવું શું તત્ત્વ છે કે આમનુ પાચન કરે છે? કે એ પાચનનો ખરાબ સ્વાદવાળો કવાથ પીવાની અને ઉકાળવાની કડાકુટ કરીએ! એ વસાણાં શરીરમા ગયા પછી કયા કયા સ્થાનમાં કેવી કેવી અસર ઉત્પન્ન કરશે તેનો ખુલાસો જ્યાં સુધી તમે નહિ આપો ત્યાં સુધી એવા કવાથના કડા-કુટ ભરેલા રગડા પીવા કરતાં પૃથક્કરણથી સિદ્ધ થયેલું અંગ્રેજી ઔષધ લેવું એજ સારૂ છે. આ વાત તો ખરી છે અને વિદ્વાનોએ એવા પ્રશ્ન કરવાનો હક પણ છે, છતાં હમારા વૈદ્યબંધુઓ એનો

જવાબ આપવામાં ખચ્ટ થાય છે, જેથી પોતાની મહત્તાને ઘટતી જોઇ શરમાય છે એટલે પ્રશ્ન પુછનાર જાણે મોટો પંડિત હોય એવો ડોળ બતાવી પોતાના મનમાં ખુશ થાય છે. પરંતુ હાલમાં વિદ્વાનમાં ગણાતા પશ્ચિમની વિદ્યામાં પાસ થયેલા કોઇ ચિકિત્સકને પુછીએ કે ટીન્ચર નકસ્વમિશ-ટીન્ચર કલોરોફૉર્મ-ટીન્ચર કાર્ડમમ કમ્પાઉન્ડ સોડાસલફસ પોટાસ બ્રોમાઇડ અને ફેરીઆમોનિયા સાઇટ્રસ ઓફ પોટાસનું મિશ્રણ કરી જે દર્દીને આપવામાં આવે છે તેનો શરીરના જુદા જુદા ભાગ ઉપર શું શું ફાયદો થાય છે તે સમજાવો. તો મારા ધારવા પ્રમાણે તે પણ સમજાવી શકશે નહિ. પરંતુ જે વિદ્વાને એ દ્રવ્યોના ગુણદોષને તપાસી પ્રકૃતિના સ્વભાવને જાણી નુખસો તૈયાર કરી ફારમા કોપીઓમાં દાખલ કર્યો હોય તેજ એની શરીર ઉપર થનારી અસર સમજાવી શકે. બીજાઓ તો એ દવાથી તાવ જશે, ભૂખ લાગશે, ઉંઘ આવશે, માથુ દુખતું નરમ પડશે અને શરીરમાં શક્તિ આવશે, એટલુંજ કહી શકશે પણ આયુર્વેદનો કોઇ આચાર્ય હાલમાં જીવતો નહિ હોવાથી શરીરના કયા કયા ભાગ ઉપર, ઉપર લખેલો પાચનક્વાથ કેવી કેવી અસર ઉપજાવશે તેનો જવાબ આપવો મુશ્કેલ થઇ પડે છે, તોપણ આયુર્વેદના નિયામકોએ જે શાસ્ત્રો રચેલાં છે તેમાં ઉંડા ઉતરીને જેઓ અવલોકન કરી શકે છે તેઓને આયુર્વેદાચાર્યોએ યુક્તિપુરઃસર તપાસ કર્યા પછી અકેક ઔષધ પછી તે કસાય, ગુટીકા, અવલેહ, ચૂર્ણ, ગુગળ, તેલ કે રસ હોય તે શરીરના કયા કયા ભાગમાં શું શું અસર ઉપજાવી રોગીને આરોગ્યતા આપે છે તે બરાબર સમજાવશે. એટલા માટે આજના વ્યાખ્યાનમાં મારા અવલોકન પ્રમાણે ઉપર લખેલા જવરના

પાચનકવાથમાં જે ચમત્કારિક ગુણ રહેલા છે અને શરીરમાં જઇને કયા કયા દ્રવ્યો, કયી કયી જગ્યાએ, કેવી કેવી અસર ઉત્પન્ન કરીને રોગીને આરોગ્યતા આપે છે તે તરફ આપ સાહેબોનું ધ્યાન ખેંચવાની રજા લઉં છું.

આયુર્વેદે પ્રત્યેક વસાણાં તથા તેના ભાગને દ્રવ્ય માનેલું છે અને તે દ્રવ્યને રસ, ગુણ, વીર્ય, વિપાક અને શક્તિના રૂપની તેની સિદ્ધિ કરેલી છે તે પ્રમાણે આપણે ઉપર લખેલા પાચનકવાથનો વિચાર કરીએ. નિઘંટુમાં—

સુંઠ—રૂચિકારક, આમવાત નાશક, પાચક, હલકી, તીખી, સ્નિગ્ધ, ગરમ, પાકમાં મધુર, કફ, વાયુ તથા મળના બંધને તોડવાવાળી, વીર્યવર્ધક, સ્વરને ઉત્પન્ન કરનારી, ગ્રાહી તથા ઉલટી, શ્વાસ, ખાંસી, હૃદયરોગ, શ્લીપદ, હરશ, શોષ અને અનાહવાયુનો નાશ કરનારી મનાયલી છે.

દેવદાર—હલકો, સ્નિગ્ધ, કડવો, ગરમ, પાકમાં તીખો, બંધકોશ, આફરો, સોજો, આમ, તંદ્રા, હીચકી, જવર, લોહી વિકાર, પ્રમેહ, પીનસ, કફ, ખાંસી, ખુજલી, તથા વાત-વિનાશક મનાયલો છે.

ધાણાં—કપાય, સ્નિગ્ધ, મૂત્રલ, હલકા, કડવા, તીખા, ઉષ્ણ વીર્ય, દીપન, પાચન, જવરનાશક, રૂચીકારી, ગ્રાહી, પાકમાં મધુર, ત્રિદોષનાશક, તૃષ્ણા, દાહ, વમન, શ્વાસ, ખાંસી, કૃશતા તથા કૃમીનો નાશ કરનારા ગણાયલા છે.

રીંગણી—ગ્રાહી, હૃદયને હિતકારી, પાચક, ગરમ, તીખી,

કડવી, કફ વાત, મુખની વિરસતા, મળ, અરૂચી, કોઢ, જ્વર, શ્વાસ, શોક, ખાંસી તથા અગ્નિની મંદતાને નષ્ટ કરનારી મનાયલી છે.

ભોંયરીંગણી—ઝારો લાવનારી, કડવી, તીખી, અગ્નિદીપક, હલકી, રૂક્ષ, ગરમ, પાચક, પીનસ, શ્વાસ, કાસ, પાંસળાની પીડા, અને હૃદય રોગને મટાડે છે, તથા ખુજલી, ખાંસી, મેદ, કૃમિ અને તાવનો નાશ કરે એવી મનાયલી છે.

એ પ્રમાણે પાંચ વસાણામાં પ્રત્યેકમાં જુદા જુદા ગુણ રહેલા છે, છતાં જ્વરમાં આમનું પાચન કરી જ્વરને દૂર કરે છે તેથી, તે રોગીના શરીરમાં જઈ તેના શરીરના કયા કયા ભાગ ઉપર કેવી કેવી અસર નીપજાવે છે? તેનો આપણને વિચાર કરવાનો છે તે પહેલાં આપણે એટલો વિચાર પ્રથમ કરવાની જરૂર છે કે મનુષ્યને તાવ આવવાથી શરીરના કયા કયા સ્થાનો વિક્રિયાને પામે છે તથા તે વિક્રિયા થવાથી કેવા કેવા ઉપદ્રવો જણાય છે અને તે ઉપદ્રવોને ઉપરનો પાચન ક્વાથ કેવી રીતે દબાવે છે. સામાન્ય રીતે જોતાં તાવના રોગીને એકંદરે માથામાં પીડા, આંખમાં પીડા, નાકમાં પીડા, જીભ બગડી જાય, હૃદયમાં ગભરામણ થાય, ખાંસી,, શ્વાસ, તથા ઉલટી થાય, પેટમાં પીડા થાય, પેટ ભારે થાય, ઝાડો સુકાઇ જાય, અથવા પાતળો કે ચીકણો થાય, ચામડી તપે, આખા શરીરના તમામ અવયવોમાં અવ્યવસ્થા થાય, એટલે પાંચે પ્રકારના વાયુ પોતાનું કાર્ય છોડે અથવા છોડવા પ્રયત્ન કરે, જેથી અપાનવાયુ બિગડવાથી ઝાડો તથા પિશાબ બીગડે, સમાન વાયુમાંથી પાચકશક્તિ જતી રહે. પ્રાણવાયુ બીગડવાથી ખાંસી, શ્વાસ, ગભરામણ હિક્કા, ઉલટી થાય ઉદાનવાયુ બિગડવાથી ગળું, મુખ, તાળવું અને

જીભનો સ્વાદ બદલાય તથા માથું અને આંખમાં પીડા થાય; વ્યાનવાયુ બીગડવાથી સરીર તપે, કળતર થાય, ખુજલી થાય, પસીનો છુટે વગેરે પીડા થાય છે. એટલી બધી અવ્યવસ્થા થવાનું મુખ્ય કારણ એજ છે કે આમાશયમાં આમનો સંગ્રહ થાય જેથી કોઠો પુરાય અને શરીર તપે તેને આપણે માત્ર જ્વર, તાવ, કે ફીવરના નામથી ઓળખીએ છીએ.

એક આમ વધવાથી શરીરના ભાગોમાં રહેલા ત્રણે દોષો એટલે વાયુ, પિત્ત અને કફ પોતપોતાને સોંપાએલા પાંચ પાંચ સ્થાનો મળી પંદર સ્થાનોમાં હીન મિથ્યા અને અતિયોગ ઉત્પન્ન કરે તેથી અવ્યવસ્થા ઉત્પન્ન થાય છે તેને તાવ સંજ્ઞા આપવામાં આવે છે. એવા પંદરે સ્થાન ઉપર થયેલી અવ્યવસ્થાને મટાડવા માટે ઉપર બતાવેલા પાચનકવાથના પાંચે દ્રવ્યમાં સૂંઠ કંદ છે. દેવદાર લાકડું છે, ધાણા ફળ છે, રીંગણી મૂળ છે અને ભોંયરીંગણીનું પંચાંગ છે. સૂંઠનો રસ તીખો, દેવદારનો કડવો, ધાણાનો કડવો તીખો, રીંગણીનો તીખો કડવો અને ભોંયરીંગણીનો રસ કડવો તીખો છે. સૂંઠનો ગુણ ગરમ, દેવદારનો ગુણ ઠંડો, ધાણાનો ગુણ ઠંડો, રીંગણીનો ગુણ ગરમ અને ભોંયરીંગણીનો ગુણ ગરમ છે. સૂંઠ, દેવદાર. ધાણા, રીંગણી અને ભોંયરીંગણી એ પાંચે દ્રવ્યો વીર્યમાં ઉષ્ણ વીર્ય છે. સૂંઠ વિપાકમાં મધુર, દેવદાર વિપાકમાં તીખો, ધાણા વિપાકમાં મધુર, રીંગણી વિપાકમાં તીખી અને ભોંયરીંગણી વિપાકમાં કડવી છે. સૂંઠ ત્રિદોષ શામક છે, દેવદાર વાયુને શમાવનારો તથા જંતુનાશક છે, ધાણા પિત્તને શમાવનારા તથા જંતુનાશક છે. રીંગણી કફનાશક છે. અને ભોંયરીંગણી કફનો

નાશ કરે છે તથા કફને સુધારે છે. એ પ્રમાણે ઉપરોક્ત પાંચ વસ્તુમાં સૂંઠ ત્રિદોષશામક છે. એટલે અવ્યવસ્થિત થયેલા સમાન વાયુને તથા પાચક પિત્તને અને ક્લેદન કફને વ્યવસ્થિત કરે છે. તેથીજ તેને "મહૌષધ" એવું નામ આપવામાં આવ્યું છે. દેવદારનો પાક તીખો છે એટલે અગ્નિ પ્રદિપ્ત કરે છે. ધાણાનો પાક મધુર છે તેથી તે પિત્તનું શમન કરે છે. રીંગણીનો પાક તીખો છે તેથી તે વાયુની સુદ્ધિ કરે છે અને કફને પાતળો બનાવી તેને ઉખેડે છે; ભોંય-રીંગણીનો પાક કડવો છે તેથી તે કફને શોષે છે અને વાયુને હઠાવે છે.

એ પાંચે દ્રવ્યમાં દેવદાર અને ધાણા જંતુનાશક છે. સુંઠ અને દેવદાર વાતઘ્ન છે, રીંગણી તથા ભોંયરીંગણી કફઘ્ન છે, તેમ સુંઠ અને ધાણા પિત્તશામક છે અર્થાત કોઇપણ જાતના તાવમાં જે આમ ઉત્પન્ન થયેલ હોય છે તે આમદોષમાં ત્રણે દોષો એટલે વાયુ, પિત્ત અને કફ પોતપોતાના અંશે રહેલા છે, તેનું પાચન થવાથી શરીર ઠંડુ પડે છે એટલે તાવ જાય છે. એ પાંચે દ્રવ્યના સમુદાય પાણીમાં ઉકાળવાથી પાંચે તત્વો પોતાના રસ, ગુણ, વિર્ય વિપાક અને શક્તિ સહીત ઉકાળાના પાણીમાં ઉતરે છે અને એ પાણીમાં મધુર, તીખો, કષાય, કડવો અને પરોક્ષે ખાટો તથા ખારો રસ થયેલો હોય છે, એટલે પ્રથમ તે કવાથનું પાણી પકવાશયમાં જઇ સમાનવાયુ તથા પાચકપિત્તનું શોધન કરી તેની વિષમતાને દૂર કરી તેનો મધુર રસ બનાવે છે અને તે પોતાના પ્રભાવથી આમાશયમાં જઈ તેની શુદ્ધિ કરી અપાન વાયુને અધોગામી બનાવી મળના સંચયને બહાર કાઢે છે. એ ઉકાળાનું પાણી મધુરભાવને પામી પ્લીહામાં જઇ તેનું

રક્ત બનવાને માટે ખટાશ પડતા સ્વાદવાળું થઈ, યકૃતમાં જઈ, તીખા કડવા સ્વાદવાળું થઇ રંજકપિત્તને શોધીને સ્વચ્છ બનાવે છે. જેથી રંજકપિત્તશી રંગાએલું લોહી હૃદયમાં જઇ સાધકપિત્તને તથા અવલંબન કફને અને પાનવાયુને વ્યવસ્થિત કરે છે, એટલે છાતીની ગભરામણ, ઉલટી તથા ઉબકા શમી જાય છે. ખાંસી તથા શ્વાસના મૂળ કફને ઢીલો કરે છે. એવી રીતે પાન વાયુની સિદ્ધિથી ઉદાનવાયુ વ્યવસ્થિત થાય છે એટલે રસન કફની શુદ્ધિ થવાથી જીભમાં સ્વાદ આવે છે અને મુખનું વિરસપણું દૂર થાય છે. તે પછી એજ ઉદાનવાયુ સાથે પ્રેરણા પામેલો ક્વાથમાંનો તીખો રસ માથામાં રહેલા આલોચકપિત્તની શાન્તિ કરે છે જેથી આંખમાં બળતી અગન, આંખ ઉપરનો ભાર અને તેનો દોષ મટી જાય છે. તેવીજ રીતે માથામાં રહેલા સ્નેહન કફને શુદ્ધ કરવાથી ભ્રમ, તંદ્રા, માથાની ચકરી અને દુખાવાનો નાશ કરે છે પછી તે માથામાં રહેલા સમાન વાયુથી પ્રેરાઈ અપાન વાયુના યોગે વ્યાનવાયુમાં આવે છે એટલે ત્વચામાં રહેલા ભ્રાજક પિત્તની શાન્તિ થવાથી શરીર ઠંડું પડે છે, સ્રોતો ખુલ્લાં થવાથી પસીનો નીકળે છે અને કેશવાહિનીઓમાં રક્ત ફરતું થવાથી ચામડીમાં તેજ અને કાંન્તિ ઉત્પન્ન કરે છે અર્થાત્ તાવના મધ્યમાં આપેલું પાચન આમરૂપ મળને પચાવે છે, કોઠાના રસને શુદ્ધ કરે છે, યકૃતમાં પિત્ત ઉત્પન્ન કરે છે, હૃદયના કફની શાન્તિ કરે છે અને જીભ તથા ચામડીના દરેક ભાગને સ્વચ્છ, શુદ્ધ અને વ્યવસ્થિત બનાવે છે.

આટલું વર્ણન કર્યા પછી આપણે આયુર્વેદે માનેલા અને નિર્માણ કરેલા શરીરમાં રહેલા સાતે ધાતુઓ ઉપર એ પાચન

ક્વાથની કેવી રીતે અને કેવી અસર થાય છે તે તપાસીયે. એ પાચન ક્વાથનો રસ થઈ પ્રથમ રસ ધાતુમાં મળવાથી એ માંહેલા પાકમાં તીખા દ્રવ્યોને લીધે તે પાતળો થઇ પસીનાને એટલે રસમાં રહેલા અશુદ્ધ જળતત્વને છુટો પાડી બહાર ફેંકી દે છે અને રસને રૂધીર બનવા લાયકનો બનાવે છે. અર્થાત્ રસમાંથી રૂધીર ઉત્પન્ન થાય છે. તે રૂધીરમાં આ પાચન તત્વનો ભેળ થવાથી તેમાં રહેલા જંતુઘ્ન ગુણને લીધે લોહીમાં ઉત્પન્ન થયલા જંતુઓનો નાશ કરી લોહીને સ્વચ્છ કરે છે, લોહી સ્વચ્છ થયા પછી તેનો માંસ બને છે તે વખતે વાયુથી માંસ સુકાયું હોય અથવા પિત્તથી દગ્ધ થયેલું હોય, જેથી તે તપેલું રહેતું હોય તો આ પાચન ક્વાથમાં રહેલા મધુર રસને લીધે તે પિત્ત ઠંડું પડી શરીરને પોષવાનું કામ કરે છે. એટલે તેનું શુદ્ધ માંસ બને છે. તે પછી જ્યારે માંસને પાચક પિત્ત પચાવે છે ત્યારે તેનો મેદ બને છે એટલે કોઠામાં આમ થવાથી તથા સમાન વાયુની સ્થિતિ બીગડવાથી મેદનું વહન અસ્થી તરફ જવાનું બંધ થવાથી હાડકામાં મેદના ઘટવાથી જે કળતર થાય છે તે કળતર થતું અટકી જાય છે અને તેથી મજ્જા ધાતુ શુદ્ધ થઇ તે શુદ્ધ વીર્યને ઉત્પન્ન કરે છે જેથી રોગીની ચામડીમાં તથા મુખ ઉપર તેજ વધીને રોગી નિરોગી દેખાય છે અને શરીર યંત્રમાં ત્રિદોષના પંદરે સ્થાનમાં દરેક કાર્ય વ્યવસ્થિત જણાય છે.

વર્તમાનકાળમાં ત્રણે ચિકિત્સા-શાસ્ત્ર એવું માનતા જણાય છે કે એક મનુષ્યને તાવ આવ્યો કે તાવ ઉતારવાનો ઇલાજ કરવો જેમાં પોતપોતાના શાસ્ત્ર પ્રમાણે વૈદ્યો અતિવિષનું ફાન્ટ આપીને ડૉકટરો પસીનો લાવનારી દવા આપીને અને હકીમો પણ તેવી૦

જાતની દવા આપીને તાવને ઉતારે છે એટલે રોગીના શરીરને પસીનો લાવી શરીર ઠંડુ પાડે છે. અને દર્દી પણ તે વાતને પસંદ કરે છે. પણ આયુર્વેદ તો હમને એમ સમજાવે છે કે તાવ કાંઇ રોગ નથી પણ આમાશયમાં કેટલો આમ થયેલો છે તેનું માપ તે તાવ છે. અર્થાત્ જે જાતનો તાવ આવેલો જણાય તે ઉપરથી ઓછા વધતા આમનો સંચય થયેલો છે તેનું માપ કરી શકાય છે. જેથી ચિકિત્સકને કેવા પ્રકારનો પાચન કે શોધક પ્રયોગ કરવાની જરૂર છે તેનું ભાન કરાવે છે તે રીતે ચિકિત્સા નહિ કરતાં માત્ર લોહીને ઠંડું પાડવાની તજવીજ કરવામાં આવે તો તેનો મળ ઠંડો પડી વિકારને પામી જઇ, રોગીના શરીરને અશક્ત બનાવી, જીવન તત્વનો ક્ષય કરે છે, તે તરફ ચિકિત્સકોએ જરૂર ધ્યાન આપવું એજ લાભકારક છે. એ વાતનું રહસ્ય આજકાલના અધીરા થયેલા લોકોને ખાસ સમજાવવાની જરૂર છે કે તાવ કાઢવાની ઉતાવળ કરી આયુષ્યનો ક્ષય કરવા કરતાં, આમને પચાવી શરીરને નિરામય બનાવવું એમાંજ સાર છે અને તે વિદ્યા માત્ર આયુર્વેદના સિદ્ધાંતથીજ પામી શકાય છે.

હવે આ વિષયનો ઉપસંહાર કરતાં મારે જણાવવું જોઇયે કે જે લોકો એમ સમજતા હોય અથવા એમ સમજાવવા પ્રયત્ન કરતા હોય કે આયુર્વેદનો ઔષધિ સમુદાય વગર વિચારે કે વગર તપાસે લખવામાં આવ્યો છે. તો તેને જણાવવાનું કે આયુર્વેદના ઋષિઓએ તથા સિદ્ધોએ એક એક દ્રવ્યને તેના રસ, ગુણ, વીર્ય વિપાક અને શક્તિનો વિચાર કરી તે તે દ્રવ્યોના ગુણ તથા વિપાકને તપાસી કેવી પ્રકૃતિના મનુષ્યને કેવા સમત્વાથી દ્રવ્યની જરૂર છે, તેનો સંપૂર્ણ વિચાર કરી અંગરસ, ફાન્ટ, હિમ, કલ્ક, ચૂર્ણ, ક્વાથ, ગુટીકા, અવલેહ, ગુગળ,

તૈલ, ઘૃત, આશવ, અરિષ્ટ, રસ તથા ઉપરસોની યોજના કરેલી છે. અને તે પૃથક્કરણથી અને પ્રકૃતિને અનુકુળ સિદ્ધ પ્રયોગો હોવાથી વ્યાધિના બળને તોડીને તેને નિરામય બનાવે છે એ સિદ્ધ વાત છે; એટલે જો વૈદ્યો રોગનું નિદાન, પૂર્વરૂપ, રૂપ, ઉપશય અને સંપ્રાપ્તિનો વિચાર કરી, તે પ્રકૃતિને અનુકુળ ઔષધની યોજના કરે તો નિઃસંશય મનુષ્યને આરોગ્ય અને આયુષ્યનો લાભ આપી શકે; અર્થાત્ અંતમાં એટલુંજ કહેવાનું કે આટલા ટુંકા "પાચન કવાથ" માટે આ સ્થાલીપુલાક ન્યાયવત્ તે વિચારનુ દિગ્દર્શન કરાવી વધુ વિચારનો ભાર બીજા વિદ્વાન વૈદ્યોને સોંપી મારૂં વ્યાખ્યાન પૂરૂં કરતાં એટલું જણાવું છું કે આ પાચન-દ્રવ્યના કવાથની પેઠે દરેક ઉપાયોના એટલે દ્રવ્યના સમુદાયના જે પ્રયોગ સિદ્ધ કરેલા છે, તે સંબંધી જેટલો ઉંડો વિચાર કરીએ તેટલું વધારે સ્પષ્ટીકરણ થાય છે. એટલે માનવાનું બીલકુલ કારણ નથી કે આયુર્વેદના રચૈતાએ વગર શોધે કે વગર સમજે ગપ્પાં ઠોકેલાં છે!!! પણ પૂર્વાચાર્યોએ જેટલો લાંબો વિચાર, લાંબી શોધ અને લાંબો અનુભવ મેળવી જે પ્રયોગો નિશ્ચય કરી મનુષ્યમાત્રના કલ્યાણ માટે સંહિતાઓ રચી જગતની આગળ રજુ કરી છે તેટલા ઉંડા ઉતરી આપણે વિચાર કરીશું તો તેઓના શોધ તથા ગ્રંથ રચવાનું રહસ્ય સમજાશે. અને આયુર્વેદ ઉપર વૈદ્યરાજોની શ્રદ્ધા દ્રઢીભુત થશે ત્યારેજ આપણે પ્રજાને સમજાવી શકીશું કે આયુર્વેદ એ પોથીમાંનાં રીંગણાં નથી, પણ એક આરોગ્ય રૂપ રત્નની ખાણ છે!!!

લેખક

સ્વર્ગસ્થ વૈદરાજ તીલકચંદ તારાચંદ.

હમારા ખાસ અનુભવેલા ઉપાયો.

સજ્જન વૈદરાજ બંધુઓ અને આયુર્વેદ પ્રેમી ગૃહસ્થો,

આપને વિનંતી કરવામાં આવે છે કે આ સાથે મેં મારા અનુભવેલા તેમજ હંમેશ મારા દવાખાનામાં ચાલતા ઉપાયો કોઇપણ જાતનો ગુરૂગમ કે ભેદ રાખ્યા વગર લખેલા છે. જેની ખાત્રી વૈદરાજો બનાવીને વાપરશે, ત્યારે થશે. એટલુંજ નહિ પણ જે જે દવાના નમુનાઓ વૈદરાજને આપવાનું લખેલું છે, તેનું કારણ વેપાર કરવાને કે હમારી દવાઓ ખપાવવાના હેતુથી લખેલું નથી. પણ ખાસ વૈદરાજોની ખાત્રી કરવા તેમજ કેટલાક ગામડામાં વસ્તુઓ મળી શકે નહીં, તેમજ એવી દવાનો આખો ઘાણ બનાવતાં મોટો ખર્ચ કરવો પડે. વિગેરે કારણોથી વૈદોને કેટલીક સારી દવાઓ માત્ર પડતર ભાવથીજ આપવાનું લખ્યું છે. માટે વૈદરાજોએ કોઇ જાતની શંકા રાખવી નહીં. તેમજ દવાઓ સારી અનુભવેલી યોગ્ય રીતે બનેલી, વિગેરે સઘળું સારૂં છતાં વખતે કોઇને રોગના નિદાનને અભાવે અથવા કોઇ બીજા કારણથી માફક નહીં આવે તેથી દવાનો દોષ છે, એમ નહીં સમજતાં ઇશ્વરી સંકેત પ્રમાણે મોતનો કશોજ ઉપાય નથી. એ વાત લક્ષમાં રાખી કોઇને પણ દોષ દેવો નહીં.

લી૦ સેવક,

વૈદ્ય ધીરજરામ દલપતરામ

રૂવાળાના ટેકરે, **સુરત.**

આ મહાન માત્રા કોઈ પણ દિવસ બગડતી નથી માટે સંગ્રહ કરવા લાયક છે.

મદન કાન્તા ગુટીકા.

સુદ્ધ રસસીંદુર તોલા ચાર, બરાસ તોલા બે, ઉપલેટ તોલા બે, લવંગ તોલો એક, પીપર તોલો એક, અકલગરો તોલો એક, કેશર તોલો એક, તજ તોલો એક, અફીણ તોલો એક, કૌંચા તોલો એક, જાયફળ તોલો એક, જાવંત્રી તોલો એક, અગર ખરો તોલો એક, સુદ્ધ વછનાગ તોલો એક, ગળોસત્વ તોલો એક, ધોળી મુસળી તોલો એક, સોનાના વરખ તોલો એક, ચાંદીના વરખ તોલા બે, સુદ્ધ સીલાજીત તોલા બે, કસ્તુરી સારી ઉંચી તોલો અડધો, ખરૂ અંબર તોલો અડધો.

પ્રથમ રસ સીંદુરને કોરો બે દીવસ ખલવો, પછી બીજી વસ્તુઓ યુક્તી સર નાંખી બે દિવસ ખલવું, પછી એક પટ ધંતુરાના રસનો આપવો બીજો પટ આદુના રસનો અને ત્રીજો પટ નાગરવેલના પાનના રસનો આપી ગોળી રતીપુરની વાળવી અને નીચેના રોગમાં મધ સાથે આપવી અથવા અનુપાન વૈદરાજને યોગ્ય લાગે તે પ્રમાણે આપવું. જેથી શક્તી, પુષ્ટી, બળ, નબળાઇ, નપુંસકપણું, ક્ષીણતા, જવર, મગજની નબળાઇ, સાંધાનો દુખાવો, નસોનું ઢીલાપણું, વાયુ, સરદી, ખાંસી, સ્વાસ, દમ, ક્ષય, અમુઝણ, મુર્છા, આંકડી, ધનુરવા, હીષ્ટીરીયા, પક્ષાપાત, સંધીવાયું, ફેફરૂં, વગેરે રોગોને મટાડી યુવાન માણુસોને હસ્ત દોષથી આવેલી નબળાઇ દુર કરી ફરી યુવાવસ્થા બક્ષે છે. તેમજ વૃદ્ધ પુરૂષો આ ગોળીના સેવનથી યુવાન જેવી શક્તી

પ્રાપ્ત કરી શકે છે, એટલુંજ નહીં પણ આ ગોળી વૈદરાજો પોતાની બુદ્ધિપુર્વક ઘણા રોગોમાં યોગ્ય અનુપાનથી વાપરી શકે છે, માટે આશા છે કે વૈદરાજો બનાવીને વાપરશે. જેઓ આ ગોળી નહી બનાવી શકે તેઓને હમે પાંચ રૂપીએ તાલો આપીશું પરંતુ વૈદરાજો સીવાય બીજાને આ ભાવથી આપીશું નહી કારણ હમારો હેતુ વેપાર કરવાનો નથી, પણ વૈદરાજોમાં આ ગોળીનો પ્રચાર કરવાનો છે. માટે જેને ખાત્રી કરવી હોય તેણે નીચેને ઠેકાણેથી મંગાવવી. દવા વી. પી. થી મોકલવામાં આવશે.

વૈદ ધીરજરામ દલપતરામ

રૂવાળાને ટેકરે–સુરત.

"પુષ્ટીપ્રભા ગુટીકા" બનાવવાની રીત.

ઘોળી મુશલી તાલો એક, કૌચાં તાલો એક, મદનમસ્ત તાલો એક, ખમનલાલ તોલો એક, બાલછડ તાલો એક, એલચી તાલો એક, લવેંગ તાલો એક, ઘોળાં મરી તાલો એક, જાયફળ તાલો એક, અગર તાલો એક, સુદ્ધ બરાશ તાલા બે, સુદ્ધ ભાંગ તાલા ચાર, પ્રવાળ ભસ્મ તાલા બે, સતાવરી તાલો એક, શમુદ્રશોષના બી તાલો એક, બમન સુફેત તાલો એક, પડકચુરો તાલો એક, તમાલપત્ર તાલો એક, પીપર છીણી તાલો એક, જાવંત્રી તાલો એક, અકલગરો તાલો એક, કેશર ખરૂ તાલો એક, સુદ્ધ સીલાજીત તાલા બે, જુંદબેદસ્તર તાલા ત્રણ, લોહ ભસ્મ તાલા બે, રસસીંદુર તાલા બે, ચાંદીનાં વરખ મોટાં નંગ ૨૦૦ બસો, સોનાનાં વરખ મોટાં નંગ સો, કસ્તુરી માસા ત્રણ ખરૂં અમ્બર માસા ત્રણ, રાતી દરાખ બી વગરની તાલા દશ.

પ્રથમ જુંજએદસ્તર શીવાયની બીજી બધી ખાંડવા જેવી વસ્તુ-ઓને ખાંડી વસ્ત્રગાળ કરી, પછી રસસીંદુરને ખલમાં નાંખી બે દીવસ ઘુટવો અને ત્યારપછી તેમાં ભસ્મો મેળવીને ઘુટવું પછી ખાંડેલી વસ્તુ થોડી થોડી નાંખીને મેળવવું તે મળી જાય એટલે કેશર અને શીલાજીત મેળવી સોના રૂપાના વરખો તથા કસ્તુરી અને અમ્બર મેળવી દેવાં. પછી જુંજએદસ્તરના ઝીણા કટકા કરી તેમાં મધ નાંખી ઘુટીને એકત્ર કરવું અને તેમાં દરાખને વાટીને મેળવી દેવી, પછી તેમાં બીજી વસ્તુઓ ઘુટીને તૈયાર કરેલી હોય ને થોડી થોડી મેળવીને એકત્ર કરવું અને ઘુટવું જો ગોળી વળે એવું થઈ ગયું હોય તો ચણાપુરની ગોળીઓ વાળી તેના ઉપર ચાંદીના વરખ ચઢાવવા જો ગોળી નહીં વળે તો થોડું મધ નાંખીને ઘુટવું એટલે ગોળી વળશે. આવી રીતે તૈયાર કરેલી ગોળી એક કાચના બુચવાળી શીશીમાં ભરી લેવી. અને દરરોજ સવારે તથા સાંજે ગોળી એક મધમાં કાલવીને ચાટવી અને ઉપર ઘી, દુધ, સાકરવાળો સારો ખોરાક પચે તે પ્રમાણે ખાવો જેથી શરીરમાં, શકતી, પુષ્ટી બળ, વિર્ય, વધારી હસ્તદોશથી આવેલી નબળાઈ, નપુરશકપણું, શીઘ્રલતા, નસોનું ઢીલાપણું, સ્વપ્નદોશ, વિગેરે ધાતુ સંબંધી સઘળા દોશોને દુર કરી, ખરી જુવાની આપે છે તેમજ કમ્મરનો દુખાવો, હાથપગનું કળતર, અગ્નીની મદતા, ખોરાકનું નહીં પચવું, વાયુ, શરદી, શળેખમ, માંથાનો દુખાવો, સંગ્રહણી, મરડો, અતીસાર, જીર્ણજ્વર, ઉધરસ, ખાંશી, દમ, ક્ષય, અમુઝણ વિગેરે દરદોમાં આ ગોળી તાત્કાળીક ફાયદો કરે છે. તેમજ વૃદ્ધ પુરૂષો આ ગોળીના સેવનથી જુવાન જેવી શકતી પ્રાપ્ત કરે છે. માટે વિનંતી કરવાની કે આ ગોળી બનાવીને વાપરો

જો બનાવતા પ્હેલાં એના ગુણની ખાત્રી કરવી હોય તો માત્ર ત્રણ રૂપીઆમાં એક માસ ચાલે એટલી ગોળી નમુના તરીકે મંગાવીને ખાત્રી કરો. વૈદ્યોને સવામે રૂપીઆમાં એક માસની આપીશું.

મળવાનુ ઠેકાણું-વૈદ્ય **ધીરજરામ દલપતરામ**
રૂવાળાને ટેકરે-**સુરત.**

રત્નગીરી નવો—મનસીલ તોલો ૧. હીંગલોક તો. ૧. લવેંગ તો. ૧. જાયફળ તો. ૧. વછનાગ તો. ૧. કાળાં મરી તો. ૧. ફુલાવેલી ફટકી તો. ૧. ફુલાવેલો નવસાર તો. ૧ શુદ્ધ સોમલ રતી ૨૪ બધી વસ્તુને સારી પેઠે ખલી, ધંતુરાના રસમાં એક દીવસ ઘુટી, ગોળી મરીના દાણા જેવડી વાળી સવાર સાંજ ગોળી ૧ થી ૨ ધાણા ને સાકરના પાણીમાં આપવાથી સઘળી જાતના તાવને દૂર કરે છે. એટલુંજ નહીં પણ આ ગોળી તાવને ઉતારે પણ છે અને અટકાવે પણ છે.

છર્દીહરણ ગુટીકા—હીંગલોક તો. ૧. શુદ્ધ અફીણ તો. ૧. જાવંત્રી તો. ૧ શુદ્ધ કરેલી ભાંગ તો. ૧. ફુલાવેલો ટંકણખાર તો. ૧. લવેંગ તો. ૧. સાકર તો, ૧. એલચી તો. ૧. કપુર કાચલી સારી નવી તો. ૧૬. એ સઘલી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી એક દીવસ ઘુટી કપુર કાચલી તોલા દસનો સોળ ગણાં પાણીમાં ઉકાળો કરી, એક શેર પાણી રહે, ત્યારે ઉતારી કપડેથી ગાળી બધી વસ્તુઓની ભેગું નાખી સારી પેઠે ઘુટી ગોળી વળે એવું થાય. એટલે ચણાપુરની ગોળીઓ વાળી તડકે સુકવી, શીશીમાં ભરી મુકવી. આ ગોળી સઘલી પ્રકારની ઉલટીને તાત્કાળીક બંધ કરે છે. ગોળી ૧ થી ૨ પાણીમાં વાટીને દીવસમાં બેથી ત્રણ વખત પાવી. જેથી સઘળી જાતની ઉલટી સારી થાય છે.

વાત ગજકેશરી ગુગળ—શુદ્ધ ગુગળ તો. ૨૦. નિસોતર તો. ૫. કાળામરી તો. ૨ાા એરંડાની મીંચ તો. ૧૦. લવીંગ તોલા બે લશણની કળી તો. ૫. હીંગલોકને ઝીણો ખલવો. પછી લશણની કળીને ઝીણી વાટીને તૈયાર કરવી, પછી ગુગળ તથા એરંડાની મીંચને ખાંડીને એક રસ કરવું. અને તેમાં ખાંડતી વખતે થોડોથોડો વાટેલો હીંગલોક નાંખતા જવું જ્યારે એ ત્રણે વસ્તુ બરાબર મળી જાય, ત્યારે લવેંગ વિગેરે બીજી વસ્તુઓનું ચુર્ણ તેમાં મેળવવું અને છેવટે વાટેલું લશણુ મેળવીને એક રસ કરી ગોળીઓ ચણી બોર પ્રમાણેની વાળવી. અને છાંયામાં સુકવી બાટલીમાં ભરવી આ ગોળી પાણી સાથે દીવસમાં બેથી ત્રણ વાર અકેકી ગોળી, સઘળી જાતના વાયુમાં આપવી. તેમજ શરદી, પક્ષાઘાત, કમ્મરનો દુખાવો, હાથ પગની કળતર, વિગેરેમાં સારૂ કામ કરે છે. એટલુંજ નહિ પણ વૈદરાજો પોતાની બુદ્ધી પુર્વકના બીજા અનુપાનોમાં પણ વાપરી શકે છે. માટે આશા છે કે વૈદરાજો આ ગોળી બનાવીને વાપરશે એવી આશા છે. જેઓને બનાવતાં પહેલાં ખાત્રી કરવી હોય તેને રૂપીઆ એકની બે તોલા ગોળીઓ આપવામાં આવશે. વૈદો સીવાય બીજા કોઇને આપવામાં આવશે નહીં. ઠેકાણું–વૈદ ધીરજરામ દલપતરામ, રૂવાળાને ટેકરે, સુરત.

સોજા ઉપર ચોપડવાની ગોળી—સાટોડીનું મૂળ શેર ૧ આંમળાં શેર ૦ાા હીમજી હરડે શેર ૦ા, સુરો ખાર નવટાંક, મોરથુથુ અઘોળ ઉપરની વસ્તુઓને ભેગી ખાંડી, વસ્ત્રગાળ કરી ધંતુરાના

રસમાં એક દીવસ ખલી ગોળીઓ અથવા સોગઠીઓ વાળી તડકે સુકવી રાખી મુકવી. ગમે તે જાતના સોજા ઉપર રામબાણુ અસર કરે છે. તેમજ હાથે પગે આવતા સાધારણ રસ ઉપર પણ પાણી સાથે ઘસીને ચોપડવાથી સોજા, રસવિકાર, વિગેરેને દુર કરે છે.

હરસ (મસા) ની દવા—સમુદ્રફળને હાથીના મુત્રમાં ઘસીને ચોપડવાથી હરસ મટે છે. મુત્ર નરનું લેવું માદાનું લેવું નહીં.

રસ સીંદુરની ગોળી—રસ સીંદુર તોલા ૪ લવેગ તોલો ૦ાા ભાંગ તો. ૦ાા, જાવંત્રી તા. ૦ાા, પીપર તો. ૦ાા, અફીણ તો. ૦ાા અકલગરો તો. ૦ાા, મરી તો. ૦ાા, બરાસ તો. ૧, સુન્નાંના વરખ તો. ૦ાા, કસ્તુરી તો. ૦ાા, પ્રથમ રસ સીંદરને એક દીવસ ઘુટવો. પછી બીજી વસ્તુઓ નાખીને એક દીવસ ઘુટવું, પછી પાન નાગરવેલના પાકા નંગ ૫૦૦નો રસ કાઢીને નાખીને ઘુટવું જ્યારે સુકાવા આવે ત્યારે બીજાં ૨૫૦ પાનનો રસ નાંખીને ખલવું. જ્યારે ગોળી વાળવા જેવું થાય ત્યારે રતીપુરની ગોળી વાળી સુકવી શીશીમાં ભરી મુકવી. આ ગોળી સવાર સાંજ મધ સાથે એકેકી ખવાડવાથી વાયુ, સરદી, ખાંસી, દમ, અશક્તી, વિર્યદોષ, વિગેરે મટે છે. અને વૈદો પોતાની બુદ્ધી પુર્વક વાપરી શકે છે.

સ્વલ્પ ચંદ્રોદયની ગોળી—રસસીંદુર તોલા ૫. જાયફળ તો. ૧. મરી તો. ૧. પીપર તો. ૧. બરાસ તો. ૨. સુન્નાના વરખ તો. ૦ાા. કસ્તુરી તો. ૦ાા. પ્રથમ રસસીંદુરને કોરો બે દીવસ ખલવો. પછી બીજી ખાંડવા જેવી વસ્તુઓને ખાંડી વસ્ત્રગાળ કરીને મેળવવી. પછી બરાસ મેળવીને ઘુટવું, અને ત્યાર બાદ વરખ તથા કસ્તુરી

મેળવી. એક પટ પાકાં ચવેલી પાનનો તથા બીજો પટ આદુના રસનો આપી ગોળી રતીપુરની વાળી સુકવીને શીશીમાં ભરી મુકવી. આ ગોળી મધ સાથે દીવસમાં બેવાર આપવાથી શક્તિ, બળ, વીર્ય ક્ષય, દમ, શ્વાસ, કાશ, શરદી, શળેખમ, વાયુ, શન્નીપાત, વિગેરે ઘણાં રોગોમાં સારૂં કામ કરે છે. તેમજ વૈદરાજો પોતાની બુદ્ધી અને અનુભવ પ્રમાણે બીજા યોગ્ય અનુપાનમાં ઘણા રોગોમાં વાપરી શકે છે. માટે વૈદરાજો બનાવીને ઉપયોગ કરશે. જે વૈદરાજને બનાવતાં પહેલાં એનાં ગુણની ખાત્રી કરવી હોય તેઓને હમે માત્ર પાંચ રૂપીએ તોલો તૈયાર ગોળીઓ આપીશું. મંગાવનારે વદ **ધીરજરામ દલપતરામ ઠે. રૂવાળાને ટેકરે, સુરત,** એ શરનામેથી મંગાવી લેવી. વૈદ સીવાય બીજાને આપવામાં આવશે નહીં આ ગોળી હમે ઘણાં વરસો થયાં વાપરીએ છીએ જેથી ખાત્રી લાયક છે. શકતી અને પુષ્ટીમાં ઘી, દુધ, વિગેરે પૌષ્ટિક ખોરાક પચે તે પ્રમાણે ખવાડવો.

ધાતુ શ્રાવનું ચુર્ણ—ઉટકંટાની છાલ તોલો ૧, ખસખસ તો. ૨, ગોખરૂ તો. ૨, સામરના ફુલ તો. ૨, કવચાં તો. ૨, ખુમકળા તો. ૨, ખોરાસાની અજમો તો. ૧, ધોળી મુશળી તો. ૪, કાળી મુશળી તો. ૨, જેઠીમધ તો. ૧, પીપર તો. ૧, પીપરીમુળ તો. ૧, અફીણ તો. ૦ાા, સાકર શેર ૦ાા, બધી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી પછી અફીણને સાકર મેળવવાં, આ ચુર્ણ દરરોજ સવારે તોલો ૦ા, દુધ, સાકર સાથે ખાવાથી શકતી વધે ધાતુ બંધાય, ભુખ લાગે, કમરનો દુખાવો હાથ પગના તોડ, સાધારણ ખાંસી વીગેરેમાં સારૂ કામ કરે છે.

વૃદ્ધ નાગબંધ ગુટીકા—હીંગલોક તોલા ૩, તજ તો. ૧, પીપર તો. ૧, લવેંગ તો. ૧, વછનાગ શુદ્ધ તો. ૧, અકલગરો તો. ૧, ધોળાં મરી તો. ૧, જાવંત્રી તો ૧, બરાસ તો. ૧, ઇલમીટના ફુલ તો. ૧, પ્રથમ હીંગલોકને સારો ખલવો. પછી ખાંડવા જેવી વસ્તુને ખાંડી રસગાળ કરી હીગલોકમાં નાખી એકત્ર કરવું, પછી બરાશ મેળવવું, અને છેલ્લે ઇલમીટનાં ફુલ જુદાં વાટી તેમાં સઘળું મેળવીને ઘુટવું, ત્યાર બાદ આદુના રશનો પટ એક આપીને ઘુટતાં ઘુટતાં સુકાવવું. જ્યારે સુકાઈ જાય, ત્યારે મધ ગોળી વળે એટલું નાંખીને ગોળી વટાણાપુરની વાળવી અને દીવસમાં બેથી ત્રણ વખત મધ સાથે ખવાડવી જેથી વાયુ, સરદી, ખાંશી, શ્વાસ, કફ, જવર, સન્નીપાત, વાઈ, હીસ્ટીરીયા, ઝાડા, ઉલટી, અશક્તી, આમવાયુ, અજીરણ, વીગેરે મટે છે. ગુણની ખાત્રી કરવા વૈદ્યોને રૂપીયાની બે તોલા આપીશું. મંગાવનારે વૈદ ધીરજરામ દલપતરામ રૂવાળાને ટેકરે સુરત. એ સરનામે પત્ર લખવો.

જ્વર ભાસ્કર રસ—સુરોખાર તોલો ૧, કડુ તો. ૧, કાચકા સેકેલા તો. ૧, કાળાં મરી તો. ૧, ફટકી ફુલાવેલી તો. ૧, નવસાર પકાવેલો તો. ૧, ગળોનું સત્વ તો. ૧, સુન્નાગેરૂ તો. ૧, સુદ્ધ કરેલો સોમલ તો. ॰।, બધાને ખાંડી વસ્ત્રગાળ કરી સોમલ મેળવીને સારી પેઠે ઘુટવું, પછી ધંતુરાના રસમાં ઘુટીને વટાણાપુરની ગોળીઓ વાળી સુકવી શીશીમાં ભરી મુકવી. આ ગોળી સઘળી જાતના તાવમાં ધાણા ને સાકરના પાણીમાં દીવસમાં બેથી ત્રણવાર એકેકી ગોળી આપવી જેથી સઘળી જાતના તાવ જાય છે.

પુષ્પવટીકા—ધંતુરાના ફુલ તોલો ૧, રાતા કરેણના ફુલ તો.

૧, આંકડાના ફુલ તો. ૧, લવેંગ તો. ૧, જાવંત્રી તો. ૧, કેશર તો. ૦ાા, અફીણ તો. ૦ાા, હીંગલોક તો. ૩, બધી વસ્તુને ગુલાબના ફુલના રસમાં ઘુટી, ગોળી વટાણાપુરની કરવી અને સવાર સાંજ યોગ્ય અનુપાનમાં આપવાથી ખાંસી, શ્વાસ, દમ, અમુઝણ, ક્ષય વિગેરે મટે છે. પરેજી તેલ મરચાંની કરાવવી.

ગુગળની ગોળી—ગુગળ તો. ૫, એળીઓ તો. ૩, રેવંચીની ખટાઈ તો. ૨, તજ તો. ૧, લવેંગ તો. ૨ાા બધાને ભેગું ખાંડી ગોળી વળે એટલું મધ નાંખી ગોળી ચણાપુરની કરી સવાર સાંજ ગોળી ૧ થી ૨ પાણી સાથે ખાવાથી વાયુ, કમ્મરનો દુખાવો હાડકાનું કળતર, અગ્નીની મંદતા વિગેરે દરદો સારા થાય છે. સઘળી જાતના વાયુમાં ચાલે છે.

મોતીનો સુરમો—વગર વિંધેલાં મોતી તોલો ૧. બરાસ તો. ૧. ફુલાવેલી ફટકી તો. ૦ાા. મમીરી તો. ૧. કાલો સુરમો તોલા ૩. પ્રથમ મોતીને ખાંડી ચાલી ગુલાબજળ શેર એકમાં ઘુટવા. ગુલાબ જળ સુકાઈ જાય ત્યારે બીજી બધી વસ્તુ નાંખીને દીવસ ચાર ઘુટવું, પછી સુરમો શીશીમાં ભરી લેવો. આ સુરમો આંખમાં આંજવાથી ફુલાં, છારી, જાપ, ગરમી, જાળા, વિગેરે સારાં થાય છે. મમીરી હમારે ત્યાં મળે છે.

અંજન—એક જાડા વાંસનો ખલ બનાવી તેમાં કલમી સુરો ખાર શેર ૦ા નાંખી, સીસાના બતાવતી ઘુટવું, ઘુટતાં ઘુટતાં, આસમાની રંગનું થઈ જાય, ત્યારે અંજન તૈયાર થયું એમ જાણવું એ અંજન એક ચોખાપુર આંજવાથી આંખના ઘણાં રોગ સારા થાય છે.

મીઠું વિરેચન—ભમરડીના બી તોલો ૧, નીસોતર તો. ૧, ગુલાબના ફુલ તો. ૧, વરીયાળી તો. ૧, ગરણીના બી છોલેલાં તો. ૧, સોનામખી તો. ૨, જેઠીમધ તો. ૨, કાળા મરી તો. ૧, પીપર તો. ૧, સુદ્ધ નેપાળા તોલો ॥, સાકર તોલા ૫. પ્રથમ સાકર અને નેપાળા સીવાયની વસ્તુઓને ખાંડી વસ્ત્રગાળ કરી પછી તેમાં નેપાળા ઝીણાં વાટીને મેળવવાં અને છેવટ સાકર મેળવી ક્ષુટીને બાટલીમાં ભરી મુકવું. જ્યારે જુલાબ લેવો હોય ત્યારે રાતના વાલ બેથી ચાર, પાણી સાથે ફાકવું જેથી પેટમાનો કચરો સાફ થઇ સારો જુલાબ લાગે છે, તેમજ પેટમાં કોઇ જાતનો દુખાવો કે મોળ આવતી નથી.

ક્ષયનું સર્વોપરી ચાટણ—શેહેદેવીનો રસ શેર ૧, હાથલા થોરના ડીંડવા જે રાતા પાકાં હોય છે તેનો રસ શેર ૧, અરડુશાનો રસ શેર ૧, આદુનો રસ શેર ૧, બેડાનો રસ અથવા ઉકાળો શેર ૧, જેઠીમધનું ચુરણ શેર ।, સીતોપલાદી ચુરણ શેર ।, સાકર શેર ૩. બધા રસને એક કલાઇવાળા વાસણમાં ભેગા કરી ધીમી આંચ ઉપર મુકી પકાવવા, અડધો રસ બળી જાય એટલે સાકર નાંખીને હલાવવું. જ્યારે મધ જેવું જાડું થાય ત્યારે જેઠીમધનું ચુરણ તથા સીતોપલાદી ચુરણ નાંખીને હલાવવું જ્યારે ગોળ જેવું થાય ત્યારે ઉતારીને ઠંડુ પાડી બરણીમાં ભરી મુકવું એમાંથી સવાર સાંજ તોલા । થી ॥ સુધી. મધ અને સુનાનું વરખ મેળવીને ચાટવું, જેથી ખાંસી, શ્વાસ, કાસ, ક્ષય, કફ, અશકતી વિગેરે રોગોમાં ઘણોજ સારો ફાયદો કરે છે, ક્ષયના દરદીઓને પણ આ ચાટણ ઘણુંજ સારૂ માફક આવે છે.

સ્વર સુધારક ગુટીકા—ત્રીફળાં તોલા ૩, ચીની કબાલા તો.

૧, એલચીના દાણાં તો. ૧, જેઠીમધનો સીરો તો. ૩, આંબાનો સુકો મોર તોલા ૩, સાકર તોલા ૩, કાળી દરાખ ગોળી વાળવા જેટલી લેવી. પ્રથમ બધી વસ્તુને ખાંડી વસ્રગાળ કરી કાળી દરાખમાં ઘુટીને ગોળી ચણાપુરની કરવી આ ગોળી મોમાં રાખવાથી સ્વર સુધરે, ખાંસી મટે, તરસ મટે અને કંઠ સાફ થાય.

શકતી અને પુષ્ટીની ગોળી—પારો તોલો ૧, ગંધક સુદ્ધ તો. ૧, હીંગલોક તો. ૨, વંગભસ્મ તો. ૧, પ્રવાળ ભસ્મ તો. ૧, અફીણ તો. ૧, જાવંત્રી તો. ૧, તજ તો. ૧, મરી તો. ૧, સુંઠ તો. ૧, ચીનીકબાલા તો. ૧, પીપર તો. ૧, રૂમી મસ્તગી તોલો ૧, ભાંગ તોલા ૩, એલચી તો. ૧. પ્રથમ પારા ગંધકની કજલી કરી તેમાં હીંગલોક તથા ભસ્મો મેળવીને એક દીવસ ઘુટવું અને પછી બીજી વસ્તુઓ ખાંડી વસ્રગાળ કરી તે મેળવી એક દીવસ ઘુટી તેમાં ગોળી વળે એટલું ચોખ્ખું મધ નાખી ગોળી ચણાપુરની વાળી ઉપર સુન્નાનાં અથવા રૂપાના વરખ ચડાવી શીશીમાં ભરી મુકવી. આ ગોળી સવાર સાંજ એકેકી મધ સાથે ચાટી ઉપર સાકર એલચી નાંખીને ઉકાળેલું દુધ પાવુ જેથી શકતી, પુષ્ટી, બળ, વિર્ય વિગેરે વધે. શરદી, શળેખમ, ખાંશી, ઝાડા, મરડો, મટે અગ્ની પ્રદીપ્ત થાય, ભુખ લાગે વિગેરે ઘણાં રોગોમાં ફાયદો કરે છે.

સ્રીઓને માટે પ્રદર અને લોહીવાનો ઉપાય—કાથો તોલો ૧, ફુલવેલી ફટકી તો. ૧, માજુફળનું સત્વ તો. ૨, ધાપણુ પકવેલો તો. ૨, સફેત તપખીર તો. ૨, બધી વસ્તુને વસ્રગાળ કરી દીવસમાં બેથી ત્રણવાર બબેવાલપુર સાકર સાથે ખવાડવાથી પ્રદર, લોહીવા, અને સ્રીઓનો ધાતુપાત બંધ થાય છે.

હિંગુલાદી ચંદ્રપ્રભા—હીંગલોક તોલા ૧, સેકેલા ઝેરકચુરા તોલો ૧, અફીણુ તોલો ૦॥, હીરાબેળ તોલા ૫. પીપર તોલો ૧, બધાને ખાંડી વસ્ત્રગાળ કરી અફીણનો કુંશબો બનાવી તેમાં ઘુટી ગોળી વટાણાપુરની કરી સવાર સાંજ ગોળી એક પાણી કે દુધ સાથે ખાવાથી શક્તી, પુષ્ટી બળ અને વિર્યને વધારે તેમજ કમ્મરનો દુખાવો હાથ પગનું કળતર વિગેરેને પણ મટાડે છે.

ખાંશીની ગોળી—અફીણ તોલો ૧, આંકડાના ફુલનો મગજ તોલા ૬, લવેંગ તોલા ૨, કાળા મરી તોલા ૩, હળદ તોલા ૩, કાથો તોલા ૬, પુસ્કર મૂળ તોલા ૬, સીધવ તોલા ૩, અફીણ સીવાયની બીજી બધી વસ્તુ ખાંડી વસ્ત્રગાળ કરી, અફીણનો કુસુંબો બનાવી તેમાં એક દીવસ ઘુટી ગોળી મરી પ્રમાણે કરવી અને સવાર, બપોર અને સાંજ, ગોળી એકથી બે મધ સાથે ખાવાથી ખાંશી, દમ, અમુઝણ, શ્વાસ, શળેખમ વિગેરે રોગો ઉપર તાત્કાલીક અશર કરે છે. માટે વૈદરાજો મનાવીને વાપરો એવી આશા છે.

માથાના રોગ માટે મેથોલ—પીળુ મીણ તોલા ૧૦, કોકમનું ઘી તોલા ૧૦, ઇલિમીટનાં ફુલ. તોલો ૦॥, કપુર તોલો ૦॥ લવેંગનું તેલ માસા ૩, પ્રથમ મીણ તથા કોકમના ઘીને પીગાળીને ગળી લેવાં. પછી તેમાં ઇલિમીટનાં ફુલ તથા કપુર ઝીણાં વાટીને નાંખવા. અને છેલ્લે લવેંગનું તેલ નાંખી હલાવીને બધાને એકત્ર કરી શીશીમાં ભરી મુકવું. અને તેમાંથી થોડું માથા ઉપર ઘસવાથી સરદી, શળેખમ માથાનો દુખાવો મટે છે. તેમજ શરીરના બીજા કોઇપણ ભાગમાં દુખાવો કે કળતર થતું હોય તો ત્યાં ચોળવાથી તુરત અસર કરે છે.

સંધીવાયુ ઉપર ચોળવાનું તેલ—ખાંખણુ તોલા ૫, કપુર તોલો ૧, ઇલમીટના ફુલ તોલો ૦।, અજમાના ફુલ તોલો ૦।, ટરપીટન તોલા ૨॥, એળચીનું તેલ તોલા ૨॥, નારંગીનું તેલ તોલા ૨॥ સરસીયાંનું તેલ તોલા ૫, પ્રથમ ખાંખણને ગરમ કરી કપુર, ઇલમીટ તથા અજમાના ફુલ એકત્ર કરી ખાંખણમાં મેળવવા અને ત્યાર પછી બીજા તેલો મેળવીને એકત્ર કરવું આ તેલથી સંધીવાયુ તથા હાથ પગનું કળાતર વિગેરે વાયુના ઘણાં રોગો મટે છે.

મકરધ્વજની ગોળી—સુવર્ણ ચંદ્રોદય, (મકરધ્વજ) તોલો ૧, રસસીંદુર તોલો ૧, વંગ ભસ્મ તોલો ૧, લોહ ભસ્મ તોલો ૧, અભ્રક ભસ્મ તોલો ૧, મોતીની ભસ્મ તોલો ૧, પ્રવાળ ભસ્મ તોલો ૧, જાયફળ તોલો ૧, લવીંગ તોલો ૧, જાવંત્રી નાં. ૧, પીપર તોલો ૧, સોનાના વરખ તોલો ૧, બરાશ તોલા ૨, કસ્તુરી તોલો ૧,

પ્રથમ ચંદ્રોદયને બે ત્રણ દીવસ ખલવો પછી ભસ્મો મેળવીને એક દીવસ ખલવું, ત્યાર પછી ખાંડવા જેવી વસ્તુ ખાંડી વસ્ત્રગાળ કરી ખલ કરવો. પછી વરખ મેળવવાં. પછી બરાશ મેળવીને એક પટ ચેવલી પાનના રસનો આપવો. પછી બીજો પટ આદુના રસનો આપવો. ત્યાર બાદ કસ્તુરી મેળવી, તુળસીના રસમાં ઘુટી, ગોળી રતીપુરની વાળવી. આ ગોળી યોગ્ય અનુપાન સાથે આપવાથી ક્ષય, ખાંસી, અશક્તી, વાયુ, સરદી, વિગેરે સેંકડો રોગો ઉપર આબાદ કામ કરે છે. દેશી વૈદકમાં આના કરતાં ચઢીયાતી દવા બીજી કોઇ છેજ નહિ. આ ગોળી હમારે ત્યાં તૈયાર છે. જરૂર હોય તેને તોલા એકના રૂપીઆ વીશના ભાવથી આપીશું મંગાવનારે નીચેને ઠેકાણે લખવું.

વૈદ ધીરજરામ દલપતરામ
રૂવાળાને ટેકરે, **સુરત.**

સંશમની—આ ગોળીઓ ઘણું કરીને વૈદરાજ ઝંડુ ભટજીની કલ્પનાથી બનાવવાની શરૂ થઈ છે. અને તે ઘણું કરીને કાઠીયાવાડના વૈદ્યો પુષ્કળ વાપરે છે. પરંતુ હજુ સુધી કોઈ પણ પુસ્તકમાં કે માસીકમાં એ ગોળીની બનાવટ પ્રસીદ્ધ થયેલી નથી. પરંતુ આ ગોળીને માટે ઉનાના વૈદરાજ આણુંદજી સવજીને પુછાવતાં તેઓ નીચે પ્રમાણે સુચના કરે છે.

સંશમની નંબર ૧ લો ગળોનો ઉકાળો કરી ગાળી તેને કઢાઈમાં નાખી ગોળ જેવું ઘાડુ કરી પછી તેમાં એક શેર ઘ ને બે તોલા સુવર્ણ માક્ષીક ભસ્મ તથા બે તોલા લોહભસ્મ મેળવી સારી પેઠે ઘુટી વટાણા પુરની ગોળીઓ વાળવી.

નંબર ૨ જો એક શેર ગળોના ઘનમાં ત્રણ તોલા લોહભસ્મ નાંખી ઉપર પ્રમાણે ગોળીઓ વાળવી જેથી બીજા નંબરની સંશમની બને છે.

નંબર ત્રીજો ફક્ત ગળોના ઘનની ગોળી વાળવાથી બને છે.

ઉપર પ્રમાણે વિગત મળી છે. પછી જો કંઈ ફેરફાર હોય તો વૈદરાજો મને લખી મોકલશે એવી આશા છે.

અતિસારની ગોળી—કેશર તો. ૦॥, અફીણ તો. ૧, જાયફળ તો. ૧, જાવંત્રી તો. ૧, મોચરસ તો. ૧, બીલીનો ગરભ તો. ૧, પારો તો. ૧, ગંધક સુદ્ધ તોલો ૧, પ્રથમ પારા ગંધકની કજલી કરી, તેમાં બીજી વસ્તુઓ વસ્ત્રગાળ કરીને મેળવી પછી બધાની સાથે અફીણ મેળવી ભાંગ તોલા પાંચનો સોળ ઘણાં પાણીમાં ઉકાળો કરી શેર ૦॥ રહે ત્યારે ચોળીને ગાળી લેવો. તે ઉકાળો ઉપલી વસ્તુમાં નાંખી ગોળી વાળવા જેવું થાય ત્યાં સુધી ઘુટી ગોળીઓ વટાણા

મુરની વાળી દીવસમાં ત્રણ વખત ગોળી એકથી બે સુધી પાણી સાથે ખવાડી ખોરાકમા છાશ આપવાથ સંગ્રહણી અતીસાર, મરડો વિગેરે મટે છે.

રૂચી ઉપજાવનાર ચાટણ—વરીયાળી તો. ૧, જીરૂ તો. ૧ કાળાં મરી તો. ૧, કાળી દરાખ તો. ૪, આમલીનો ગર તો. ૨, સંચળ તો. ૧, સુંઠ તો. ૨, પીપર તો. ૨, ગોળ તોલા ૪, મધ તોલા ૪, લીંબુનો રસ તોલા ૨, બધાને યુકતી પુર્વક એકત્ર કરી એક કાચના વાસણમાં ભરી મુકવું. તેમાંથી તો. । થી ૰॥ સુધી દીવસમાં બે વાર ખાવાથી રૂચી વધે, અગ્ની પ્રદીપ્ત થાય, ભુખ લાગે, ખાધેલું પચે. દસ્ત સાફ આવે. વિગેરે બીજા પણ ઘણાં ફાયદા કરે છે.

લોહી સુધારવાનું મુગલાઈ હીમ—ઉનાબ દાણાં નંગ ૫ સાથરા માસા ૯, ખમીરાના બી માસા ૩, બેદાણા માસા ૫, ખુબકળા માસા ૬, મરેડી માસા ૬, સાકર તોલા ૨, બધી વસ્તુને ખોખરા કરી રાતના અડધા શેર પાણીમાં પલાળી મુકવું, સવારે ચોળાને કપડેથી ગાળી પીવું. આ પ્રમાણે દીવસ ૭ અથવા અગીઆર પીવું. જેથી ગરમી મટે, લોહી સુધરે.

બીજો ઉપાય—ઉશબો તો. ૪, સાથરાના ફુલ તોલા ૩, સીરખેસ તોલા ૪, વરીયાલી તોલા ૩॥, ચોપચીની તોલા ૩॥, ઉનાબ દાણાં નંગ ૫૦, ગુલબેદ મુસ્ક તોલા ૪, ગળો તેલા ૪, ઉપરની વસ્તુઓને ખાંડી ખોખરી કરી તેના સાત ભાગ કરી દરરોજ રાત્રે એક ભાગ પાણી શેર ૧॥ માં પલાળી સવારે ઉકાળી પાણી શેર ૰॥ રહે ત્યારે ઉતારી કપડેથી ગાળી તેમાં ગુલકંદ જુનો તોલો એક નાંખીને પીવું. એવી રીતે આ ઉકાળો સાત, અગીઆર, કે એકવીસ

દીવસ પીવાથી ગરમી, ચાંદી, ટાંકી, હરસ, લોહીનો બીગાડ, વિગેરે મટે છે. આ ઉકાળો પીએ એટલા દીવસ તેલ, મરચાં, આમલી વિગેરે વસ્તુની પરેજી કરવી.

બાળકોને માટે કુશુમ ફુડ—કમલ કાકડીનો સારો નવો મગજ શેર એક લઈ, તેમાંથી લીલી નસો વણી સાફ કરી તેમાં, સાકર રૂ. ૨॥ ભાર નાંખી બન્નેને ભેગાં ખાંડી વસ્ત્રગાળ કરી, તેમાંથી બાળકની વયનાં પ્રમાણમાં રૂ. ૦।, ભારથી રૂ. ૧) ભાર સુધી પાણીમાં ઉકાળી ગાળીને દુધની માફક પાવાથી બાળક શરીરે પુષ્ટ થાય છે. તેમજ બાળકને ધાવણની બરાબર સંતોષ વળે છે. આ ખોરાક મોટાં માણુસોને પણ અપાય છે. તેમજ માંદા માણુસોને પણ કાંજી કરીને આપવાથી ઘણો જલદી પચી જાય છે. ઘણાં લોકો બાળકોને તથા માંદા માણુસને "મેલીન ફુડ" વિગેરે આવે છે. પરંતુ આ "કુશુમ ફુડ" આપણાં દેશમાં પાકતી એક નિરભય વનસ્પતી હોવાથી ઘણોજ સારો ફાયદો કરે છે. એટલુંજ નહીં પણ બાળકોને માટે તો એક અકસીર વસ્તુ છે. માટે આશા છે કે હમારા વૈદ બંધુઓ પોતાના રોગીઓ ઉપર જરૂર પડતાં આ વસ્તુનો ઉપ્યોગ કરી જોશે. તો તેમની ખાત્રી થશે.

બીજા વૈદરાજો તરફથી આવેલા ઉપાયો.

વૈદ્ય ચુનીલાલ હરગોવનદાસ જોશી. લીમડીકુઈ ગોપીપુરા, સુરત.

દમ, સુકતાન, ઝાડા—હીંગળોક, શુદ્ધ ઝેરકચુરો, અફીણ દરેક ચીજ જુદી જુદી વાટવી. દુધ સાથે તેને વાટી જુવાર જેવડી ગોળી વાળવી. મોટા માણુસને ૩–૪ સુધી, દિવસમાં ૨–૩ વાર

પાણી સાથે ગળાવવી. દમ તથા ખાંસીવાળાને ઘીમાં આપવી. છોકરાને સુક્તાન થયું હોય તો દાડેમના રસમાં એકેક ગોળી આપવી. લોહી પડતું હોય તો સુખડ, સાકર, ઘી અને પાણીનો ઉકાળો કરી તેની સાથે આપવી.

ક્ષય, જુની સંગ્રહણી, અતિસાર, સ્ત્રીના શ્વેત અને રક્તપ્રદર, ધાતુશ્રાવ.

સીલાજીત તો. ૨, રૂમીમસ્તકી તો. ૧, અકકલગરો તો. ૧, પંજાબી સાલમ તો. ૧, લસણીયા સાલમ તો. ૧, એલચી દાણા તો. ૧, પીપર તો. ॥, સોનાના વરખ રૂ. ૦)॥ ભાર, ચાંદીના વરખ રૂ. ॥ ભાર, કસ્તુરી વાલ ૪, કેશર તો. ॥.

સીલાજીત સિવાયની તમામ ચીજ જુદી જુદી ખાંડી, વસ્ત્રગાળ કરીને પછી તોલ કરવું. સીલાજીતને ગુલાબજળ શેર ૦ા માં નાંખી, તેની અંદર રૂમીમસ્તકી પણ નાંખવી, પછી તેને ખૂબ ગરમ કરવું. સારાંશ કે સીલાજીત અને રૂમીમસ્તકીને એક રસ કરવો. પછી વરખ કસ્તુરી કેશર સિવાયની તમામ વસ્તુનો ભૂકો તેમાં નાંખી બરાબર મેળવવું, પછી કેશર તથા કસ્તુરીને દુધમાં ઘુંટી, પેલી દવામાં મેળવી એક રસ કરવું. આ બધું સઘડી પરજ એક રસ કરવું. પછી તેમાં વરખનું એકેક પાનું નાંખતા જઇ તેને ચમચેથી હલાવી હલાવી બરાબર એક રસ બનાવવું. પછી ઘીવાળો હાથ કરી તેમાંથી વટાણા પુર વજનની ગોળીઓ વાળવી. એ ગોળી દુધ, પાણી અગર પ્રકૃતિ જોઇને તે મુજબના અનુપાનથી આપવી. મોટા માણસને ૨ ગોળી અપાય.

ગુદાદ્વારનું મોકળું થવું—અતિસાર વગેરેમાં ગુદાસ્થાન પર ગરમી આવવાથી તેનું દ્વાર મોકળું થઇ જાય છે તેને અસલ સ્થી-

તેમાં પાણું લાવવા માટે:—નગોડનો પાલો વાટી તેની એક હડીકા જેવડી લીલી ને લીસી ટીકડી બનાવી, તે ઉપર મુકવી અને બબ્બે કલાકે નવી ટીકડી બદલવી.

ક્ષય-જ્વર તથા જુનો પ્રમેહ—શેતુરનાં પાંતરાં રૂ. ૦॥ ભાર જીસકોઠીનાં પાંતરાં રૂ. ૦॥ ભાર, બાવળની પાલી, રૂ. ૦॥ ભાર, લીમડાનાં પાંતરાં રૂ. ૦॥ ભાર, નગોડનાં પાંતરાં રૂ. ૦॥ ભાર અને તુળશીનાં પાંતરાં રૂ. ૦॥ ભાર, લઈ તે દરેકને ઝીણા વાટી તેમાં સાકર રૂ. ૦॥ ભાર નાંખી, તેને ભાંગ પેઠે વાટી પાણી મેળવ્યા પછી ગાળી લઈ, દિવસમાં બે વાર સવાર સાંજ પાવું. જુના પ્રમેહવાળાને પણ આથી ઘણો ફાયદો થાય છે.

ગર્ભાશયના રતવા તથા **ગર્ભપાત** થતો અટકાવવા માટે શેતુરના વૃક્ષનું મુળીયું દુધમાં રૂ. ૧) ભાર જેટલું ઘસીને દિવસમાં ૨ વાર સવાર સાંજ પાવું. કાળીયા સરસનું મૂળીયું પણ ઉપર મુજબના ગુણ સંપૂર્ણપણે ધરાવે છે. **કાનની અંદરનો સડો** કે બીજી **ચાંદીઓ** ઉપર કાળીયા સરસના વૃક્ષના થડની અંતર છાલ છાયાં શુષ્ક કરી તેનો વસ્ત્રગાળ ભુકો કરી ભભરાવવાથી સઘ મટે છે.

ખાંસી—ટંકણખાર ફુલવેલો શેર ૦I. જવખાર ફુલવેલો શેર ૦I. બંનેને ખલી બારીક બનાવવું. પછી તેને ચેવલી પાનના રસમાં ઘુંટી સુકાયેથી આદાના રસની ભાવના આપવી; સુકાયા પછી તે ચૂર્ણ શીશીમાં ભરી લેવું. મધમાં અગર પાનમાં વાલ ૨ લગી ચટાડવું કે ખવાડવું. બીજું અનુપાન મધ રૂ. ૧) ભાર ઘી રૂ. ૦॥ ભાર, એળચી કાચી નંગ ૨) વાટીને, પાણી રૂ. ૪) ભાર એમાં ઉપલું ચૂર્ણ વાલ

૩ નાંખી ઉકાળી, તેમાંથી થોડું થોડું પાણી કલાક કલાકને અંતરે ડૉકટરના ડોઝ પ્રમાણે પાવું. આ અનુપાનથી **ત્રિદોષની ખાંસી, દમ, અમુઝણ, ક્ષયની ઉધરસ** વગેરેમાં કફ ગાળી નાંખીને સારો ફાયદો કરે છે.

સેક—ભોંયરીંગણી પંચાંગ, હીરાકશી, પોસદોડો અને કાયફળનાં છોડાંને ગૌમૂત્રમાં ઉકાળી તેના પર ચાયણી ઢાંકી, ગરમ કપડાંથી તેનો શેક આપવો. શેક આપતા પહેલાં બદામનું તેલ લગાડવું. ગૌમૂત્ર યોગ્ય પ્રમાણમાં જો ન મળે તો તેને બદલે એકલું પાણી પણ ચાલી શકે. એને બદલે હીરાકશી કે જે તેના જેટલોજ ગુણ ધરાવે છે તે આમાં લીધી છે, માટે અડચણ જેવું નથી.

નાકનું છોડ એટલે પીન્નસ—દુધીના મગજનું તેલ નાકમાં સવાર સાંજ બે વખત મુકવું. માથાનો દુખાવો તથા ગરમીથી થતા મગજના વ્યાધિ પણ આ તેલથી મટે છે.

વિશ્વનાથ અમૃત મંજુરે જુન્નરકર વૈદ્ય.

હવાડીયા ચકલા—સુરત.

પ્રમેહ—સુંઠ શેર ૦।, સુરો શેર ૦।, સાકર શેર ૦।, કાચી ફટકડી શેર ૦।, કાગદી લીંબુનો રસ શેર ૧) અને મીઠું પાણી શેર ૧) ઉપલાં ચૂર્ણો વસ્ત્રગાળ કરી, એક બાટલીમાં લીંબુનો રસ નાંખી તેની અંદર સર્વે વસાણાં નાંખવાં. પછી પાણી નાંખવું. બાટલી બુચથી બંધ કરી તેને ખૂબ હલાવીને રહેવા દેવી. ૩ દિવસ વિત્યા-બાદ તેમાંનું પાણી રોગીને પાવું. પ્રમાણ ૨ા. ૨ા થી ૪ લગીના વજને દિવસમાં બે વાર પાવું. પરેજી—તેલ, ખટાશ તથા ગરમ ચીજ બંધ. ગમે તેવો જુનો પ્રમેહ પણ મટે છે.

બીજો—રેવંચીનું છોડું તોલો ૦॥, ખાખરનાં ફુલ તો. ૦॥, ધાણા તો. ૦॥, સુકાં આમળાં તો. ૦॥, અને સાકર મીસરી તો. ૨) સાકર સિવાયની ઉપલી સર્વ વસ્તુ અધકચરી ખાંડી, કલાઇના વાસણમાં પા શેર પાણીમાં રાત્રે પલાળી રાખવી. સવારે સર્વ વસ્તુ ચોળી એકરસ કરી ગાળી નાંખવી. તેમાં પછી સાકરનું ચૂર્ણ નાંખી પાવું.

પાણીમાંથી નીકળેલો દવાનો કુચો બીજા પાણી શેર ૦। માં નાંખી, પાછો પલાળી મુકવો અને રાત્રે, ઉપર પ્રમાણે ચોળી, તેમાં બીજી સાકર નાંખી પાવું. પરેજી ઉપર પ્રમાણે.

ગરમી શાંત કરે—મધેડાના લીંડાં નંગ ૨ થી ૩ લાવી તેને એક કલાઇવાળા અથવા માટીના વાસણમાં નાંખી તેની અંદર પાણી શેર ૦। થી દોઢ ૦। શેર નાંખી રાત્રે પલાળી રાખવાં. સવારે ચોળ્યા વગરજ ઉપર ઉપરનું નીતર્યું પાણી ગાળી લઇ, તેમાં સાકર મીસરી નાંખી પાયાં કરવાથી તમામ જાતની ગરમી મટે છે.

ઉદર રોગ—હીંગ, સુંઠ, મરી, પીપર, પાનની જડ, જવખાર, સિંધવ સમભાગે લઇ બારીક ચૂર્ણ કરી તેમાં બીજોરાનો રસ નાંખી ૩ દિવસ ખલ કરવો. રસ સુકાઇ જાય તો નવો ઉમેરવો ત્યારબાદ તેની ચણાપુર વજનની ગોળીઓ વાળવી. સુકાયા પછી તેને એક શીશીમાં ભરી લેવી. માત્રા—ગોળી ૨ થી ૪ બળાબળ જોઇ પાણી સાથે દિવસમાં ૨ વાર ગળાવવી જેથી સૂળ બરોળ, લીવર મટે.

સ્ત્રી રોગ—હરડાં તો. ૧, બેડાં તો. ૧, આમળાં તો. ૧, માયુફળ (માયાં) તો. ૧, કાચી ફટકડી તો. ૧, સર્વ ચીજ વાટી ચૂર્ણ કરી ગોળી વાળી, કાળા અમરખના ચૂર્ણમાં એ ગોળી રગદોળીને તેની ભીનાશ ચુસાવી લેવી, પછી સુકવીને રૂમાં તે ગોળી લેવડાવવી. જેથી પ્રદર, ધુપણી વિગેરે મટે છે.

મર્દાઈ—ભુરા કોળાની છાલ છાંયા શુષ્ક કરી ચૂર્ણ કરવું. તે ચૂર્ણ માશા ૬ તથા સાકર મીસરી માસા ૬, ગાયના દુધ શેર ૦ા માં મિશ્ર કરી, દરરોજ સવારના ૧૪ અથવા ૨૧ દિવસ પાવું, તો શુક્રધાતુના વિકાર દૂર થઇ, ધાતુની વૃદ્ધિ થઇ, શરીર પુષ્ટ બની, મરદી પણ આ વે આવી સહેલી અને સરળ દવા હોવાથી કોઇને એના પર શ્રદ્ધા ચોટે તેમ જણાતું નથી, પણ અનુભવ લેવાથીજ ખાત્રી થશે કે એ કેવાં કેવાં કામ કરે છે ?

સક્તી—કડાયો ગુંદર તોલા ૦ા થી ૦ાા લગી (બળાબળ જોઇને) દૂધ શેર ૦ા અથવા ૦ાા માં રાત્રે પલાળી મૂકી, સવારે તેમાં ગળપણ લાવવા જેટલી જોઇતી સાકર નાંખી પીવાથી પ્રથમ ૩ દિવસ એ દવા પાવી. પછી ૩ દિવસ બંધ રાખી, ચોથા દિવસે શરૂ કરી પાછી ૩ દિવસ ખાવી. શારાંસ કે ૩ દિવસ દવા કરવી અને ૩ દિવસ બંધ રાખવી. એવી રીતે ૧ માસ લગી કરવાથી, ઉપર જણાવેલી નંબર ૧-૨ની દવા કરતાં પણ વધુ ગુણ થાય છે, એ નિઃસંદેહ છે.

મસા-બવાસીર—એળીયો, ઇન્દ્રજવ અને લીંબોડીની બીજ સમભાગે લઇ વાટી, ગરમાળાના ગોળમાં ઘુંટી, ચણા જેવડી ગોળી વાળી, બળાબળ જોઇ, ૨ થી ૪ ગોળી લગી, દિવસમાં બે વાર પાણી સાથે ગળાવવી. અને મસા ઉપર ધુણી કરવા માટે ઇન્દ્રજવ ખાંડી તેનો ધુમાડો ગુદાએ કરવો, એટલે મસા ચઢી જશે અને પાછા થશે નહિ.

દાંત બાંધનાર ઠાકોરલાલ સુરજરામ. સોનીફળીયા, **સુરત.**

દંત મંજન—રૂમી મસ્તકી તોલા ૪, વાંસકપુર તો. ૨, ચીનીકબાલા ૧ અધોળ, કાથો નવટાંક, ગેરૂ ૧ પૈસાનો, ધાવણુ

શેર ૧) (ફુલવીને) અને શેરીલોબાન ૧ અધોળ. મંજન બનાવી દાંતે ઘસવાથી દાંતના રોગ મટે છે.

બીજુ—ડીવેલીનો ખોળ શેર ૦ાાા, બદામનાં છોડાં જે લાકડા જેવાં આવે છે તે શેર ૦ાાા, ઝ્રરૂ નવટાંક, માયા નંગ ૬) મીઠું શેર ૦ા.

ખોળને ઝીણો ખંડાવી હવાલે ચાળવો બદામનાં છોડાંને ઠીબમાં નાંખી બાળીને ધગધગતા કોયલા જેવાં થાય એટલે તેને વાટી નાંખવાં. દરેક ચીજ હવાલેથી બારીક ચાળવી. ઝ્રરૂ તથા માયાંને પણ બારીક ખંડાવી કપડછણુ કરવાં અથવા હવાલે ચળાવવાં. પછી એ સર્વેને એકત્ર કરી, પાછાં ખાંડી, ચાળીને કાચની બરણી કે બાટલીમાં ભરી દેવાં. બાદ મીઠાને શેકી તેમાંની હવા ઉરાડી, બારીક વાટીને તે એક બીજી બાટલીમાં ભરી લેવું. સવારે મંજન કરતી વખતે જોઇએ તેટલો ભુકો લઈ, તેમાં પેલી શીશીમાંનું મીઠું ચપટી ભેળીને મંજન દરરોજ કરવું. જરૂર ફાયદો થાય છે.

ચીનીકબાલા તો. ૧, ફટકડી તો. ૧, ઝ્રરૂ તો. ૧, કાળાં મરી તો. ૧, એલચી તો. ૧, બદામનાં છોડાં તો. ૫, અજમો તો. ૦ા.

બદામનાં છોડાં તથા અજમાની રાખ બનાવવી. બાકીની તમામ ચીજ ખાંડી કપડછણુ કરીને, તે બધું એકરસ કરી ઘૂંટીને, દાતણુ કરતાં તેનું રોજ મંજન કરવું. આનાથી ઘણા ફાયદા અવસ્ય થાય છે.

ભોંયરીંગણીનાં બીજની બીડી પીવાથી હાલતા દાંત બંધ થાય અને અવાળુ ફુલ્યાં હોય તો તે ઉતરી સોજો નરમ પડે છે.

મંજન—મોરથુથુ ભાગ ૧, ટંકણુખાર ભાગ ૨, ફટકડી ભાગ ૩, ચાક ભાગ ૮. આ ત્રણે વસાણું ફુલાવવાં પછી તમામ ચીજ

વાટી ખૂબ બારીક કરી, બરાબર મેળવી મંજન કરવું.ગુણ—અવાળુ ફુલીને પોચાં પડી ગયાં હોય અને તેમાંથી રૂધીર વહેતું હોય તો તે મટે. મોંની છારી દૂર થાય. દાંત સજ્જડ બને. જો મોં આવ્યું હેય તો ઉપલા મંજનને પાણીમાં નાંખીને તેના કોગળા કરાવવા. મોંમાથી પાણી ગળામાં ઉતરે નહિ તેની ખાસ સંભાળ રાખવી.

વૈદ બાળકૃષ્ણ રત્નેશ્વર. કંસારા શેરી—**સુરત.**

અંતરગળ અથવા સારણ ગાંઠનો ઉપાય-એળીઓ શેર ૦।, ખોળ નવટાંક, હીંગ નવટાંક, હીંગડો ફુલાવેલો નવટાંક, સંચળ નવટાંક, હાચકાની મીંજ નવટાંક, નવસાર નવટાંક, એ સરવે વસાણાં વાટી વસ્ત્રગાળ કરી પાણી સાથે ઘુંટી ચણીબોર જેવડી ગોળી કરી સવાર સાંજ એકેકી અથવા બબે ગોળી ખાવાથી અંતરગળ (સારણ ઉતરતી અટકે છે.) ઝાડો સાફ આવે છે.

મનમથ રસ—પારો તો. ૧, અભ્રક તો. ૨, બરાસકપુર તો. ૦॥, બંગ ભસ્મ તો. ૧, તામ્રભસ્મ તો. ૦।, લોહભસ્મ તો. ૧, વરધારાના બીજ ભોંયકોળુ (વિદારી કંદ) સતાવરી એખરો, બલ-દાણા, કવચ બીજ, રાળ એ સર્વે વસાણા ચાર ચાર માસા લઇ ખાંડી વસ્ત્રગાળ કરી ઉપલી માત્રાઓ તથા વછનાગ સુદ્ધ કરેલો માસા ૪ અને કસ્તુરી તોલો ૦॥ મેળવી ખલ કરવો. એકત્ર થાય પછી પાકા પાનના રસમાં ઘુંટી બબે રતીની ગોળીઓ કરવી. સારી સુકાયા પછી સીસીમાં ભરી મુકવી. આરસનું સેવન કરી એટલે બે ગોળી ખાઇ ઉપર ગરમ કરેલું દુધ પીવું. સવાર સાંજ બે વખત અથવા

એકલી સાંજે સેવન કરવું. એનાથી કામ શક્તી વધે છે વિર્ય સ્થભન થાય છે. નપુંશકપણું મટી શરીર બલવાન થાય છે. ધાતુ શ્રાવ બંધ થાય છે. શકતી વધે છે.

લક્ષ્મી વિલાસ રસ—અભ્રક ભસ્મ તો. ૪, પારો, ગંધક, બરાસ કપુર, જાયંત્રી, જાયફળ, વરધારાના બીજ, કાળા ધંતુરાના બીજ, ભાંગનાં બીજ, બીદારી કંદ (ભોયકોળુ) સતાવરી, બલદાણા, કાંસકીના બીજ, ગોખરૂ અને સમુદ્ર ફળના બીજ એ સરવે એકેક તોલો લઇ વાટી વસ્ત્રગાળ કરી પારાગંધકની કજ્જલીમાં મેળવી. અભ્રક ભસ્મ મેળવી એક દીવસ કોરૂ વાટી પછી પાકા પાનના રસમાં ઘુંટી વાલ વાલના પ્રમાણની ગોળીઓ કરવી આ ગોળીઓના સેવનથી ત્રિદોષ, વાયુના રોગ, પિત્તના રોગ, કફવાતજ રોગ, પ્રમેહ, શ્લીપદ, હરસ ભગંદર, ગળાનો સોજો, અતીસારા, ખાંસી, પીનસ, ધાતુક્ષય આમવાત વીગેરે. ઘણા રોગો સારા થાય છે. અનુપાન પાણી દૂધ અથવા મધ સાથે આપવી.

વાત કુલાંતક રસ—પારો તોલો ૧ ગંધક તો. ૧ ની કજ્જલી કરીને તેમાં મનસીલ તો. ૧ નાગ કેશર તો. ૧ કસ્તુરી તો. ૧ બેહડાની છાલ તો. ૧ જાયફળ તો. ૧ એલચી તો. ૧ લવંગ તો. ૧ માલકાકણી તો. ૧ વજ તો. ૧ અકલગરો તો ૧ ખોરાસાની અજમો તો. ૧ એ સર્વે વસાણા વાટી ઉપલી કજ્જલીમાં મેળવી જટામાસીના રસમાં અથવા કવાથમાં ઘુંટી રતી રતી ભારની ગોળીઓ કરવી પાણી સાથે દીવસમાં ત્રણ વાર એકેક અથવા બબે ગોળી સેવન કરવાથી વાત રોગ ઉન્માદ રોગ ફેફરૂ (અપસ્માર, રોગ આંકડી વીગેરે રોગો સારા થય છે.

કંકુમાદીવટી—કેશર તો. ૧ કસ્તુરી વાલ ૪ બરાસ કપુર તો. ૦॥ અફીણ તો. ૦॥ જાયફળ તો. ૧ જાવંત્રી તો. ૧ તજ તો. ૧ લવેંગ તો. ૧ એલચી તો. ૧ અકલગરો તો. ૧ એ સરવે વાસાણા વાટી પાકા પાનના રસમાં ઘુંટી ને ગોળી જુવાર પ્રમાણે કરવી પછી આ ગોળી એક અથવા બે આપવાથી મોઢામાંથી લાળ મળતી બંધ થાય છે અને દુધ ઘી સાકેર સાથે આપવાથી શક્તિ વધે છે તેથી વાયુના પિત્તના અને કફના જે રોગ ઓઝરી ઉપર અસર કરે છે તેને આરામ કરે છે.

પેન્ડાગોળી—મરી નવટાંક પીપેર નવટાંક સુદ્ધ વછનાગ તો. ૧ પપીટા નંગ ૭ પ્રથમ ત્રણ જણસોનું ચૂર્ણ કરી પછી પપીટાના બીયાને રેતીમાં શેકીને તરત ખાંડી નાખવા એટલે ચૂર્ણ થશે તે ચુર્ણ ઉપલી ત્રણ રકમના ચૂર્ણમાં મેળવી કુંવારના રસમાં ઘુંટી મરી પ્રમાણે ગોળીઓ કરવી. આ ગોળી દર વખતે એકથી બે ગોળી સાકેરના પાણી સાથે આપવાથી તાવ ઉલટી ગભરામણ નરમ પડે છે. અને ભુખ લાગે છે. લકવા પક્ષાઘાત ઉપર તથા વાયુના રોગો ઉપર અનુપાન સાથે આપવાથી ઘણી સારી અસર કરે છે.

શુક્ર સંજીવની ગુટી—સુન્નાના વરખ તો. ૧, કસ્તુરી તો. ૧॥, ચાંદીના વરખ તો. ૧॥, જુંજમે દસ્તર તો. ૨, કેસર તો. ૧॥ જાયફળ તો. ૧॥, જાવંત્રી તો. ૧॥॥ વાંસકપુર તો. ૨, પ્રથમ જુંજએ દસ્તરના કટકાકરી બકરીના દુધમાં પલાળી રાખવા અને પછી ઘુંટવા અને બાકીના વસાણુ જુદા વાટી એકત્ર કરી ખુબ ઘુંટવા પછી સઘળા પદાર્થ ભેગા કરી પાનનો રસ શેર ૧॥ માં ઘુંટી પછી બકરીનું દુધ શેર ૧॥ માં ઘુંટવું. પછી આમળાનો રસ શેર ૧॥,

અથવા કવાથમાં ઘુંટી પછી કસ્તુરી વાલ ૩ નાખી પટ દઇ તેની ગોળી કરી. સારી રીતે સુખવી ઉપર રૂપેરી વરખ ચડાવી શીશીમાં ભરી મુકવી. આ ગોળી ક્ષય, શ્વાસ, ખાંસીવાળાને મલાઇમાં આપવી. અથવા માખણમાં આપવી. પ્રમેહ તથા મીઠી પીસાબવાળાને મધમાં આપવી. તેમજ દુધ, સાકર સાથે આપવાથી શકિત સારી આપે છે. નપુંશકપણું દુર કરી બલવાન બનાવે છે. ખોરાક દુધ ઘી વાળો ખાવા આપવો.

વૈદ છગનલાલ આત્મારામ. મોટીમંબાગેટ–નવાપુરા–સુરત.

આરોગ્યવર્ધનિ—લોહ ભસ્મ તોલો ૦॥, હીંગબોળ તોલો ૦॥, વચ્છનાગ તોલો ૦॥, સુવર્ણ માક્ષિક ભસ્મ તોલો ૧ ગળો તોલો ૦॥ બહેડા તોલો ૦॥ હરડાંદળ તોલો ૦॥ એલચી તોલો ૦॥ હીમજીહરડે તોલો ૦॥ ગરણીનાબી તોલો ૦॥ બોળ તોલો ૦॥ હીંગોડા નો મગજ તોલો ૦॥ ફુલાવેલ ટંકણ તોલો ૦॥ કોલમ તોલો ૦॥ કાળામરી તોલો ૦॥ પીપર તોલો ૦॥ સુંઠ તોલો ૦॥ રેવંચીનો શીરો તોલો ૦॥ કપડવંજી સાબુ તોલા ૨, શીકાતરી એલીઓ તોલા ૨ પ્રથમ એલીઓ તથા સાબુ ઘુંટી બધી ભસ્મો મેળવી દઇ બાકીના વસાણા ખાંડી બારીક વસ્ત્ર ગાળ ચૂર્ણ કરી અંદર મેળવીને ધંતુરાનો રસ નાંખી ઘુંટવું ને ગોળી વળવા જેવું થાય ત્યારે વટાણા બરાબર ગોળી વાળવી એ ગોળી એકથી ચાર દિવસમાં ત્રણ વખત આપવી શકિતમાં દુધ સાથે ને તાવ કમળો અજીર્ણ બરોળ પાંડુ રકતવિકાર ત્વચારોગ ઉપર પાણીસાથે આપવાથી તમામ ઉદરરોગ મટે છે.

પ્રદરનાશક—મોચરસ તોલો ૧ સફેદરાળ તોલો ૧ રૂમી મસ્તકી તોલો ૧ શંખજીરૂ તોલો ૧ લોહ ભસ્મ તોલો ૦॥ પ્રથમ લોહને

ખરલમાં ઘુંટી બાજરીના વસાણા મેળવી અકસીર થયે શીશીમાં ભરીદેવી. એની માત્રા અર્ધાથી એક વાલ પ્રંદર થયો હોય તો મધને ઘી સાથે અથવા ઘીને સાકર સાથે.

વિશ્વૌષધમ—પારો તોલો ૦ાા, ગંધક તોલો ૦ાા, સુંઠ તોલા ૪, જવખાર તોલા ૪. પ્રથમ પારા ગંધકની કજળી કરી ને સુંઠ જવખારનું ચુર્ણ કરી થોડું થોડું મેળવી દઈ ઘુંટવું. જ્યારે કાળુંસાહથાય ત્યારે શીશીમાં ભરી દેવું. એ દવાનું વજન વાલ એકથી બે વાલ દિવસમાં ત્રણ વખત આપવું એથી તમામ ઉદર રોગ મટે છે. અને વાયુ, પીત્ત, આમવાયુ ત્થા તાવ આવી ગયા પછીની નબલાઈ ઉપર મધમાં અથવા મધ ને ઘીમાં ત્થા પાણી સાથે ત્થા પિસાબ બંધ થયો હોય ત્યારે અથવા સ્ત્રીઓને મકકલ રોગ થયો હોય તેમાં ઘણો સારો ફાયદો કરે છે.

વિશુચિકા વટી—તજ તોલો ૦ાા, હીંગ તોલો ૦ાા, જાયફળ તોલો ૦ાા, લાલ પાકટ મરચા તોલો ૦ાા, લવંગ તોલો ૦ાા, કાળા મરી તોલો ૦ાા, હીંગળોક તોલો ૦ા, કપુર તોલો ૧ાા, પ્રથમ હીંગળોક ને ખરલમાં નાંખી લીબુંના રસમાં ઘુંટવો. સુકાયા બાદ ઉપલી રકમને ખાંડી વસ્ત્રગાળ કરી મેળવવું ત્યાર પછી કપુર મેળવી ખરલ કરી કોથમીરનો રસ અથવા ધાણાનો ઉકાળો કરી અંદર નાંખી ઘુંટી ગોળી વળવા જેવું થાય ત્યારે મગ બરાબર ગોળી વાળવી અને દિવસમાં ત્રણ વખત એકેક ગોળી પાણી સાથે આપવી.

ગુજજરાવટી (સોગટી)—ગુજજર તોલા ૪ ખડીઓ ખાર તોલા ૪ ફટકડી તોલા ૪ આમલસારો ગંધક તો. ૪ એ ચારે વસ્તુને એક દિવસ ખરલ કરી પછી ગાયના દુધના ત્રણ પટ આપવા ઘુંટી

ગોળી વાળવા જેવું થાય ત્યારે લાંબી સોગટી વાળવી. એ સોગટી પાણીમાં સ્લેટના પથ્થર ઉપર ઘસી ચાંદી ટાંકી ખરજવું દદર ઉપર ચોપડવાથી જલદી અસર કરી મટાડે છે.

નવજીવન ગુટીકા—ભોયકોળું તોલો ૦ા ભાંગના બી તોલો ૦ા વરધારો તોલો ૦ા સતાવરી તોલો ૦ા એખરો તોલો ૦ા કૌચા તોલો ૦ા ખરેટી તો. ૦ા કાંસકી (ગંગેરનના બી તોલો ૦ા જાયફળ તોલો ૦ા ચળ સફેદ તોલો ૦ા જાવંત્રી તોલો ૦ા ખુરાસાનિ અજમો તોલો ૦ા વચ્છનાગ તોલો ૦ા ગોખરૂ તોલો ૦ા બ્રાહ્મી તોલો ૦ા આ રકમને ખાંડી વસ્ત્રગાળ કરી તેમાં નીચેની રકમ મેળવવી. શુદ્ધ પારો તો. ૦ા શુદ્ધ ગંધક તોલો ૦ાા લોહભષ્મ તોલો ૦ાા બંગ ભષ્મ તોલો ૦ાા શુદ્ધ અભ્રક ભષ્મ તોલો ૧ાા તામ્રભષ્મ તોલો ૦ા ને બરાસ કપુર તો. ૦ા પ્રથમ પારાગંધકની કજળી કરી લોહબંગ અભ્રક તામ્રને મેળવી ખરલ કરી બાકી રહેલું ચુર્ણ મેળવવું ને પાકા એવલી પાન લાવી રસ કાઢી અંદર નાંખી ઘુંટી ગોળી વળવા જેવું થાય ત્યારે બ્રાસ કપુર અંદર નાંખી રાસ કરવું પછી એની બે રતિ પ્રમાણે ગોળી કરવી. સવારે એક વખત અથવા સવાર સાંજ અકેકી ગોળી દુધ સાથે આપવી. પિશાબમાં જતી ધાતુ તથા સેક્રેટ જતું બંધ કરે છે. અને પિશાબ સાફ લાવે છે તેમજ નામર્દાઇ તથા કમતાકાત વગેરે મટાડી શક્તિ આપે છે. તથા તમામ ઉદર રોગ ઉપર વપરાય છે.

વ્રણ ધૃત—ગાયનુ ઘી ચોખ્ખું શેર પા. ને પાણીથી સાત વખત ધોઇને તે પાણી નીતારી કાઢી નાંખી. તેમાં અફીણ સારૂં ચોખ્ખું તોલો એક ૧ લઇ તેમાં નાંખી ઘુંટી એક રસ થાય ત્યારે કાચની શીશીમાં ભરી રાખવું ગમે તે જગ્યાનું ગમે તેવું વ્રણ (નાસુર)

રૂઝાય છે એક મલમલના કપડા ઉપર એ મલમની પટ્ટી કરી ચોડ-વાથી નાસુર રુઝાય છે.

કાળું મંજન—બીલ્લામા શેર ૧. મીઠું (સમુદ્ર લવણ) શેર ૨. એક માટીનો ઘડો લઇ તેમાં થોડું મીઠું નાખી, વચ્ચે ભીલ્લામા નાંખી, તેના ઉપર બીજું મીઠું નાંખી ચુલા ઉપર ચઢાવી નીચે અગ્ની કરવો. ભીલામાં બળી કોલસા થય કે નીચે ઉતારી ઠંડુ થયે બીલામા કાઢી લઇ ખાંડી વસ્ત્રગાળ કરી તેમાં બરાસ કપુર તોલો ૦॥ મેળવી કાચના બુચવાળી શીશીમાં ભરવું. એ મંજન મોંઢામાં ઘસવાથી ઠળતર, અવાળું, દાંતનું હલવું, દાંત પર ક્ષારની છોડીને મટાડી દાંત શુદ્ધ સફાઈદાર તથા મોંઢું સાફ બનાવે છે.

સુરત પાસેના ગામ ઉધનાવાળા સ્વામિશ્રી સ્વરૂપાનંદ સરસ્વતિજી.

હા. ઈશ્વરલાલ રતનલાલ ત્રીવેદી

તાવની દવા—કાચી ફટકડી ખાંડીને ૩ દિવસ આંકડાના દૂધમાં પલાળી રાખવી. ચોથે દિવસે તેને ઘુંટીને ટીકડી બનાવવી. સુકાયા બાદ માટીની ડીબમાં નાંખી તેને ફુલવવી. ત્યાર પછી ખલમાં નાંખી ઘુંટીને શીશીમાં ભરી લેવી. દર્દીને ચણાપુર વજને પાનના રસમાં અગર પ્રકૃતિ પ્રમાણેના અનુપાનમાં દવા આપવી.

૨—દુધમાં શુદ્ધ કરેલો સોમલ તો. ૨, હીંગળોક તો. ૨, બે મોટાં વેગણ લઇ તેના ઉપર ગાબડી પાડી, તેની અંદર ઉપલી દવાઓ દરેકમાં જુદી જુદી બરાબર ગોઠવી, પેલી ગાબડીઓ ચોકકસ બંધ કરી દેવી. પછી તેને કપડમટ્ટી કરી, નિર્ધુમ થયલાં છાણાની અંગેઠીમાં ખોશી રીજવા દેવાં. વધુ અગ્નિ લાગશે તો વેગણ બળી જશે તો દવા રદ થશે. માટેજ ગરમ રાખમાં વેગણ ખોસવાનું લખ્યું છે.

વેગણુ સીઝાઇ જાય એટલે પેલી રાખમાંથી કાઢી લેવાનું છે. એવી રીતે ૨૧ દિવસ લગી લાગલાગટ નવાં નવાં બબ્બે વેગણુમાં આ વીધી કરવાથી દવા તૈયાર થાય છે. દરેક દવા માટે વેગણુ જુદાં જુદાં લેવાનાં છે. તેની ઉપરની છાલ કડક થાય છે, કેમકે સીઝાયા પછી તેની અંદરનો રસ સુકાઇ જાય છે. એ રીતે તૈયાર થયલા સોમલ તથા હીંગળોકને કાઢી લઇ એકત્ર કરી બરાબર પીસી નાંખવાં. ખલમાં એ બંને દવા સાથે નાંખીને પીસાય તો અડચણ નથી. બંને દવા ચોકકસ પીસાઇ જાય એટલે કાચની શીશીમાં ભરી લેવી. મોટા માણસ માટે એ દવાનું પ્રમાણ ૧ ચોખાપુર છે. દિવસમાં એકજ વાર ૧ ચોખાપુર દવા સાકર સાથે આપવાથી ૩-૫ દિવસમાં આરામ થઇ જાય છે.

વિશેષ ઉપયોગ.

(૧) **શરદીથી બેભાન** માણસને ૧ ચોખાપુર માત્રા નાગરવેલનાં પાન કે આદાના રસમાં ૩ વખત આપવી. પાન ચેવલી લેવાં.

(૨) **ઉલટી બંધ** કોઇરીતે થતી ન હોયતો મલાઇ સાથે, એક ચોખાપુર માત્રા આપવી.

(૩) **હેડકીવાળાને**—ડુંગળીના રસમાં ૧ ચોખાપુર આપવી. ૭ પડીકા આપ્યા છતાં જો બંધ ન થાય તો પછી લસણ તથા કાંદાનો રસ સમભાગે લઈ, તેમાં આપવી.

(૪) **બહુ મુત્રતાવાળાને** આદાના રસમાં અથવા લસણ ડુંગળીના એકત્ર કરેલા રસમાં, એક ચોખાપુર માત્રા આપવી.

સ્થંભન માટે અથવા **વિર્ય** પાતળુ પડી ગયું હોય તો ઉપલી સોમલ હીંગલોકની વેગણુમાં તૈયાર થયલી માત્રા, ભાંગ, ગાંજો, ચરસ,

જાયફળ, જાવંત્રી, લવેંગ, કેશર, કાળી તુળશીનાં બીજ, કૌવચનાં બીજ અને શુદ્ધ કરેલી લોહભસ્મ સમભાગે. ખાંડી કપડછણ કરીને તેને કાળી તુળસીના પાંતરાનાં રસમાં અથવા તો મધમાં ખરલ કરી બરાબર ઘુંટી, એક મગપુરની ગોળી બાંધી, સુકવવી અને પછી સારી શીશીમાં ભરી લેવી. સણુગાર માટે એ ગોળીપર વરખ ચઢાવવા હોય તો ચઢાવી શકાય છે નીચેની રીતે લોહભસ્મ શુદ્ધ થાય છે.

મર્દાઇમાટે—(આ શુદ્ધ કરેલી લોરભસ્મ એકલીજ દરેક વ્યાધિ મટાડી અચ્છું કામ કરે છે.) લુહાર લોકો લોઢું ગરમ કરીને તેનાપર હથોડા મારીને ટીપે છે તે વખતે, એરણની આજુબાજુ જે લોખંડની પત્રીઓ તેમાંથી નીચે ખરી પડે છે તે પત્રીઓ શેર ૧) આસરે એકઠી કરવી જો આ પત્રીઓ નહિંજ મળે તો પછી લાચારીએ ગજવેલ લોખંડ (સ્ટીલ) લાવી તેનું બારીક ચુર્ણ કાનસથી કરાવી શેર ૧) એકઠું કરવું. લુહારને ત્યાંની પત્રીજ પહેલે નંબરે છે અને ગજવેલ બીજે નંબરે છે. પછી તેને લીંબુના રસમાં ૩ રોજ પલાળી રાખવી અને ચોથે દિવસે ખલ કરવો. સુકાઈ જાય એટલે તેને કડવા સેકટાના ઝાડના પાંતરાંના રસમાં ખલ કરવો. આ ઝાડનાં પાતરાંમાંથી જો રસ ન નીકળેતો એ ઝાડના થડની અંતર છાલનો કાઢો બનાવીને તે કાઢામાં ખલ કરવો. ૧) શેર પાણી બળતાં ૦। શેર રહે એટલે કાઢો થયો. બાદ તેની ટીકડીઓ બનાવીને કોડીયા સંપુટમાં મુકી દેવા એવી રીતે ૩ વખત કરવું એટલે શુદ્ધ લોહભસ્મ થશે.

શરદીની પ્રકૃતિવાળાને આ ભસ્મ આદાના અથવા પાનના રસમાં ૧) ચોખાપુર આપવી.

ગરમીની પ્રકૃતિવાળાને ૧) ચોખાપુર માત્રા, મલાઇ, માખણ, અથવા દુધ ઘીમાં આપવી. ૨૧ દિવસ લગી સવાર સાંજ આપવી.

પરેજી;—ખાટા અને તીખા પદાર્થ બંધ તેલ બંધ, કેળુ. કોળુ, વાલ અને પાપડી બંધ.

ગુણ;—મહાંઇબિક્ષે લોહી સુધારે તથા યોગ્ય અનુપાનથી દરેક રોગ મટાડે. માત્રા એક ચોખાપુર.

શ્રી સુરત છાપરીયા શેરી નિવાસી
સદ્દગત્ યતિશ્રી રવીહંસજી દીપહંસજી વૈદ્યનો
ખાસ અનુભવ સિદ્ધ
મર્દીનો અકસીર ઇલાજ;—

ડા. ઇશ્વરલાલ રતનલાલ મીસ્ત્રી

વરખી હડતાળ તોલો ૧) લઇ, તેને કપડાંની એક કોથળી બનાવી તેમાં તે વરખી હડતાળ મૂકી, કોથળીનું મોઢું દોરાથી બાંધી તે દોરો મોટો આસરે ગજ બેને આસરે લાંબો રાખવો. પછી પાણી સેર ૧૦ માંય એવડું એક માટીનું હાંડલું લઇ. તેમાં અર્ધો અર્ધો શેર હરડાં બેડાં અને આમળાનો અધકચરો ભૂકો (હાંડલામાં) નાંખ્યા પછી તેમાં પાણી મીઠું શેર ૫–૬ને આસરે રેડવું. પછી તે માટલીનાં મોંઢા બરાબરની ઢાંકણી લઇ, તે ઢાંકણીના ટોચક સાથે પેલો દોરો બાંધવો માટલીમાંના પાણીની બરાબર મધ્યમાં તે કોથળી લટકતી રહે તેવી યુક્તિથી પેલો દોરો બાંધી તે કોથળી માટલીની અંદર લટકતી રાખવી. એટલું ખાસ ધ્યાનમાં રાખવું કે તે કોથળી માટલીના તળીયાંને જરાપણ અડકે નહિ. ત્યારપછી પેલી ઢાંકણીનું મોઢું ઘઉંના લોટની કણેકથી ચોમરદમથી બંધ કરીદેવું. ત્યારપછી લાકડાં સળગાવી તે માટલીને ચૂલેમુકી, સાધારણ અગ્નિ કલાક ચાર આપવો માટલીનું તમામ પાણી

બળી જવા દેવાનું નથી પછી ચૂલેથી ઉતારી ઠંડુ પડે પેલી કોથળીને તેમાંથી કાઢી લઇ, તેમાંની હડતાળ જુદી કાઢીને ખૂબ બારીક ખલકરી વસ્ત્રગાળ કરી એક સારા બુચવાળી શીશીમાં ભરી લેવી. પછી તેમાથી રત્તી બેનું એકેક પડીકું બનાવવું. દીવસમાં બે વાર મલાઇ શેર ○। સાથે એકેક પડીકું ખાવું. એવું ૭ દીવસ કરવાથી ૧૪ પડીકાં ખવાશે.

પરેજી;—તેલ, મરચું અને આમલી બીલકુલ બંધ રાખવાં. પરેજ નહિ રખાય તો તેનો ગુણ થશે નહિ, માટે બરાબર કાળજીપૂર્વક તે પાળવી. બ્રહ્મચર્ય ચોકક્સ રખાવવું.

ગુણ;—મહાવીર્ય-વર્ધક. નવું લોહીલાવી બળ આપનાર. વીર્ય શુદ્ધ કરનાર નપુંશકપણું મટાડનાર ઉત્તમ અને અનુભવસિદ્ધ અકસીર ઈલાજ છે.

ખાસ સૂચના;—આ દવા ચાલતી હોય ત્યારે આખો પ્રયોગ પૂરોથતાં સુધી, સ્ત્રી પુરૂષે એક બીજાની સામે પણ ઝાઝીવાર જોવાનું નથી તો રાત્રે એક ઓરડામાં શયન કરવાનું તો કયાંથીજ હોય ?. જો ગરમી વધારે માલુમ પડે તો મલાઇનું પ્રમણ વધારવું. ○। શેરને બદલે દોઢ ○। શેર કે અર્ધો શેર કરવી. મલાઇ પચે તે પ્રમાણે અક્કલ વાપરી વધારો ઘટાડો કરવો. જોકે ૧૪ દિવસમાં યોગ્ય ફાયદો ન જણાયતો બીજા વધુ દિવસ એ દવા ચાલુ રાખવી. નાચમુજરા, શ્રંગારરસનાં નાટક, સીનેમા વગેરે કામો-તેજક તમાશા જોવા નહિ, અને તેવી નોવેલો કે પુસ્તકો વાંચવાં અગર સાંભળવાં નહિ બિભત્સ ચિત્રો જોવાનો પણ સખ્ત પ્રતિબંધ રાખવો. સારાંશ કે જે વસ્તુ જોવા સાંભળવા કે વાંચવાથી, અગર અમુક કૃત્ય કરવાથી " કામ ઉત્પન્ન થાય " એવી તમામ ચીજનો, આ પ્રયોગ દરમ્યાન, ત્યાગ કરવો જરૂરી છે.

ઇશ્વરલાલ રતનલાલ ત્રિવેદી નાગરફળીયા, સુરત.

ક્ષય શરબત ના૦ ૧—તુખ્મે ખતમી તો. ૧. તુખ્મે ખબ્બાઝી તો. ૧. લેસુડા (ચીકણા ગુંદા) નંગ ૪. ઉન્નાબ દાણા નંગ ૪ કાસની તો. ૧. ગુંદ બબુલ તો. ૧ ગુંદ કતીલા તો. ૧. ગાવઝબાન તો. ૧. શાકર ગાંગડા શેર ૧ાા.

શાકર, ગુંદ બબુલ અને ગુંદ કતીલા અલગ રાખીને બાકીની સર્વ ચીજો ૨૪ કલાક લગી મીઠા પાણી શેર ૩) માં પલાળી રાખવી. પછી તેને ચૂલે ચઢાવી પાણી શેર ૦ાા બાકી રહે ત્યાંસુધી ઉકાળવું. ત્યારબાદ ઠંડુ પડેથી તેને બરાબર મિકસ કરી ગાળી લેવું. પછી ગુંદબબુલ અને ગુંદ કતીલાને જુદાજુદા વાટી ઉપલા ગાળી લીધેલા પાણીમાં મેળવી દેવા. બાદ તેમાં સાંકર નાંખી તેની એક તારી ચાસણી બનાવવી એટલે શરબત તૈયાર થયું. પછી તેને સારા બુચવાળી સ્ટોપર બાટલીમાં ભરી લેવું. તેમાંથી સવારે બપોરે અને સાંજે સૂતી વખતે એકેક તોલો પાવું.

પરેજી;—ખટાઈ તથા જે ખાવાથી પાણીની તરસ વધારે લાગે તેવી વિદાહી ચીજો, ગોળ. તેલ અને ગરમ વસ્તુ નામે બંધ કરવી. કઠોળ વગેરે વાયડી ચીજ તમામ હાનિકારક છે. ચાહા, દુધ, દહીં, પણ બંધ સારાશકે ખીચડીને ઘી તથા ઘઉંની રોટલી, થુલી, દાળવીમાં વધારેલી ખાવી. શાક કોઈપણ જાતનું ખવાય નહિ.

ક્ષય શરબત નંબર ૨—ઉન્નાબ દાણા નંગ ૪. મુલેઠી (જેઠી મધ લાકડું) માશા ૪ ગાવઝબાન માશા ૪ લેસુડા (ચીકણાં ગુંદા) નંગ ૪. પતાશા તોલા ૪.

પતાસાં સિવાયના તમામ ચીજ મીઠાપાણી શેર ૯) માં પલાળવી બાદ ચૂલે ચઢાવીને ઉકાળતાં ઉકાળતાં પાણી શેર ૦॥ બાકી રહે ત્યારે તેને નીચે ઉતારી મિક્સ કરી ગાળી નાંખવી. બાદ તેમાં પેલાં પતાસાં તોલા ૪ નાંખી તેને ઓગાળી દેવાં. પછી કાચના પ્યાલામાં લઈ, દિવસમાં ૩ વાર ૩-૩॥ તોલાને અઃસરે થશે તે પાવું.

પરેજી—ઉપલા નંબર ૧ના નુકસા મુજબની છે. ખીચડીને ઘી તથા ઘઉંની રોટલી, થુલી, ઘીમાં વઘારેલી દાળ, એટલી ચીજ ખવાય. બાકીની કોઈ પણ વસ્તુ ખવાય પીવાય નહિ.

ક્ષય-ખાંસી—અક્કલગરો તો. ૧, કાકડાશીંગી તો. ૧, નવસાર તો. ૦॥, સુંઠ તો. ૧, કાળાં મરી માસા ૨॥ (તો. ૦।) સિંધવ તો. ૦॥, સેકટાના ઝાડના થડની અંતર છાલનો રસ (જોઇએ તેટલો મેળવવા જેટલો)

સર્વ ચીજ અલગ અલગ પીસી વસ્ત્રગાળ કરવી. પછી તેને સેકટાના ઝાડના થડની અંતર છાલના કાઢેલા રસમાં ખૂબ ઘુંટી બરાબર મિક્સ થયા પછી તેની મકાઈના દાણા જેવડી ગોળીઓ બનાવી, તેને છાંએ બરાબર સૂકવી એક શીશીમાં ભરી લેવી. દિવસમાં ૩ વાર એક બે ગોળી મોંમાં રાખી તેનો રસ ગળાવવો. ચૂસતાં ચૂસતાં જો મોં આવી જાય તો, અને દર્દી કંટાળીને ગોળી ચૂસવાની સાફ નાજ પાડે તો પછી ના ઇલાજે, માત્ર સહેજ પાણી સાથે તે ગોળીઓ ગળાવવી. પરેજી—ક્ષય શરબત નંબર પહેલામાં લખેલી છે તે મુજબની જરૂર ખંત રાખીને પલાળવી.

ક્ષય-કાહાવો—પટોળ તો. ૧, ઇન્દ્રજવ તો. ૧, ત્રિફળાં તો. ૩, નાગરમોથ તો. ૧, મનુક્કા દ્રાક્ષ (જે લાલ રંગની અને મોટી

મોટી થયેલ છે તે) તો. ૧, જેઠીમધ લાકડું તો. ૧, ગળો લીંબડા પરની તો. ૧, મધ જોઇએ તેટલું, અરડુસાના પાંતરાં તો. ૧.

મધ સિવાયની તમામ ૧૧ તોલા દવાને અધકચરી ખાંડી તેનાં ૨૨ પડીકાં બનાવી રાખવાં. પછી તેમાંથી દરરોજ સવારસાંજ એકેક પડીકું મીઠા પાણી શેર ૧ માં નાખી તેમાંથી બળતાં બળતાં એક નવટાંક પાણી બાકી રહે તેવી રીતે ઉકાળવું. તે ઠંડુ પડેથી તેમા મધ તો. ૦ાા થી ૧ લગી નાંખી પાવું. દર ટંકે નવું નવું પડીકું લઇ ઉકાળવું અને ૧૧ દિવસમાં તે પડીકાં પૂરાં કરવાં. પછી દરદીને તપાસી જો બીજીવાર ઔષધ ચાલુ કરવાનું યોગ્ય લાગે તો વળી પાછું ચાલુ કરવું, એટલે આરામ થઈ જશે.

પરજી—ક્ષય સરબત નંબર પહેલામાં લખેલી છે તે મુજબની જરૂર પળાવવી જોઇએ.

ક્ષયવાળાને સ્નાન—શાક કરવાનું કોળું તોલો ૧. તડબુચનો ગર તો. ૧ જુઓ મુખશા (લીંમડાની અ તરછાલ) શેર ૦। ગુલે બનફસા તો. ૧ ગુલેનીલોફર (અફીમનાં ફુલ) તો. ૧ ખુરપા (લુણીની ભાજી) શેર ૦ાા અને કાકડી શેર ૦ાા

સર્વ દવા લઈ મીઠા પાણી શેર ૪ માં નાંખી ઉકાળવી. જ્યારે શેર ૨) રહે ત્યારે તેને ચોળી નાંખી બરાબર મિક્સ કરવું. પછી તેને રહેવા દેવું.

એક ટબ અગર પાતેલામાં માણસ બેસી શકે અને તેના ગળા લગી પાણી આવી રહે તેટલા પ્રમાણમાં મીઠું પાણી, દરદીથી ખમાય તેટલા પ્રમાણમાં ગરમ કરવું, કારણ કે તેમાં નવું ઠંડું પાણી ઉમેરાશે

નહિ; પછી તેમાં પેલું તૈયાર કરી રાખેલું કોળા તડબુચવાળું. પાણી જે અલગ રાખી મુકેલું છે તેમાંથી એની અંદર રેડી, દરદીને તેની અંદર બેસાડવું: જ્યાં દરદીને હવા ઝાઝી લાગે નહિ ત્યાં, તેવે સ્થળે, આ ક્રિયા કરવી. પાણીમાં બેસીને દરદીએ, એ પાણીથી પોતાના શરીરને ચોળ્યાં કરવું.

પાણીમાં બેસવાની રીત—

૧ લે દિવસે મીનિટ ૧૫	બીજે દિવસે મીનિટ ૩૦
૩ જે દિવસે મીનિટ ૪૫	૪ થે દિવસે મીનિટ ૬૦

૬૦ મીનિટ એટલે એક કલાકથી વધારે વાર આ પાણીમાં દરદીને બેસાડવું નહિ.

આ પ્રમાણે ૧૧ દિવસ કરવું. દરદીને આ પાણીમાં સ્નાન કરવાથી આરામ લાગે અને વધુ દિવસ તેમાં બેસે તો હરકત નથી, પણ એક કલાકથી વધુવાર તેમાં બેસવાનું નથી. કદાચ દરદીનો જીવ પાણીમાં બેસવાથી ગભરાય તો તેના માથામાં "રોગન (તેલ) બાબુનાં" અથવા તો કોળાનું તેલ, તાળવે ઘસવું. આ સ્નાનવિધિ પૂરી થયા પછી દરદીના શરીરે ફોલ્લી ફુટી આવે છે, ત્યારે જાણવું કે રોગી રોગમુક્ત થએલ છે.

ફક્ત ઉનાળામાંજ આ પ્રયોગ કરવાનો છે, શિઆળામાં કે ચોમાસામાં કરવાનો નથી.

દરદીને પાણીમાંથી ઉઠતાં તમ્મર આવે છે અને પડી જવાની દહેશત રહે છે, માટે તેને સંભાળથી તેમાંથી ઉઠાડી, કકડેથી દીલ એકદમ લૂછી નાંખી, ત્યાંને ત્યાંજ પથારી પ્રથમથી તૈયાર રાખી તેમાં સુવાડી દેવું અને ગરમ કપડાં ઓઢાડવાં.

રોગ મુકત થયા પછી કાળાં મરી તો. ૧, સિંધવ તો. ૫, શાહજીરૂ માશા ૪, દાળ ચીની (તજ) તો. ૨. સર્વ ચીજ બારીક પીસીને છાશ શેર ૦॥ તાજી રોજ બનાવી તેમાં ઉપલી દવાનું ચૂર્ણ તો. ૦॥ નાંખીને, સવારે બરાબર ૬ વાગે પાવી. આ પ્રયોગ પણ ઉનાળાનો છે. આ છાશ સાથે દવા પાવાથી ભૂખ સારી લાગશે અને જવરને પણ કાઢી નાંખશે. ૧૨ માશાનો ૧ તોલો ગણવો.

તચાઈ ગયેલાં માણસ અગર બાળકને ઉબરાના દૂધની ગોળી બનાવીને પાણી સાથે ગળાવ્યા કરવાથી તેને સારૂં થઈ જાય છે.

મગજના સર્વ વ્યાધિવાળાને પાકું રામફળ લાવી, તેને કાપીને કટકા કરી સુકવ્યા બાદ ખાંડી વાટીને તપખીર જેવો તેનો ભૂકો બનાવી, વસ્ત્રગાળ ચૂર્ણ કરી એક શીશીમાં ભરી લેવું અને થોડે થોડે અંતરે તપખીરની પેઠે સુંઘાડવું એટલે મગજના સર્વ પ્રકારના વ્યાધિ મટી જશે.

મસા બાવાસીર માટે, **બાહ્યોપચાર**—કાળીયા સરસનાં મૂળ તથા કલારનાં મૂળ લઈ, છાંએ સુકવી, તેને ઘસી દર્દીની ડુંટીની આસપાસ લેપ કર્યાં કરવાથી મસા અંદર ખેંચાઈ જશે અને દસ્ત સાફ આવશે.

મસાવાળાને અટકાવવાની દવા—કડવા લીંબડાની લીંબોળીની બીજ કાઢી, તેને બારીક ખાંડી, યોગ્ય પ્રમાણના પાંચ સાત પડીકાં પાણી સાથે ખવડાવવાથી મસા ઉપર પુષ્કળ ચેળ આવી તે કરમાઈ જશે અને પાછા ભરાશે નહિ.

ફરાળી બ્રહ્મચારી શ્રીહરહર મહારાજ મુ. સીહોર વાયા મીયાંગામ

(હસ્તક ઈશ્વરલાલ રતનલાલ ત્રીવેદી, નાગર ફળીઆ—સુરત)

લોહ ભસ્મ—લુહારને ત્યાં લોખંડ તપાવીને ઘડતાં ઘડતાં તેમાંથી જે પોપડીઓ ભોંયપર પડી જાય છે તે લાવવી. મળી શકે તેટલી લાવવી. તેને એક સારા સ્ટોપર બુચવાળા શીશામાં ભરીને તેની અંદર બીજોરાનો રસ નાંખવો, અને બુચ બંધ કરી, તેને દરરોજ સૂર્યના તાપમાં આશરે બે માસ રાખવું. સવારે શીશો તડકે મુકવો અને અને સાંજે લઈ લેવો. રસ સુકાઇ જાય તો તેમાં નવો ઉમેરવો. તમામ સુકાયા પછી તેને કડવા સેકટાના પાંતરાંના રસમાં ૭ દિવસ ખરલ કરવો. પાંતરાંમાંથી જો રસ કહાય નહિ નીકળે તો એ ઝાડનાં થડની અંતર છાલનો કાઢો બનાવી, એ કાઢામાં ૭ દિવસ ખલ કરવો. એક શેર પાણી બળતાં ા શેર રહે એટલે કાઢો થયો કહેવાય. પછી કોડીઆમાં સંપુટ કરીને, સેકટાના નવાં પાંતરાં લાવી, તેને ખાંડી લુગદી બનાવને તે લુગદીમાં પેલી લોહચુર ગોઠવી તેને મોટા કોડીયા અગર ચડવામાં મૂકી, કપડમટ્ટી કરીને ગજપુટામાં ફુંકી દેવું.

ભસ્મ બરાબર થઇ છે કે નહિ ? તેની ખાત્રી કરવા તેને પાણીમાં નાંખવી. જો પાણી ઉપર તર્યા કરે તો જાણવું કે તે બરાબર થઇ છે, અને જો ડૂબી જાય તો ફરીથી ફુંકવું. એ પ્રમાણે પરીક્ષા કર્યા પછીજ એ ભસ્મનો ઉપયોગ કરવો.

લુહારને ત્યાંની કીટીનું લોખંડ જે ઉપર દર્શાવ્યું છે તે નજ મળે તો ગજવેલ લોખંડ લાવી, છેનું કાનસથી બારીક ચૂર્ણ કરાવી તેના પર સૂર્યપુટ વગેરેની ક્રિયા કરવી. લુહારને ત્યાંની કીટીજ

પહેલો નંબર છે, અને ગજવેલનું ચૂર્ણ બીજો નંબર છે, તે લક્ષમાં રાખવું.

માત્રા—એક ચોખાપુર, મોટા માણસને શરદીની પ્રકૃતિવાળાને આ ભસ્મ નાગરવેલ ચેવલીના રસમાં, અથવા આદાના રસમાં એક ચોખાપુર ગરમીની પ્રકૃતિવાળાને એક ચોખાપુર માત્રા મલાઈ, માખણ, ઘી અથવા દુધમાં, ૨૧ દિવસ સવાર સાંજ આપવી.

પરેજી—ખાટા અને તીખા પદાર્થ તથા તેલ અને કુળું, કોળું, વાલ અને પાપડી બંધ.

ગુણ—મદાઈ બક્ષે, લોહી સુધારે, અને નવું લોહી લાવે. વૈદ્ય પોતાની બુદ્ધિ પ્રમાણે યોગ્ય અનુપાન તથા પરેજીથી દરેક રોગ મટાડી શકે.

યાદ દાસ્ત વધારે—મુરેઠી અથવા મરેઠી. લીંડીપીપર. સમભાગે મરેઠી નામનાં ફુલ આવે છે. તેનો રંગ ચંપાના ફુલ જેવો ખુલ્લો પીળો આવે છે. સુકી વરીઆળીના રંગ જેવો આવે છે. મોંમાં રાખવાથી જીભપર ઝમઝમાટ થાય છે. ભાવનગરમાં બહુ મળે છે.

પીપરને ૪ રોજ ગૌમૂત્રમાં પલાળવી. દરરોજ ગૌમૂત્ર બદલવું પછી બંને વસ્તુ સમભાગે લઈ ખાંડી વસ્ત્રગાળ કરી, તેને સત્યાનાશીનાં રસમાં ખરલ કરી મગ પ્રમાણની ગોળી વાળવી. રાત્રે સુતી વખતે તે ગોળી મોંમાં મુકી, તેનાપર દુધ પીવું.

ગરમીવાળાને ઘી, માખણ, મલાઈ, અને દુધમાં, તથા વાયુવાળાને મધમાં કે આદાના રસમાં અને શરદીવાળાને પાનના રસમાં આપવી પાન ચેવલી લેવાં, કપુરવેલી નહિ.

ઉલટી—બંધ ન થતી હોય તો વિશેષ ગુણ ફુલવેલી ફટકડીના ભુકા સાથે ગોળી મેળવીને, પાણી અગર દૂધમાં આપવી.

ઝાડા બંધ ન થતા હોયતો, જાયફળના ભૂકા સાથે.

ગરમી માટે—ગાંજો તો. ૧. ભાંગ તો. ૧. પુલકાથો તો. ૨. હીંગ તો. ૧. અફીણ રૂા. ૦।≈ (૭ આનીભાર) ધંતુરાના બીજ તો. ૦॥ જાયફળ નંગ ૨) જાવંત્રી તો. ૦। કેશર તો. ૦। દાડેમ મીઠું નંગ ૧.) શુદ્ધ સોમલ રૂા. ૦) ≈ ભાર, ફટકડી ફુલાવેલી રૂ. ૦। ભાર.

વીધી;—ભાંગ અને ગાંજાને એકરાત પાણીમાં જુદીજુદી વાડકીમાં પલાળવા સવારે તે બંનેને શુદ્ધ પાણી તેમાંથી નીકળે ત્યાંલગી ધોવાં પછી તેને કોરાકરી તેમાંથી કસ્તર વગેરે કાઢી નાખી તેને રૂા. ૫) ભાર દુધમાં નાંખીને ધીમી આંચે ગરમ કરવાં. ખદખદી જાય એટલે નીચે ઉતારી નીચોવીને ખલમાં નાંખી પીસી નાંખવાં. ત્યાર બાદ ઉપર લખેલી સર્વ દવા જે પીસીને તૈયાર કરી રાખી હોય તે, તેમાં મેળવી દેવી અને તેમાં દાડેમનો રસ નાંખતા જવું અને ઘુંટતા જવું. એમ ૩ દિવસ લગી કરવું. દાડેમનો રસ ખુટે તો બીજાં લાવી તેનો રસ કાઢી મેળવવો. પછી ગોળી ચણા જેવડી તેની વાળવી. **મોટા** માણસને **ચણાપુર** અને **નાનાને મગપુર** આપવું.

અનુપાન—ગરમીવાળાને સાકરની સાથે ગોળી પીસીને ફકાડવું. શરદીવાળાને ચેવલી પાનના રસમાં, અને વાયુવાળાને આદાના રસમાં આપવું. ધાતુપુષ્ટ કરવું હોય તો જાયફળના એક પાવલી ભાર ભૂકા સાથે આપી ઉપરથી દૂધ પાવું.

ગુણ—ગરમી શાંત કરે, શરદી તોડે, શક્તિ આપે, વીર્યનું બંધારણ કરી ધાતુ ઘટ્ટ બનાવે; ઉપલાં અનુપાન ધ્યાનમાં રાખી દવા આપવી.

પરેજી—ખટાઈ, આમલી, તેલ અને વાયડી ચીજ તથા મૈથુન બંધ. જેટલા દિવસ દવા અપાય તેથી પાંચ દિવસ વધુ, પરેજી પળાવવી અને બ્રહ્મચર્ય ખાસ રખાવવું.

સુચના—દર્દીની પ્રકૃતિ કેવી છે ? તેની સમજ ન પડે તો ત્રીફળાં ચૂર્ણ સાથે પાણી જોડે દવા ફાકાવવી. શરદીવાળાને ગરમ પાણી સાથે અને ગરમીવાળાને રાતના માટલાના વાસી ઠંડા પાણી સાથે આપવું.

ગાંધી બેચરદાસ વિઠ્ઠલદાસ વૈદ. બરાનપુરી બજાર–સુરત.

ચીતભ્રમ વાયુ—લવેંગ, માલકાંગણી, ઇશબંધ, કપુર, અગર. કાળામરી, વજ, ખોરાસાની અજમો, તજ, અકલગરો, પીપર, પીપરીમુળ, વરીયાલી, સોનાગેરૂ, એ બધુ સરખે ભાગે લઇ ખાંડી વસ્ત્રગાળ કરી જુના ગોળમાં ગોળી મોટા બોર જેવડી વાળી રોજ એકેકી ગોળી પાણી સાથે ખવાડવાથી ચીતભ્રમ, ગાંડપણ વીગેરે મટે છે, ખોરાકમાં ઘઉં, બાજરી, ગોળ અને કોદરા ખાવા.

હેડકીનો ઉપાય—સુંઠરાંક બેને ખાંડી વસ્ત્રગાળ કરી કુંવારના રસમાં ઘુંટી વટાણા જેવડી ગોળી કરી ખવાડવાથી હેડકી મટે છે.

દમ અને અમુઝણ—જીરૂં, કાળીજીરી, મરી, પીપર, સુંઠ, જવખાર, સંચળ, આમળસારોગંધક, પારો સમુદ્રલવણ, બીડલવણ, સીંધવ, ચીત્રક, મહુડાં, ટંકણ, વરીયાલી એ બધું સરખે વજને લઈ ખાંડી વસ્ત્રગાળ કરી, એક દીવસ લીંબુના રસમાં તથા એક દીવસ આદાના રસમાં ઘુંટીને ગોળી ચણા પ્રમાણે કરી સવાર સાંઝ ગોળી એક પાણી સાથે ખાવી ઉપર ઘી ખાવું, ખટાસ તેલ વીગેરે વસ્તુ ખાવી નહીં જેથી શ્વાસ, મૃગી, હરષ, સંગ્રહણી, વાયુ, પીત્ત વીગેરે મટે છે.

આંખનું ફુલું—માણસના માથાના વાળ બાળીને તેની રાખોડી ફરી ચાળીને ઘુંટી પછી આંખમાં આંજવાથી ફુલુ જાય છે.

મોતીઆનું અંજન—કાળાંમરી, ફીમજ, લવેંગ, બરાસ સરખે ભાગે લીંબુના રસમાં ઘુટી ગોળી વાળી પાણીમાં ઘસીને આંજવાથી મોતીઆનું પાણી ઉતરતુ મટે.

ઇદ્રી જુલાબ—રેવંચીની ખટાઈ. પાશાણભેદ, એલચી, જીરૂં અને સુરોખાર, બધી વસ્તુ સરખે ભાગે લઇ ખાંડી વસ્ત્રગાળ કરી દુધ સાથે ખાવાથી ઇદ્રી જુલાબ થાય છે.

અંતરગળનો ઉપાય—કુશમના કુથા તો. ૨, દીવેલીનીમીચ તો. ૦ાા એ બંન્નેને ભેગાંવાટી ગરમ કરી પાટો બાંધવાથી અંતરગળ મટે સાથે દારૂ હલદતું ચૂર્ણ તો. ૦ા, સવાર સાંજ ગાયના મૂત્ર સાથે ફાકે તો જલદી આરામ થાય.

સીતજ્વરનો ઉપાય—કાળામરી અને લીંબોડીની મીચ સરખે ભાગે લઇ તેને જંગલી કારેલીના રશમાં ખલી તુવેરના દાણા જેવડી ગોળી કરી સવાર સાંજ એકેકી ગોળી પાણીસાથે ખવાડવાથી તાવ જાય, તેલ, મરચાં, ખટાસ. દુધ, દહીં ખાવું નહિ.

જ્વરનું અંજન—લીંબોડીનીમીંચ, હીંગ, પીપર, સાપની કાંચલી, એ વસ્તુ સમભાગે લઈ વાટી ગધેડાના મૂત્રમાં મેળવી આંજવાથી બધી જાતના તાવ ઉતરે છે.

માથમાં થતી ઊંદ્રી—પુલાસ પાપડો, તથા ટંકણખાર એ બંન્ને સરખે વજને લઇ લીંબુના રસમાં મેળવી ઊંદ્રી ઉપર ચોપડવાથી મટી જાય છે.

મર્દાઈના ઉપાય—ચીની કબાલા, તજ, લવેંગ, સુંઠ, કોડીયું સોઆન, જાયફલ, એ બધી વસ્તુ સરખે ભાગે લઈ ખાંડી વસ્ત્રગાળ કરી જુના ગોળમાં ગોળી ચણાપુરની કરની સવાર સાંજ ગોળી એક સાકર સાથે ખાઇને ઉપર દુધ પીએ તો શક્તિ પુષ્ટી અને મર્દાઈ વધે. તેમજ વધારે વખત આ ગોળી ખાવાથી નપુંસકપણું પણ મટી જાય છે.

ફેફરૂ અને મૃગીનો ઉપાય—ભોંયરીંગણી તથા ઘોડાવજ સરખે ભાગે લઈ તેને થુવેરના દુધના એકવીસ પટ દેવા. અને સારી પેઠે ઘુટીને જીણું કરી શીશીમાં ભરી મુકવું. જ્યારે કોઇને ફેફરૂ આવે ત્યારે ચપટી ભરીને સુંઘાડવું. જેથી જીવડો નીકળી પડશે અથવા મરી જશે.

કમળાનો ઉપાય—કાલીંગડાનું મૂળ ગાયની ખાટી છાસમાં ઘસીને પાય તો કમળો મટે તેમજ નરમા કપાસનું મૂળ ચોખાના ધોવણમાં ઘસીને પીવાડે તો તેથી પણ કમળો મટે છે.

વૈદ ભોળાનાથ નર્બદાશંકર સ્માર્ત, ભુતફળીયા–**સુરત.**

સન્નીપાતનો ઉપાય—સોમલ તોલો ૧, વછનાગ તોલો ૧ હીંગલોક તોલો ૧, એ ત્રણ વસ્તુને કાળા ધંતુરાનો રસ શેર ૦ા માં ઘુટી સુકવી ગોળો વાળી તેના ઉપર પાકાં ચેવલી પાન નંગ સો તથા સુતર કાચું શેર અડધો ગોળો પાનમાં મુકી ઉપર બધું સુતર લપેટીને ગોળો દડા જેવો કરવો પછી તલનું તેલ શેર બે એક વાસણમાં ભરી તેમાં દડો મુકી શળગાવી દેવું સીતળ થયે કાઢી બારીક વાટી શીશીમાં ભરી મુકવું, તેમાંથી એક ચોખાપુર માત્રા

આદુ અને હળદના રસમાં ખવાડવાથી સન્નીપાત, દમ, અને વાત કફના વ્યાધીને મટાડે છે. પરેજીમાં, ઘઉં, ઘી અને ખાંડનો ખોરાક આપવો. તેલને અડકવું પણ નહી તેમજ ઘરમાં તેલનો વઘાર પણ કરવો નહીં.

નિલકંઠ રસ—ફુલાવેલો મોરથુથુ તોલો ૧, હીંગલોક તોલો ૧, આઠ દીવસ લીંબુના રસમાં ઘુટેલો, અજમો તો. ૧, અજમોદ તોલો ૧, ખુરાશાણી અજમો તોલો ૧, કરમાણી અજમો તોલો ૧, લવેંગ તોલો ૧, ભીલામાં તોલા ૩, પ્રથમ ભીલામાંના કટકા કરી ટાટમાં બાંધી ઈંટના ભૂકામાં રગદોળી બધુ તેલ સોસવી દેવું, પછી તેલ વગરનાં ખોખાંને દુધમાં ઉકાળી સુકવી; ઉપરની વસ્તુઓ સાથે મેળવી ગોળી વળે એટલો ગોળ નાંખી ચીનીબોર જેવડી ગોળીઓ વાળી સવાર સાંઝ ગોળી એક પાણી સાથે ખવાડી ઉપરથી તુરત તેલનાં ભજીયા અને તેલની પુરી ખવાય તેટલાં ખાવા, ખાતાં વાર થસે તો જીવ કચવાસે અને વખતે ઉલટી થશે. માટે ખાવાનું તૈયાર કરી ગોળી ખાવી. આ ગોળીથી હાથ તથા પગમાં આવતી ઝઝણી, કમ્મરનો દુખાવો, સોજા. સંધીવા, લખવો વિગેરે ઘણાં રોગો મટાડે છે. પરેજીમાં ઘી, ખાંડ, દુધ બીલકુલ ખાવાં નહીં, તેલ પુષ્કળ ખાવું. આ ગોળી ખધા પછી વાલણને માટે દહીં અને સુંઠ ખવાડવાં.

રાજ મૃગાંક—હડતાલ તોલા ૬, મનસીલ તોલા ૪, ખાપરીઆની ખાપ તોલા ૪, એ ત્રણે વસ્તુને બારીક વાટી એક પાણીચા નારીયેળમાં છીદ્ર પાડી ભરવું અને નારીયલને સારી રીતે કપડ મટી કરી બકરીની લીંડી મણ એકની વચ્ચે મુકી ફુંકી મુકવું, સીતળ થયે વાટી માત્રા વાલ એક મધમાં ઘી અને સાકરમાં, અથર સાક-

રના શીરામાં આપવી. જેથી દમ, અમુજણુ, સન્નીપાત, ત્રીદોશ વિગેરે મટે છે. પરેજીમાં ઘી, ધઉં ને સાકર સીવાય બીજી વસ્તુ ખાવી નહી ગરમ પડે તો ઘી વિશેષ ખાવું અથવા ઘી સાકર અને લોટનો શીરો કરીને પીવો.

વૈદ ડાહ્યાલાલ મનસુખરામ પુરોહીત સણસોલી.

રક્ત પ્રદરનો ઉપાય—ઉંદરની લીંડી તથા ખજુતરની હગાર બન્ને સરખે ભાગે વાટી વસ્ત્રગાળ કરી સવાર સાંજ એકેક વાલ પાવલીભાર શાકેર સાથે ખાઇ ઉપર નવટાંકથી પાસેર દુધ પીવું, અને રોટલી, ઘી, શાકરનો ખોરાક લેવો જેથી એકજ દીવસમાં ફાયદો થઈ ત્રણ દીવસ દવા લીધાથી તદન આરામ થઇજાય છે. આ દરદમાં આના જેવી સહેલી સોંઘી, છતાં ગુણમાં ચમતકારી દવા બીજી જોવામાં આવી નથી આ દવાથી એકપણ કેશ નિશફળજતો નથી.

વૈદ જશભાઈ જી. પટેલ મુ. કરમશદ તા. આણંદ

હિસ્ટીરીયાનો ઉપાય—ડેડ ઉમરડાનું મુળ તો. એક પાણીમાં ઘસી તેમાં છદીરીપુની ગોળી નંગ ત્રણ વાટી દીવસમાં ત્રણ વખત આપવાથી ગમેતેવો હિસ્ટીરીઆ દબાય છે.

વૈદ છગનલાલ કુબેરદાસ ખરાદી મુ. ઉમરેઠ.

ઉલટીનો ઉપાય—કરોળીઆના સફેત બેચાર પડલઇ તેની મોળી કરીએક ગરમ કરેલી ઠીકરી ઉપર મુકીને બાળવું બલેલી ભસ્મ આંખમાં આંજવાથી ઉલટી એકદમ બંધથઈ જાયછે. આ ઉપાય હજારો વખત હમારો અજમાવેલો છે. ખાવાની દવાથી નહી મટતી ઉલટી આ પ્રયોગથી જાદૂની માફક મટી જાય છે.

વેદ ત્રીભોવન જીભાઈ. મુ. **નીકોરા** વાયા **ચમારગામ.**

દંત ખીલનો ઉપાય—જાયફળ, જાવંત્રી, કેશર, એલચીના દાણા એ બધુ સરખે વજને લઇ મેદીના પાંત્રાની સાથે વાટી પીંડ બનાવવી એ પીંડ રાત્રે મોઢામાં રાખી રસ ચુસવો. રાત્રે ઉજાગરો કરવો, સવારમાં પીંડ કાઢી લઇ તે પીંડ વા આવ્યો હોય તેને મસાળવી ચીકટ ખાવી નહીં, વગર ચોપડેલી તુવેરની દાળ બાફીને તેના પાણીના કોગળા કરવા એ પ્રમાણે પાંચ સાત દીવસ કરવાથી જરૂર મટી જશે અજમાવેલો છે.

વેદ હીરજીભાઈ ગોવીંદજી શાહપુર દરવાજે **અમદાવાદ.**

કેશકલ્પ—માયાં રૂ. ૬ ભાર, મોરથુથુ રૂ. ૧ ભાર, નવસાર રૂ. ૧ ભાર પ્રથમ માયાને કોપરાનું તેલ રૂ. ૨, ભાર લઈ તેમાં અધકચરાં સેકવા પછી ત્રણે વસ્તુ ભેગી ખાંડી વસ્ત્રગાળ કરી, તૈયાર કરવું પછી આમળા શેર એક લોઢાના વાસણમાં દોઢ શેર પાણીમાં પલાળી મુકવાં પછી જ્યારે ચોપડવું હોય ત્યારે ઉપરનું તૈયાર કરેલું ચુર્ણ ખપ પુરતું લઈ તેમાં આમળાનું પલાળેલું પાણી જાડુ રગડા જેવું મેળવી સફેત વાળ ઉપર ચોપડી ઉપર એરંડાનું પાન બાધવું રાત્રે લગાડી સવારે તે જગા ધોઈ નાંખવી એટલે વાળ કાળા થઈ જશે આ કેશકલ્પ હમારો અજમાવેલો છે.

વેદ **નાથાલાલ કૃપાશંકર** કંસારાવાડ—**નડીયાદ.**

સર્પ વિષનો ઉપાય—શીવલીંગીના બી તથા જુવાર બન્ને પાવલી પાવલી ભાર વાટી પાણી કરીને પાવું ઘેન ચડે તો બીજી વાર પાવું જેથી સર્પનું વિષ ઉતરી જાય છે. તેમજ હીંગોરાની ગોટલી કે મૂળ પાણીમાં ઘસીને પાવાથી સાપનું ઝેર ઉતરે છે.

વિછીના ઝેરનો ઉપાય—સલ ચીકણો પાણીમાં ઘસી ડંખ ઉપર ચોપડવાથી દર્દ ડંખમાંથી નાબુદ થાય છે,

વાળાનો ઉપાય—ધંતુરાના પાંદડાં વાટી તેની લુગદી મુકવાથી વાળો નીકળી જાય છે. તેમજ ભાંગ કે ગાંજાની લુગદી મુકવાથી પણ ગુણ કરે છે.

ઉંદરના વિષનો ઉપાય—બેઆની ભાર એળીઆને રાતે અધોળ પાણીમાં પલાળી સવારે નીતરતું પાણી લઈ તે પાણીમાં ઝેરી કોપરૂ આની ભાર તથા હીંગોરાની ગોટલી આની ભાર ઘસીને પીવાથી ચૌદ દીવસમાં ગમે તેવું ઉંદરનું વિષ નાબુદ થાય છે.

વૈદ મણીશંકર ભાનુશંકર રામજી મંદીર પાસે **વલસાડ.**

શકતી માટે અરૂણોદય—રસસીંદુર, હીરાબોળ, ગુગળ, જાયફળ, પીપર બધી વસ્તુ સમાન ભાગે લઈ આદુના રસમાં ખલ કરી ચણા પ્રમાણે ગોળી કરી સવાર સાંજ એકેકી લેવાથી કમ્મરનો દુખાવો હાથ પગની તોડ મટાડી સારી શકતી આપે છે.

બાળકના મુખ પાકનો ઉપાય—ફુલાવેલી ફટકી તો. ૦। ચીની કબાલા તો. ૦। ધાણાં બાળેલા તો ૦।, ધોળો કાથો તો. ૦।, સોના ગેરૂ તો. ૦।, એ બધાનું બારીક ચૂર્ણ કરી મોમાં ચોપડી મોં ગળતું મુકવું. જેથી બાળકોના મુખપાક સારા થાય છે.

પીશાબ છોડવાનો ઉપાય—અંખેરીઆના પંચાગનું ચૂર્ણ રૂ. ૦॥ ભાર લઈ ૦॥ શેર પાણીમાં નાખી ઉકાળી નવટાંક રહે ત્યારે ગાળીને પાવાથી પીશાબ જરૂર થાય છે. એજ કવાથ સોજા ઉપર ચોપડવાથી ફાયદો થાય છે.

વૈદ્ય પરબતસીંહ ખુશાલશીંહ સોલંકી શેગપુર તા. અંકલેશ્વર

શરીરે થતા કરોળીઆનો ઉપાય—મુળાનાં પાકા પાનનો રસકાડી દીવસમાં ત્રણ વખત કરોળીઆ ઉપર મસળવાથી સરીરે થયેલા કરોળીઆ ૭ દીવસમાં મટીજાય છે.

આમણ નીકળે તેનો ઉપાય—ચાર વરસના જુના દીવેલાનું મૂળ રૂ.૧) ભાર પાણીમા ઘસવું અને ઘી રૂ.૨) ભારમાં મેળવીને પીવું સાત દીવસ પીવાથી ઝાડામાં પડતું લોહી તથા નીકળતી આમણ મટે છે.

કાનમાં અગાઇ ગઇહોય તેનો ઉપાય—કનકડીના પાત્રાનો રસ કાઢી કાનમાં મુકવાથી કાનમાંથી અગાઇ મરી જાય છે. અને ચસકા મારતા પણ મટી જાય છે.

ખોડાનો ઉપાય—ખાડીમાની શીપાણીને બાળી રાખકરી તેરાખ તો. ૨ તથા ગાયનું ઘી, તો ૫માં નાખી મલમકરી ચોપડવાથી ખોડો મટે છે. સાત દીવસ ચોપડવું.

વૈદ્ય મુળજી ત્રીકમ ગામ મેડા છારોડી સ્ટેશન.

વાળાનો ઉપાય—ફટકી તો. ૧, સીંદુર તો. ૧ દહીં તોલા પાંચ ઉપરની બન્ને વસ્તુને ભેગી ઘુંટી દહીંમાં મેળવી વાળા ઉપર ચોપડવાથી ત્રણ દીવસમાં આરામ થાય છે પાકીને ચાંદુ પડયું હોય તો તેપણ રૂઝાઇ જાય છે. અને બળતુ પણ નથી.

પ્રદરનો ઉપાય—હીરવાણી કપાસના પાન. આવળનાફુલ તરણુચના વેલા એત્રણેની બરાબર સાકર નાખી વાટી ગોળીકરી ગુપ્ત ભાગમાં રાખે તો પ્રદર મટેછે.

બીજો ઉપાય—લોધર, માયુ, સુખડનો શુકો, અને સાકર સરખા વજને લઈ ગોળી બોર જેવડી વાળી યોનીમાં રાખવાથી પ્રદર નાસ પામે છે.

શ્વાસનો ઉપાય—અજમાને પાણીમાં પલાળી તાંદલા કાડવા પછી વાડ દુધેલીના રસમાં વાટી ચણી બોર જેવડી ગોળી કરી દરરોજ સવાર સાંજ એકેકી ખાવાથી શ્વાસ મટે છે.

વૈદ નંદલાલ વિધારામ શીયાળ વાયા લીમડી.

તાવનો ઉપાય—ફટકી શેર ૦। હડતાલ તો. ૧ ફટકીની વચ્ચે સંપુટમાં હડતાલ મુકી કપડમટી કરી ગજપુટ અગ્નિમાં મુકી ઠંડુ પડે ત્યારે કાઢીખલી મોગ્રા થાણુસને ગોળ સાથે વાલ એક દેવાથી તાવ જાય છે.

ઉધરસ તથા દમ ઉપર—હીંગલોક તો. ૦। અફીણુ તો. ૦। ધંતુરાનાખી તો. ૦। મરી તો. ૦। અકલગરો તો. ૦। લવેગ તો. ૦। બધી વસ્તુને ખાંડી કનકફળમાં ભરી ઉપર ઘઉંના લોટની કણકની મુદ્રાકરી ભડસારમાં બાફી કાઢીલઇ ગોળી બાજરીના દાણા જેવડી કરી ગોળી ૧-થી-૩ સુધી આપવી પરેજી તેલ, મરચા, ખટાસ, તજવા જેથી ખાંશી અને શ્વાસ મટે છે.

આમાતીસાર તથા સંગ્રહણીનો ઉપાય—પારો તો. ૧ ગંધક તો ૧ બન્નેની કજલીકરી તેમાં વછનાગ તો. ૧ કનકબીજ તો ૧ અફીણુ તો. ૧ હીંગલોક તો. ૧ બધાને ભેગાંકરી ભાંગરાના રસમાં ગોળી ચણા જેવડી કરી. જાયફળ અને જીરાંસાથે ઘીમાં ચટાડવી જેથી બધી જાતનાં ઝાડા સંગ્રહણી અતીસાર વિગેરે મટે છે ખોરાક હલકો ખાવો.

પીશાબ બંધ થાય તેનો ઉપાય—રેવંચીની પાશાણુ ભેદ, એલચી સુરોખાર, એ બધાને સરખે ભાગે લઇ ખાંડી ચૂર્ણ કરી વાલ બેથી ચાર નારીયલના પાણીમાં આપવાથી પીસાબ છુટે છે.

વૈદ પન્નાલાલ દનુલાલ. ભણુસાળી ફળીઆ-સુરત.

જ્વરાંકુશ—પારો, ગંધક હીંગલોક, વરખી હડતાલ, સંખીયો શોમલ એ બધી વસ્તુને શુદ્ધ કરી, ભાંગરાના રસમાં પોહોર બે ખલી જુવારના દાણા જેવડી ગોળી કરીને માણસની ઉમ્મરના પ્રમાણ સાકર તથા વાસી પાણી સાથે સવાર સાંજ આપવાથી ત્રણ દીવસમાં શીતજ્વર, એકાંતરો, ચોથીઓ વીગેરે જ્વરો જાય છે. એજ ગોળી મધ અને પીપર સાથે આપવાથી ચોરાસી જાતના વાયુ જાય છે. અનુભવેલી છે.

સુખાં ખરજવાનો ઉપાય—ગંધક, માયુ, સાકર, સુંઠ એ બધુ સરખે ભાગે પાણીમાં ઘસીને ખરજવાં ઉપર ખુબ ઘસવાથી ખરજવું મટે છે. અનુભવી.

લીલાં ખરજવાનો ઉપાય—ખરજવાને ઉપરથી ખજવાલીને કોલટાર ચોપડી તેનાં ઉપર ઈંટનો વસ્ત્રગાલ ભુકો ભભરાવીને દબાવવો જેથી તે સુકાઈ જઈ પોપડા ઉખડી જશે.

મોટા માણસના વધરાવળનો ઉપાય—રેંવચીનો શીરો, એળીઓ, ગુંગળ, ઇસેસ, મેદા લાકડી અને તંબાકુ એ બધી વસ્તુઓ સમાન ભાગે લઈ પાણીમા વાટી સોકડી કરવી. પછી રોજ ઘણીને ચોપડવું. જેથી વધરાવળ મટે છે. હમારૂં અનુભવેલું છે.

કમળાનો ઉપાય—રીકાકાઇ તો. ૧૦ ના કટકા કરી પાણી શેર ૦ા માં ઉકાળી પાણી પૈસા ચાર ભાર રહે ત્યારે ઉતારી થંડુ કરીને પીવું. એ કાઢો પીને ઉપર દુધ ભાત ખાવા નહીં તો ઉલટી થશે દીન ચાર પીવાથી કમળો નકી જાય. અનુભવેલું છે.

ડા. ભાઇલાલ કપુરચંદ શાહ. મુ. નાર.

પાંડુ અને કમળા માટે મંડુર વટક—લોઢાના કીટોડા શેર ૧ ગાયનું મુત્ર શેર ૩૨ માં નાંખી ચુલે ચડાવી મુત્ર બળતા સુધી ઉકાળવું પછી તેમાં સુઠ તો. ૨, પીપરીમુળ તો. ૨, ઠીમજ તો. ૨, મીઢીઆવળ તો. ૪, દારૂ હળદ તો. ૨, સડકમુરો તો. ૨, એ બધાને વસ્ત્રગાળ કરી બધાની ભેગુ કરી ઘુંટી ચણી બોર જેવડી ગોળી કરી, સવાર સાંજ એકેડી છાસ સાથે આપવાથી કમળો પાંડુ મટે.

પીનસનું તેલ—લીમડાનાં પાન, પટોળ, સુઠ, મરી, પીપર, ભોંયરીંગણીના બી ભારંગ, મોથ, જેઠીમધ, સુખડ, એલચી, વાળો. એ બધુ અડધો અડધો તોલો તેલ શેર ૧॥ બધુ તેલમાં નાંખી કકડાવી ગાળી તેના બબે ટીપાં નાકમાં નાખવાથી નાકનું છોડ, પીનસ, ખપડી, વીગેરે નાકના રોગો મટે છે.

વાને માટે માલીશ કરવાનું તેલ—અંકોલના પાન શેર ০। સરસીયું તેલ શેર ૨, પાણી શેર ૪, અંકોલના પાન વાટી બધું ભેગુ કરી બધાને ચુલે ચડાવી પાણી બળે ત્યાં સુધી ઉકાળી થંડુ પડે તેલ ગાળી શીશીમાં ભરવું આ તેલ ચોળવાથી વાયુ સાંધાનો દુખાવો મટે છે.

આંખને માટે ગોળી—મોરથુથુ તો. ૨, ફટકી તો. ૧ સુરોખાર તો. ૧, બધાને વાટી ઉનું કરવાથી ઓગળે એટલે તેમાં કપુર તો. ০। વાટીને મેળવી તેની લાકડી બનાવીને આંજવાથી આંખના ખીલ, ધારનુંફુલ, આંખનું દુઃખવુ વીગેરે મટે છે.

વૈદ્દ રામેશ્વર રામકુએર પાન્ડે ડાકોર.

રસ કપુરના ફુલ—રસ કપુર તો. ૧ પીળો સોમલ તો. ૧ હીંગલોક તો. ૧ દલચીકના તો. ૧ એ ચાર વસ્તુને ત્રણ દીવસ સારા ઉંચા દારૂમાં ખલવાં પછી એક ઇંટની વચ્ચે ખાડો કરી તેમાં લુગદી મુકી તેના ઉપર તાંબાની વાડકી ઉધી મુકી આજુબાજુ વજ્ર મુદ્રા કરવી. પછી તેને ચુલે ચડાવી નીચે અગ્ની સળગાવવો, પછી ધંતુરાના પાત્રાનો રસ શેર પાંચ કાઢી એક હાંલ્લામાં ભરી હાંલ્લાં નીચે ઝીણું કાણું કરી એક ઘોડી ઉપર મુકી પેલી વાડકી ઉપર ટીંપા પડયા કરે એમ કરવું. રસ પડવા માંડશે એટલે વાડકી સજ્જડ ચોંટી જશે. જ્યારે એ પાંચ શેર રસ ખલાશ થાય અને થંડુ પડે એટલે નીચે ઉતારી હળવેથી પેલી વાડકીમાં ચોંટેલા ફુલ લઈ લેવા. તેમાંથી એક તલપુર ગાયના માખણમાં અથવા દુધની મલાઇમાં ખવાડી તેનાં ઉપર ઘઉં ઘી અને દેશી ખાંડ શીવાય બીજી વસ્તુ ખાવી નહી. દવા સવાર સાંજ બે વાર ખાવી. જેથી ઉપદંશ, શીરંગવાયુ, કંપવાયુ, સર્વાંગવાયુ લકવા, ગલીતકુષ્ટ, વીગેરે દરદોમાં સાત અગીયાર કે એકવીસ દીવસ રોગના જોર પ્રમાણે ખવાડવાથી ઉપરના રોગો મટી જાય છે. હમારે તથા હમારા વૃધ્ધોની ખાસ અજમાવેલી છે. ખોરાકમાં ફેરફાર થાય તો ફાયદો નહીં થાય જેથી દરદીને બરાબર નિયમમાં રાખી આ દવા ખવાડવી.

વૈદ્દ ગાંધી જીવા અજરામર. ખરેડી. વીરપર થઇ.

સાપના ઝેરનો ઊપાય—કેતકીનાં મૂળની નિચે એક ગાં થાય છે. તેનો રસ કાઢીને પાવાથી તથા રસ શરીરે ચોળવાથી મહા ઝેરી સરપનું ઝેર ઉતરે છે. પગે ડંશ થયો હોય તો પગથી સાથ

સુધી રસ ઘસવો, અને હાથે ડંશ હોય તો ખભા સુધી ઘસવો અને દરદી બે ભાન હોય તો આખા શરીરે ઘસવો. બપોરે ડંશ થયો હોય તો રાત્રે દરદીને ખાવાનું આપવું નહી.

તાવનો ઉપાય—મે મહીનામાં પોપટી નામનું ઝાડ થાય છે. તેમાં પોપટા થાય છે તે છોકરાં ખાય છે અને ખાટાં લાગે છે. તે ઝાડના અઢી પાત્રાની ગોળી કરી ગોળ સાથે ખાવાથી સઘળી જાતના તાવ જાય છે. ગોળી દીવસમાં ત્રણ વખત ખવાડવી.

વૈદ નટવરલાલ પરશોતમદાસ. મુ. કરમડ. વાયા **રાણપુર.**

રોજના તાવની દવા—મામેજવો તથા ખડસળીઓ, પીત પાપડો એ બન્નેનું પંચાગ લઈ તેનું ચુરણ કરી તે ચુરણથી આઠમાં ભાગે મરીનું ચુર્ણ ભેળી સવાર સાંજ બેઆની ભાર આપવાથી તાવ જાય છે.

ઊધરસની દવા—પીપર તો. ૧, જવખાર તો. ૧, આંબા હલધ તો. ૧, અફીણ તો. ॥ એ ચારે વસ્તુને વાટી ગાડરના દુધમાં ખદખદાવી ગોળી વાળી મોમા રાખવાથી ગમે તેવી ખાંસી મટે છે.

તાવ માટે—માખીની હગાર વાટીને આંખમાં આંજવાથી તાવ ઉતરી જાય છે.

ઊપદંશનિ દવા—કાથો, તો. ૧, સીંદુર તો. ૧, સોપારીની રાખ તો. ૧ માણુશનાં હાડકાંની રાખ તો. ૧, રસવંતી તો. ૧, બધાને ભેગા વાટી વસ્ત્રમાળ કરી ગાયના ઘીમા મેળવી મલમ કરી ચોપડવાથી માત્ર ત્રણ ખરડ કરવાથી ઉપદંશની ચાંદી મટી જાય છે.

વૈદ ચંદુલાલ પહેલાદજી વિસનગર સન્નંટવાડો.

ગરમીના ઊપાય—કપુર તો. ૨, ચણોઠીના વેલાના મુળ તો. ૩ાા, એલચી તો. ૪, છડીલો તો. ૫ાા, કાથોસારો તો. ૬ાા, એ બધાને ખાંડી વસ્ત્રગાળ ચુરણ કરી સવાર સાંજ પાણી સાથે પાવલીભાર ખવાડવું જેથી સ્ત્રીઓનો પ્રદર, ગરમી તથા પુરૂષોનો પ્રમેહ મટે છે. ખાવામાં ગરમ વસ્તુ બંધકરી દુધ, ભાત, ઘી, શાકર, રોટલી, ખવડવાં ઉપાય અકસીર છે.

વાના ઊપર ચોળવાનું તેલ—સુંઠ, ઘોડાવજ, હીરાબોળ ગુગળ માલકાંગણી, એળીઓ, મીઢળ, એ વસ્તુઓ સરખે વજને લઇ ખાંડી તેલ શેર ાામાં ઉકાળી એ ઉભરા આવે ત્યારે ઉતારી થંડુપડે ત્યારે ગાળી શીશીમાં ભરી લેવું પછી વાના દરદીને તેલ જરા ગરમ કરીને માલીશ કરવું તેમજ પક્ષા ઘાતમાં પણ સારૂકામ કરેછે. અને અનુભવ સીદ્ધ છે.

વૈદ દુર્ગાશંકર જગજીવન શુકલ. હુળવદ-(કાઠીયાવાડ)

સીલાભ્ર—ધાપણની ભસ્મ ભાગ ૩, શુદ્ધ મનસીલ ભાગ ૧ બન્નેને એક પોહોર ખલ કરવાથી બદામી રંગની ભસ્મ અભ્રક જેવી થાય છે. તે એક વાલની માત્રા મધ સાથે આપવાથી શ્વાસ કાસમાં ઘણોજ ફાયદો કરે છે. કફ ખુબ છુટે છે. પ્રથમ મનસીલને આદુના રશમાં ઘુટી સુકવી પછી ઊપયોગમાં લેવું.

લોકનાથ રસ—ગંધક તો. ૧, પારો તો. ૧, કોડીની ભસ્મ તો. ૨, સંખ ભસ્મ તો. ૨, કાળા મરી તો. ૩, પ્રથમ પારાગંધકની કજલી કરી બીજી વસ્તુ મેળવી લીંબુના રશમાં ખલ કરી સુકવી

શીશીમાં ભરી રાખવી વાલ એકની માત્રા છાસ સાથે આપવાથી અતિસાર, સંગ્રહણી, ચુંક, આફરો, મંદાગ્નીમાં ફાયદો થાય છે.

કર્પુર લવંગાદી વટી—કપુર ભાગ ૨, લવીંગ ઘીમાં શેકેલાં ભાગ ૧ શેકેલી હીંગ ભાગ ૧, બધાને ખાંડી પાણીમાં મગ જેવડી ગોળી વાળી સવાર સાંજ બબે ગોળી પાણી સાથે આપવાથી અતીસાર સંગ્રહણી પેટનું ચડવું, કોલેરા, છર્દી, ધનુર, બાળકોની આચકી વીગેરેમાં ફાયદો કરે છે.

કામીની મદ ધ્રુનકરસ—પારો તો. ૧, ગંધક તો. ૧, શુદ્ધ ધંતુરાના બી તો. ૨, પારાગંધકની કજલી કરી બી મેળવી ખલી ધંતુરાના રસમાં ઘુટી ગોલી વાલ પુરની કરી ગોળી એક સાકર સાથે સાંજરે લેવાથી વીર્ય ટકે છે. સુરત શકતી વધે છે. તેમજ બળ જોઇને યોગ્ય માત્રા આપવાથી પ્રમેહ, પ્રદર, દમ, ખાંસીમાં પણ ફાયદો કરે છે.

વૈદ કેશવલાલ શીવશંકર જાની અમદાવાદ

જળોદરનો ઉપાય—હાથીઆ થોરનાં પાકા ડીંડવા કાટાં કાઢેલા નંગ ૨૮ લેવાં તેમાંથી સાત નંગ લઈ મીઠું તોલો ૧ લઈ છુંદી કપડેથી નીચવી દીવસમાં ત્રણ વખત પીવું એવી રીતે ચાર દીવસ સુધી પીવું ફાયદો જણાય તો પ્રયોગ લંબાવવો. પરેજી તેલ આંમલી, હીંગ, ખાંડ બંધ કરવી.

પેશાબ ઘણો થતો હોય તેનો ઉપાય—લોહભસ્મ તથા સુંઠ સરખે વજને લઈ બારીક વાટી બમણી સાકર મેળવી સવાર સાંજ એક આની ભાર નરને કોઠે ફાકવું જેથી ફાયદો થશે.

વાયુનાશક ગુટીકા—જાયફળ, જાવંત્રી, કેશર, એલચી, તજ, લવેંગ, ગંઠોડા, મરી, પીપર, સુઠ, વછનાગ, એ બધી વસ્તુ સરખે ભાગે અને ઘીમાં શેકેલા ઝેરકચુરા બે ભાગ, બધાને મેળવી પાણી સાથે ઘુટી વટાણાપુરની ગોળી કરી સવાર સાંજ ખાવાથી સર્વ પ્રકારના વાયુ મટે.

ખસનો મલમ—ઓદાર તો. ૧, કપુર તો. ૧, કલઈ સફેતો તો. ૧, પારો તો. ૧ આમળસારો ગંધક તો. ૧, કાથો તો. ૧. પ્રથમ પારાને પાંચ તોલા માખણમાં સારી પેઠે ખલવો. પછી બીજી વસ્તુઓ વસ્ત્રગાળ કરીને તેમાં મેળવવી. પછી રાતે સુતી વખતે શરીરે ખુબ મશળવું, અને સવારે થંડા અથવા ગરમ પાણીએ ખુબ નાહવું રાત્રે નહી ફાવે તો દીવસે તડકે બેસીને ચોપડવું, ગમે તે પ્રકારની ખસ લુખસ વીગેરે તરતજ મટે છે. પરેજી વાયડી ચીજો તથા તેલ, મરચા વગેરે ગરમ વસ્તુ ખાવી નહીં.

વૈદ વિરમજી વધાજી સીવીલ ઈસ્પીતાલ પાસે **અમદાવાદ.**

બાળકની વરાધ સસણીની દવા–અતીવીસ, પીપર કાકડાસીંગ નાગરમોથ, ટંકણખાર, બધાને વાટી વસગાળ કરી બાળકની ઉમ્મરના પ્રમાણમાં મધસાથે આપવાથી શ્વાસજવર, અતીસાર, મટે છે.

બાળકની તાણ—ફુલાવેલો ટંકાણખાર એક રતીથી વાલસુધી ઉમ્મરના પ્રમાણમાં, બાળકની માતાનાં દુધમાં આપવાથી બાળકની ખેંચતાણ મટે છે. એજ ટંકણખાર બાળકને મધસાથે ઉમ્મરના પ્રમાણમાં આપવાથી બાળકની ખાંશી મટે છે.

ખાંશીનો ઊપાય—જવખાર તથા ખરેસાર સરખેભાગે લઇ પાનસાથે ખાવાથી ખાંસી મટે છે.

મરડાનો ઉપાય એળચી તો. ०।, લવીંગ તો. ०।, જાવંત્રી તો. ०।, અફીણ બેઆનીભાર બધાને મેળવી બાળકને એકરતી તથા મોટાં માણસને એક વાલપુર આપવાથી મરડો મટે છે.

વૈદ નથુરામ અનોપરામ ત્રીવેદી પીઝ વાયા **નડીયાદ**

સંગ્રહણી અતીસારની ગોળી—ગાંજો ૩ ०॥, ભાર જાવંત્રી તો. ૧ પીપર તો. ૧॥, બધાને પાણીમાં ઘુંટી બાજરીના દાણા જેવડી ગોળીવાળી ચારગોળી બુદ્ધી પુર્વકના અનુપાનથી આપવી.

ઝાડા બંધની ગોળી—કપુર તો. ०॥, હીંગલો તો. ०॥ અફીણ તો. ०॥, ત્રણેને પાણીમાં ઘુંટી બાજરીના દાણા જેવડી ગોળી વાળી યોગ્ય અનુપાન સાથે ચારગોળી આપવાથી ગમેતેવા ઝાડા મટે છે.

વીશુચીકાની ગોળી—કપુર તો. ०॥, હીંગ ફુલાવેલી તો. ૧, ધોળાં મરી તો. ૧॥ લશણ તો. ૨, બધાને ઘુટી મરીના દાણા જેવડી ગોળી વાળી પાણી સાથે ત્રણ ગોળી આપવાથી ગમે તેવો વીશુચીકા મટે છે.

ચાંદી વીસ્ફોટક પ્રમેહની ગોળી—રસ કપુર તો. ૧, ધોળો કાથો તો. ૧, સંખજીરૂ તો. ૧, કોડી તો. ૪, હીમજ તો. ૪, માયા તો. ૧, મોટી હરડે તો. ૧, અકલગરો તો. ૧, ટંકણખાર તો. ૧, બધાને ખાંડી કપડ છાણ કરી લોઢાના વાસણમાં નાખી લીમડાના સોટામાં તાંબાનો ખીલો ઘાલી લીંબુનો રસ શેર પાંચ પાવો. ગોળી વળે તેવું થાય ત્યારે ચણી બોર જેવડી ગોળી વાળી સવાર સાંજ ગોળી એક પાણી સાથે ચાળીશ દીવસ સુધી ગળાવવી પરેજીમાં તાંદલજાની ભાજી બીલકુલ ખાવી નહી.

વૈદ ચુનીલાલ ભાઈલાલ ત્રીવેદી મુ. **પીહીજ** વાયા **નડીયાદ**

ઓરી, ચુંક, અને હરસનો ઉપાય—હીંગલોક તો. ૨॥ ને પ્રથમ લીંબુના રસમાં ઘુટવો પછી તેમાં કડુ તો. ૫, નાગ કેશર તો. ૫, ઇંદ્રજવ તો. ૨૦ ખાંડી વસ્ત્રગાળ કરીને મેળવી લીંબુના રસમાં ઘુટી ચણી બોર પ્રમાણે ગોળી વાળી છાંયે સુકવી દરદીને ચાર ચાર ગોળી વાટી પાણી સાથે ખવાડવી જેથી આરામ થાય છે હરસના દરદીએ દુધ ગરમ શેર ૦॥ સાથે ગોળી ખાવી.

પીશાબ બંધ હોય તો—શાગના બી. બબે પાણીમાં ઘસીને પીવાં બબે કલાકને અંતરે ત્રણ વખત પીવાં જેથી પીસાબ છુટે છે.

વૈદ કૃષ્ણારામ અભેરામ જણીયાદરા.

વરાધની દવા—એરંડ તેલ શેર ૦।, એક વાડકામાં લેવું પછી એરંડીયાનો દીવોકરી ભીલામાં નંગ ૧૦ સારાનવા તેલવાળા લેવા પ્રથમ એકેકું ભીલામું સળીયામાં ચોચી દીવે સળગાવી તેના તેલના ટીપાં એરંડ તેલમાં પાડવા એવીરીતે દશે ભીલામાંનું તેલ પાસેર એરંડ તેલમાં પાડી તે એરંડતેલ શીશીમાં ભરીલેવું જે બાળકને વરાધ થઇ હોય તેને રૂા ૦। ભારથી રૂા ૦॥। ભારસુધી પાવું અને પાંચમીનીટ પાણી પાવું નહિ.

દત ખીલનો ઉપાય—દાકતરોથી પણ નહીં મટેલો તે આ દવાથી મટ્યો છે. હીંગસારી ચોખ્ખી લઇ ફુલાવીને શીશીમાં ભરી મુકવી જેને દંતખીલ થાય તેના દાંતે અને પેઢા ઉપર ઘસવી જેથી દંતખીલ તુરત મટી જાય છે.

મુખપાકનો ઉપાય—સોનાગેરૂ, શંખજીરૂ, એલચી, હીમજી હરડે, ફુલાવેલી ફટકી, ચીનીકબાલા, વરીયાળી, ગુલાબનાફુલ, એ બધાને

ાંડી વસ્ત્રગાળ કરી રાખી મુકવું જે રોગીને મોઢામાં ચાંદી પડીહોય ના મોંમાં ભભરાવવું બાળકોને પણ આ દવા સારી લાગુ પડેછે.

લોહી વિકારનો ઉપાય—ફુલાવેલી ફટકી વાલ ૧ને પાણી . શામાં નાખીને ત્રણવાર પીવાથી લોહી વિકાર મટે છે.

સાધુ છગનલાલ ચકુદાસ કેશરીઆ.

તાવની દવા—ધોળાં મરી, છાંયે સુકવેલાં લીમડાના પાન, ીયાતાની પાંદડી, અજમોદ, કડુ, એ બધુ સરખે ભાગે લઇ ખાંડી સ્ત્રગાળ ચુર્ણ કરી, તાવવાળા દરદીને સવાર સાંજ પાણી સાથે લ ત્રણ ખવાડવું. જેથી તાવ જાય છે. જઠરાગ્ની પ્રદીપ્ત થાય છે. ને ઝાડો સાફ આવે છે.

અતીસારની દવા—નાગ કેસર, અતીવીશ, જાવંત્રી, કડા લ, લોધર, ઈંદરજવ, સુંઠ, મોથ, એ બધું સરખે ભાગે લઇ ચુરણ ી, સવાર સાંજ ચાર ચાર વાલ સેવન કરવાથી ઝાડો, મરડો, જીર્ણ, વીગેરે પેટના વ્યાધી મટે છે. પણ રોગીને સવાર સાંજ ધિવ તથા જીરૂં નાખીને છાશ પાવી.

ઉધરસની ગોળી—લવીંગ, આંકડાના સુકારવાઇડાં, અજમોદ, ડાંની છાલ, ખરેશાલ, જવખાર, એ સરવે ચીજ સમભાગ લઈ ાંડી ત્રણ પટ અરડુશીના રસના આપી ગોળી કરી સવાર સાંજ ળી એક આદુના રસ સાથે આપવાથી ઉધરસ, શ્વાસ, કફ વિગેરે ! છે.

રક્તપીત્તની દવા—જેઠીમધ, અરડુશીના સુકાં પાન, નાગ ર, એલચી, વાંસકપુર, ગળોસત્વ એ બધુ સરખે વજને અને કર બધાની બરાબર લઈ ખાંડી વસ્ત્રગાળ કરી વાલ બે દીવસમાં

ત્રણ વાર અરડુશીના રસમાં મધ નાંખી આપવું જેથી જીર્ણજ્વર, ખાંસી ઉધરસ અને પીતવીકાર, ગળફામાં પડતું લોહી વીગેરે મટી જાય છે, અરડુશી નહી મળે તો ગળોનો રસ અને મધ સાથે પાવું.

ગાંધી મૂળજી ત્રીકમ. મુ. મેડા. પોષ્ટ ચોરવડાદરા.

પ્રમેહનો ઉપાય—વડના પાંત્રા મણ ૦ા, ખાખરના પાંત્રા શેર ૧૦, પાણી મણ પોણો બન્નેને ચુલે ચડાવી ઉકાળવું પાણી પંદર શેર રહે એટલે ચુલેથી ઉતારી ચોળી નાંખી ચારણીથી ગાલી લેવું અને ફરીથી ચુલે ચડાવી ઉકાળી ગોળી વળવા જેવું થાય ત્યારે ઉતારી ગોળી ચણાપુરની વાળી રોગીને દીવસમાં ત્રણ વખત આપવાથી ધાતુ ઘટ્ટ થઈ પ્રમેહ નાશ પામે છે. પાંત્રાં લીલા લેવાં.

આંખની દવા—ટકણ તો. ૫, નવસાર સળીવાળો કાચો તો. ૨ા. સુરોખાર તોલો ૧ા ત્રણેને ભેગાં વાટવાથી ખલમાં પાણી થઇ જશે પછી વાટતાં વાટતાં સુકાઇ જાય ત્યારે શીશીમાં ભરી લઇ સળીએ વતી આંખમાં આંજવાથી ઝાંપ, પડળ, નજળો, સારાં થશે એક માસ આંજવાથી આંખ સ્વચ્છ થશે.

વાઇ મૃગીનો ઉપાય—કેશર, કસ્તુરી અને બરાશ એ ત્રણેને ગાયના ઘીમા મેળવી નાકે સુંઘાડવાથી વાઇ મટે છે.

શકતીનો ઉપાય—ધોળી ચણોઠીનું મૂળ લાવી ખાંડી વસ્ત્ર-ગાળ કરી ૩, ૦ા ભાર ફાકી ઉપર ગાયનું તાજું દુધ શેર એક પીએ તો શકતી પુષ્ટી અને બળ વધે છે.

મરડાનો ઉપાય—સુંઠ તોલો ૧, ગોળ તોલો એક એ બન્નેની ગોળી આઠ કરી દીવસમાં ત્રણ વખત ખાવાથી ઝાડો બંધાય છે.

વૈદ શ્રી વસંતીલાલ નંદકીસોર આચાર્ય મહીદપુર (હોલકરરાજ્ય)

શ્વાસ રોગ—કોળાંની જડનું ચુર્ણ બેમાસા દીવસમાં ત્રણવાર મધસાથે ચાટવાથી નવોદમ અને શ્વાસ મટેછે તેમજ લાંબો વખત સેવન કરવાથી જુનોરોગ પણ સારોથાવ છે.

બીજો ઉપાય—કાળામરી તો. પાંચલઇ તેને માટીના વાસણમાં નાંખી સારીરીતે સેકવાં સેકાઈ જાય પછી તેને બારીક પીસી તેની બરાબર સાકર મેળવી દીવસમાં ત્રણથી ચાર વખત એકેક માસો ખાવાથી સરોલાભ થાય છે.

ઉલટી તથા ગભરાટનીદવા—ગળોનું સત્વ તો. ૧ મોતીની સીપની ભસ્મ તો. ૧, કમળનીજડ તો. ૧, વાંસકપુર તો. ૧, કપુરકાચલી તો, ૧ એલચી તો. ૧ બધી વસ્તુને ખાંડી વસ્રગાળ ચુર્ણકરી ગુલાબ જળમાં ઘુંટી ચણાપુરની ગોળીકરી ગોળી ૧ મધ અથવા થંડા પાણીમાં આપવી.

બીજો ઉપાય—સુવર્ણમાક્ષીક ભસ્મ તો. ૧ મોરના ચાંદાનીરાખ તો. ૧ નારીયળના તંતુનીરાખ તો. ૧, નીલોફર તો. ૧, મોથ તો. ૧, કપુરકાચલી તો. ૧, બધી વસ્તુંઓને ખાંડી પાણીમાં ઘુંટી ચણાપુરની ગોળીકરી ગોળી ૧ થી ૩ સુધી રોગનું બળાબળ જેઈ મધ અથવા પાણીસાથે આપવાથી ઉલટી ઘભરાટ ચક્કર વિગેરે રોગો મટેછે.

ગાંધી કચરાલાલ જેહાલાલ પાટણ.

ખસ, ખરજવું, દાદર, કુષ્ટ, વીગેરે ચામડીનાં રોગનો ઉપાય—સરપંખાના બી તો. ૧, કાળી બાવચી તો. ૧, નારીયેળની કાચલી તો. ૧, ઉંટના લીંડા તો. ૧, રગત રોહીડાની છાલ તો. ૧, સીશમનાં છોડા તો. ૧, રતાંજલી તો. ૧, કાળા ધંતુરાના બી તો. ૧,

તલનું તેલ, તો. ૧૬ બધાંને ખાંડી તેલમાં ચાર દીવસ પલાળી ધુપેલ ગાળવાની રીતે પાતાળીયંતે તેલ પકાવવું, ઉપરના રોગમાં પ્રથમ ગરમ પાણીથી નાહીને તેલ ચોળવું. જેથી તાતકાળીક ફાયદો થાય છે.

કમળાનો ઉપાય—સંખને સાત દીવસ છાસમાં પલાળી સુદ્ધ કરવો, તે સંખનો બે આની ભાર ભુકો પાણી સાથે ચાર દીવસ ખવાડવાથી કમળો મટે છે.

પ્લેગનો સાદો ઉપાય—ઘોડાવજ પાણીમાં ઘસીને દીવસમાં બે વાર આપવાથી ફાયદો થાય છે.

કોલેરાનો ઉપાય—સફેત ડુંગળીનો રસ તોલા ૨॥, આમલી તો. ૦॥, સારૂં રસવાળુ લીલામું નં. ૧ લીલામાંનું દીટુ કાઢી બધાને વાટી એકત્ર કરી એકી વખતે પાવું, જેથી કોલેરા મટે છે. શરીરનું બળાબળ જોઈ ઓછું આપવું પડે તો ઓછું આપવું અકસીર ઉપાય છે.

વૈદ્ય પરભુરામ ટીડા. રાજુલા.

વાયુનું ઔષધ—શુદ્ધ વછનાગ ટાંક ૨, લવીંગ ટાં. ૧, પીપર ટાં. ॥, સંચળ ટાં. ૨, સીંધવ ટાં. ૧॥, સાજી ટાં. ૧॥, જવખાર ટાં. ૧॥, સુરોખારો ટાં. ૧॥, મરી ટાં. ૧॥, સઘલી વસ્તુનું ચુરણ કરી લીંબુના રસમાં એક દીવસ ઘુંટી ચણીબોર જેવડી ગોળી કરી, ઉમ્મરના પ્રમાણમાં ગોળી એકથી બે દીવસમાં આપવાથી સઘળી જાતના વાયુ મટે છે.

પ્રમેહનો ઉપાય—ખાટી લુણીનો રસ તોલા બે સાકર તો. ૧॥ નાંખીને પીવાથી પ્રમેહ મટે છે.

બીજો ઉપાય—ખજુરની ત્રણ પીશી પાણી શેર ૦। માં મશલી તે પાણી ગાળી તેમાં સીલાજીત વાલ બે નાંખીને પીએ તો પ્રમેહ જાય.

ત્રીજો ઉપાય—સફેત કાથો તોલા ૨ પાણી શેર ૧ એકમાં ઉકાળી નવટાંક રહે ત્યારે ગાળી પીવું. એવી રીતે દીવસ સાત સુધી રોજ નવું ઉકાળીને પીએ તો પ્રમેહ જાય.

ખીલીનો ઉપાય—માણુશની આંગળીએ ખીલી નીકળે છે તેને સાંન્ત કરવાને સકરકંદના પાંત્રા વાટીને આંગળીએ બાંધવાથી ખીલી મટે છે. પણ અવારનવાર સુકાવા આવે એટલે નવો પાટો બાંધવો એનાથી ભમરો, જામરી વીગેરે દરદો પણ મટે છે. ઉપાય ત્રણ દીવસ લાગુ કરવો.

વૈદ નર્મદાશંકર મોનજી શાણાદર તા. ધોધા.

કસ્તુરીવટી—કેશર તો. ૧, સોનાવરખ તો. ૦।, ચાંદીનાવરખ તો. ૧, પીપર તો. ૦॥, ગંઠોડા તો. ૦॥, અંબરવાલ ૪, કસ્તુરીવાલ ૪, એબધાની આદાના રશમાં ગોળી રતીપુરનીકરી એનાથી ચસકા, ધનુર, બેચેની વિગેરે રોગો મટેછે.

બાલામૃતની બનાવટ—કાકડાશીંગ, અતીવીશનીકળી, પીપર અને વાયેવડંગનું વસ્ત્રગાળ ચુર્ણકરી ખાંડની અથવા સાકરની મધજેવી ચાશણી તેમાં લાલ અગર કેશરીરંગ જે મીઠાઇમાં નાખેછે તે રંગ પુરતોમેળવી ઉપલું ચુર્ણ અંદર ભેળી બાટલીઓ ભરવી.

એકાંતરો તાવ—ધોળા કરોળીઆનું પડ ગોળીકરીને ગળાવવું.

ભાદરવાનો તાવ મામેજવો રૂ ૦॥ ભાર તથા મરીના સાતદાણા ભેગાવાટીને આપવાથી તાવ જાયછે.

નાકમાં પડેલા જીવડા—કાયફળને બારીક વાટીને સુંઘાડવું તથા દુધેલીના પાંદડાનોરસ નાંકમાં નાંખવો અને તેની ચેપલી કપાળ ઉપર મુકવી.

આંચકી—ફુલાવેલો ટંકણખાર ગરમ પાણીસાથે એક વાલપુર પાવાથી શરીર થંડુ પડીગયું હોય તોતે. ગરમ થાયછે તથા આંચકી મટે છે.

વૈદ પ્રભાશંકર વંદ્રાવનદાસ ભટ્ટ ધંધુકા.

તાવનો અકસીર ઉપાર—સોમલ સંખીઓ તો. ૦।, કાથો કુવડીઓ તોલો ૦॥ બન્નેને તાંદલજાની ભાજીના રસમાં ધુટી રાઈ જેવડી ગોળી કરી સવારમાં ગોળી એક સાકર રૂ. ૦॥ ભાર સાથે આપવી જેથી બધી જાતના તાવ જાય છે.

શ્વાસ અને દમનો ઉપાય—કપાસનાં ખાલી કાંલાનો ક્ષાર કાઢવાની રીતથી ક્ષાર કાઢીને તે ક્ષાર વાલ એક ઘી અગર ગોળમાં આપવાથી શ્વાસ, દમ, ગોળો વિગેરે મટે છે.

શરીર ઉપર થતા કરોળીઆ—દેશી દારૂ બંધુકમાં ફોડવાનો પાણી તથા લીંબુના રસમાં મેળવી શરીરે ચોળી તડકે બેસવાથી અને સાબુ ચોળી નાહાવાથી પાંચ, સાત, દીવસમાં કરોળીઆ મટે છે.

રતાંધળાની દવા—કાળા મરીના ઉપરના છોડાં કાઢી નાંખી તુલસીના રસમાં ઘુટી ગોળી કરવી. એ ગોળી રાત્રે મધ સાથે ઘસીને આંજવાથી રતાંધળાપણુ મટે છે.

કમળાનો ઉપાય—ત્રીફલાં, અરડુસા, ગળો, કડુ કરીયાતુ, લીંમડાની અંતર છાલ, સરવણ સમાન ભાગે લઈ કવાથ કરી મધ નાંખીને પીવાથી કમળો, પાંડુ તથા હલીમક રોગ મટે છે.

અફીણનું ઝેર—અરણીનું મુળ પાણીમાં ઘસીને પાવાથી અફીણનું ઝેર ઉતરે છે.

વૈદ્ય મનોહરલાલ કાશીરામ જોધપુરવાળા. મુઃ ધંધુકા.

તાગાદ માટે ગુટીકા—સુદ્ધ કરેલો પારો તો. ૧ સુદ્ધ કરેલો આમળસારો ગંધક તો. ૨, એ બંન્નેને બે દીવસ ઘુંટીને કજલી કરવી પછી તેને ધંતુરાના બીંયાના તેલમાં ઘુંટીને મગ જેવડી ગોળીઓ કરવી તેમાંથી રાત્રે એક ગોળી દૂધસાથે લેવી જેથી ધાતુની વૃદ્ધી કરી શરીરમાં તાકાત આપી સ્થંભન શકતી વધારે છે.

ડાકટર ચંદુલાલ મુકુંદરાય લાબુખાડ પાટણ.

વાયુના ગોળામાટે—સેકેલા કાચકા તો. ૧, સુંઠ, મરી, પીપર મળી તો. ૧૦, સંચળ તો. ૨।।, અજમાના ફુલ તો. ૦।।, બરાશ, તો. ૦।, હીંગ તો. ૧, ઇલ્લમીટના ફુલ તો. ૦।, બધાને ખાંડી પાણીનાખી ખલકરી ગોળી ચણા જેવડી કરી, દીવસમાં ત્રણવાર ત્રણત્રણ ગોળી પાણી સાથે લેવી, જેથી વાયુગોળો મંદાગ્ની, વિગેરે મટે છે.

પક્ષાઘાત—સુદ્ધ ઝેરકચુરા, હીંગ, સીંધવ, પીપર, સુંઠ મરી, હરડેદળ એબધુ સમાન ભાગેલઇ ખાંડી કપડછાણ કરી પાણીનાંખી વટાણાં પુરની ગોળીકરી દીવસમાં ત્રણ વખત ૧–થી ૨ ગોળી પાણીસાથે ખાવી

કર્પુરાદી વટી—અફીણ તો. ૧, બરાશ તો. ૨, હીંગ તો, ૩, મરી તો. ૪, લશણ તો. ૫, બધાને સાથેઘુંટી મરીનાદાણા જેવડી ગોળીકરી કોલેરા, ઝાડો, ઉલટી, ચુંક, વાયુ વિગેરે ઉપર ગોળી ૧થી ૩ દરેકલાકે આપવાથી સારો ફાયદો થાય છે.

ઝાડાબંધ માટે—રાળ, ગાંજો, અફીણ કાથો સમાન ભાગેલઇ વાટી વાલએક પાણીસાથે આપવાથી ઝાડા મરડા જળશ વગેરે મટેછે.

કોલેરા માટે—ઇન્નમીટનાફુલ તો. ૧, કપુર તો. ૧, અજમાના ફુલ તો. ૦ાા, એબધી વસ્તુને એક કાચની શીશીમાં ભરી થોડીવાર તડકે મુકવાથી અર્ક તૈયાર થશે તેમાંથી પતાસામાં કે ખાંડમા ડીપાં ૨ થી ૪ સુધી આપવાથી ચૂંક ઉપટી ઝાડા બંધથાય છે.

ધાતુપુષ્ટીની દવા—મોચરસ, અકલગરો, કાળી મુશલી બહુ ફલી મીઠા ઇંદ્રિજવ, ગોખરૂ, ગળોસત્વ, સુકાં વડગુંદા, કૌંચાં, ઉટંગણુ, બળબીજ, એખરો, ચીનીકબાલા, વાંસકપુર, બાવચી, એ બધી વસ્તુ ચાર ચાર તોલા, અને ગળોસત્વ બે તોલા મેળવી ખાંડી વસ્ત્રગાળ કરી બધા વજનથી દોઢ ઘણી બુરાં ખાંડ નાખી ચુરણ તૈયાર કરવું અને દરરોજ સવારે તોલો ૦ાા ફાકી ઉપર ગરમ દુધ શેર ૦ાા પીવું એ પ્રમાણે બે વખત દવા લેવી જેથી પુરૂષોનો ધાતુ બંધાય તથા સ્ત્રીઓનો પ્રદર રોગ મટી શક્તી આવે.

પ્રમેહ માટે—રેવંચીની, તો. ૧, આમળાં તો. ૦ાા, ધાણાં તો. ૦ા, સુરોખાર, તો. ૦ા, મોટી એલચી તો. ૦ા, મીઠી આવળ તો. ૧ાા. સાકર તો. ૨ પાશાણભેદ ૦ા≈ ભાર, હીમજ તો. ૦ાા, ફુલાવેલી ફટકી તો. ૦ા, કાસની તો. ૦ા, સોનાગેરૂ)≈ આની ભાર, બધી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી પડીકાં આઠ કરવાં. દરરોજ પડીકું ૧ પાણી સાથે લઈ ઉપર દુધ શેર ૦ાા પીવું. જેથી ઈંદ્રીજુલાબ થઈ પ્રમેહ મટે છે.

ખસ માટે—ગંધક, પારો, કપુર, ગુગળ, એ ચાર વસ્તુ સરખે ભાગે લઈ વાટી એક રસ કરી ઘી મેળવીને ચોપડવાથી ગમે તે તે પ્રકારની ખસ હોય તે મટે છે. બળતરા થતી નથી. દવા ચોપડતાં પહેલાં સાબુથી ધોઇને સાફ કરવું.

સાધુ મગનદાસજી રણછોડદાસજી. ધંધુકા.

દમ તથા શ્વાસનો ઉપાય—ધંતુરાના મૂળ તો. ૧. આંકડાના ફુલ તો. ૧, અજમોદ તો. ૧, લવેંગ તો. ૧, અરડુશીના પાન તો. ૧, અઘેડાનો ખાર તો. ૧ પ્રથમ ખાર સીવાયની વસ્તુઓ ખાંડી વસ્ત્રગાળ કરી તેમાં અઘેડાનો ખાર મેળવી દીવસમાં બે વાર આદુના રસમાં વાલ ૧ થી ૨ સુધી ખવાડવો જેથી દમ તથા શ્વાસ મટે છે. તેમજ મધ સાથે આપવાથી ખાંસી મટે છે.

ગુલ્મરોગની દવા—સીંધવ, સંચળ, સુંઠ, હરડે, હીંગ, પીપર, અજમો, જવખાર, વાવડીંગ બધાને ખાંડી વસ્ત્રગાળ કરી સવાર સાંજ તો. ०। ખાવાથી ગુલ્મ, વિશુચીકા, અજીર્ણ મંદાગ્ની વીગેરે મટે ખોરાક હલકો તથા પચે તેવો ખાવો.

માથાનો દુખાવો—કાયફળ તથા કપુર એ બન્નેને બારીક વાટી તપખીરની માફક સુંઘે તો છીંકો આવીને માથું દુખતું સારૂં થાય છે.

આદાશીશીનો ઉપાય—બોરડીનાં મૂળની છાલ, લવેંગ, અજમોદ અને તજ સરખે ભાગે ઘસીને માથાના તાળવા ઉપર તથા કપાળે ચોપડવાથી આદાશીશીનું દરદ મટે છે.

દાઢનો દુખાવો—ફુલાવેલી ફટકી, શેકેલું જીરૂ, કાળીજીરી, લવેંગ, કાથો, ચીનીકબાલા, કપુર, ભોયરીંગણીનાં બી, એલચી, સોનાગેરૂ એ બધી વસ્તુને જીણી વાટી વસ્ત્રગાળ કરી દાતણ કરતી વખતે દાતણને કુચેવતી ઘસવાથી દાઢનો દુખાવો તથા દાંતના રોગો મટે છે.

ચીતભ્રમ વાયુ—અકલગરો, માલકાંગણીનાં બી, પીપર, લવીંગ, પીપરીમુળ, ધોળાં મરી, ઘોડાવજ, એ બધુ સરખે વજને લઈ વસ્ત્રગાળ કરી જુના ગોળમાં ગોળી રૂ. ૦ાા, ભારની કરી સવાર સાંજ ખાય તો ચીત્તભ્રમ વાયુ, ઉન્માદ વાયુ, વીગેરે વાતવ્યાધી મટીને ઉંઘ આવે છે

વાઈ ફેફરૂ—ઘોડો જ્યારે પુષ્કળ દોડે છે ત્યારે તેને પસીનો થાય છે. તે પસીનો તેની ઇંદ્રીની આજુબાજુનો રૂનાં પોતાં વતી લુછી શીશીમાં નીચોવી રાખવો. જ્યારે કોઇને વાઇ આવે ત્યારે તેનાં મોમાં તે શીશીમાંથી એક ટીપું મુકવું જેથી તુરત આરામ થાય છે.

સ્ત્રીને ગર્ભ છે કે નહી—મધ ખરૂં તોલા ચાર તથા પાણી તોલા ચાર બન્નેને ભેગું કરીને સ્ત્રીને પાવું જો ગર્ભ હશે તો પેટમાં ટકશે નહી. અને જો ગર્ભ નહી હોય તો એ વસ્તુ પચી જાય.

સંતાન થશે કે નહી—સ્ત્રીને રૂતુ આવે અને જ્યારે નાહે તે દીવસે ચોખ્ખુ મધ તોલા પાંચ સુર્યની સામાં ઉભી રાખીને પાવું જો પેટમાં દુખે તો સંતાન થાય, અને નહી દુઃખે તો સંતાન નહીં થાય.

અટકાવ બંધ કરવાનો ઉપાય—બોરડીની લાખ અને જુનો ગોળ એ બન્ને વસ્તુ સમાન ભાગે લઈ ચોખાના ધોવણ સાથે પીએ તો સ્ત્રીને અટકાવ આવતો બંધ થાય.

વૈદ ધનેશ્વર નાગેશ્વર માહામહોપાધ્યા. મંગળેશ્વર, ભરૂચ.

સનિપાતનો ઉપાય—પારો તો. ૧, ગંધક તો. ૧, સોમલ તો. ૧, હડતાલ તો. ૧, હીંગલોક તો. ૧, બધું સુધ કરેલું લઇ વાટી તેને દેડ ઉમરડાના દુધમાં ઘુંટી ટીકડી કરી કોડીયામાં સાત કેપડ મટી કરી સુકવી છાણાં નંગ ૫૦) નાં અગ્નીમાં મુકી તાપ

આપી થંડુ થયે કાઢવાથી કાળા રંગની દવા તૈયાર થશે, તેમાંથી રતી ાા, આદુ અને મધમાં આપવાથી તુરત ફાયદો થાય છે. પરેજીમાં મીઠું તથા તેલ બંધ કરવું ખોરાકમાં ઘઉં, બાજરી, જુવાર ખાવી ગરમી થાય ત્યારે ઘી તથા કાંજી આપવી તે સીવાય બીજું આપવું નહી.

કર્પુર સુંદર ગુંટીકા—કપુર, જાયફળ, જાવંત્રી, કનકબીજ, સમુદ્ર શોસનાં બી, અકલગરો, ત્રીકુટ, ચોપચીની, કાચકાનો ગર્ભ, એ બધું એકેક ભાગ સુદ્ધ ભાંગ તોલા પાા) અફીણ તો. પાા, સુદ્ધ વછનાગ તો. ૨ાા બધાને ખાંડી ભાંગરાના સ્વરસની ભાવના આપી યોગ્ય માત્રા પાણી સાથે આપવાથી, શીતવાત, કળતર, તોડ, સંગ્રહણી, ઝાડા, કોલેરા, તાબડતોબ આરામ થાય છે.

વરાધ સંહારણી—કસ્તુરી તથા કપુર એક ભાગ, લવેંગ બે ભાગ, મરી પીપર, બેહેડા કઠ, અડધો ભાગ, દાડમની છાલ ચાર ભાગ બધાનું ચુર્ણ કરી કાથાના પાણી સાથે ઘુંટી ગોળી મગજેવડી કરી ગોળી ૧ થી ૨ ખાવાથી દમ, ઉધરસ તથા વરાધને આરામ કરે છે.

વૈદ મણીલાલ છોટાલાલ શોની, ઇડોલા

આરોગ્ય વર્ધની—પારો, ગંધક, લોહભસ્મ, તામ્રભસ્મ અબરખ ભસ્મ, એ પાંચવસ્તુ એકેક તોલો લેવી ત્રીફલાં તો. ૬, સીલાજીત તો. ૩, ગુગળ, તો. ૪, ચીત્રો તો. ૪, અનેબધી વસ્તુઓના વજન બરાબર કડુ બધી વસ્તુનું બારીક ચૂર્ણકરી પારાગંધકની કનલી મેળવી લીમડાના રશમાં ઘુંટી ગોળી વાલપુરની કરવી અને દીવસમાં બેથી ત્રણવાર ગોળી ૧-થી ૨ લેવી જેથી ઉદરરોગ, પાડુ, સોજા, સુવારોગ યકૃત વિગેરે મટેછે.

કંપવાયુ તથા નબળાઈ માટે—ગુગળ તો ૭, સુદ્ધ ઝેરકચૂરા તો. ૩, લોહભસ્મ તો. ૧ કાલાંમરી તો. ૧, બધી વસ્તુંને મોટીહરડેના ઉકાળાનાં, ત્રણપટ આપી વાલનાદાણા જેવડી ગોળીકરી બેગોળી દીવસમાં ત્રણ વખત આપવાથી સુક, અજીર્ણ, ધાતુજવી, વાયુના વિકારો, વગેરે યોગ્ય અનુપાનથી મટેછે.

હેડકી માટે—અશાળીઓ તો. ૫, એકસેર પાણીમાં એક દીવસ પલાળી પછી ગાળીને દીવસમાં ચાર. પાંચ, વખત ચારચાર તોલા પાવાથી ભયંકર વેગવતી હેડકી મટેછે.

તાવ—કરોળીઆનું ધોળુપડ ગોળસાથે ગોળીકરીને ગળવાથી ચોથીઓ, અકાંતરો, તાંડીયો, અને રોજનો તાવ જાયછે.

અમ્લપીત—અમ્લપીતથી થતો છાતીમાં દાહ સોડાબાઇ કાર્બ દીવસમાં ત્રણ વખત બબેવાલ પાણીસાથે ખાવાથી દાહ મટીજાય છે.

વૈદ ધીરાબાવા ગુમાનબાવા. મુ. **સણીયા**, પોષ્ટ **સચીન.**

સુતરાજ રસ—પારો, ગંધક, વછનાગ, મરી, પીપર, સુંઠ, અકલગરો, જાયફળ, જાવંત્રી બધુ સરખે ભાગે લઈ પારા ગંધકની કજલી કરી પછી બધુ સાથે ઘુંટી, ચેવલી પાનના રસમાં ગોળી વાળી બાદી, અજીરણ, આફરો, કફ, પીત્ત, ઉલટી, તાવ, ત્રીદોશ વિગેરે રોગોમાં યોગ્ય અનુપાન સાથે રોગીની શકતી પ્રમાણે આપવાથી સરો ફાયદો કરે છે.

પીત્તાજ્વરની દવા—મોરથુથુ, ટંકણખાર, પારો, ગંધક, વછનાગ, ખાપરીયું, હરડદેળ, બધાને ઝીણું વાટી કારેલીના રસમાં ગોળી ચણોઠીપુરની કરી, સાકર, જીરૂ. અને કરીયાતુ વાટી તેના

પાણી સાથે મોટા માણસને બે ગોળી અને બચ્ચાંને એક ગોળી આપવી જેથી તાવ જાય.

રામબાણ રસ—પારો, ગંધક, મરી, લવેંગ સરખે ભાગે લઈ વાટી કાચી આમલીના રસમાં ખલી ગોળી ચણાપુરની વાળી પાણી સાથે આપવાથી વાયુની સંગ્રહણી મટે, ગરમીની સંગ્રહણી હોય તો અલુનાં છોડા સાથે આપવી અને એક વેળ ચણા જેટલા જાયફળ સાથે આપવી જેથી અજીર્ણ, ખાંસી, સંગ્રહણી, લોહીવાળા ઝાડા સારા થશે નડતી વસ્તુ ખાવી નહી. અનુભવ સીદ્ધ છે.

વાવળીની દવા—વખમો એક ચોખાપુર પાણીમાં ઘસીને ૭ માસનાં બાળકને પાવો. ઉમ્મરના પ્રમાણમાં વધારે ઓછો વૈદે વિચાર કરીને આપવો કારણ ઝેરી છે પણ ગુણ તુરત અને ચમત્કારીક રીતે કરે છે. મારો અનુભવેલો છે.

નિલકંઠ રસ—મોરથુથુ તો. ૧, લવેંગ તો. ૧, હીમજી હરડે તો. ૪, કાથો તોલો ૧, એ બધી વસ્તુને દરરોજ બે કલાક તાજો લીંબુનો રસ નાંખીને ખલવું. એવી રીતે દરરોજ નવો રસ નાંખીને એક માસ સુધી ખલીને ગોળી ચીણીબોર જેવડી કરી સવારે તથા સાંજે ગોળી એક પાણી સાથે ખવાડી ઉપરથી તેલમાં તલેળી પુરી તથા કાંદાના ભજીયા પુષ્કળ મરચાં નાખીને ખવાડવાં કદી કોઇને ગભરામણ થાય તો ઉપર તેલના ભજીયાં ને પુરી ખાવાં જેથી પ્રમેહ જલદી સારો થશે પરેજીમાં દુધ ગળપણ બીલકુલ ખાવું નહી ખાસે તો રોગ વધી જશે.

સર્વ જ્વર નાસક ગુટીકા—સોમલ, સંખીયો, હીંગલોક, વછનાગ, ટંકણખાર, લવેંગ, એ વસ્તુ સરખે ભાગે લઇ વાટી બક-

રીના દુધમાં ટીકડી કરી દેવતા ઉપર ધીમી આંચે સેકી શરશવના દાણાં જેવડી ગોળી કરી તાવની પ્રકૃતી પ્રમાણે અનુપાન સાથે આપ-વાથી ઘણી જાતના તાવ મટે છે.

જ્વરાંન કુશ—સોમલ તો. ૧, કાથો તો. ૪, બન્નેને લીંબુના રસમાં સારી પેઠે ઘુંટી ગોળી બાજરીના દાણાં જેવડી વાળી ઘીનો હાથ દઇ અનુપાન ફેરવી, તાવ, ત્રીદોશ, સન્નીપાત, વાયુ વિગેરે ઉપર સારો ફાયદો કરે છે. પરંન્તુ તેલ ખટાસ, વાયડી વસ્તુ ખાવી નહી. દુધ તથા ઘીનો ખોરાક રાખવો કારણ ગોળી સખત છે માટે વૈદ બંધુઓ વિચાર કરીને વાપરશે.

બ્રહ્મચારી, આત્મરામ ત્રીવેદી, નર્મદા પ્રકંમાવાસી.

સરસ્વતી ચુર્ણ—બ્રાહ્મી છાંયે સુકવેલી તો. ૫, સંખાવળી છાંયે સુકવેલી તો. ૫, માલકાંગણી તો. ૫, અકલગરો તો. ૫ સુઠ તો. ૫, અનીસુન તો. ૧, ઉનાબ તો. ૧, ગાવજુબાન તો. ૧, લવંગ ૧, ખુરાસાની વજ તો. ૧, એલચી દાણા તો. ૧, બધી વસ્તુને ખાંડી કપડ છાણ કરી, દરરોજ સવાર સાંજ બે આની ભાર ઘી સાકરમાં ખાવાથી મગજની નબલાઈ, ઉન્માદ, ચકરી, ભ્રમ, બુદ્ધીની મંદતા, મટી ધારણા શક્તી અને સ્મરણ શકતી વધી મગજ પુષ્ટ થાય છે. ખાસ અનુભવેલું છે.

એક દીવસમાં તાવ જાય—રવીવારને દીવસે સફેત ધંતુરો લાવી પુરૂષને ડાબે હાથે બાંધે અને સ્ત્રીને એથી ઉલટું બાંધે તો તાવ જાય.

ખરતા વાળ અટકે—બાળેલો હાથીદાંત બેટીનાં દુધમાં વાટી તેમાં રશવંતી ચણાપુર નાંખી લેપ કરવાથી વાળ ખરતા અટકે અને વધે છે.

વાળ વધવાનો ઉપાય—ઘોડાની લાદ અને અને તલનું તેલ એ બંન્નેને ચુલા ઉપર મુકી તેલ પકાવી માથે ઘસેતો વાળ વધે છે.

જટીલી ઉપાય તાવ ઉતારવાનો દોહરો

કુકરમુત્ર મૃતિકા, લાવે ગોળી કરકે ધુપ સુકાવે,
જુહીકો તનકો તાપ સતાવે, તાકે ઘરમે ગોળી બાંધે.
બાંધે ગોળી તાપ મીટજાવે, ચંગાહોય ચીત સુખપાવે.

વાળો—એળીઓ, હીંગ, અરીણુ, ખણુતરની હગાર, બધી વસ્તુ સરખે ભાગે લઇ અરીઠાનાં પાણીમાંવાટી વાળા ઉપર ચોપડી તેના ઉપર આંકડાનું પાત્રુ બાંધવાથી, ૨૪ થી ૩૬, કલાકમાં વાળો આખો નિકળી પડે છે ઘણાં માણસને મટયુ છે.

સીતજ્વરનો ઉપાય—જેને ટાઢીઓ તાવ આવતો હોય તેને કાળો વછનાગ પાણીમાં, ઘસીને જમણા હાથની અનાભીકાનાં મણી-બધ ઉપર ચોપડી ભીનો પાટો બાંધવો, આ ઉપાય તાવ આવતા પ્હેલાં અડધા કલાક અગાઉ કરવો, જેથી તાવ આવતો અટકી જાય છે. ઉપાય દરદીથી ગુપ્ત રાખવો.

પ્રમેહ—હજારી ગલગોટાનું એક ફુલ અને બે વાલ જાયફળ માંડી ફાકી મારવાથી પ્રમેહ મરે છે.

માથાના વાળ વધારવાનો ઉપાય—હાથીદાંતને એક બંધ ાલડામાં ઘાલી ધુમાડો નીકળે નહીં એવી રીતે બાળવું, પછી આમ-ાનું પાણી કરી તેમાં ઉપરનો બાળેલો દાંત નાંખી ઘુંટી રાત્રે વાળ પર ચોપડીને સુવુ, સવારમાં પાણીથી વાળ ધોઈ નાંખવા આવી તે થોડા દીવસ કરવાથી વાળ વધે છે.

વૈદ નટવરલાલ પુરૂષોતમ પંડયા. નાની ટંક્ષાટીપોળ, **નડીયાદ**

આંખની દવા—લીંબુનો રસ શેર પા, દુધની સાકર રં
રાતી સ્વદેશી આવે છે તે અધોળ, બન્ને વસ્તુને એક તાંબા
વાસણમાં નાખી ધીમી અગ્ની ઉપર મુકી મધ જેવી ચાશણી કં
થંડી પડે શીશીમાં ભરવી તેમાંથી સવાર સાંજ મેશની માફક આંજ
વાથી ફુલાં, છારી, મોતીઓ, ઝાંખ વિગેરે આંખના રોગો ઉપ
ઘણું સારૂં કામ કરે છે.

સંગ્રહણીની દવા—જાંબુડાની અંતર છાલ લાવી નાના કટ
કરી એક કલેડીમાં નાખી પાણી બળતા સુધી શેકવી પછી છાય
મુકી સુકાય ત્યારે ખાંડી વસ્ત્રગાળ કરી દરદીને સવાર સાંજ જમ
પ્હેલાં તો. ૦ા, અધોળ દહીંમાં ખવાડવી અને ઝાડો કબજથાય ત્યા
બંધ કરવી પણ એ દવામાં મીઠાની સખત પરેજી કરવી ખોરાક મી
વગરનો ખાવો જેથી સોળઆના ફાયદો થાય છે. હમે વીસ વરસ
વાપરીએ છીએ અને હજારો સરટીફીકેટ મળેલાં છે.

સ્ત્રીને રૂતુ આવવાનો ઉપાય—ખોડીઓ કલાર લાવી સુક
ખાંડી રૂ. ૦ા, ભાર તથા સાકર રૂ. ૦ા, ભાર મેળવી ફાકી ઉ
ગરમદુધ, અથવા ગરમ પાણી પાવું જેથી રૂતુ સાફ આવશે.

પુરૂષો માટે શકતી અને પુષ્ટીની દવા—અકલગરો તો. ૧
જાયફળ તો. ૦ા. જાવંત્રી તો. ૦ા, તજ તો. ૦ા, લવેંગ તો. ૦
આશન તો. ૦ા, સતાવરી તો. ૨, ગોખરૂ તો. ૩, ધોળીમુસળી તે
૩. શાલમ પંજાબી તો. ૫, સુંઠ તો. ૦ા, મરી તો. ૦ા, કેશર તે
૧, ભાંગ તો. ૦ા, ગંઠોડા તો. ૦ા, રૂમીમસ્તગી તો. ૦ા, વાંસકપ
તો. ૧, શીંગોડા તો. ૧, કવચબીજ તો. ૧, કાંશકીનું મૂળ તો. ૧

એખરો તો. ૧, નગોડના બીજ તો. ૧, મોચરસ તો. ૧, બહુફલી તો. ૧, સીલાજીત તો. ૨, અભ્રકભસ્મ તે. ૧, પ્રથમ છેલ્લી બેવસ્તુ બાદકરી બાકીની વસ્તુ ખાંડી વસ્ત્રગાળ કરી પછી સીલાજીતને નટાંક પાણીમાં ઘુંટી ઉપલા પાણી સાથે મેળવી છાયે સુકવી પછી અભ્રક ભસ્મ નાંખીને સારી પેડે, છુટી બાટલીમાં ભરવું, અને દરરોજ સવારે દવા તો. ૦॥, મધમાં મેળવીને ચાટવી અને ઉપર અડધો શેર દુધ સાકર નાંખી ઉનું કરીને પીવું પરેજીમાં ખટાસ બીલકુલ ખાવી નહિ જેથી શકતી પુષ્ટી બળ પુરૂસત્વ આપી વિર્યની વૃદ્ધી કરે છે.

વૈદ ઉમેદરામ મગનલાલ નાગરવાડા, **નડીયાદ**

મૃગીવાયુનો ઉપાય—માણેક રસ વાલ ૧, માલકાંકણું વાલ ૦॥, કેશર વાલ ૦॥, એનું એક પડીકું કરી મધ સાથે ચટાડવું, તેમજ વાંદરાની હગાર એક આની ભાર મધ સાથે આપવાથી મૃગી મટે છે.

જીવ્હા સ્થંભે—હળદર, ખોરાશાનીવજ, ઉપલેટ, પીપર, સુંઠ જીરૂ, અજમો, એ બધી વસ્તુ બેઆની ભાર લઇ વાટીમધ સાથે ખાવાથી જીવ્હાસ્થંભ વાણીબંધ, મુંગાપણું મટે છે.

ચીંતાંમણી ચુર્ણ—રાસ્ના, બળબીજ, પદમક, દેવદાર ત્રીફલા ત્રીકટુ, વાવડીંગ, એ બધી વસ્તુ સરખે ભાગે લઇ ઘી અને મધમાં આપવાથી શ્વાસ, ઉધરસ મટે છે.

પારસી વૈદ અરદેશર કાવશજી દાદાચાંદજી નવસારી **સાંગાવાડ**

મધુમેહનો ઉપાય—જરવાસાનું ચુર્ણ બેઆની ભાર, બદામ સેકેલી નંગ ત્રણ, એલચી, શેકેલી નંગ ત્રણ, બધાને ભેગુવાટી મધમાં ચાટવાથી મીઠો પરમીયો મટે છે.

ગર્ભના છોડનો ઊપાય—રાયણના ? ની છાલનું બારીક ચુર્ણ દીવસમાં બેવાર તો. ૦I, દુધસાથે ખાવર્થા છોડ પાલવે છે.

સંધી વાયુનું તેલ—અજગનના મુળીયાં, લોધર, જાયફળ, સુંઠ, લવેંગ, તજ, કપુર, કપુરકાચલી, જાવર્ત્રી, અજમો, ત્રણે જાતનો દીકામાલી, બધી વસ્તુ એકેક તોલો લઇ પાણીશેર પાંચમાં એક દીવસ પલાળી મુકી બીજે દીવસે ચુલે ચડાવી ઉકાળી પાણી ચોથેભાગે રહે ત્યારે ઉતારી ગાળી તેમાં તલનું તેલ શેર ૦II, તથા ખાંખણુ શેર ૦I, નાંખી પાછું ચૂલે ચડાવી ઉકાળો બળીજાય અને તેલ રહે ત્યારે ઉતારી, તે તેલ શરીરપર ચોળવાથી સંધીવાયુ લખવો વિગેરે મટે છે.

બરોળનો ઊપાય—કાગદી લીંબુનો રસ શેર એક બાટલીમાં ભરી તેમાં સોય સીવવાની નગ ૨૦૦) નાંખીને મજબુત બુચમારી સીલકરી ઉકરડામાં ત્રણમાસ સુધી દાટી મુકવી એટલે સોય ઓગળી જસે પછી તેમાંથી સવાર સાંજ તો. એક પીવાથી બરોળ મટે છે.

દમેશ્વર—થોરનાં રાતાં ડીંડવા શેર ? જેઠીમધના પાલાનો રસ શેર ૧, બંન્નેને એક હાલ્લામાં ભરી કપડ મીટડરી અડાયા છાણાનો ગજપુટ આપી સીતળથાય ત્યારે કાઢી વાટી આદુના રશનો એક પટ આપી વાટી સુકાયા પછી વાલ બે મધ સાથે ખવાડવાથી શ્વાસ, ખાંસી, દમ વિગેરે મટે છે.

સંગ્રહણીનો ઉપાય—ત્રીફલાનું ચૂર્ણ તોલો એક, બોરડીની લાખ બેઆની ભાર, બન્નેને ભેગું કરી પાવલી ભાર પાણી સાથે સવાર સાંજ ખાવાથી ઝાડા સંગ્રહણી અતીસાર મટે છે.

આંખને માટે સુરમો—કાળો સુરમો તોલા ૨, બરાશ તોલા ૨, લીંબુનો રસ તોલા દશ નાંખીને ખલવું, સુકાય એટલે રતનજોતનો

રસ નાંખીને ખલવું અને તે સુકાય, એટલે કેળના પાણીમાં ખલવું અને છેલ્લે લીમડાના રસમાં ખલીને સુકવવું બધી વખતે છાંયેજ સુકવવું, સુરમો તૈયાર થાય તેમાંથી આંખમાં આંજવાથી આંખનાં તમામ રોગ જાય.

ઝાડા ઉલટી અને કૃમી—ખાટાં દાડેમનો રસ તોલો એક અને ફુદનાનો રસ તોલો એક ભેગાં કરીને પાવાથી ઝાડા ઉલટી અને કૃમી મટે છે.

ગરમીનો જુલાબ—ધમાસો ટાંક ત્રણ, ગોખરૂ ટાંક ત્રણ અને કડવા સેકટાનું મૂળ ટાંક ત્રણ ઉકાળીને પાવાથી રસકપુર પારા વિગેરેની ગરમી મટે છે.

સસણી તથા વાવળી—મેદા ખાંડ ચપટી એક, તથા તલના તેલનું ટીપુ એક બન્નેને મેળવી બાળક જનમે કે તુરત ચટાડી દેવું જેથી તે બાળકને સસણી કે વાવળી થતીજ નથી.

ગોવર્ધનભાઈ સોમાભાઈ દલાલ, પીજ. વાયા નડીઆદ.

ઉધરસ ઉપર—સંખ ભસ્મ સારી એક ગુંજા ભાર, નાગરવેલ નાં પાનમાં આપવાથી સાધારણ ઉધરસ અને ખાંસી મટે છે.

જુલાબની દવા—સુદ્ધ નેપાલાની મીંચ નંગ ૧૦૦, મીઠી આવળ તોલા ૧૦, હીમજ તોલા ૫, સીંધવ તોલા ૨॥, સુંઠ તો. ૨॥, નીસોતર તોલા ૨॥, મરી તોલા ૨, સઘળી વસ્તુને બારીક ખાડી વસ્ત્રગાળ કરી, મોટા માણસને એક આની ભારથી બે આની ભાર સુધી ગોળના પાણીમાં આપવાથી ત્રણ, ચાર, દસ્ત સાફ આવશે, દસ્ત વધારે થાય તો. ખીચડીને ઘી ખાવું.

મ્હોડું આવ્યું હોય તેની દવા—સુના ગેરૂતોલા ૪, ફુલાવેલી લાલ ફટકી તો. ૪, ટંકણખાર ફુલાવેલો તો. ૨, મોરથુથુ ફુલાવેલું તો. ૨, બધાને ભેગું વાટી વસ્ત્રગાળ કરી, મોંઢામાં ઘસી મોઢું ગળતું મુકવાથી અવાળું ફુલ્યું હોય, અગર મોઢું આવ્યું હોય તે સારૂં થાય છે.

આર્યવૈદ શાકળચંદ ભુલાભાઈ ચુડગર, સીંધુસીપોળ-**નડીયાદ.**

બુદ્ધીવર્ધક ગુટીકા—સુંઠ, મરી, પીપેર, ગંઠોડા, અઘેડાનું મૂળ, બ્રાહ્મીનાં પાન, એ દરેક વસ્તુ સરખે ભાગે લઈ ખાંડી ગોળમાં ગોળી ચણીબોર જેવડી કરી સવાર સાંજ ગોળી એક ગરમ દુધ સાથે ખાવાથી યાદ શકતી વધે છે.

ઉધરસ તથા દમનો ઉપાય—હરડાં, બેડાં, આમળાં અકેક તોલો, ફુલાવેલો ટંકણખાર તો. ૨, જવખાર તો. ૨, બધાને ખાંડી પાનના રસમાં રતીપુરની ગોળી કરી મોટા માણસને ટંકે બે ગોલી અને નાનાને એક આપવાથી ઉધરસ, દમ, ખાંસી વિગેરે મટે છે. ચોમાસામાં ચુર્ણ મધમાં આપવું.

વરાધની દવા—ફુલાવેલા ઘાપણમાં થોરીયાનાં પાનનો રસ અથવા દુધ રેડી છાંયે સુકવી વાટી શીશીમાં ભરી બાળકને સવાર સાંજ એક રતીપુર યોગ્ય અનુપાન સાથે આપવાથી વરાધ મટે છે.

જ્વરહર ગુટીકા—હરડે, કોલમ, કરીયાતુ, કાલીજીરી, અતિવીશની કળી, પીતપાપડો, એળીઓ, કાળામરી, મોથ, વાળો, નિસોતર, પીપર એ બધી વસ્તુઓ સરખે ભાગે લેવી અને એનાથી બમણું કરીયાતુ લઈ બધાને ખાંડી વસ્ત્રગાળ કરી પછી કાળીદ્રાક્ષને પાણીમાં

વાટી તેમાં ચુર્ણ મેળવી એકત્ર કરી ચણીબોર જેવડી ગોળી કરી દીવસમાં બેથી ત્રણ વાર ખાવાથી બે ત્રણ દીવસમાં મમે તેવો તાવ જાય છે.

પાણી વિકારના ઝાડા થતા હોય તેનો ઉપાય—અફીણ તો. ૧, કેશર તો. ૧, લોહભસ્મ બેઆની ભાર; બધાની પાનના રસમાં મગ જેવડી ગોળી કરી દીવસમાં બે ગોળી છાશના પાણીમાં ખવાડવી. ઘઉં, ઘી તથા ભારે વસ્તુ ખાવી નહી.

ઝાડો બંધ થવાની દવા—અકલગરો, સુંઠ, લવેંગ, કેશર, જાયફળ, જાવંત્રી, સુખડ, એ વસ્તુ એકેક તોલો, અફીણ તોલા ૪, અને બધાથી બમણું બીલીનું ચુર્ણ નાખી, પાણીમાં ઘુટી ગોળી ચણાપુરની કરી, ઉપર પ્રમાણે છાશ સાથે આપવાથી ઝાડાના રોગ મટે છે.

પ્રમેહારી ગુટીકા—હળદર, રૂમી મસ્તગી, પાષાણભેદ, સંખ જીરૂ, એ બધું સરખે ભાગે લઇ સુખડના તેલમાં, ગોળી ચણી બોર પ્રમાણે વાળી સવાર સાંજ સાકરના પાણી સાથે લેવાથી પ્રમેહ મટે છે.

ધાતુપુષ્ટીક ગુટીકા—કાળા ધંતુરાના ફળમાં, જાયફળમાં અફીણ ભરી, ને વચમાં મુકી, આજુબાજુ લવેંગ દાબીને ભરવાં, અને ફળને બંધ કરી, ઉપર ચાર કપડમીટ કરી દેવતામાં બાફી, કપડમીટ કાઢી, ખલમાં નાખી ઝીણું વાટી ચણાપુરની ગોળી કરી, સવાર સાંજ ધારોષ્ણ દુધ સાથે ખાવાથી ૨૧ દીવસમાં નપુંસક મરદ થાય. પથ્યમાં ઘી, દુધ સારી પેઠે ખાવું.

વાયુને માટે તેલ—તેલ શેર ૧, પાણી શેર ાાા, પાસેર કાળા ધંતુરાનાં બી, એક તોલો વછનાગ એ બધાને દેવના ઉપર મુકી, પાણી બળી જાય, અને તેલ રહે ત્યારે ગાળી શરીરે ઘસવાથી વાયુ મટે. તેમજ ઇંદ્રી પર માલીસ કરવાથી ચૈતન્ય પ્રાપ્ત થાય.

વૈદ્ય ભાણજી નેથુ ઠાકોર બજાણાદરવાજે પાટડી

શકતીની ગોળી—અફીણ, અકલગરો, ભાંગ, સાકર, ચીનાઇકપુર લવીંગ, જાયફળ, જાવંત્રી, બધુ સરખે ભાગે લઇ મધમાં ઘુંટી ચણોઠી જેવડી ગોળીકરી રાતે ગોળીએક ખાઇ ઉપર એકશેર દુધપીવું, જેથી શકતી આવે છે.

કોલેરાનો ઉપાય—અફીણગ્રેન, ૧૮, હીંગગ્રેન, ૧૮, એની બારગોળી કરી અર્ધા, અર્ધા કલાકે એકેકી આપવાથી કોલેરો મટે છે.

ઉંઘ લાવવા માટે—અફીણ વાલ ૧૨, તુખમેકાહુ વાલ ૩૦, કાળામરી વાલ ૩૦, પીપર વાલ ૩૦, સુંઠવાલ ૩૦, એ બધી વસ્તુની ગોળી બાવળના ગુંદર સાથે એકેક વાલની ગોળી કરી રાત્રે ખાવાથી ઉંઘ આવે છે.

દાદરની દવા—અફીણ, ખડીયોખાર, સુખડ, એ ત્રણ વસ્તુ લીંબુનાં રસમાં ચોપડવાથી દરાજ મટે છે.

સળેખમ—અફીણનો અર્ક ટીપાં ૨૦, પાણીના મોટા ગલાશમાં પાણીભરી તેમાં મેળવી તે પાણી ધીરે ધીરે કલાકમાં પુરૂ કરવું જેથી સળેખમ મટી જાય છે.

શરીરની તાકાત ગોળી—અફીણ તો. ૦॥, કસ્તુરી તો. ૦॥, લવીંગ તો. ૩, કેશર તો. ૧, જાયફળ તો. ૨, ભાંગ તો. ૨, સાકર શેર ૦।, બધાને પાણીમાં ઘુંટીને વટાણા પુરની ગોળીકરી સવારસાંજ એકગોળી ખાઇ ઉપર અડધો શેર દુધપીવું ગરમી જણાય તો લીંબુનું સરબત પીવું આ ગોળી તાકાદ વાધરે છે.

વૈદ સાધુરામજી જોધપુર-મારવાડ.

સાધુરામ પીલ્સ—પારો તો. ૧, ગંધક તો. ૧, મનસીલ તો. ૧, સેકેલા ઝેરકચુરા તો. ૧, સુઠ તો. ૧, ફુલાવેલી ફટકી તો. ૧, ટંકણ ફુલાવેલો તો. ૧, વછનાગ સુદ્ધ તો. ૧, બધાને ખાંડી પારાગંધક નીકજલી કરી તેમાં મેળવી ઘુટી પાણી નાંખી ગોળી મરી પુરની વાળી સઘળા તાવમાં, રોગનો વિચાર કરી યોગ્ય અનુપાન સાથે અથવા પાણી સાથે આપવાથી તાવ જાય છે.

સીતાપલાદી અવલેહ—પીપર માસા ૬, એલચી માસા ૫, વાસકપુર માસા ૫, ગળોત્સત્ર માસા ૪, સોનાના વરખ માસો ૧, લોહસાર માસા ૬, બધાને ઘુટી મધમાં મેળવી અવલેહ કરી યોગ્ય માત્રાએ ચાટવાથી કાસ શ્વાંસ વિગેરે મટે છે.

શ્વાસ કુઠાર રસ—પારો તો. ૧, ગંધક તો. ૧, જવખાર તો. ૧, સાજીખાર, તો. ૧, ખેરશાળ તો. ૧, મરી તો. ૧, સંખભસ્મ તો. ૩, ટંકણખાર તો. ૩, સીંધવ તો. ૨, પ્રથમ પારાગંધકની કજલી કરી તેમાં બીજી વસ્તુ મેળવી ઘુટી બળાબળ જોઈ મધ સાથે રતી ૨થી ત્રણ સુધી આપવાથી ખાંસી શ્વાસ કાસ, વીગેરે મટે છે.

ખાંસીનો ઉકાળો—જેઠીમધ, એલચી, ગળો, વરીયાળી, સૂંઠ, ભોયરીંગણી, અરડુશો, બધાને સોળ ઘણા પાણીમાં ઉકાળી થંડુ પડે ગાળી થોડા સીંધવ નાંખીને પીવાથી ખાંસી શ્વાસ મટે છે.

ગરમીનું હીમ—ઉનાબ, સાથરા, ગાવજુબાન, બનફસા, નિલોફર કાશની, ગુલાબના ફુલ, લીંમડાની ગળો, વરીયાળી, ચીની-કબાલા, સોનામકી, ગરમાળો, ખજુર બધી વસ્તુ સરખે ભાગે લઈ, ઓખરી કરીને દરરોજ રાત્રે ત્રણ રૂપીઆ ભાર માટીની હાંલ્લીમાં

પલાળી સવારે હાથે વતી મશળી કપડાથી ગાળીને ઠંડુ પીવું એવી રીતે સવાર સાંજ દીવસ સાત પીએ તો ગરમીથી રહી ગયેલા સાંધા મટે તેમજ સઘળી જાતની ગરમીને દુર કરે.

ઉદર રોગની દવા—અજમો તો. ૭, કાળા મરી તો. ૭, સીંધવ તો. ૨, સંચળ તો. ૨, બીડલુણ તો. ૨, શાંભરલુણ તો. ૨, જવખાર તો. ૨, હળધ તો. ૨, બધાને ખાંડી વસ્ત્રગાળ કરી ઇંદ્રવરણું સારૂં પાકુ લઈ તેની ઉપર કાણું પાડી ઉપલું ચુરણ ધીરે ધીરે અંદર કોઇ વસ્તુથી દાબી દાબીને ભરવું એકમાં નહીં માય તો બે ત્રણ લેવાં પછી તે ઇંદ્રવરણાં ઉપર કમટમટી કરીને બકરીની લીંડીની ભરશાડમાં ઘાલીને પકવવું જ્યારે ઉપરથી લાલ થાય ત્યારે થંડુ પડે બધાને ખાંડી ચુરણ કરવું અને ઉના પાણી સાથે દીવસમાં બે વાર ટાંક ૧ થી ૨ સુધી ખાવું જેથી ઉદરના સઘળા રોગો બરોળ, જળંધર, અજીરણ, ગોળો વિગેરે પેટના તમામ રોગને મટાડે છે.

વૈદ્ય દયાળજી રામચંદ્ર રાવળ, સરા, વાયા હળવદ.

ઉધરસનો ઉપાય—જામનાં પાંત્રા શેર ૦॥, વડાગરૂ મીઠું તો. ૩, મીઠાને ખાંડી- પાંત્રા તથા મીઠાના થર કોરી હાલ્લીમાં કરી હાલ્લીનું મોં બંધ કરી ગજપુટમાં પકાવી, વાટી દરરોજ પઈ એક ભાર પાણી સાથે ખાવાથી ખાંસી અને ઉધરસ મટે છે.

હેડકીનો ઉપાય—તુલસીના પાન નંગ ૨૦, તથા મરી દાણા ૨૦ બન્નેને ભેગાં વાટી ગોળી વાળી ડાબા ગલોફામાં રાખવાથી હેડકી મટે છે. તેમજ જમણા પગની ટચલી આંગળીએ દોરો બાંધ-વાથી પણ ફાયદો થાય છે.

પ્રદરનો ઉપાય—ગધેડાના સુકાં લીંડા લાવી, તેમાંથી એક લીંડુ કોરી કુલડીમાં પાણી શેર ૦ાા ભરી તેમાં પલાળી આખી રાત રાખી સવારે પાણી ગાળી અંદર સાકર તોલો ૦ાા નાખી તે પાણી દીવસમાં ત્રણ વખત સવાર, બપોર ને સાંજ પાવું જેથી પ્રદર મટી જાય છે.

માતંગી અંજન—સંખ તોલા ૪, મનસીલ તોલા ૨, મરી તો. ૧, સીંધવ તો. ૦ાા, સંખને ગાયનાં દુધમાં ઘુટવો, મનસીલને બકરીના દુધમાં ઘુટવી, મરીને સ્ત્રીના ધાવણમાં ઘુટી બધાને એકત્ર કરી ગોળી વાળી સુકવી પાણીમાં ઘસીને આંજવાથી ફુલાં, છારી, તીમીર, કાચબીંદુ, વાખદ, વિગેરે આંખના રોગો મટે છે.

શ્વાસ દમ—તમાકુંના વળીઆં શેર ૦ા, આંકડાનું દુધ શેર ૦ા, ગાયનુ મુત્ર શેર ૦ા, જાયફળ તોલો ૦ાા, બધાને ભેગાં વાટી સુકવી પછી એક કોરી હાલ્લીમાં ભરી, કપડ મટી કરી અગ્નીમાં પકાવી થંડુ પડે અંદરથી કાઢી, સ્યામવરણની ભસ્મ થઈ હોય તેમાંથી બે આની ભાર આદાના રસમાં અથવા માખણમાં, અથવા સાકરમાં, એમાંથી ગમે તેમાં આપવાથી દમ, શ્વાસ, હેડકી, ઉલટી, વીગેરે મટે છે.

બરોળનો ઉપાય—દશ શેર કુંવારના કટકા કરવા, ડીંડલીઓ થોર કુમળો શેર ૫,ના કટકા કરવા, અજમો શેર ૫, હળદર શેર ૨ાા આંબા હળદર શેર ૧ા, સુઠ શેર ૧, એ બધી વસ્તુને ખાંડી કુવાર અને થોર સાથે મેળવી એક રીઢા વાસણમાં ભરી તેમાં સાજીખાર શેર ૨ાા, ટંકણખાર તોલા ૨૦, પાપડીઓ ખાર તોલા ૨૦, બંગડી ખાર તોલા ૨૦, જવખાર તોલા ૨૦, નવસાર તોલા ૨૦, એ ખારો વાટીને નાખવા અને એકત્ર કરી મો બંધ કરવું.

પછી પાતાળી યંત્રે તેનો ચુવો કાઢી શીશીમાં ભરવો. પછી બરોળ-વાળાને દરરોજ બેઆની ભાર પાણી સાથે આપવાથી ગમે તેવી બરોળને નાબુદ કરી નાંખે છે. આ ઉપાય હમારો ખાસ અજમાવેલો છે.

ડાકટર ગોવીંન્દરાવ હનમતરાવ મીરજવાળા

વિજય ગુટીકા—હરડેદળ તો. ૧૨, ચીત્રકમુળ તો. ૧૨, એલચી તો. ૨, તમાલપત્ર તો. ૨, મોથ તો. ૨, સુંઠ તો. ૧, મરી તો. ૧, પીપર તો. ૧, પીપરીમુળ તો. ૧, વછનાગ તો. ૧, નાગકેશર તો. ૧, નગાડેનાળી તો. ૨, પારો તો ૨, ગંધક તો ૨, પ્રથમ પારા ગંધકની કજલીકરી તેમાં ઉપરના વશાણાં ખાંડી વસ્ત્રગાળ કરી મેળવી બધી વસ્તુના વજન પ્રમાણે ગોળનાંખી ગોળી તોલા પા ની કરી સવાર સાંજ ગોળી એક પાણીસાથે આપવાથી પ્રમેહ મુત્રકચ્છ, ધાતુપાત અગ્નીમંદ વિગેરે રોગોમાં સારૂકામ કરે છે

એરંડળ તેલ—ત્રીફલા, ગુગળ, ગંધક, પારો, દીવેલ, એબધી વસ્તુ સંભાગે લઇને પ્રથમ પારા ગંધકની કજલી કરી તેમાં બધી વસ્તુ નાંખી સારીપેઠે ઘુટીને વાલ એકથી બેસુધી રોગની પ્રકૃતી પ્રમાણે આપવાથી હરપ ભગંદર વિગેરે રોગો જાય છે તેમજ છમાસ સુધી સેવન કરવાથી શરીરની પ્રકૃતી બધીવાતે સુધરી જાય છે. પરેજીમાં તેલ ખટાસ વિગેરે ખાવું નહીં

કાળીગોળી—મોરથુથુ ફુલાવેલું તો. ૧, રસકપુર તો. ૧, હીમજી હરડે તો. ૧, કળીચુનો તો. ૧, ગોળ તો. ૧, પ્રથમ રસ-કપુરને ઝીણો વાટી તેમાં આરતી કપુર તોલો પા મેળવી શળગાવી કપુર બળી જાય પછી તેમાં બીજા વસાણાં મેળવી લીંબુના રસમાં ચૌદ દીવસ ઘુટીને ગોળી તુવેરના દાણા જેવડી વાળી સુકવી શીશીમાં

ભરી રાખવી અને સવાર સાંજ ગોળી એક પાણી સાથે ખવાડવાથી વિસ્ફોટક, ભગંદર, પ્રમેહ, ગરમી સાંધાનો દુ:ખાવો વિગેરે ગરમીના રોગોમાં આ ગોળી ઘણુંજ સારૂં કામ કરે છે, પરેજીમાં તેલ મરચાં અને વાયડી વસ્તુ બંધ કરવી.

રામબાણ ગોળી—રામપત્રી, રસકપુર, ચોખા ગરમ પાણીમાં ભીંજાવેલા; પ્રથમ રામપત્રી તથા રસકપુરને એક દીવસ ઘુંટવું પછી થોડા થોડા ચોખા તથા તેમાંનું પાણી નાંખતા જવું અને ઘુંટતાં જવું એવી રીતે એક દીવસ ઘુંટીને ગોળી વાળવા જેવું થાય ત્યારે તુવેરના દાણા જેવડી ગોળી વાળી સુકવી સવાર સાંજ ગોળી એક પાણી સાથે ગળવી જેથી ચાંદી, ટાંકી, વિસ્ફોટક સંધીવાયુ વિગેરે ગરમીને લગતાં સંપુર્ણ રોગો સારા થાય છે. જો આ ગોળીથી મોઢું આવવા માંડે તો ગોળી બંધ કરવી અને જેને મોઢું લેવું હોય તેને બએ ગોળી દીવસમાં ત્રણ વખત ગરમ પાણી સાથે આપવી જેથી ફુલ મોઢુ આવશે. મોઢુ વાળવાને હરડાંને બાળી તેના કોલસા કરી વાટીને ઘસવાથી મટી જશે. તેમજ કળથી અને તુવેરની દાળનો બાફ મોમાં આપવો તેમજ તેના પાણીના કોગળા કરવા જેથી મોઢુ વળી જશે. પરેજીમાં ફક્ત ખાંડ ખાવી નહીં.

વૈદ મૂળજી વસરામ કેશોદ કાઠીયાવાડ.

અમ્લપીત—કરીયાતુ, ધાણાં, દ્રક્ષ, આંમળાં, એ ચાર વસ્તુ રાતે પાણીમાં પલાળી સવારે પીવું. જેથી અમ્લપીત મટે છે.

અરૂચી—સુઠ, પીપર, મરી, દરાખ, સીંધવ, સંચળ, એ બધી વસ્તુનું સરખે ભાગે ચુરણ કરી લીંબુના રસમાં ગોળી વાળી દરરોજ ખોરાક ખાવા પહેલાં યોગ્ય માત્રાથી ખાવી જેથી ભુખ લાગે; અરૂચી મટે.

હરષ—નાગકેશર, વરીયાલી, સાકર, સરખે ભાગે ચૂર્ણ કરી મધ અગર ઘી સાથે ચાટવાથી દુજતા હરષ મટે છે.

આદ્દાશીશી—ગરમાગરમ જલેબી ખાવાથી આદ્દાશીશી મટે છે. અથવા ગરમ ભાતમા ઘી તથા ખાંડ નાંખી ખાવાથી પણ આદ્દાશીશી મટે છે તેમજ આંકડાના પાનનો રસ સુંઘવાથી પણ આદ્દાશીશી મટે છે.

માથાની ઉંદરી—કપીલો, હીરાદખણ કપુર ત્રણે સરખે ભાગે વાટી ધોયેલાં ઘીમાં ચોપડવાથી ઉંદરી મટે છે. પ્રથમ ફટકીના પાણીથી ધોઇને પછી દવા ચોપડવી.

કમળો—સાટોડી, તથા ત્રીફલા સરખે ભાગે લઈ કવાથ કરી પીવાથી કમળો મટે. કમળામાં દારૂ, ચાહ ગરમ મશાલા વીગેરે લીવરને નુકસાન કરનારી વસ્તુઓ ખાવી પીવી નહી જેથી કમળો તાકીદે મટે છે.

કળતર—અજમાનું તેલ, ટરપીટન, રાઇનું તેલ, સરસીયું, એ સરખે ભાગે મેળવી કળતરવાળી જગ્યાએ ઘસી ઉપર સેક કરવાથી કળતર મટે છે.

ખરજવું—ડામર ભાગ ૧, સદોમલમ ભાગ ૧, બન્નેને ભેગાંકરી પટી ઉપર ચોપડી ખરજવાને ગરમ વગળના પાણીથી ધોઇ પટી મારવી જેથી ખરજવું બેત્રણ પટીમાં સાફ થઇ જશે.

ગુમડાં—કાસાજણ, ગેરૂ, કોડીની રાખ, ત્રણેને ભેગાં કરી ગુલાબજળમાં મેળવી ચોપડવાથી ગુમડાં મટે છે.

તાવનો ઉપાય—કરીયાતાનીપાંદડીનું ચુરણ તો. ૧ કાળામરી તો. ૦ાા, અને કવીનાઇન વાલ ૧૦, નાંખી સારીપેઠે કુંટી ગુંદરના

પાણીમાં ચણા પુરની ગોળીકરી દીવસમાં ત્રણચાર એકેક ગોળી પાણી સાથે ખાવી જેથી બધી જાતનાં તાવ જાય છે.

દરાજની દવા—ઉપલેટ કુંવાડીયાના બી. કપુર, એત્રણે વસ્તુને ખાંડી કપડછાણ કરી લીંબુના રસમાં મેળવી દરાજ ઉપર ચોપડવાથી મટે, એકલા કુંવાડીયાના બીનો લોટ ખાટા દહીંમાં મેળવીને ચોપડે તોપણ દરાજ મટે છે.

વૈદ અંબારામ શંકરજી. મુ. વાગડ, વાયા સણપુર.

મધુ પ્રમેહ—કપાસીયા રૂ. ૨ાા ભાર વાટીને રાત્રે પાણીમાં પલાલવા સવારમાં તેમાં સાકર રૂા. ૨ાા નાખીને પીવું દીવસ ૧૪ કે ૨૧ પીવું.

પ્રમેહ—નાગાર્જુન દુધેલી છાંયે સુકવી સંભાગે ગોળ ઘાલી પીવાથી પ્રમેહ મટી જાય છે.

સૂળ ઉપર લેપ—હીંગ, મરી, ઉપલેટ, દેવદાર, સાજીખાર, ચુનો તથા મધ એ તમામ વસ્તુ મેળવીને લેપ કરવાથી સૂળ જાય.

ક્ષય શ્વાસ—મોટો સંખ લાવીં કટકા કરી કાળા ધંતુરાનું પંચાગ મણ ૦ાા ના કટકા કરી એક હાંલ્લામાં પ્રથમ ધંતુરો અડધો ભરી તેના ઉપર સંખના કટકા મૂકી ઉપર ધંતુરો દબાવી હાલ્લાંનુ મો છાંદી ગજપુટ અગ્નીમાં પકાવી સંખ તથા ધંતુરાની રાખ બન્ને સાથે વાટી સવાર સાંજ બેઆની ભાર મધમાં ચાટવાથી દીવસ ૭ કે ૧૪ માં શ્વાસ તથા ક્ષય મટી જાય છે.

કોલેરા—એક સંખના કટકા કરી લીંબુના રસમાં એક રાત અને એક દીવસ બુડતો રાખી પછી તે રસ સાથે ગજપુટમાં મુકી

ભસ્મ કરી તેમાંથી રૂ. ૦। ભાર મધમાં ચટાડવાથી કોલેરા એકદમ મટી જાય છે. ઉલટી ઝાડો બંધ થાય છે અને પેટ ચડતું નથી.

તાવ—ધંતુરાના મૂળની છાલ તથા પીપર સરખે ભાગે વાટી ગોળી મગ જેવડી કરી સવાર સાંજ એકેકી આપવાથી તાવ મટે છે.

તાવનો બીજો ઉપાય—કળીચુનાને ધંતુરાના રસના પટ સાત દેવા પછી ધંતુરાના રસમાંજ ગોળી મગ જેવડી કરી સાકર સાથે આપવાથી તાવ જાય છે.

ચોથીઓ તથા એકાંતરો—ધંતુરાના પાન વાલ ૧, ભાંગનાં પાન વાળ એક, કરેણીઆનું ધોલુ પડ વાલ એક એ ત્રણે વસ્તુની ગોળમાં ગોળી ત્રણ કરી ત્રણ દીવસ એકેકી આપવાથી ચોથીઓ તથા એકાંતરો તાવ જાય છે.

કાળી દરાજ—આંબાહલદ તો. ૨, રાળ તોલા ૨, ગંધક તો. ૨, એળીઓ તોલા ૫, એ ચાર વસ્તુનું એક કાચના પ્યાલામાં પાણી કરી ચોપડયા કરવું તેમજ કેડીયા લોબાનનો અર્ક કાઢી તેમાં ગંધક મેળવી ચોપડવાથી પણ દરાજ મટે છે.

બીજો ઉપાય—એક ટાટનો કટકો લઈ પોતાના પીશાબમાં સાત દીવસ પલાળવો, પછી દરાજને ખજવાલી ઉપર પેલો ટાટનો કટકો બાંધવો, ચારઘડી સુધી બાંધીને છોડી જોતાં તેના ઉપર દરાજના જંતુઓ દેખાસે તે ખંખેરી નાખી પાછો તે કટકો મુકવો પણ તેને પીસાબમાં પલાળીને મુકવો અને ફરી પાછા જંતુ ચોટે તે ખંખેરી નાંખવા, આ પ્રમાણે દીવસ એકરવું, પછી સેરીસોબાન તો. ૦॥, તથા એળીઓ તો. ૦॥, પાણીમાં વાટીને ચોપડવું જેથી દરાજ મટે છે.

વધરાવળનો લેપ-પારો. ભાગ ૧, અફીણ ભાગ ૨, એરંડીનીમીંચ ભાગ ૩, બધાને પાણીમાંવાટી લેપ કરવાથી પીડા મટે સોજો ઉતરે પાણી ભરાયું હોય તેપણ ઓછું થાય.

વાયુ—સરગવાના બી. શેર ॥, કાળામરી શેર ।, બંન્ને વાટી ગોળમાં ચણાપુરની ગોળીકરી ખાવાથી વાયુ મટે ભુખલાગે.

ધનુર—પીપળાની વડવાઇ, કેશર, જાવંત્રી, પીપર, મોરપીછનાં ચાંલ્લાની ભસ્મ, મરેડીનાં ડોડવા, તુલશીનાપાન કલંબો, બોડીઅજમોદ અફીણ, બધાને સમભાગે લઇ ચુર્ણકરી વાલ બે મધમાં આપવાથી ધનુર મટે છે.

અર્ષ— રસવંતી, બકામલીમડાના બીજ, કડવાલીમડાની લીંબોડી મોટીહરડે, કાળીદરાખ, બધું સરખેભાગે લઇ મુળાના રસમાં એક દીવસ ખલકરી ગોળી મરી પ્રમાણે કરી પાણીસાથે આપવાથી અર્ષમટે પથ્ય માખણ, શાકર, ખાવાં.

સીદ્ધરસ—પારો તો. ૮, ગંધક તો. ૮, લોહભસ્મ, તો. ૪, અબરખ ભસ્મ તો. ૪, સુવર્ણ માક્ષીક ભસ્મ તો. ૪, બંગભસ્મ તો. ૪, એ બધાને સાથે ઘુટી વાળુકા યંત્રમાં એક કલાક પકાવી પછી બ્રાહમી કુંવાર, ઉંદરકરણી, ભાંગરો, એ દરેકના રશની એકેક ભાવના દઇ ચુલેચડાવી પાણી બળીજાય, એટલે ઉતારી ઘુટી માત્રા રતી ૧. થી ચાર મધ ઘીમાં ચટાડવાથી ૨૦ પ્રકારના પ્રમેહ મુત્રકચ્છ, પાંડુ, ક્ષય, માથાનો દુખાવો વીગેરે મટે છે.

આણંદવલ્લી ગુટીકા—અબરખ ભસ્મ, હીંગલોક, તામૃભસ્મ, વંગભસ્મ, લોહભસ્મ, કસ્તુરી, કુલીજન, બરાસ, ખુરાસાનીઅજમો,

વછનાગ, ચાતુરગ્તન, એખરો, ઉટંગણનાબી, ઇશબંધ, ચીત્રક, પીપરીમુળ અશીગ્રુ એ બધી વસ્તુઓ તે.લે તે.લે લેની સેકેલા ચણા છોડાં વગરના તો. ૨૫, લેવાં પછી બધાને એકત્રકરી મધમાં ગોળી ચણા જેવડી વાળી સવાર સાંજ ગોળી ૧ દુધ સાકર સાથે ખાવાથી સુક્રવધે નપુરશક પણ મટે સ્થભંન કરે.

લેપ પુરૂશાતન માટે—જંગલી ખબુતરની હગાર પૈસા ૪ ભાર પારો પૈસા ૧ ભાર, બંન્નેને ઉભી રીંગણીના રસમાં ત્રણ દીવસ ઘુંટી ગોળી કરવી એ ગોળી ઉભી રીંગણીના રસમાં ઘસીને ચોપડવાથી નામરદ મરદ થાય હાથ રસથી આવેલી અશકતી મટે.

બીજો લેપ—સફેત લુગડાંને આકડાના દુધના પટ સાત દેવા પછી તેના ઉપર ઘી ચોપડી દેરીબાંધી એક બાજુથી સળગાવી તેનો ચૂવો પાડવો તે ચૂવો પાન ઉપર ચોપડી ઇદ્રીઉપર બાંધવું જેથી ઇદ્રી મજબુત થાય છે.

વૈદ ધીરજલાલ મા. શાહ. રાવપુરા વડાદરા

બોળબધ્ધરસ—સુદ્ધ પારો, તો. ૧, ગંધક તો. ૧, ગળોસત્વ તો. ૧, મોચરસ તો. ૩, બધાને મીશ્રકરી મોચરસના ઉકાળામાં એક દીવસ ધુટી ચારથી આઠરતી, માખણ, મધ મેદીનોરસ, અને સાકરમાં આપવાથી રકતપ્રદર, દુઝતાહર્ષ, અત્યાર્તવ. લોહીની ઉલટી વિગેરેને મટાડે છે.

કાળોરસ—પારોભાગ ૧, ગંધક ભાગ ૨, મરીભાગ ૩, ટંકણ ભાગ ૪, સુઠભાગ, ૫, હરડેભાગ ૬, સુદ્ધનેપાળો ભાગ ૭, એરંડબી

ભાગ ૮, બધાને વિધીપુર્વક મેળવી એકથી બે રતીની ગોળી બચ્ચાંને પચીને દસ્ત લાવવા માટે તથા બચ્ચાંને તમામ રોગમાં ખાસ ગુણ કારક છે તેમજ સર્પ અને હડખાં કુતરાના વીષ ઉપર આડથી દશવાલ આપવાથી ઝેર દુર કરે છે.

ગ્રહણીગજ કેશરી—જાયફળ, જાવંત્રી, લવેંગ, એલચી, લોબાનના ફુલ, અરીણુ, એ બધું અકેક તોલો સેકેલી હીંગ તો. ૦ાા, બધાને ઘુંટી પાનના રશમાં ગોલી મગ જેવડી વાળી દીવસમાં ત્રણચાર અકેકી ગોળી છાશ અથવા દુધસાથે આપવાથી ઝાડા, મરડો, અતીસાર સંગ્રહણી વિગેરે મટે છે.

કનક—આંકડાનું મૂળ, લવેંગ, મરી, સમાન ભાગે મેળવી રતી ૦ાા, થી ૨, સુધી આપવાથી બાળકોનો, વાયુ કફ. ઉધરસ ખાંસી, ઝાડા મરડો, વીગેરે દુર કરે છે.

વિડંગાદી ગુગળ—મુંબાઇનાબારમાં વૈદ સંમેલનમાં ડો. દેશાઇએ કહેલો -વાયવડંગ તોલા બે. સાબરસીંગાની ભસ્મ તોલો ૦ાા, સુદ્ધ ગુગળ તોલા બે ઉપર પ્રમાણે મેળવી બેઆનીથી પાવલીભાર સુધી પાણી સાથે લેવાથી ત્રણથી ચાર માસમાં કંઠમાળ અને ક્ષય જન્ય ગ્રંથીઓ જરૂર મટે છે.

સર્વાંગ સુંદર રસ—પારો, ગંધક સરખે ભાગે લઇ સાધારણ ગરમ કરી પર્પટી કરવી પછી તેમાં જાયફળ, જાવંત્રી, લવેંગ, લીમડાના પાન, નગોડના પાન, એલચીના દાણા એ બધું સરખે ભાગે લેવું એટલે પારો અને ગંધક તેલો તોલો હોય તો એ બધી વસ્તુ પણ તોલો તોલો લેવી પછી બધાને ભેગું કરી એક મોતીની

છીપમાં ભરી ઉપર બીજી છીપ ઢાંકી કપડમટી કરી, છાણામાં પકાવી થંડુ થયે કાઢી વાટીને શીશીમાં ભરી મુકવું, માત્રા એકથી છ ગુંજાભાર, યોગ્ય અનુપાન સાથે આપવાથી બાળકોના તાવ, ઉધરસ, વરાધ, રસવિકાર, વિષમજ્વર, વિગેરેમાં સારામાં સારૂં ઔષધ છે.

કૃમી મુદગર રસ—પારો તો. ૧, ગંધક તો. ૨, અજમોદ તો. ૩, વાવડીંગ તો. ૪, સુદ્ધ ઝેરકચુરા તો. ૫, ખાખરના બી તો. ૬, બધી વસ્તુને બારીક ખાંડી પારો ગંધક મેળવી યોગ્ય માત્રાથી બાળકને આપવાથી કરમ પડે છે તથા સેન્ટો નાઇન કરતાં સારૂ કામ કરે છે.

કીટ મર્દરસ—પારો તો. ૧, ગંધક તો. ૨, અજમોદ તો. ૩, વાવડીંગ તો. ૪, સુદ્ધ ઝેર કચુરા તો. ૫, ભારંગ મૂળ તો. ૬ ઉપર મુજબની વસ્તુ ખાંડી પારો ગધક મેળવી ઘુંટી તૈયાર કરી વાલ ૧ થી ૨ સુધી આપવાથી ઉપર પ્રમાણે ગુણ કરે છે.

હિંગુળ ભસ્મ—હીંગલોક તોલા ૦। નો ગાંગડો લઇ તેને લીંબુ શેર એનો રસ ઘીના અથવા સ્પીરીટના દીવા ઉપર તાવી મુકીને ઝીણી ધારે પાવો, પછી તે હીંગલોકના ગાંગડાને ડુંગળી શેર ૦। ની લુગદીમાં મુકી ધીમે તાપે પકાવવો પછી સુદ્ધ ઝેરકચુરા શેર ૦। માલ કાંગણીના બી શેર ૧, ડુંગળી શેર ૧, ઘી શેર ૧, મધ શેર એક એ બધી વસ્તુને મેળવી તેની વચમાં હીંગલોક મુકી, ચુલે ચડાવી, ધીમા તાપે ચોવીસ કલાક મંદાગ્ની આપવો. પછી એ હીંગલોકમાંથી રતી અડધી, યોગ્ય અનુપાન સાથે આપવાથી કફ,

વાતરોગ, હિસ્ટીરીઆ, બરોળ, અગ્નીમંદ વિગેરે રોગોમાં બુદ્ધિ પૂર્વક ઉપયોગ કરવાથી સારો ફાયદો કરે છે.

પાચક ગોળી—ગંધક, સીંધવ, હરડે, સુંઠ, મરી, પીપર, અજમો, શુદ્ધ ઝેરકચુરા, શેકેલી હીંગ, બધું સમાન ભાગે લઈ વાટી લીંબુના રસમાં અથવા પાણીમાં ગોળી વાલપુરની વાળી, દીવસમાં ત્રણ વખત એકેકી આપવાથી અજીર્ણ, સૂળ, અગ્નીની મંદતા વિગેરેને દુર કરે છે.

પ્રોફેસર મહાદેવ દતાત્રય અવસારે

બી. એ. એમ, એસ. સી. વડોદરા.

કામોદ્દીપન વટી—જાયફળ તો. ૧, સીંધવ તો. ૧, હીંગલોક તો. ૧, સુંઠ તો. ૧, સુદ્ધ વછનાગ તો. ૧, ધંતુરાના બી. તો. ૧, પીપર તો. ૧, ટંકણ તો. ૧, મરી તો. ૧ બધાને ઘુંટી લીંબુનો રસ, ધંતુરાનો રસ તથા ભાંગના રસમાં એકેક પોહોર ઘુંટો, ગોળી ચણોઠીપુરની કરવી અને યોગ્ય અનુપાન સાથે ખાવાથી નપુંસકતા, પ્રમેહ, બહુમુત્રતા, ક્ષીણ વીર્ય વિગેરે ઉપર સારો ફાયદો કરે છે.

નિદ્રાકર યોગ—સુવર્ણ માક્ષીક ભસ્મ રતી બે, સુંઠ રતી બે, બન્નેને આમળાના મુરબામાં અથવા ગુલકંદ તોલા ાા માં મેળવી લેવાથી તથા ઉપર ગરમ કરેલું દુધ પીવાથી ઉંઘ સારી આવે છે.

બાલાર્ક રસ—જવખાર, સાજીખાર, સુંઠ, મરી, પીપર, સીંધવ, સંચળ, બીડલવણ, બંગડીખાર, મીઠું, વરીયારી, એટલી વસ્તુઓ એકેક તોલો લેવી અને સુદ્ધ પારો તથા સુદ્ધ ગંધક બગી-

ચાર તોલા લઈ બધાને મેળવી ત્રણ દીવસ ખલ કરી રતી ૦ાા થી રતી ૧ સુધી બાળકોને તથા મોટાઓને યોગ્ય માત્રાએ આપવાથી કફ, ઉધરસ, દમ, બંધકોશ, અગ્ની મંદ, કફ જ્વર, અરૂચી વિગેરે ઉપર આપવાથી રામબાણ અસર કરે છે.

જયમંગળ રસ—(ભૈષજ્ય રત્નાવળીનો) પારો, ગંધક, ટંકણ, તામ્રભસ્મ, વંગભસ્મ, સુવર્ણમાક્ષીક, સીંધવ, મરી, એટલી વસ્તુ તોલો તોલો તથા સુવર્ણભસ્મ તોલા બે, કાંન્તલોહ તોલો ૦ાા, રૂપાંની ભસ્મ તો. ૦ાા બધાને મેળવી ઘુટી પછી ધંતુરાના રસમાં ત્રણ દીવસ પછી કડુના કવાથમાં ત્રણ દીવસ. તથા દસ મુળના કવાથમાં ત્રણ દીવસ ઘુટી જીરૂ તથા મધ સાથે આખા દીવસમાં બે ગુંજા આપવાથી ક્ષય રોગની બીજી અવસ્થા સુધી પહોંચેલા તાવને કમી કરે છે. તથા વાત, કફ, પિત્ત, સન્નીપાત, એકાંતરીઓ ચોથીઓ અને સંતત જ્વરને પણ દુર કરે છે.

ધોલસારી રસ—શુદ્ધ પારો તોલા ૯, રસ કપુર તોલા ૯, સોમલ તોલા ૪, ગંધક તોલા પાા, પ્રથમ પારા જોડે રસ કપુર ઘુટી કજલી કરી, પછી ધીમે ધીમે ગંધક નાખીને ઘુટવું. પછી સોમલ ઉમેરીને ઘુટીને આતશી શીશીમાં ભરી વાલુકાયંત્રમાં સોળ પહોરની અગ્ની આપી. મલ સીંદુર બને તે લઇ તેના જેટલી પ્રવાળ ભસ્મ સુર્ય પુટી મેળવી. તેમાંથી એક રતી સવારે શીરા સાથે તથા એક રતી સાંજે માખણ સાથે બળ તથા પ્રકૃતી જોઇ આપવાથી ઉધરસ, દમ, શ્વાસ વિગેરે મટે છે.

ધાતુક્રમે હરગૌરી રસ—શુદ્ધ પારો તોલા ૨૦, ગંધક તોલા ૧૦, નવસાર તોલો ૧, પ્રથમ પારા ગંધકની કજલી કરી તેમાં

નવસાર મેળવી ત્રણ દીવસ ધંતુરાના રસમાં ઘુંટી શીશીમાં ભરી વાળુકા યંત્રમાં સોળ પોહોર અગ્ની આપી થંડુ પડે કાઢી એક રતી-પુર યોગ્ય અનુપાન સાથે સેવન કરવાથી ગમે તેવા કારણથી આવેલી નપુંસકતા દુર થઇ શરીર દ્રઢ બને છે. ક્ષયરોગમાં શકતી માટે ચંદ્રોદયના જેવું કામ કરે છે.

વૈદ્ય બાળકૃષ્ણ ઉમીયાશંકર. બીલીમોરા.

હરસનો ઉપાય—એક સુનેરી કેળુ લઇ તેમાં બાવળનો સફેદ ગુંદર તોલો એક તથા ધાવણુની ભસ્મ વાલ બે ભરીને સવારે દરરોજ એવી રીતે બે કેળાં ખાવાં. અને સાંજે નાગકેશર ૦ાા૨ ભાર, ચીની-કબાલા ૦ાા૨ ભાર તથા સાકર ૦ાા૨ ભાર અને ધાવણુની ભસ્મ વાલ બે મેળવી માખણમાં ખવાડવું જેથી ખુંની, બાદી એ બન્ને જાતના હરષ મટે. પ્રયોગ સાત દીવસ કરવો.

લોહીવાનો ઉપાય—જાયફળ, જાવંત્રી, લવેંગ, હીંગલોક એ એકેક ટાંક અને અફીણ ટાંક ૦ાા બધાને વાટી વસ્ત્રગાળ કરી તેમાંથી વાલ એક લીંબુની ફાડમાં ધાલી દેવતા ઉપર સસડાવી ચુસાડવાથી લોહીવા, પરૂ લોહી વીગેરે મટે છે.

બીજો ઉપાય—ઉટકંટાનું મૂળ ચોખાના ધોણુમાં ધસીને પાવાથી સ્ત્રીઓને થતો લોહીવા મટે છે.

અંતરગળના પાણીનો ઉપાય—મુવાની ભાજી વાટી ગરમ કરી તેની લુગદીઓ કરી તેનાથી દીવસે સેક કરવો તથા રાત્રે સુતી વખતે પણ ઉનું કરી બાંધીને સુવું જેથી અંતરગળનું પાણી પંદર દીવસમાં મટી જાય છે.

કર્ણશુળનો ઉપાય—કાળા ઝંઝેટાનો રસ તેલમાં કકડાવી કાનમાં મુકે તો કર્ણસુળ મટે તેમજ કંટાળા થુવેરના પાંત્રાનો રસ જરા ઉનો કરી કાનમાં મુકે તો કર્ણસુળ મટે છે.

શ્યામચંદ ગોરધનદાસ, ખાખરેચી, વાયા મોરબી.

ખાંસી તથા કોલેગની ગોળી—વંશ લોચન, કેસર, બેહેડાની છાલ, લવીંગ, કાકડાસીંગ, કાળા મરી, પીપર, એલચી, જેઠીમધ, કુલીંજન કાથો, એ બધા છ છ માસા તથા કસ્તુરી માસો ૧॥ બધાનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, બાવળની છાલનો ઉકાળો, આદુનો રસ તથા નાગરવેલના પાનનો રસ એ બધના પુટો આપી ગોળી અડદના દાણા પુરની કરવી. અને આદુનો રસ અથવા સુંઠના ઘસારા સાથે આપવાથી ઉધરસ મટે, કાંદાના રસ સાથે આપવાથી કોલેરા મટે.

દસ્તની કબજીયતનો ઉપાય—ટંકણ માસા ૯ અજમો તો. ૨, મરી તોલા ૩ એળીઓ તો. પા॥ બધાને કુવારના રસમાં ઘુંટી ચણાપુરની ગોળી કરી રાત્રે સુતી વખત બે ગોળી ખવાથી દસ્ત સાફ થાય છે. ઉદરસુળમાં વરીયાળીના અર્કમાં અથવા ગરમ પાણીમાં ખાવી અજીરણમાં એક ગોળી જમ્યા પછી ખાવી.

હેડકીનો ઉપાય—ગરણીની જડ ગરમ પાણીમાં ઘસી રતી ચાર પીવાથી હેડકી મટે છે.

દર્શવટી (બાળકો માટે) ગોરોચંન, ટંકણ કાયફળ, વજ બધુ સમ ભાગ લઈ વાટી નાગરવેલના પાનના રસમાં ઘુંટી ગોળી અડદ પ્રમાણે કરી બાળક જેટલા વર્ષનું હોય તેટલી ગોળી સવારે

પાનનો રસ. પાણી કે માતાના દુધમાં આપવી જેથી કફ. વિકાર, શ્વાસ, ખાંસી હાફ વિગેરે મટે છે.

કસ્તુરી અંબરની ગોળી—અંબર વાલ ૪, કસ્તુરી વા. ૪, જાવંત્રી વા. ૪, લવેંગ વા. ૧, સોનાના વરખ નંગ ૨. કેશર વાલ ૮, અફીણ વાલ ૪ બધી વસ્તુને આદુના રસમાં ત્રણ દીવસ ઘુંટી ગોળી મરી પ્રમાણે કરી મોટા માણસને સવાર સાંજ એકેકી ગોળી બાળકને મગ જેટલી આપવી જેથી આચકી મૂર્છા, ફેર, ઉલટી, સીતાંગ અને ઉદરરોગ ઉપર સારી અસર કરે છે.

માથાના દુખાવા માટે—ટંકણખાર, નવસાર, સુરોખાર, ગંધક કળીચુનો, કપુર એ બધું સરખે વજને લઇ મજબુત બુચવાળી બાટલીમાં ભરી મુકવું માથુ દુખે ત્યારે સુંઘવાથી માથુ મટે છે.

વૈદ ગંગાશંકર ત્રીભોવનદાસ મીયાગામ.

લીલાં ખરજવાનો ઈલાજ—પીળા ચણા નવા શેર ૨, લીમડાની લીંબોડી નવટાંક બન્નેને એક ભોટવામાં ભરી પાતાળ યંત્રે ચુવો. કાઢીને ચોપડવાથી બધી જાતના ખરજવા મટે છે. આ ઉપાયથી પંદર વરસના જુના ખરજવા પણ સારા થયાં છે. ઉપાય હમારો ખાસ અજમાવેલો છે માટે જે કરશે તેને યશ મળશે.

વૈદ માધવરામ અંબારામ. ગામ કડોદ્રા, તા. વાગરા.

સુખ પ્રસવના ઉપાય—અઘેડાનુ મૂળ અથવા કાળી પાડનું મૂળ, ગુહ્ય ભાગમાં રાખવું. પુનર નવાનુ ચુર્ણ કરી ને ગુહ્ય ભાગમાં રાખવું અથવા સર્પની કાંચળીની રાખ ગુહ્ય ભાગમાં ચોપડવી તથા

આંખમાં આંજવી, અથવા ખરશાણી થોરનું દુધ તળવે ચોપડવું અથવા કાળા સાપની કાંચળી અને મીઢળની ધુમાડી દેવી તેમજ બીજોરાંનુ મૂળ, કપાસનુ મૂળ, જેઠીમધનું મૂળ સમભાગે ભેગુ ચુર્ણ કરી ખવાડવું.

મુખવાસ ગુટીકા—જેઠીમધને શીરો તોલા ૫ એલચી દાણા તો. ૨॥ તજ તો. ०॥, લવેંગ તો. ૧, કાથો તો. ०॥, કેશર તો. ०।, પેપરમીટના ફુલ તો. ०।, બધાને ખાંડી વસ્ત્રગાળ ચુર્ણ કરી મધ નાખી ઘુંટવું, સારી પેઠે ખલાયા પછી ગોળી મગના દાણા જેવડી વાળી ગુલાબના અતરનો હાથ દઈ મજબુત બુચવાળી શીશીમાં ભરી મુકવી અને જમ્યા પછી ગોળી ૧ થી ૩ સુધી ખાવી જેથી મુખ સુગંધીદાર બને છે.

કર્પુરાસવ—કપુર તો. ૩૨, એલચી તો. ૪, તજ તો. ૪ બધાને ભેગું કરી દારૂ તોલા ૪૦૦ માં નાખી એક મજબુત રીઢા વાસણમાં ભરી એક માસ રાખી મુકી ગાળીને ટીપાં ૧૦ થી ૨૦ સુધી પીવાથી કોલેરા, ચુંક, અજીર્ણ, વિગેરેમાં સારૂ કામ કરે છે.

વૈદ્ય શીવશંકર મનોરભાઇ, મુ. કરચીઆ, પોષ્ટ બાજવા.

જવર રીપુ—કળી ચુનો શેર ૧ લઈ. તેમાં પ્રથમ ધંતુરાનો રસ શેર બે નાંખી ઘુટી તડકે મુકી સુકવી બીજે દીવસે પાછો રસ શેર એક નાંખી ઘુટીને સુકવવો. એવી રીતે રસ શેર આઠ પાવો. અને જયારે સુકાવા આવે ત્યારે તેમાં બીઆં શેર ०॥ વાટી વસ્ત્રગાળ કરીને ભેળવાં, અને સારી રીતે ઘુટવું કારણ ચુનાની ગાંગડી બંધાય નહી. ઘુટતાં સારી સુવાળી દવા થાય ત્યારે તાવવાળાને વાલ ૧ થી

સુધી પતાસાના ભુકામાં દીવસમાં ત્રણ વખત આપવી જેથી
ન જવર, સીતજવર, એકાંતરો વીગેરે મટી જાય છે. આજ દવા
ીઆમાં દહી સાથે આપવી તેમજ અતીસારમાં દહી સાથે આપવી
કમળામાં ગોળ સાથે આપવી. આ દવા હમો ઘણા વર્ષ થયાં
રીએ છીએ અને સારૂં કામ કરે છે.

મૃગી વાયુનો ઉપાય—પ્રવાલ ભસ્મ તથા રૂદ્રાક્ષ ભસ્મ
ચુંના ઘસારા સાથે વાલ વાલપુર આદુના રસ સાથે આપવાથી
મુદતમાં મૃગી વાયુ મટે છે.

શાપના ઝેરનો ઊપાય—પારી જાતકના પાનનો રસ તો.
પાવાથી ગમે તેવો સાપ કરડયો હોય તે પા કલાકમાં ઉતરે છે.

વીંછુ માટે—નેપાલાના પાનની લુગદી ડંખ ઉપર મુકવાથી
ા ઉતરી જાય છે, અનુભવ સીદ્ધ છે.

વૈદ્ય મંગળ સુંદર મુઃ બાવળા તા ઘોળકા

શ્લેસ્મ શૈલેદ્રરસ—સુધપારો, સુધ્ધગંધક લોહભસ્મ ત્રીકટુ.
, શાહજીરૂ કાકડાસીંગ, કચુરો, જવાસો પુસ્કરમુળ મુંડ જવખાર,
ણુ, ગજપીપર, જાવંત્રી, અજમોદ, ત્રીફળાં, ધમાસો, લવીંગ,
ાધંતુરાનાંબી, આંકડાનાબી, કાળીજીરી, કાયફળ, નેપાળો, હીંગ,
ાત, જાયફળ, કરીયાતુ, દંતીમુળ, સમભાગે ખાંડી વસ્ત્રગાળ કરી
ાગંધકની કજલી કરી તેમાં ભેળી ઘુંટવુ બાદ બીલીનામુળ,
કડાનામુળ, ચીત્રકમુળ, ત્રીફલાં, નગોડનામુળ, અરણીનામુળ,
ારો ધંતુરો ભોયરીંગણી જીરૂ કાળીજીરી, પીપર આદુ એ વસ્તુઓ
ા જેનોરસ મળે તેનાં રસનો અને રસ નહીં મળેતેનાં ઉકાળાના

પટો આપીને ગોળી ૧॥ રતીપુરની કરવી અને ગરમપાણી સાથે ખાવાથી વિસપ્રકારના કફરોગ, ત્રીદોશ. આફ્જાનનાં ઉદરરોગ, હરષ વિગેરે મટે છે સુકા કાષ્ટમાં અગ્ની મુકવથી તે જેમ સળગે છે તેવીજ રીતે આ રસ અર્ગ્નને પ્રદીપ્ત કરે છે.

ચાંદી ટાંકી તથા ગરમીનો ઉપાય—મોદાર. કાથો. માયુ, સંખજીરૂ મોનાગેરૂ ચીનીકબાલા, એલચી રસકપુર, એબધી વસ્તુને સાકીઝીણી કરી ગાયના વેલવણા ઘીમાં ભેળી મલમ કરીને ચોપડવાથી ચાંદી ટાંકી તથા ગરમી મટે છે.

ડા. મૂળચંદ ઝવેરચંદ કતરીઆ. ગુલાલવાડી, મુંબાઇ.

માથું દુખે તેનો ઉપાય—ગમે તેવું માથું દુખતું હોય અને જેથી માલુમ કંટાળી ગયો હોય તેને માટે ગોળ તોલો ૦॥ રાતે સુતી વખતે પથરી પાસે રાખી મુકવો અને સવારમાં જયારે આંખ ઉઘડે કે તુરત સુતા, સુતા તે ગોળ ખાઈ જવો, પછી થોડીવારે પથારીમાંથી ઉઠવું એટલે ગોળ ખાધા પ્હેલાં ઉઠવું નહીં, જેથી દુખતું માથુ જરૂર મટી જાય છે.

શરીરમાં નિકળતા વાળાનો ઉપાય—કપુર બેઆની ભારની ગોળમાં ગોળી બનાવી સવારે ખવાડી દેવી અને ઉપરથી ખીચડી ને ઘી સારી રીતે ખવાડવું, બીજુ કશું ખવાડવું નહીં એવી રીતે બે દીવસ કરવાથી વાળાનો નાશ થઇ જશે.

વૈદ અમૃતરામ મોતીરામ ગામીવાળા, વડોદરા ઘડીયાલીપોળ

તાવ ઉપર—લીંગલોક, તો. ૧, લીંબોડીની મીંય તો. ૧ વાયવડંગ તો. ૧ કવીનાઇન તો. ૧ એ બધાને કાલાવંતુરાના રસમાં

બે દીવસ ઘુંટી મગ પ્રમાણે ગોળી કરી સાંજ સવાર બબે ગોળી પાણીસાથે આપવાથી તાવ ઉપર આબાદ અશર કરે છે.

ઝાડા ઊપર—ગાંજાને સારીપેઠે ધોઇ સુકવી તેની બરાબર અફીણ તથા જાવફળ લઇ પાણીના વાટી મગજેવડી ગોળીકરી ઉમરના પ્રમાણમાં ગોળી ૧-થી-૨ બીલીના ઘસારા સાથે આપવાથી અજાયબ રીતે ઝાડા તથા પ્રવાહીકાને અશર કરે છે ખોરાક દહીં ભાત આપવો ઉપરની ત્રણે વસ્તુ સરખે ભાગે લેવી.

શ્વાસકાસ કફ માટે—હીંગલોકનો ગાંગડો તે. ૧ ફટકી કાચી તો ૨નો ભુકોકરી લોખંડની કડાઇમાં પ્રથમ એક તોલો ફટકી ફુલીને પતાસા જેવી થાય ત્યારે ઉતારી વાટી રતી ૨ મધ પીપરમાં અથવા બીજા ખાંશીના અનુપાન સાથે આપવું.

બીજો ઊપાય—હીગલોક તો. ૧ વરખીહડતાલ તો. ૧ એ બન્નેને જાસુસીના ફુલમાં ઘુટી અબરખના પત્રા ઉપર પાતળુ પાથરી ઉપર બીજુ પત્રુ ઢાંકી કોલસાના સાધારણ અગ્નીમાં રાખવાથી લાલચ્ચ લકના રંગપર તૈયાર થાય છે તેને યોગ્ય વજન પ્રમાણે ઘી. શાકર એલચી વિગેરે યોગ્ય અનુપાન સાથે આપવાથી શ્વાસકાસ ક્ષય તથા સનીપાત જવર વીગેરેમાં સારો ફાયદો કરે છે.

અદ્‌ભુત સુવર્ણ વસંત માલતી—સોનાનાવરખ તો. ૧, પ્રવાળભસ્મ તો. ૩. શુદ્ધહીંગલોક તો. ૫, મરી તો. ૭, કસ્તુરી તો. ૧, ગોરૂચંદન તો ૧, નાગભસ્મ તો ૨, બંગભસ્મ તો ૩. અભ્રકભસ્મ તો ૩ કેશર તો ૧, મોતીખરાં તો ૭, પીપર તો ૧. જ તની ભસ્મ તો ૧૧, પ્રથમ બધી વસ્તુને ગાયનું માખણ તો ૩, લઈ તેમાં ખલવું

પછી તેમાં લીંબુનોરસ નાંખીને માખણની ચીકાસ નીકળી જાય ત્યાં ખરલવું પછી તેની એ ગુંજાભારની ગોળીકરી યોગ્ય અનુપાન આપવાથી જીર્ણજ્વર પાંન્ડુ, શ્વાસ પ્રદર, કાશ ક્ષય અર્શ, મુત્ર ગ્રહણી ક્ષીણતા, સુતીકારોગ વીગેરે પર રામબાણ છે.

વૈદ મયાશંકર હીરજી ધંધુકા

દમ સાસણી ઉપર—આંકડાના રવઈડાં તો ૨, અરીણુ તે અજમો તો. ૨ બધાને ભેગાંવાટી મગજેવડી ગોળી સુતી વખતે ં રાખવી.

કોલેરા ઉપરર—સોધેલા ઝેરકચૂરા તો. ૨, હીંગ તો ૨, અ તો ૧ સુંઠ તો ૩, મરી તો ૨. બધને ખાંડી રતીપુરની ગોળ બબેગોળી બબેકલાકે આપવાથી કોલેરા બંધ થઇ જાય છે.

વાજીકરણ પ્રયોગ—બીલીનો ગરભ. ગોખરૂ શીમળો એ જાયફળ કવચબીજ તાલીશપત્ર લવીંગ એલચી મોથ.કેશર, બરાશ ક એ બધી વસ્તુ સમભાગે લઇ ખાંડી વસ્ત્રગળકરી તેની બરાબર ર મેળવી દરરોજ રૂ. ૦। ભાર દુધસાથે ખાવાથી ધાતુપુષ્ટ થઇ શર શકતી વધે છે.

વૈદ ઈશ્વરલાલ અમરજી પંડ્યા. બરવાળા, તા. ધંધુકા

ઉલટીનો ઉપાય—લવીંગ દાણા ૨, એલચી દાણા ૨, શીનાં માંજર નંગ ૩, જાવંત્રી પાંખડુ ૧ એ બધાને વાટીને પી ઉલટી મટે.

ઊધરસનો ઊપાય—અરડુશાના પાત્રાં નંગ ૧૦ નો અને મધ તો. ૦। નાંખી થોડા દીવસ પીવાથી ઉધરસ મટે છે.

બીજો ઉપાય—અભ્રકભસ્મ એક આનીભાર, સાબરભસ્મ એક આનીભાર, સીતોપલાદી ચુર્ણ બે આનીભાર એ ત્રણેને ભેગાં કરી યોગ્ય માત્રા મધ અને માંખણ સાથે લેવાથી ખાંસી મટે છે.

તાવને માટે ખરડ—કડુ તો. ૨, સમુદર ફળ તો. ૧, અજમો તો. ૧, સુંઠ તો. ૧, મરેડી તો. ૧, બધાને ઝીણું વાટી પાણીમાં ખદખદાવીને ઉનાં ઉનાં, શરીરે અવળે રૂંવ ડે ચોળવાં, જેથી જ્વરની પીડા મટે છે તથા તાવ જલદી જાય છે, આદવા દેશી ઇન્જંકશન છે.

જ્વરનું ચુર્ણ—ખડસળીઓ પીત પાપડો, અને અતી વીશ નીકળી સમભાગે લઈ ખાંડી વસ્ત્રગાળ કરી દરરોજ રૂ. ૦। ભાર ખાવાથી તાવ જાય છે.

તાવને માટે બાફ—કુવાનું પંચાગ, લીમડાનાં પાન, એ બન્નેને જરા મીઠું નાંખી પાણીમાં ઉકાળી તેની વરાળની બાફ લેવાથી જ્વર નાબુત થાય છે.

ઊદર રોગ માટે—માહાખીંકુ ઘૃત અથવા ત્રીલોકયાડંબર રસ, યોગ્ય અનુપાનમાં આપવાથી ઉદરના રોગો મટે છે.

વૈદ વી. એમ. પાલખીવાળા. લુણસાવાડા, અમદાવાદ.

ખુની હરષનો લેપ—આમલીના કચુકા તો. ૨, ચીનીકપુર તો. ૧, કાથો તો. ૧, બધાંને પાણીમાં વાટીને લેપ કરવો.

બાદીના હરષ—આંકડાની જડ, આંમલીના કચુકા, રસવંતી, એળીઓ, હીમજ, વાયેવડંગ, સુરોખાર, ગુલાબના ફુલ સુકાં એ બધાને સરખા પ્રમાણમાં લઈ વાટી તાંદળજાના મુળનાં રસમાં ઘુંટી

ગોળી ચણાપુરની વાળી રોજ સવારમાં બે ગોળી પાણી સાથે ગળાવવી અને ખાવામાં ઘઉં, ઘી ખાવા.

હરસ ઊપર ધુણી—હાથીદાંતનો વેર, લીમડાનાં પાન, ગધેડાનાં લીંડા બધાને સરખે ભાગે લઇ બારીક વાટી ધુણી આપવી.

દમ, ખાંશી—પીપર, બાવળનો ગુંદર, લાખ એ વસ્તુ સરખે ભાગે લઇ ખાંડી બે આનીભાર દીવસમાં ત્રણવાર પાણી સાથે ખાવું.

પ્રમેહ—સુરે ખાર અને સાકર સરખે ભાગે લઇ તેમાંથી બે આનીભારની ફાકી પાણી સાથે લેવી.

ગર્ભધારણ પ્રયોગ—પારેવાની હગાર બેઆની ભાર ચોખાના ધોણમાં, રૂતુ આવ્યા પછી પાચ દીવસ દીવસમાં એકવાર ફાકે તો સ્ત્રી ગર્ભ ધારણ કરે.

લોહીની ઊલટી—આમળાસારો ગંધક તો. ૧, એલચી તો. ૧, જાયફળ તો. ૦। બધાને બારીક ખાંડી, બબેઆની ભાર સવાર સાંજ પાણી સાથે ફાકવાથી લોહીની ઉલટી મટે છે.

શા મણીલાલ ભીખાભાઈ રાખલપુર

લકવાઊપર ઊપચાર—લઘુયોગરાજ ગુગળ બહાન્મંજીષ્ઠાદી ક્વાથસાથે આપવાથી ફાયદો થાય છે. ક્વાથ શારંગધર સંહિતાના પાઠમુજબ બનાવવો.

સડનાધારા ચાંદીઓ વિગેરે ઊપર—ઉધાપુલી નામની વનસ્પતિના પાનની અથવા પંચાગની લુગદી કરી વ્રણ ઉપર મુકી

ભીણા કપડાંનો પાટોબાંધી ત્રીજે દીવસે છોડી ધોઇને ફરીથી લુગડી મુકવી આવીરીતે બે ત્રણ વખત કરવાથી નહીં મટતા બારા મટીજાય છે.

દંતમંજન—બદામના છોડાંનીરાખ સીંધવ જીરૂ પીપર એ ચાર વસ્તુ સરખે ભાગેલઇ વસ્ત્રગાળ કરી દાંતે ઘસવાથી હાલતા તથા કળતાં દાંત મટે છે.

બીજુ મંજન—ફુલાવેલી ફટકી તો ૧ાા ફુલાવેલો ટંકણખાર તો ૧, ફુલાવેલું મોરથુથુ તો ૦ા, ચાક તો ૪, હાથો તો ૧, સીંધવ તો ૨, માયા તો ૧, કપુર તો ૦ાા, એનું મંજન બનાવી દાંતે ઘસવાથી દાંતમાથી નિકળતું લોહી મટી દાંત મજબુત થાય છે.

બાળકની વરાધ—કેશર, જેઠીમધ, હીંગ, હરડેદળ, એ ચાર વસ્તુ અડધો અડધો તોલો લઇ ખાંડી વસ્ત્રગાળ કરી મીઠી ચાવલ તો ૨, લઈ ૦ાા શેર પાણીમાં ઉકાળી અધોળ પાણી રહે ત્યારે ગાળી ઉપલા ચુર્ણમાં નાખી ઘુંટી ગોળી મગના જેવડી વાળી સવારસાંજ એકગોળી બાળકને આપવાથી વરાધ મટે છે. ઉમ્મરના પ્રમાણમાં ગોળી આપવી.

વૈદ અંબાલાલ નરોત્તમ જોશી ભાટપુર પોષ્ટ બહાદરપુર

હાકાઅને ઉલટીનો ઉપાય—મોરના પીંછાના ચાંલ્લાંની રાખ તો ૧, લોબાનનાફુલ તો ૧, મેળવી એક વાલપુર મધપીપર અથવા આદુના રસમાં આપવાથી ઉલટી અને હેડકી મટે છે.

લોહીવાનો ઉપાય—જુની ઇંટનો ૦ા શેરનો કટકો ઘી શેર ૦ા,માં પલાળી મુકવો, પછી અગ્નીમાં મુકીને શેકીલેવો પછી વસ્ત્રગાળ કરી બોડીકલારનો રસ તો ૨ાા તથા સાકર તો ૦ાામાં એકવાલ ભુકો આપવથી લોહીવા મટે છે. તેલ, મરચુ, ખટાસ બંધ.

જીવન બનાવવાની રીત ગુરૂપ્રસાદી—આમળાં શેર ૧ાા, બેડાં નવટાંક, હરડાં પાસેર, ખેરીગુંદર અધોળ, નીસોતર અધોળ, કેશર તો. ાા એખરો નવટાંક, સનાવરી પાસેર, પીપર નવટાંક, ધોળામરી અધોળ, ધોળીમુશલી નવટાંક, ચોપચીની નવટાંક, જાયફળ તો ૧, એલચી તો. ૧, બદામ શેર ાા, ગોખરૂ નવટાંક, સુંઠ અધોળ, પીપરીમુળ ાશેર, આશન નવટાંક, ભોંયકોળુ નવટાંક, ચાંદીનાવરખ નંગ ૫૦, સોનાનાવરખ નંગ ૨૫, બધી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી પછી સાકર શેર ચારની ત્રણતારી ચાસણી કરી તેમાં ઉપલું ચૂર્ણ નાંખી મધશેર એક નાંખી હલાવીને એકત્ર કરવું આ જીવન ૩૧) ભાર દુધસાથે ખાવું જેથી પુષ્ટી શકતી મગજે ઠંડક દસ્તનો ખુલાશો લોહી સુધરે પંચામૃત પરપટી સાથે અથવા સુવર્ણ માલતી સાથે ખાવાથી બહુજ ફાયદો કરે પરેજી તેલ, ખટાસ હીંગ, મરચાં, દહીં ખટાસ નહીં ખાવું.

વૈદ દેવીસિંહજી ભુપતસિંહજી, કટોશણ, વાયા વીરમગામ.

તાવનો ઉપાય—ભાંગ તો. ૧, મરી તો. ૨, ગોળ તો. ૪ બધાને સાથે ઘુટી ગોળી વટાણાપુરની કરી દરેક ગોળી સાથે કુઇનાઇન ગ્રેન અડધો મેળવી તુળસીના રસમાં સાંજ સવાર ખાઈ ઉપર પાસેર દુધ પીવું જેથી તાવ ઉપર સારો ફાયદો કરે છે.

તાવનો બીજો ઉપાય—પીપર તો. ૨, જીરૂ તો. ૨ાા, કાચકા શેકેલા તો. ૪ આવળના સુકાં પાન તો. ૧ાા, નાવલીનાં સુકાં પાન તો. ૪, તુળસીના સુકા પાન, તો. ૨, ભાંગ તો. ૩, કવીનાઇન તો. ૨, બધાંને ખાંડી વસ્ત્રગાળ કરી ધંતુરાના રસમાં, અથવા પાણીમાં

ઘુટી ગોળી રતીપુરની કરી મોટા માણસને દીવસમાં ત્રણ વખત ત્રણ ત્રણ ગોળીઓ ખવાડવી જેથી બધી જાતના તાવ જાય છે, ખોરાક હલકો ખવાડવો.

ચોથીઆ તાવનો ઉપાય—સુદ્ધ સંખીઓ તો. ાા સોનાગેરૂ તો. ૮ બન્નેને ગુલાબજળમાં ઘુટીને મરી જેવડી ગોળી કરી તાવની વારીને દીવસે સવારમાં બે ખવાડવી તથા બીજી બે ગોળી તાવ આવ્યા અગાઉ અડધા કલાક આગમજ ખવાડવી. જો કોઇને ઉલટી થાય તો ધાણાને સાકરતું પાણી પાવું, આ ગોળીથી એકજ પાળીમાં ચોથીઓ જાય છે.

નાસીકા વિરેચન—હીંગલોક તો. ૧, ટંકણ તો. ૧ કુકડવેલના ડોડવાનું ચૂર્ણ તો. ચાર, એ ત્રણેને બારીક વાટી કમળાના રોગીને પ્રથમ ઘી સુંઘાડી, ઉપલું ચૂર્ણ છીંકણીની માફક સુંઘાડવાથી, એક પોહોરમાં નાક વાટે કમળો ઝરવા માંડશે પછી ગરમ ઘી સુઘાડવાથી શ્રાવ બંધ થઇ જશે અને બે ત્રણ દીવસમાં કમળો મટી જશે.

વૈઃ કરૂણાશંકર નરભેરામ-ઝવેરી ઉત્તમચંદ
આર્ય ઐાષધાલય વડોદરા.

કાસ, શ્વાસ, ક્ષય, રોગઉપર—કેશર તો. ૧, કસ્તુરી તો. ાા, સોનાના વરખ તો ાા, ચાંદીનાવરખ તો. ૧, અફીણ તો ૪, પાનના રસમાં બે દીવસ ઘુંટી બાજરીનાં દાણાપુર ગોળીકરી સવાર સાંજ બબ્બે ગોળી ગળવાથી શ્વાસ, કાસ, દમ બેસે છે શીયાળામાં ખાસ ઉપયોગી ગોળી છે.

બીજીરીત—કેશર તો. ૦।, જાવંત્રી તો. ૧, એળીઓ તો. ૧।।, કસ્તુરીવાલ ૪, ગંઠોડા તો ૨, પીપર તો ૨, હીંગુળ તો ૧, સોનાના વરખ તો ૦।, પાનનારસમાં મગ પ્રમાણે ગોળીકરી દીવસમાં બે વખત ગોળી નંગ ૧-થી-૩, સુધી મધ અગર દુધસાથે આપવી.

વરાધની ગોળી—કાચકાનીમીંચ તો ૨, લીંબોડીનીમીજ તો. ૨, એળીઓ તો ૨, બધાની પાણીમાં ગોળી વટાણાપુરની કરવી પેટનો ચડાવો તથા ઉછાળો મટે છે.

બાળ સુળાદી—સેકેલા કાચકાની મીચ તો ૫. કડુ તો ૫, હીંગ સેકેલી તો ૫, અતીવીશની કળી તો. ૫, સંચળ તો. ૫, બધાનું વસ્ત્રગાળ ચૂર્ણકરી લશણ શેર એક લાવીનેમાં સઘળાને ઘુંટી મગ જેવડી ગોળીકરી દશથી પાંચ વર્ષસુધીના બાળકોને પેટના દરદોમાં ખાસ ઉપયોગી છે.

ઊપદંશ ઊપર ઊપાય—સફેત કાથો તો ૧, ચીકણી સોપારી તો ૧, કંપીલો તો ૧, સંખજીરૂ તો ૧, મુરદાશીંગ તો. ૧, રસકપુર તો ૪, બધાંનેવાટી વેસીલીનમાં મેળવી સ્ત્રીઅગર પુરૂષોના ગુપ્ત ભાગની ચાંદી ઉપર ચોપડવાથી ચાંદી મટીજાય છે.

હિરણ્ય ગર્ભની માત્રા—સોનાના વરખ તો. ૦।, ચાંદીના વરખ તો. ૦।, તામ્રભસ્મ તો. ૦।, અભ્રકભસ્મ તો. ૦।, પ્રવાળ ભસ્મ તો. ૦।, લોહભસ્મ તો. ૦।, મોતીભસ્મ તો. ૦।, શુદ્ધ હડતાળ તો. ૦।, પારો તો. ૦।, ગંધક તો. ૦।, પ્રથમ પારાગંધકની કજલી કરી બીજી વસ્તુઓ નાંખી કુંવારનાં રશમાં પાંચ દીવસ ઘુટી સોગ-ઠીના આકારની ગોળી કરી સુકવી રેશમી મજબુત કકડામાં બાંધી એક ચડવામાં ગંધક ભરી તેની વચમાં પોટલીને દોરો બાંધી લટકતી

રાખી ચડવા ઉપર ટચલી આંગળી જેવું કાણું કરી એક કોડીઉ ઢાંકી તેને ચુનો અને ગોળ વતી મુદ્રા કરી નીચે દીવેલના દીવાનો કાકડો કરી તેનો અગ્ની આપવો. ચુલો ચડવો રહે તેવો કરવો ગંધકનો રસ થાય તે ઉપરનાં કોડીયાના કાંગાંમાંથી જોવું. આ પ્રમાણે લગભગ બે કલાક મોટા દીવાનો તાપ આપવાથી માત્રા સારી બને છે. જો માત્રા કાલી કરવી હોય તો કજલી વધારે નાંખવી.

અગ્ની કુમાર—સુદ્ધ પારો તો. ૧, ગંધક તો. ૧, સુદ્ધ વછનાગ તો. ૧, ફુલાવેલો ટંકણ તો. ૧, લોહભસ્મ તો. ૧, અજમોદ તો. ૧, અફીણ તો. ૧, અભ્રકભસ્મ તો. ૭, બધાને ધુટી ચીત્રક નીભાવના ત્રણચારદીવસ આપી મરી પ્રમાણે ગોળી કરી સવાર સાંજ યોગ્ય અનુપાન સાથે બે ગોળી આપવાથી સંગ્રહણી વિશુચીકા શ્વાસ, કાસ વિગેરે ઉપર ઉત્તમ ગુણ કરે છે.

વૈદ હીંમતલાલ મુગટરામ નાગરબોડીની પોળ અમદાવદ

સન્નીપાત—વછનાગ તો ૧૧, પારો તો ૩, ગંધક તો ૫, મનસીલ તો ૬, તામ્રભસ્મ તો. ૪, ટંકણ તો. ૭, હડતાલ તો ૯, ત્રીકટુ તો ૧૨, ત્રીફળાં તોં ૧૦, હીંગ તો ૧, વજ તો ૧, એ બધી વસ્તુને ધુંટી આદુ ચીત્રો, લીંબુ, લશણ, શરગવો, કાસરી દરો અંકોલ એ દરેકનાં રશમાં પોહોર પોહોર ધુંટીને પછી પંચકોલ અને પંચમુળની અકેક ભાવના આપી ગોળી ચણોઠીપુરની કરી આદુ અને મધસાથે દીવસમાં ત્રણવાર આપવાથી તમામ સન્નીપાત મટે છે.

સંગ્રહણી—ભીલામાં, સુંઠ, મરી, પીપર, હરડાંબેડાં આમળાં, સીંધવ, સંચળ, મીઠુ, એમધું સરખેભાગે લઇ માટીનાં વાશણમાં ભરી અડાયાનો અગ્ની આપી થંડુપડે વાટી ઘી સાથે અગર ભાતસાથે આવાથી ગ્રહણી પાંન્ડુ ગુલ્મ. સૂળ વીગેરે મટે.

અર્શ—ફોડીશેર ૧, ભીલામાંશેર ૧, લઈ બન્નેને એક હાંલ્લામાં નાખી સાધારણ અગ્ની આપવો ત્યારબાદ તે ભરમથી ચોથેભાગે પારા ગંધકની કજલી નાંખી ભાંગરાના રશના સાતપુટ આપવા માત્રા દહીંનું બળાબોઇ વાલ ૧-થી-૩, સુધી આપવી પથ્યમાં દહીં છાશ ભાત.

મૃગી વાયુ ફેફરૂ—સંખનો જીવડો સુકો ઘસીને પાવો તેમજ વજ ઉપલેટ સંખાવળી, બ્રાહ્મીથી સીદ્ધ કરેલું ઘી સેવન કરેતો અવસ્ય ઉન્માદ, મૃગી, રદય સુન્ય વગેરે મટે છે.

વૈદ જમનાદાશ મદનજી વૈષ્ણવ. વેરાવળ.

ત્રાંદાશ જ્વર, વિનાશક ગુટીકા—સૂંઠ તો. ૧, હરડે તો. ૨, ખડશળીઓ તો. ૧, મોથ તો. ૧, કડુ તો. ૧, ઇંદ્રજવ તો. ૧, દ્રાક્ષ તો. ૧, ધાણા તો. ૧, સુકાં અરડુસાના પાન તો. ૨, કપુર તો. ૦I, કરીઆતુ તો. ૪, એ બધાનુ વસ્ત્રગાળ ચુર્ણ કરી, કડાંની છાલ તો. ૪, નું ઘન બનાવી. ગોળી વળાય એવું નરમ રાખી, બધાને સાથે ઘુટી ચણી બોર જેવડી ગોળી કરી મોટા માણુસને દીવસમાં ગોળી ૧-૬ સુધી પાણી સાથે આપવાથી બધી જાતના તાવ મટે છે.

અતિસાર—ઓથમી જીરૂ તો. ૨, બીલી તો. ૨, વરીયાળી તો. ૧, મોથ તો. ૧, મોચરસ તો. ૧, જાયફળ તો. ૦II, આંબાની ગોટલી તો. ૨, ભાંગ સેકેલી તો. ૧, સુંઠ તો. ૧, સાકર તો. ૨II, બધાને ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરી, દીવસમાં બે વાર દહીંના મોળા મઠા સાથે બેઆની ભારથી પાવલી ભાર સુધી આપવાથી આમાતિસાર વાતાતી સાર, અને બીજા ઝાડાના રોગમાં ફાયદો કરે છે.

ભૃંગ રાજાદી ચુર્ણ—જાયફળ તો. ૨, તાલીસપત્ર તો. ૨, રતાંજલી તો. ૨, સુંઠ તો. ૨, લવીંગ તો. ૨, જીરૂ તો. ૨, કપુર તો. ૨, હરડાં તો. ૨, આમળાં તો. ૨, મરી તો. ૨, પીપર તો. ૨, વાંસ કપુર તો. ૨, તજ તો. ૨, એલચી તો. ૨, તમાલપત્ર તો. ૨, નાગકેશર તો. ૨, ભાંગરો સુકો તો. ૩૦, સાકર તો. ૬૨, સર્વનું બારીક ચુર્ણ કરી, દીવસમાં ૩ થી ૪ વખત ખવાડવાથી ખાંસી, ક્ષય, શ્વાસ, દમ, વિગેરેમાં સારો ફાયદો કરે છે.

પ્રમેહનો ઉપાય—બાલશમ કોપેબા તો. ૧, ચીની કબાલાનું તેલ તો. ૧, સુખડનું તેલ તો. ૧, એ ત્રણેને એક શીશીમાં ભેગાંકરી સાકરના ભુકાસાથે દીવસમાં ત્રણચાર વખત પાંચથી દશ ટીપા આપવાથી પ્રમેહ મુત્રકચ્છ વીગેરે મટે છે.

વૈદ દુર્ગાશંકર વશરામ સુકલ સીટી સ્ટેશન રાજકોટ

અપસ્મારનો ઊપાય—નદીની રેતીમાં નાના સંખલાં (વાઘચીડા) નામના જંતું થાયછે તે નંગ ૨, સુદ્ધ ઝેરકચૂરાનું ચૂર્ણ વાલ ૧, અજમો એઆની ભાર બધી વસ્તુ ભેગીકરી સવાર સાંજ દુધસાથે લેવાથી ગમેતેવી વાઈ હીસ્ટીરીયા, પક્ષાઘાત, ફેફર, વિગેરે મટે છે.

મુત્ર કચ્છનો ઉપાય—મોટી માછલીના કપાળમાંથી એક જાતનો કાંકરો નિકળે છે તે કાંકરો રૂ. ૦। ભાર આરશના ખલઉપર ઘસીને પાવાથી મૂત્રકચ્છ મટે છે અને મુત્રમાર્ગ શાફ થઈજાય છે.

પ્રદરનો ઊપાય—આસોપાલવની અંતર છાલનો કવાથની રીતે કવાથ બનાવી દુધનાંખીને પાવાથી પ્રદર મટે છે. અથવા આંબાની ગોટલી વાટીને મધ સાકરમાં ખવાડવાથી પણ પ્રદર મટે છે.

ઋતુ પ્રાપ્તીનો ઊપાય—કડવી તુંબડીનાખી તો ૧, પીપર તો ૧, મીંઢળ તો. ૧, ગોળ તો ૧. મહુડાના ફુલ તો ૧. જવખાર તો. ૧, નેપાળો બેઆનીભાર એ બધાની થોરના દુધમાં ગોળી બનાવી. સ્ત્રીઓ ગુપ્ત ભાગમાં અઢી કલાક રાખે તો જરૂર ઋતુ પ્રાપ્ત થાય છે.

મદન દિગ્‌વિજય રસ—મારેલો પારો, અભ્રક ભસ્મ, ગજવેલ ભસ્મ, મનસીલ શુદ્ધ, ગંધક, શુદ્ધ હડતાલ, રસવંતી; બધી વસ્તુ સરખે ભાગે લઈ માણુસના મુત્રમાં વાટી ગોળો કરી. તે ગોળાથી બમણો ગંધક એક લોહના પાત્રમાં ભરી ઉપર નીચે ગંધક મુકી. મધુર તાપથી પરીપકવ કરવો. પછી આદુના રસની ત્રણ ભાવના આપવી. પછી નાગરવેલના પાનના રસની એક ભાવના આપી પછી રતીપુર પાનના રસમાં ખાય તો કામોદીપન થાય, અને દુધમાં ખાય તો વાઈ, ચકરી, ફેફર, હિસ્ટીદીયા જડમુળથી મટે.

વધરાવળનો ઉપાય—ઘોડાવજ તો. ૧, સરસવ તો. ૧, સુંઠ તો. ૧, ગુગળ તો. ૨ એ બધાને વાટીને લેપ કરે તો વધરાવળ મટે છે તેમજ સરગવાની છાલ, સરસવ અને ગુગળ એ ત્રણ વસ્તુનો લેપ કરી ચોપડવાથી પણ વધરાવળ મટે છે.

બીજો ઉપાય—ઈંદ્રવરણાના મુળ રૂ. ૦। ભાર પાણીમાં વાટી તેમાં દુધ તથા એરંડીયું તેલ નાંખીને પીવાથી વધરાવળ મટે.

ગર્ભધારણ પ્રયોગ—કાંટવાળા અશેલીઆના મૂળ તો. ૧, ધાવડીનાં ફુલ તો. ૧, વડવાઇ કુમળી તો. ૧, કાળુ કમળ તો. ૧, પારસ પીપળાનાં ડીંડવા બધાને ખાંડી વસ્ત્રગાળ ચુર્ણ કરી દરરોજ દુધ સાથે પીવાથી જરૂર ગર્ભ ધારણ થાય છે.

ત્રીકમલાલ કાળીદાશ શાહ ખાનપુર

રકત પ્રદર ૧ મેદીના બી. તો ૦ાા સાકરસાથે ખાવાથી પ્રદર મટે છે.
૨—નાગ કેશર રૂ ાા ભાર સાકરસાથે ખાવાથી રકત પ્રદર મટે છે.
૩—બાવળના કોલસા સાકરસાથે ખાવાથી પણ પ્રદર મટે છે.
૪—જુનાં ચામડાને બાળીને કરેલી રાખ વા ૧—થી—૨ મધસાથે ચાટવાથી પ્રદર મટે છે.

દંત મંજન—કાથો સુંઠ ઘોડાવજ, તથા કોપરાંની રાખ સમ ભાગે મેળવી દાંતે ઘસવાથી દાઢ તથા દાંતના રોગો મટે છે.

કડુ પુણ્ી—કડુ, કરીઆતુ. અને કોલમ સમભાગે ખાંડી ચુર્ણ કરી રૂ. ૦। ભાર પાણીમાં ઉકાળી ગાળી શાકર ગોળ કે મધનાખી પાવાથી નળબંધ વાયુ તાવ જીર્ણજ્વર, અશકતી મંદાગ્ની વિગેરે ફકત ત્રણચાર દીવસ પીવાથી મટે છે.

રેચની ગોળી—શીવાચુર્ણ તો. ૫, સુદ્ધનેપાળો તો. ૧. બંન્નેને મેળવણી થુવેરના દુધમાં ચણા જેવડી ગોળીકરી પ્રકૃતી પ્રમાણે ગોળી ૧—થી—૨ પાણીસાથે ખવાડવી.

શ્વાસ ખાંસીની ગોળી—બાવળના પડદાનું ચૂર્ણ તો ૧૦, મરી તો ૧, અફીણ તો ૧. બધાને મેળવી પાણીમાં ગોળી વાલપુરની કરી સવાર સાંજ એકેકી મોઢામાં રાખવાથી તુરત ફાયદો થાય છે.

શકતી વર્ધક ચુર્ણ—સુદ્ધ ઝેરકચૂરા તથા મરીનું સમભાગે ચૂર્ણકરી દરરોજ બેરતી આપવાથી તાતકાળીક શકતી આવે છે.

ચાકાદી ચુર્ણ—સુઠ, કાથો, રાળ, ચાક, એ બધાનું સમભાગે ચુર્ણ કરી તો. ૦। થી ૦ાા સુધી, દહીં સાકરમાં ખાવાથી મરડો ઝાડા, સંગ્રહણી વિગેરે રોગો મટે છે.

નવસાર ચુર્ણ—સુદ્ધ કણીવાળો નવસાર ખાંડી વાલ ૨ પાણી સાથે ખાવાથી ખાંસી, શ્વાસ, સોજા વિગેરે મટે છે.

વરાધ ભરાણીની દવા—નદીના સંખલા, લાવી પકાવી ભસ્મ બનાવી તેની બરાબર સેકેલો અજમો મેળવી રતી ૧ થી ૨ નાગરવેલનાં પાનના રસમાં આપવાથી બાળકના રોગો મટે છે.

ભાસ્કર ચુર્ણ—કડુને સેકીને વસ્ત્રગાળ ચૂર્ણ કરી વાલ ૧ થી ૨ ગરમ પાણીને ગોળ સાથે આપવાથી બાળકના પેટનો ભાર, સુંક, જ્વર, રડવું વિગેરે મટે છે.

કૃમી હરરસ—સુદ્ધ પારો તથા સુદ્ધ ગંધક સરખે ભાગે લઈ કજલી કરી લીંબોડીનાં તેલમાં ઘુટી ગોળી વાલ એની કરી વાવડીંગના ઉકાળા સાથે ગોળી એક ખાવાથી કૃમી મટી જાય છે.

વૈદ્ય એમ. એમ. પારેખ. વાંસાવડ.

મુત્રગાંઠનો ઉપાય—કેશુડાંના ફુલને પાણીમાં ઉકાળી તેમાં સુરોખાર તો. ાા નાંખીને પીએ તો મુત્ર ગાંઠ છુટે.

ચાંદીની બુકની—હીરાદખણુ કાથો કેવડીઓ, મરીની રાખ સોપારીનું રૂ, બનાતની રાખ, હરડાંનીછાલસેકેલી, હીંગસોકકાચો, બધાને સેકીને વાટી વસ્ત્રગાળ કરી ચાંદી, ટાંકી, ફોલ્લા, ગુમડાં, વિગેરે ઉપર દાબવાથી મટે છે.

ગર્ભધારણ યોગ—એક આખાં બીજોરાંમાંથી જેટલાં બી નીકળે તે બધા બી રૂતુના વખતમાં, દુધમાં વાટીને પાવાથી ગર્ભ ધારણ થાય છે.

ઝાડો બંધ કરવાનો ઉપાય—જાયફળ તો. ૦।। કેશર વાલ ૧, અફીણ વાલ ૩, એ બધી વસ્તુ વાટી ચોખાના ધોણમાં વાલ ૧ થી ૧।। સુધી પાવાથી ઝાડા અતીસાર સંગ્રહણી વિગેરે ઝાડાના રોગ મટે છે.

ક્ષય રોગનો ઉપાય—કાજુના ઝાડનો ગુંદર વાલ બે તથા ખડી સાકર વાલ ચાર બન્નેને ઝીણાં વાટી દુધ સાથે સવાર સાંજ પીવાથી ક્ષય રોગ મટે છે. એના ઉપર ખટાસ તથા તેલ, મરચાં બંધ કરવા. દવા દીવસ ચઉદ સુધી ખાવી અને થોડી કસર રહે તો વધારે દીવસ કરવી. આ દવા આટલા દીવસ ગુપ્ત હતી. હવે પ્રસીદ્ધ કરી છે.

વૈદ નરભેરામ હરજીવન ભટ્ટ કેશરા તા મેમદાવાદ

ગંડમાળાનો ઉપાય—આંકડાના દુધમાં હીરાકસી ઘસીને લેપ કરવો

હેડકીનો ઉપાય—બકરીના દુધમાં સુંઠ ઉકાળીને પીવી તથા કરડેહળ અને સુંઠનો કલ્ક ગરમ પાણીસાથે પાવાથી હેડકી મટે છે.

ઉલટી કરાવવાનો ઉપાય—અરીઠાનું પાણી કરીને પાવું અથવા રાઇને વાટી ગરમ પાણીમાં પીવાથી ઉલટી થાય છે.

ઉલટી બંધ કરવાનો ઊપાય—ગળોના હીમમાં મધનાખીને પીવું દરોને બારીક વાટી ચોખાના ધોણમાં પીવું તેથી ઉલટી બંધ થશે.

હરસની ધુણી—વાદરાની વિષ્ટા અજમાના ફુલ કળીચૂનો બધાને મીશ્રકરી સાત દીવસ ધુણી દેવાથી હરસ ખરીપડે છે.

હરસનો લેપ-પીપર, સીંધવ, ઉપલેટ, અને કાળીયા શરસનાબી સમભાગે લઇ થોરનાં દુધમાં બારીકવાટી હરશપર ચોપડેથી ખરી પડે.

બાંબલીનો ઊપાય—ધંતુરાના બી. અને કાંશકીના બી. સરખે ભાગે લઇ બારીક વાટી બાંધવાથી બાંબલી મટે છે.

પ્રદરનો ઊપાય—સાગના છોડા બાળી તેની રાખ ગાયના દુધ સાથે પીવાથી પ્રદર મટે તેમજ બાવળના ફુલ ઘીમાંતલી દરરોજ એકટાંક ફાકવાથી પ્રદર મટે.

ગર્ભપાતનો ઊપાય—જેઠીમધના મુળ દૂધમાં ઉકાળી ખીરકરી પીવાથી ગર્ભપાત થતો અટકે તેમજ જવનોલોટ રૂ૧, ભાર તથા સાકર રૂ ૧ ભાર દરરોજ સવારે ફાકવાથી વારેવારે થતો ગર્ભપાત અટકીજાય છે.

પંચાળ વિરચંદ હરીચંદ વૈદ મુ. ભાંન્ડુ, પો. મેસાણા.

ઉલટીનો ઉપાય—કોચાંનું મૂળ તોલો એક તથા લવેંગ નંગ ૨ પાણીમાં ઘસીને પાવાથી ભય કર ઉલટી તુરત મટે છે.

માથાંની કળતર—ચોખ્ખી હીંગ વાલ એક લઇ જરા પાણી નાંખી તેમાં રૂનું પુમડું બોળીને નાકમાં છીકણીની માફક સુંઘવાથી માથાંનો દુઃખાવો તથા સણકા તુરત મટી જાય છે.

વાયુથી શરીર પકડાઇ જવું—દેશી કંટાળા થુવેરનો સારો રસદાર આઠ ઇંચ લાંબો કટકો લઇ કાંટા સાફ કરી તેના ઉપર ભીનું કપડુ લપેટી દેવતાની ભરસાડમાં બાફી પછી તેમાંથી રસકાઢી તે રસની બરાબર ઘી નાંખી તેનાથી ઘઉંનો લોટબાંધી તેની ભાખરી બનાવી ગોળસાથે ખાવાથી રહી ગએલા સાંધાં છુટી આરામ થાય છે.

ખાંસી અને શ્વાસ—સાફ કરેલો અજમો તોલા પાંચ લઇ તેમાં ગાયનું દુધ શેર પોણોનાંખી કડાઇમાં ચુલેચડાવી હલાવતાં હલાવતાં

ધ પચીજાય એટલે નીચે ઉતારી મુકવી ખાંડીને વસ્ત્રગાળકરી તેમાં
ાબરભસ્મ, તોલો એક મેળવી ગોળી વળાય એટલો ગોળનાંખી
ાળી બબ્બે તેલા ભારની કરીને ખાવાથી ખાંસી શ્વાસ વિગેરે મટી જાય
। એ દવાસાથે પીપરવાલચાર અને શાકર તોલા એકનું સરબત
રીને પાવું જેથી પાંસળાનો દુખાવો મટી વાત, પીત, કફના દોષોને
ામાવી દરદીને આરામ કરે છે.

આંચકી અને ધનુરવાયુ—અફીણુ તો ૦ા. પીપર વાલ પાંચ મકકમગરો વાલ પાંચ, સોનાનાવરખ નંગ ૨, કસ્તુરી વાલ બે, અંબર ાલ ૨, લવેંગ વાલ પાંચ, બધી વસ્તુને ચેવલી પાનનાં રસમાં ઘુંટી ાળી મઠના દાણા જેવડી વાળી છેક નાના બાળકને પાણીસાથે ાવી અને એક વરસ સુધીના બાળકને પાનના રસમાં પાવી અને ાટા માણુસને ગોળી નંગ બે પાનના રસમાં પાવી જેથી આચકી ારત મટે છે આ ગોળી હમે ખાસ વાપરીએ છૈએ. અકસીર છે.

વાયુ અને શ્વાસ—શુદ્ધ ઝેહેર કચુરા, પલાશ પાપડો, આંબાહળદ ાંસકીના ધોળા બી, સુદ્ધાં ઝેરી કોપરૂ, એ બધું સરખે ભાગે લઈ ેાખરૂ કરી તાવડીમાં જરા શેકી ખાંડી વસ્ત્રગાળ કરી ખલકરી ારૂં ઝીણુંકરી દરરોજ બેઆની ભાર પાણીસાથે ખવાડવાથી શ્વાસ ાયુ વિગેરે મટે છે.

તાવની બળતરા—બોરડીનાં મુળ શેર ૨. લીમડાના પાંત્રાં ડાળસાથે એ બંન્નેને બારશેર પાણીમાં નાંખી હાંલ્લામાં ઉકાળવું અને તેના ઉપર જે ફીણુ આવે તે લઈ શરીર ઉપર ચોળવાથી દશ મીનીટમાં આરામ થશે.

શકતી અને પુષ્ટીનો પાક—ગુગળ સુદ્ધ તોલા ૧૦ લઇ દુધ શેર દશમાં રાંધી માવો તૈયાર કરવો, પછી તેમાં પીપર, ગંઠોડા આશન અકલગરો, કાળામરી, સતાવરી, કૌચા, મૂગલાઈ બેદાણા અજમો, સુંઠ, કેશર, નાગકેશર, ધોળીમુશળી, કાળીમૂશળી, એખરો, ગોખરૂ. તમાલપત્ર, તજ, ચોપચીની બળબીજ, એ બધી વસ્તુઓ એકેક તોલો લઇ ખાંડી વસ્ત્રગાળ કરી પછી ઘી, શેર ત્રણમાં માવાને સેકી તેમાં ઉપલું ચુરણ મેળવી સાકર શેર છની ચાશણી કરી તેમાં માવો તથા ચૂરણ મેળવેલું નાખી હલાવી ઠારવું તેમાંથી દરરોજ પૃકૃતીને અનુસરીને તોલા પાંચથી સાતસુધી ખાઇ ઉપર પચે તે પ્રમાણે ઘી દુધનો ખોરાક ખાવો જેથી શકતી, પુષ્ટી, બળ, વિર્ય, વધી સંસાર સુખ ભોગવવામાં શકતીવાન થાય છે. પરેજી તેલ મરચાં ખટાસ વિગેરે વસ્તુઓ ખાવી નહિ.

વૈદ પુરૂષોતમ બહેચરભાઇ યાજ્ઞીક કાલોલ

જ્વરઘ્ન ભૈરવ રસ—હીંગલોક, કોડીનીભસ્મ, સુહાગો, વછનાગ કનકબીજ, અફીણ, મરી, ગાજો એ બધી વસ્તુઓ સુદ્ધલઈ વાટી વસ્ત્રગાળ કરી એકપટ આદાના રસનો તથા બીજોપટ લીંબુના રસનો આપી રતી પુરની ગોળીઓ કરી, દરદનું પ્રમાણુ જોઈ ગોળી નંગ બે, ત્રીકટુને મધની સાથે ખાવાથી સઘળી જાતનાં તાવ, કફ, દમ, ખાંસી, સૂળ, વિગેરે મટે છે.

બીજો ઉપાય—વછનાગ તો ૫, સોમલ તો. એક હડતાલ તો ૧, તામ્રભસ્મ તો ૧, પારો તો ૧, ગંધક તો ૧, હીંગલોક તો ૧, એ બધાને ઘુંટી તૈયાર કરવું પછી હરણનાં શીંગડાની

અંદરના ગોળા નંગ બે લઇ એક હાલ્લાંમાં ઉપરની દવાનું અડધુ ચુર્ણ પાથરી તેના ઉપર ગોળામૂકી ઉપર બીજુ ચુર્ણ પાંથરી હાલ્લાનિ કપડમીટ કરી ગજપુટમાં પકાવી પછી તે દવામાંથી દવાભાગ એક લઇ તેમાં ત્રીકટુનું ચૂર્ણ આઠભાગ મેળવી બારીક ખલ કરી વાલ અડધો પાનના રશમાં દીવસમાં બેથી ત્રણ વખત આપવાથી બધી જાતના તાવજાય પરેજીમાં તેલ ખટાશ હીંગ આમલી મરચાં દહીં છાશ વીગેરેનો ત્યાગ કરવો.

હીસ્ટીરીઆની દવા—પીપળાની વડવાઇ સુકી તોં ૨. જાવંત્રી તો ૧ કસ્તુરી તો ાા બધાને સારીપેઠે ઘૂંટી મધમાં મગના દાણાજેવડી ગોળીવાલી થંડા પાણીસાથે દીવસમાં બેથી ત્રણ વખત ખાવાથી હીસ્ટીરીઅ મટીજાય છે.

તાવનેમાટે ગોળી—કવીનાઇન ભાગ ૧ શેકેલીભાંગ ૨ કાળામરી ભાગ ૪ ગોળભાગ ૪ એબધાને મેળવી કાળીતુલશીના રસમાં ઘુંટી ચણાપુરની ગોળીકરી દીવસમાં ત્રણ વખત ગોળી ૧-થી-૨ સુધી પાણી સાથે અથવા દુધસાથે લેવાથી મેલેરીયાતાવ મોસમનોતાવ વિગેરે તાવમાં આ ગોળી ચમતકારી રીતે કામ કરે છે.

કસ્તુરીની ગોળી—કસ્તુરી ભાગ ૨ સોનાનાવરખ ભાગ એક ચાંદીના વરખ ભાગ ૩ બરાશ ભાગ ૩. એલચી ભાગ ૫. જાયફળ ભાગ ૬ વાંસકપુર ભાગ ૭ જાવંત્રી ભાગ ૮ બધાને બારીક ઘુંટી બકરીના દુધમા અથવા નાગરવેલના પાનના રશમાં ઘુંટી રતીપુરની ગોળીવાળી પ્રકૃતીનો વિચાર કરી મધ ઘી દુધ વિગેરેના અનુપાનમાં આપવાથી ખાંશી શ્વાસ ક્ષય વાયુ નબળાઇ આદીરોગો મટે છે.

સુંઘવાનો પાઉડર—અરીઠાની છાલ તો ાા કાયફળ તો ાા સુંઘવાની સારી ઉંચી તપખીર તો ૧, કાળામરી તો. ૧ સફેતમરી તો. ાા કડવા તરીઆનો સુકોગર્ભ તો. ૧ કોડીની સુકી કુપળો તો. ૧ નવસાગર તો ૧ કળીચુનો તો ાા બધાને એકત્રકરી વાટી વસ્ત્રગાળ કરી શીશીમાં ભરી રાખવું જરૂર પડતાં ચપટીભરીને સુંઘવાથી માથાનો દુખાવો આદાશીશી કમળો નળબંધ વાસું છાતીના દરદો માથાની ઘુમરી વિગેરેને દુરકરે છે.

ભાઇલાલ મયાશંકર ઠાકર નડીઆદ

કમળો, પાંન્ડુ, અને સોજામાટે—સુદ્ધ કનક બી. સુદ્ધ વછનાગ શુદ્ધ હીંગળોક એ ત્રણે ઔષધિ સમ પ્રમાણ લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરીને ધતુરાના પાનના રસમાં ખુબ ખરલકરી મગ-પુરની ગોળીઓ વાળવી એક થી બે વખત લેવી મીઠુ તથા પાણી બંધ કરવું તૃષા લાગે ત્યારે ફકત દુધજ પીવું અને ખોરાકમાં મગી થી ચોખા લેવું ઉકત દર્દોઉપર ૮ દીવસમાં ચમત્કારીક કામ કરે છે

કફ, જવર, શરદી, અને ન્યુમોનીઆ માટે—પીપર તો ૧ અતિવિષ તો ાા કનકપાન તો ૧ દેશી નાગરવેલના પાન તો ૧ ભોટીંગણીનાજવ તો ાા એ સર્વે આદુના રશમાં ખરલ કરીને રતીપુરની ગોળીઓ કરીબબેગોળી યોગ્ય અનુપાનથી આપવી.

ખાંસી—આકડાનાં ફુલ તો. ૧૦, કેરડાનાં મૂળ તો. ૧૪, પાણકાંદા તો. ૭, કુંવારનો ગર્ભ તો. ૨૧, ખુરસાની અજમો તો. ૧, પીપર તો. ૧, અજમો તો. ૨, વરાગડુ મીઠું તો. ૨. જવખાર તો. ાા, ફટકડી તો. ાા, આદુ તો. ૩, ઉક્ત પહેલી ચાર ઓષધિ

સિવાયની અન્ય ઔષધિનું ચૂર્ણ કરી પહેલી ચાર ચીજો જુદી સર્વે એકત્ર કરી માટીના લોટકામાં ભરી કપડમટ્ટી કરી અડાયાં નંગ ૨૫ની આંચ આપવી. સ્વાંગ શીતળ થયેથી ભસ્મ કહાડી લઇ આદુના રસમાં ખરલ કરી રતીપૂરની ગોળીઓ કરી બબે ગોળી પાણી સાથે આપવી.

ભોગીલાલ સી. જનોડીઆ. નડીયાદ.

ખાંસી, દમ, ક્ષય—જવનો લોટ શેર ૦ાા, એલચી દાણા તથા ફુલવ્યા વગરનો ટંકણખાર બબે તોલા એ ત્રણ ચીજો એકત્ર કરી અરડુસીના રસથી તે લોટ બાંધી તેની બાટીઓ બનાવી માટીની ડીબમાં મુકી અગ્નિ ઉપર ચડાવી બાળીને તેની ભસ્મ કરવી. બાદ તે ભસ્મ ૧ થી ૨ વાલપૂર મધ યા ઘી સાથે દિવસમાં બે વખત આપવી.

દાદર—સુકી કબુતરની વિષ્ટા અને એળીયો અધોળ લઇ ખરલ કરી કાચની સ્ટોપર બાટલીમાં ભરી તેમાં પાણી શેર ૦ાા નાખી ખૂબ હલાવી તે બાટલી ૭ દિવસ સુધી રહેવા દઈ, એક સળી ઉપર રૂ ચડાવી તેનાથીજ આ દવા ચોપડવી.

વૈદ ગોપાળજી કુંવરજી ઠક્કુર (આરોગ્ય સિન્ધુ) કરાંચી

રસ ભાસ્વાન ગુટી—પારો તો. ૨, ગંધક તો. ૨, લોહ ભસ્મ તો. ૧ાા, અભ્રકભસ્મ તો. ૧, રસસીંદુર તો. ૦ાા તામ્રભસ્મ તો. ૦ા, કંકુ નાગકેશર, એલચી, કેશર, ચીનીકબાલા, જીરૂ, બળદાણાં, સતાવરી, શેમળાનો ગુંદ, બાવળનો ગુંદ, એ વસ્તુઓ બબે તોલા લઇ વસ્ત્રગાળ કરી ઉપરની ભસ્મો મેળવી કુટી તેને આંમળાના

રસની અથવા આમળાના ઉકાળાની આઠ ભાવના દઈ ગોળી વાળવા જેવું થાય ત્યારે બબ્બે રતીપુરની ગોળીઓ વાળી સવાર સાંજ બબ્બે ગોળી મધ ઘીમાં ચાટી ઉપર દુધ પીવું. તેમજ ખોરાક સાદો ખાવો જેથી પ્રમેહ, મધુમેહ, વિર્યશ્રાવ, સ્વપ્નાવસ્થા, પેસાબમાં દાહ, રસી આવવી, મુત્ર કચ્છ, ગુરદાના દરદો, અમ્લપીત, છાતીના દરદ, મગજનું ખાલીપણું ચક્કર, નબલાઇ, વિગેરે દરદોમાં તાત્કાળીક ગુણ આપે છે. દીર્ઘાયુષી થવા માટે ૭ માસ સુધી સેવન કરવુ, પરેજીમાં બજારની મીઠાઈ તથા ખાટા પદાર્થો બંધ રાખવા.

ઉપલ સરી—(અનંત મૂળ)નું સરબત—અનંત મૂળ તોલા ૧૦ ને પાણી તોલા ૫૮ માં ઉકાળી ચોથા ભાગનું પાણી રહે ત્યારે ઉતારી ચાર કલાક ઢાંકી રાખી પછી તેને ગાળી તેમાં સાકર તોલા ૭૦ નાંખી ચાસણી કરી સરબત બનાવવું, તેમાંથી બાળકને રૂ. ૦। થી ૦॥ ભાર સુધી તથા મોટા માણસને તોલો ૧ થી ૨ સુધી પાણી સાથે મેળવીને દીવસમાં એકથી બે વખત પાવું જેથી લોહી સુધરી ગરમી સાંન્ત થઈ, ખુજલી, ખસ, નબળાઈ વિગેરેને મટાડી ભુખ લગાડે છે.

હરષની દવા—સુકાં અંજીર તોલા ૧૦, કાળી દ્રાક્ષ તો. ૧૦, સાકર તો. ૧૦, મોટી હરડેની છાલ તો. ૧૦, બધાને સાથે ખાંડી એકત્ર કરી, સોપારી જેવડી ગોળી કરી, તેમાથી સવાર સાંજ અકેકી ગોળી ખાવાથી સુકા તથા દુઝતા હરષ મટે છે.

માષ ચુર્ણ—અડદની છડેલી દાળને કુંઅલીના રસના એક વીસ દીવસ સુધી પુટો આપી સુકવવી પછી તેનો લોટ કરી તે

-સોટ તોલો ૦ાા, ઘી તોલો ૧, સાકર તોલો ૧ માં મેળવી ચાટવાથી પુષ્ટી તથા શકતી વધે છે. દવા ખાટી ઉપર દુધ પીવું તેમજ કોઇ પણ જાતની ખટાસ કે અથાણું બીલકુલ ખાવું નહીં.

હકીમ નાથાભાઈ અબદુલ્લા રાજપારડી.

પ્લેગની ગાંઠનો લેપ—સોમલ તોલો એક, સોનાગેરૂ તોલા બે, સારો કચરા વગરનો ચોખ્ખો ગુગળ તોલા ચાર પ્રથમ સોમલને ખુબ બારીક વાટી તેમાં સોનાગેરૂ મેળવી વાટી વસ્ત્રગાળ કરવું પછી ગુગળમાં થોડું પાણી નાંખી ગરમ કરી એક રસ કરી તેમાં ઉપરની બન્ને વસ્તુ નાંખીને સારી પેઠેમ ઘુંટીને એકત્ર કરવું પછી પ્લેગની ગાંઠ ઉપર ચોપડીને ઉપર રૂનું પોતું ચોડવું અને સુકાય એટલે તેનાં ઉપર સેક કરવો જેથી ગાંઠ પાકવાની હશે તો તાકીદે પાકી જશે અને વેરાવાની હશે તો વેરાઇ જશે.

કોલેરાનો ઉપાય—લશણની સુકી કળી તોલા ચાર, કપુર તોલો એક, હીંગ ઉંચી તોલો એક, લાલ મરચાં સુકાંનો ઝીણો ભુકો તોલા બે એ બધી વસ્તુને એકત્ર કરી સારી પેઠે ખલી પાણીમાં ઘુંટી ગોળી વાળવા જેવું થાય ત્યારે ગોળીઓ ચણાપુરની કરી કોલેરાના દરદીને ગોળી દર બે કલાકે એકથી બે સુધી દહીં સાથે આપવાથી કોલેરામાં સારૂં કામ કરે છે.

કેશવલાલ બાપુજી વૈદ્ય બરવાલા-ઘેલાશાના

બાળામૃત—થોરનાં પાકાં રાતાં ફળનો રસ તોલા દશ સાકર તોલા દશની ચાસણી બનાવી નાની ચમચી ભરી બાળકને પાવું. બીજાં બાળા મૃતના જેવોજ ફાયદો કરે છે. અનુભવ કરીને લખું છું.

योनी संकोचन गुटिका—સ્મશાનનાં અસ્થિતી ભસ્મ તથા ખાખરાના વૃક્ષનાં બીજ અને ઉંબરાનાં પાકાં ફળ આ ત્રણે દવા સમાજ ભાગ લઇ મધમાં ગોળી કરવી અને રાત દિવસ મળી બે ગોળી વાપરવી આ ગુટિકા સ્મરાગારમાં પહેરવાની છે.

રતવાનો ઉપાય—શતાવરી, આસન. વરધારો અને કમળ કાકડી આ લખેલ ચાર દવાઓ. અમારા શાસ્ત્ર સિદ્ધ ખેરના ઘી સાથે સગર્ભા સ્ત્રીએ ચોથે પાંચમે છઠ્ઠે અને સાતમે માસે પીવાથી ઘણા વખતનોં જુનો રતવાનો રોગ નાસ થાય છે. અને રતવાથી મરી જતાં બાળકો તે રોગથી મરતાં નથી ઉપરની ચારે દવા ક્રમે કરીને ચાર માસ જુદી જુદી દરરોજ ૦ાા ભાર લેવાની છે

કફ સીરપ (નુતન)—ભોરીંગણીનાં પાકા ફળનો રસ તોલા વીશ, સાકર તોલા વીશની ચાસણી અને પીપરમેંટ ઓઇલ એક ઓંસ મેળવી બાટલી ભરી દેવી બાળકના ઉધરસના વ્યાધિ ઉપર એક નાની ચમચી ભરીને પાવું (એક વરસ ઉપરાંતના બાળકને) ફાયદો સારો થાય છે. ઘણા વખતથી વાપરૂં છું. યકૃતના વ્યાધિ પણ સુધરે છે.

सर्वतो भद्र चुर्ण—આકડાનાં પાન નંગ ૬૪ થોરનાં ડીંડલાના કકડા નં. ૪ કુંવારનાં પાઠાં નં, ૫, ભોરીંગણીનાં પાકાં ફળ નં. ૬૪, અદરામણીનાં ફળ નં. ૧૦, રીંગણાં (શાકનાં) નં. ૪, મુળો નંગ ૧, જવખાર, સંચળખાર, સિંધાલુણ અને વડાગરૂં મીઠું દરેક તોલા ચાર લેવું રાઇ દાણા તોલા બે, સરશીયું તેલ તોલા ચાર આ તમામ ઓષધો માટીના મોટા ઠામમાં ભરવાં પછી કપડ માટી

કરીને મોટા ખાડામાં ઉપર નીચે છાણાં ભરી સળગાવી દેવું. ભસ્મ થઈ જાય ત્યારે કાઢીને ખરલમાં મર્દન કરવું. પછી વસ્ત્રગાળ કરી બાટલો ભરી લેવો માત્રા ૦ાા અર્ધો તોલો જુદા જુદા અનુપાનથી ઘણા રોગો ઉપર સારી અસર કરે છે. હું પોતે ઘણા વખતથી વાપરૂં છું. આમવાયુ ઉપર તો આ ખાસ ઉપયોગી છે. આમમાં ઉના પાણી સાથે પાંડુરોગમાં હરડે સાથે અતિસારમાં છાશ સાથે આપવું આ પ્રયોગ જુના લખેલ પુસ્તકનો છે.

વૈદ મણીલાલ વલ્લભરામ, વાલમ તા. વિસનગર

વરાધ માટે—ગરમાળાનો ગોળ, કડુ, પીપર, મોટી હરડે. એ દરેક બબેઆની ભાર લઈ પાણી શેર ૦ાા માં ઉકાળી અધોળ રાખી દીવસમાં ત્રણ વખત પાવું.

કરમનો ઉપચ્ય—કાચકા સેકેલા તો. ૧, હીંગ સેકેલી તો. ૦ા, કરમાણી અજમો તો. ૧, સંચળ તો ૧, બધાનું વસ્ત્રગાળ ચુર્ણ કરી પાણી સાથે બે આનીભાર આપવાથી કરમ મટે છે,

કરમ માટે લેપ—એળીઓ, હીંગ, તપખીર, એ ત્રણ વસ્તુ દીવેલમાં ખદખદાવી પેટઉપર ઉતરતા હાથે લેપ કરવાથી કરમ મટે છે.

ગર્ભણીનો તાવ—કડુ સેકેલું તો ૦ા, ધાણા તો ૦૲ બંન્નેને ઝીણાંવાટી અધોળ પાણીમાં સાકર રૂ ૧) ભાર નાંખીને પાવું.

ગર્ભણીના ઝાડા—કડાછાલ પાણીમાં પલાળી રાખી તે પાણી દીવસમાં બેથી ત્રણવાર પાવું.

દમ ઊપર—ફટકડીને એક મોટા વાસણમાં નાંખી ચુલાઉપર ફુલાવવી અડધી ફુલે એટલે તેમાં પાણી શેર ૧ાા, નાખવું જેથી

ફુલેલી ઉપર તરી આવશે તેને કાઢીલઇ તેની ગોળી મગપુરની કરવી. અને પાણીને ગાળીને બાટલીમાં ભરી રાખવું દમ વાળાને ગોળી એક પાણીઐાંશ એક દીવસમાં એકથી બેવાર પાવું અને ઉપર સાકર અથવા ગોળનો શીરો ખવાડવો.

વૈદ શ્રીધર ભાઉરાવ. દાણે આકોટ—જી. (વરાડ)

ખાંશીનો ઉપાય—લોબાન ભાગ ૪, કપુર ભાગ ૧ અફીણ ભાગ. ০।। નવસાગર ભાગ ૨, બધી વસ્તુને સારી પેડે ખલીને શીશીમાં ભરી મુકવી એમાંથી રતી બે મધ સાથે દીવસમાં ત્રણ વખત ચટાડવાથી. એક દીવસમાં ખાંશી ઓછી થાય છે.

શ્વાસનો ઉપાય—સફેત ધાસલેટ એકથી બે દ્રામ અને પાણી ઐંશ એક એ બન્નેને મેળવીને પાવાથી તાવ અને તાવમાં થતી લવારી તથા બે સુદ્ધી મટે છે. જરૂર પડે. તો આ પ્રમાણે દીવસમાં બે થી ત્રણ વાર આપવું.

ખરસવાંનો ઉપાય—જાુનું ઘી શેર ০।।, રસકપુર તો. ૧ તેલીયો સોહાગો તો. ૨, કંપીલો તો. ૫ મોરથુથુ તે. ૧ અરીઠાંનું ફીણ તો. ૫, એ બધી વસ્તુને તાંબાનાં વાસણમાં નાંખી તાંબાના લોટા વતી ખુબ ઘુટવું. પછી કાચના વાશણમાં ભરવું આ દવાં ખરસવાં ઉપર ચોપડવાથી ગમે તેવા જાુનાં અને નહીં મટતાં ખરસવાં મટે છે.

સુલેમાન નાથાભાઈ હકીમ ક્ષત્રી. રાંજપારડી.

તાવનો અકસીર ઉપાય—આંકડાના મુળની છાલ તોલા ૩।।, મરી કાળા તોલા ૧।।।, કાથો તો. ০।।, સુદ્ધ સંખીયો સોમળ તો. ০।, ગુંદર બાવળનો તો. ૧, બધાને સારી રીતે ઘુંટી ગોળી વળાય

ટલું પાણી નાંખી એક રસ કરી ગોળી રતીપુરની કરી તાવવાળાને ોવસમાં ત્રણ વખત ગોળી એક પાણી સાથે ખવાડવી તેમજ દમ, ખાંશી વિગેરેમાં પણ યોગ્ય અનુપાન સાથે આપવાથી તાત્કાલીક ાયદો કરે છે.

ખાંસીની ગોળી—આંકડાના ફુલ તો. ૪, મરી તો. ૪, ાધેલો નવસાર તો. ૦ાા, જવખાર તો. ૦ાા, બધાને ઘુંટીને ચણા-ારની ગોળી કરી દીવસમાં ચાર પાંચ ગોળી ખવાડવાથી તુરત ફાયદો ારે છે.

માસ્તર મોહનલાલ જેઠાલાલ ઠાકર, વહુરા પો. કવીઠા.

પ્રમેહ—સાકર, કવચના બી, દુધેલીનું મૂળ, સતાવરી અને ંઠ બધુ સમાન ભાગે લઇ ત્રણ દીવસ ખાવાથી પ્રમેહ મટે છે.

હરષ—વાવડીંગ અને જેઠીનું સમાન ભાગે ચુર્ણ કરી દરરોજ ાકર સાથે ખાવાથી એક માસમાં હરષ મટે છે.

ઉધરસ—હીંગલોક, વછનાગ, ટંકણ, મરી, પીપર સમાન ભાગે ાઇ લીંબુના રસમાં ખલી ચણોઠી પુરની ગોળી કરી, પાનના રસમાં ાવાર સાંજ ખાવાથી ઉધરસ, દમ, સૂળ, સંગ્રહણી અને સન્નીપાત ાટે છે.

ચોથીઓ તાવ—જુનાં ઘીમાં હીંગ મેળવીને નાકે સુંઘવાથી ાોથીઓ તાવ જાય પણ સાથે હરડાં, બેડા, આમલાનું ચુર્ણ દુધ ાાથે પીવું.

શોષ ઉપર—એલચીની આમલીના રસમાં ગોળી વાળી સુકવી ાામાં રાખવાથી શોષ મટે છે.

આદ્દાશીશી—પીપર, મરી, લોધર સમાન ભાગે બારીક વાટી ત્રણ દીવસ નસ્ય આપવાથી મટે છે.

બીજો—લીંમડાના પાનમાં સુંઠ અને ગોળ મેળવી એકત્ર કરી નાકમાં ટીપાં મુકવાથી આદાશીશી મટે છે.

ડાકટર, નારણભાઈ ભાઈઆભાઇ પીજ નડીયાદ

ખસનો ઉપાય—ગંધક તો. ૧, મનસીલ તો. ૧ ખડીયો ખાર તો. ૧, ફુલાવેલું મોરથુથુ વાલ ૨, બધાને બારીક કરી ગાયના ઘી માં મલમ કરીને ચોપડવો.

ખરજવાનો ઉપાય—મકાઇનીરાખ તો. ૧, કંપીલો વાલ ૨, ફુલાવેલું મોરથુથુ વાલ ૨, બધાને વાટી ઝીણું કરી. ધુંપેલ અથવા કરંજના તેલમાં મેળવી લીલાં ખરજવાં ઉપર ચોપડવું અને સુકાં ખરજવાં ઉપર દહીમાં મેળવી ચોપડવું.

સ્ત્રીઓનો પ્રદર—નરમાકપાશના મુળ તો ૧૦, આશોપાલવના મુળ તો. ૧૦, બોરડીના મુળ તો. ૧૦, આંબાહલ્લદ તો. ૧ બધાને ખાંડી તેમાંથી તો. ૧, લઇ વીશતોલા. પાણીમાં ઉકાળી પાંચ તોલા પાણી રહે ત્યારે તેમાં સાકર તો. ૧, ચોખાનું ધોવરામણ તો. ૨ાા. ફુલાવેલી ફટકી વાલ ૩, તાંખી દીવસમાં ત્રણ વખત પીવાથી ચારે પ્રકારના પ્રદરો મટે છે. પરેજી, તેલ, મરચાં, હીંગ, વટાણા ખટાસ વીગેરે બંધ કરવું

સુવા રોગ—બંદાલના વેલાનો ઉકાળો મધ નાખીને પાવો જેથી સુવારોગ મટી જાય યે.

વૈદ દયાશંકર મોરારજી ઠે• મોઢવાડા ધંધુકા

મૃતસંજીવન—તામૃભસ્મ શુદ્ધ ભા ૪, શુદ્ધ જયપાળ ભા ૩, સોહાગો ભા ૨, વત્સ્છનાગ ભા ૧, એ સર્વ વસ્તુ વાટી ચાળી ઘુંટી દવા તૈયાર કરી તેમાંથી બેમાસા માત્રા આદાના રસમાં અગર ત્રીકટું ચિત્રક સીંધવ સાથે આપવી કપુર ચંદન શરીરે ચોળવું હલકા અન્નનું કે કાંજીનું શેવન કરવું તો સન્નિપાત જ્વર વિષમ જ્વર આમવાત વાતશુળ ગુલ્મ આફરો પ્લીહા, જળોદર, શીન, દાહ, અગ્નિમંદ વિગેરેનો નાશ કરે છે.

ચંદ્રામૃત—ત્રીકટુ, ત્રીફળા, ધાણા, જીરૂ, સીંધવ, દરેક અકેક તોલો લેવા શુદ્ધપારો શુદ્ધગંધક કાન્તિસાર શુદ્ધ બબે તોલા સોહાગો આઠ તોલા મરી ચાર તોલા એ સર્વને ખાંડી વાટી મેળવી ઘુંટી કપડછાણ કરી અજાક્ષીરમાં ઘુંટી મરદન કરી પ્રયોગમાં લેવી માત્રા અઢીવાલ આદાના રસમાં અગર પીપર મધસાથે યાતો રોગને અનુસરતા અનુપાન સાથે આપવાથી જવર દાહ ભ્રમ કાસ શ્વાસ રક્તવમન ગુલ્મ અજીર્ણનો અવશ્ય નાશ કરે છે,

મૃત પ્રાણદાઇ રસ-શુદ્ધપારો શુદ્ધગંધક સોહાગો અને વત્સ્નાગ સમાન લઈ કનક બીજના કાઢાની એક વચ્છનાગના કાઢાની ત્રણ ત્રીકટુના કાઢાની પાંચ ભાવના દઇ ખરલમાં ઘુંટી ગોળી તૈયાર કરવી તેમાંથી ગુંજા પ્રમાણ આદાના રસમાં આપવાથી જવર કફ સંત્રિપાત વગેરેનો યોગ્ય અનુપાનથી નાશ કરે. પથ્યમાં દુધભાત કાંજી છાશભાત રોગીની પ્રકૃતિ તપાસી પ્રયોગ કરવો અતિસાર સંગ્રહણી અર્શ જવરાતિસાર આમાતિસારમાં ઇન્દ્રજવ મધ સાકરમાં

પ્રવાહીકા મર્દન રસ—કેશર, લવીંગ, જાયફળ, જાવંત્રી, કલખાપરીયો, અજમોદ, માજુફળ, સમુદ્ર શોષ, અફીણ, કપુર, શુદ્ધ સીંગરફ, શુદ્ધ વત્સ્છનાગ, કસ્તુરી, સર્વ સમાન લઇ અફીણનો કસુંબો કરી બીજાં ઔષધનું ચુર્ણ કરી કસુંબામાં નાંખી મરદન કરી ગુંજા પ્રમાણે ગોળીયો કરી તેનું શેવન કરવાથી સંગ્રહણી, અતિસાર, રકતાતિસાર, (મરડો) આંકડી વગેરે મહાપ્રબળ હોય તો પણ તેનો નાશ કરવા સર્વોત્તમ શક્તિ ધરાવે છે. અમારો અનુભવેલ પ્રયોગ છે.

ગ્રહણી કપાટ—મોરથુથુને લીંબુમાં ઘુંટી કોડીયામાં નાંખી સંપુટ કરી લઘુપુટ આપી શુદ્ધ કરવો પછી ત્રણ દીવસ દહીંમાં ખલ કરી શુદ્ધ કરવો. તે મોરથુથુ, અફીણ, ગળોસત્વ સમાન લઇ તેમનાથી ત્રણગણી જાવંત્રી લઇ સર્વવાટી તુળસીના રસમાં ઘુટી અડધા વાલ પ્રમાણે ગોળીઓ કરવી તેના સેવનથી સંગ્રહણી ક્ષયના ઝાડામાં ઘણુંજ સારૂકામ કરે તે અનુભસિદ્ધ છે.

દુગ્ધવટી-વત્સ્છનાગ અફીણ બને ચારચાર વાલ શુદ્ધ કાંન્તિસાર ભસ્મ ૫ રતી અભ્રખભસ્મ ૭ રતી તે સર્વ દુધમાં મરદન કરી બબે રતીની ગોળીઓ કરવી આ દુગ્ધવટીમાં દુધ સિવાય તમામ વર્જ કરવાનું છે ફકત દુધજભેર રહેવાનું છે અને તેથી અવશ્ય અતિસાર સંગ્રહણી સોજાનો નાશ થાય છે અનુભવ સિદ્ધ છે.

ચુર્ણ—બીલીનો ગર્ભ મોચરસ (વાળો) મોથ ઇન્દ્રજવ કડાછાલ સર્વ સમાન લઇ ચૂર્ણકરી બકરીના દુધમાં રૂા. ૧ાા ભારનું પડીકું નાંખી ઉકાળી સીદ્ધ કરેલું દુધ ગાળી પીવું આ કાઢો પીવાથી સંગ્રહણીનો નિશ્ચય નાશ થાયછે અનુભવેલો છે પથ્યમાં દુધભાતનું શેવન કરવું,

વૈદ્ય ગીરજાશંકર કાશીરામ ભટ્ટ સાણોદર વાયા ભાવનગર

મુર્છા—કસ્તુરી, કેશર, અંબર, જાયફળ, પીપર, સમભાગે લઇ નાગર વેલના પાનના રસમાં મગ જેવડી ગોળી વાળવી દર ટંકે ૧ થી ૩ ગોળી ડુંગણીના રસમાં આપવાથી મુર્છા, શિતાંગ, ધનુર, આંચકી, તે શિવાય હીસ્ટ્રીઆ ઉન્માદ, ચિત્રભ્રમ, વીગેરે મટે છે ને સ્મરણ શકિત વધે ।છે.

બીજો ઉપાય—કસ્તુરી વાલ. ૧, સોનાના વરખ પાના ૩, કેશર તો. ૦। પીપલાની વડવાઇ તો. ૦। હંશરાજ તો. ૦। અદરામણીનાં મૂળ તો. ૦। ડુંગલીનાં મૂળ તો. ૦। અફીણુ તો. ।≈ જાવંત્રી તો. ૦। સર્વને એકત્ર વાટી નાગરવેલના રસમાં એકેક રતીની ગોળી વાળાવી ૧ થી ૩ ગોળી આદું કે તુલશીમાં દેવી જેથી મુર્છા, શરદી, છાતીનીહીંક, દારૂણ સન્નિપાત, હીસ્ટ્રીઆ, ઉન્માદવાયુ, હેડકી શોષ, શરીર સુકાવું મગજની ચકરી વીગેરે વ્યાધીને અવશ્ય મટાડે છે.

હીસ્ટીરાઆ—ઉંચી રસદાર હીંગ તોલા. ૨॥ લઇ તેને ગધેડીના દૂધની બાર પ્હોર સુધી ભાવના આપતા જઇ ખરલ કરવું, ત્યારબાદ તજનો વસ્ત્રગાળ ભુકો નાખી વટાણાપુરની ગોળી વાળી ૧ થી ૨ ગોળી સવાર સાંજ પાણીમાં લેવાથી, જુનામાં જુનો હીસ્ટ્રીઆ, ઉન્માદવાયુ ચિત્રભ્રમ, વાત પ્રાધાન્ય વ્યાધીઓ, વાઇ, વીગેરે મટી સ્મરણ શકિત વધે છે. લાંબી મુદત દવા શરૂ રાખવાથી હીસ્ટ્રીઆ અવશ્ય મટે છે.

સન્નિપાતનો ઉપાય—સોનાના વરખ નંગ ૮, પીપળાની વડ વાઇ તો. ૦॥ શેકેલ લવીંગ. તો. ૧, જાવંત્રી તો. ૦॥ કેશર. તો. ૦। ડુંગળીનું મૂળ તો. ૦। લસણનું મૂળ, તો. ૦। હોકાનો કીલ તો. ૦। અફીણુ તો. ૦।≈

ઉપર મુજબવાટી આદું અથવા નાગરવેલનાં પાનમાં કે પાણીમાં ચણા પુર ગોળી વાળી મોટા માણુસને દરટ કે ૩ થી ૪ તથા બે વરસ ઉપરાંતના બાળકને ગોળી ૦ા થી ૦ાા આપવી. મોટા માણુસને આખા દિવસમાં બારથી વધારે આપવી નહીં. આ ગોળીથી અસાધ્યમાં અસાધ્ય ત્રિદોષ, ધનુર, આંચકી, હીસ્ટ્રીઆ અત્યંતવાયું, ત્રોડ કફ શરદી, ઝાડા વીગેરેને અતી ત્વરાથી મટાડે છે. મરણ કલ્પ જેવામાં આવેલ દરદી પ્રભુ કૃપાથી બચી ગયેલા છે.

(૨) પીપરનો ગોટો તો. ૫, સોનાના વરખ પાન ૨૫, શીતા ફળનાં પાન તો. ૨ાા એરંડાનું મૂળ તો. ૨ાા સુંઠ તો. ૧, હરણના કાચા શીંગનો ગરભ તો. ૧ા બોરડીના જુના કાંટાં. તો. ૧ા. બધુ સાથે મેળવી પાણી શેર ૫, માં ઉકાળી શેર ૦ાા રહે ત્યારે ઉતારી તેમાંથી કલાક, કલાક, ને અંતરે, અઢી અઢી ભારપાવું જેથી સન્નિ પાતનો રોગી ઉઠી ઉઠીને ભાગતો હોય, આંખનું મટકું પણ ન હોય, બકવાટ કરતો બે ભાનમાં ગોથા ખાતો હોય તેવો ત્રિદોષમાં ઘેરાઇ ગયેલો દરદી સારો થાય છે.

(૩) કેશર તો ૦ાા કસ્તુરી રતી ૧, પીપળાની વડવાઇ તો. ૦ાા, ગોરોચંદન તો ૦ાા, સોનાના વરખ પાન ૨, હંસરાજ તો. ૦ા,

લખવા પ્રમાણે લઇ મેળવી વાટી આદુ અથવા નાગરવેલ પાનના રસમાં નાના મગ પ્રમાણે ગોળીઓવાળી મોટા માણુસને દર ટંકે ૩ થી ૬ ગોળી મધ અથવા પાણીમાં પાવી જેથી ત્રિદોષ, કફ, સંત્રિપાત, લાલમુંજારો, શરદી વગેરે રોગ નાબુત રાય છે.

નાના બચ્ચાંને ૦ા, થી એકગોળી આપવાથી ત્રિદોષ આંચકી ધનુર, ખેંચતાણ સસણી વરાધ સળેખમ શરદી, ઝાડા વીગેરે વ્યાધીમાં

ત્રિજળી જેવો ફાયદો બતાવે છે તે સિવાય પારૂગળો, ગળુપડવું, બાળાશોષ, વિગેરે ભયંકર દરદોમાં ઉત્તમ ગુણ આપે છે,

વૈદ ગીરધરલાલ નરસીંહરામ, ઘી-કાંટા, અમદાવાદ.

કફમાં લોહી પડે તેનો—અરડુસાનાં તાજાં પાન જેને કોઈ પણ જાતની કીડ લાગેલી ન હોય તેવાં નં. ૨ લઇ પાણીથી ધોઇ સાફ કરી એક રૂપીઆભાર પાણી સાથે ખરલ કરવું. પછી ગરમ કરી ૦।। રૂ. ભાર પાણી રહે નીચે ઉતારી થંડુ થએ લુગડાથી ગાળી એઆની ભાર મધ મેળવી પાવું શ્રદ્ધા માટે એક રતી પ્રવાલ અગર રૂપરસ આપવો દીવસમાં બે વખત આ પ્રયોગથી કફમાંથી પડતું લોહી, પેશાબમાંથી, નાક વાટેથી અગર કોઇપણ સ્થળેથી થતો રક્તશ્રાવ એકદમ મટી જાય છે. અંગ્રેજી હેમેમેલીસ અને હેઝેલીન વાપરતાં પહેલાં એક વખત આ પ્રયોગ અજમાવી જોવો.

ઉધરસ માટે—અળશી શેર ૦।।, જેઠીમધનો શીરો અધોળ પાણી શેર ૧। માં ઉકાળવું જેઠીમધનો શીરો ગળી જાય એટલે નીચે ઉતારી કપડાથી ગાળી શીશીમાં ભરવું. રોજ સવાર સાંજ બે વખત એકેક તોલો પાવું, ઉધરસ વધુ હોય તો ત્રીફળાની ગોળીઓ આખો દીવસ મોંમા ચુસવા આપવી. તેમજ અભ્રક ભસ્મ અગર સાબર શીગાની ભસ્મ રતી ૧, બહેડાની છાલ રતી ૧, હળદર રતી ૧ ત્રણે મીશ્ર કરી સવાર સાંજ બે વખત મધમાં ચટાડવું.

બાળકનું ઉટાટીયું—શેકેલી હળદર, બહેડાની છાલ, શુદ્ધ જવખાર ત્રણે સમભાગ વસ્ત્રગાળ ચુર્ણ કરવું માત્રા રતી ૧ થી ૨ દીવસમાં ત્રણ વખત.

ભયંકર સંગ્રહણી—શુદ્ધ હીંગલોક તોલો ૧, વછનાગ તોલો ૧, અફીણ તોલો ૧, કનકબીજ તોલો ০॥ બધાને ખાંડી લસોટી ધંતુરાના પાનના રસમાં ઘુંટી ગોળી સરસવના દાણા જેવડી કરવી. પ્રથમ દીવસે ગોળી એકેક બીજે દીવસ બે એ પ્રમાણે દરદ અને પ્રકૃતીનો વિચાર કરી ગોળી ૭ સુધી વધારવી દીવસમાં ત્રણવાર ખોરાકમાં ફકત ગાયનું દુધ અને પચેતો દીવસમાં એકાદ કડછી ભાત ખાવા આપવો. દુધનું પ્રમાણ હંમેશાં પાચન ક્રીયાને અનુસરી વધારવું

ગ્રહીણી કપાટરસ—પારદ ૨ ભાગ ગંધક ૧૦ ભાગ અફીણ ૪ ભાગ કોડીની ભસ્મ ૭ ભાગ વછનાગ ૧ ભાગ ત્રીકટુ ૮ ભાગ કનક બીજ ૨૦ ભાગ પારા ગંધકની કાજળ કરી અન્ય ઔષધોનું વસ્ત્રગાળ ચુર્ણ કરી મેળવવું માત્રા રતી ০॥ થી ૧ દીવસમાં બે થી ત્રણવાર યોગ્ય અનુપાન સાથે આપવું.

વૈદ લક્ષ્મીશંકર રેવાશંકર પંડયા ઊંચડી

ખરજવાનો ઊપાય—એરંડી શેર ০॥, ચણાં શેર ০॥, કુળથી શેર ০॥, ભીંડીના બી શેર ০॥, નારીયળ નંગ બેની કાચલી એ સર્વે વસ્તુનો પાતાળી યંત્રે ચુવોકાઢી ખરજવા ઉપર ચોપડવાથી ખરજવું મટે છે.

બીજો ઉપાય—રાળ તો ૪, પારો તો ০॥, ગંધક તો ০॥, ચીનીકબાલા તો ০॥, મરી તો ૧, ટંકણખાર ૧, મોરથુથુ બેઆની ભાર, સફેતો તો ૧, સીંદુર તો ০॥, કપુર તોલો ০॥, પ્રથમ પારા ગંધકની કજલીકરી પછી તેમાં બીજી વસ્તુઓ નાખી વસ્ત્રગાળ કરી સોવાર ધોયલા ઘીમાં મેળવીને ચોપડવાથી ખરજવાં મટે છે.

ઝાડા માટે—દાડમનું કાચું ફળ લઈ તેમાં બેઆનીપુર અફીણ ભરી ઉપર કણુક લગાડી ભરસાડમાં બાફી તેમાં સુંઠ તો ાા, તથા જાયફળ તો ાા, મેળવી સારૂ ઝીણું વાટી ગોળી ચણાપુરની કરી દીવસમાં બેત્રણ ગોળી આપવાથી ઝાડા મરડો અતીસાર, વિગેરે મટે છે.

મરડાની ગોળી—અફીણ, લશણ, અને સેકેલી હીંગ સરખે વજને લઈ વાટી ગોળી મરીપુરની કરી પાણી સાથે દીવસમાં બેવાર આપવી.

દાહ માટે—રાળ તથા સાકર મોસા દહીંમા ખાવાથી મરડો મટે છે તેમજ ચોખાના ધોવરામણમાં સુખડ સાકર અને મધ આપવાથી દાહ સોશ અને રકતાતિસાર મટે છે.

અંજન—સુંઠ, હરડેદળ કુલ્ત્થ, ખાપરીઉ, ફટકી, ખેરસાર, માયા, બરાસ, મોતી, એટલી વસ્તુ અડધો અડધો તોલો અને કસ્તુરી બેઆની ભાર લઇ પ્રથમ મોતીને પાંચ દીવસ લીંબુના રસમાં ખલી બધી વસ્તુ ભેગીનાંખી ખલી ગોળીવાળી સ્રીનાં દુધમાં ઘસીને આંજેતો પડળ અને ફુલુ મટે ગૌમુત્રમાં આંજેતો રતાંધલા પણું મટે મધમાં આંજવાથી નેત્રશ્રાવ મટે અને કેળના રસમાં આંજથીવા માંસ વૃદ્ધી મટે.

ફુલાનો ઉપાય—ગધેડાનો દાંત, સાબરસીંગુ અને વડગરૂ મીઠું ઘસીને આંજવાથી ફુલું મટે છે.

પાચક ચુર્ણ—હીંગ તો. ૧, વજ તો ૨, વાવડીંગ. તો. ૩, સીંધુલુણ. તો. ૪, જીરૂ તો. ૫, સુંઠ. તો. ૬, મરી તો. ૭, પીપર તો. ૮, ઉપલેટ. તો. ૯, હરડે. તો. ૧૦ ચીત્રા તો. ૧૧, અજમોદ તો. ૧૨. એ બધી વસ્તુને ખાંડી વસ્રગાળ કરી જુના ગોળમાં ગોળી ટાંક. ૧ ની કરી. સવાર, સાંજ ગોળી. ૧ ખાય તો. ચોરાસી.

જાતના વાયુહરણ પ્રેમેહ, મંદાગ્ની, ગોળા, સૂળ, હુબકા, ઓડકારી શ્વાસ સંગ્રહણી. પાંન્ડું, માંથાનો દુખાવો. વિગેરે રોગો મટે છે.

વૈદ પોપટલાલ મોનજી યાજ્ઞીક ખરડ. તા. ધંધુકા

પેટના દુખાવા માટે—ફુદનાનોઅર્ક, એલચીને અર્ક, પીપરમીંટનો અર્ક, ઇલમીંટના ફુલ. એ બધુ સરખે વજને મેળવી. બેથ ચાર ટીંપા પાણીમાં આપવાથી. પેટનો દુખાવો, ચુંક, અજીર વીગેરે મટે છે.

પથરીનો ઉપાય—નેતરની બીડી પીવાથી. પીસાબ છુટે છે તેમજ નેતરની ગાંઠ. ચોખાના ધોવરામણુમાં ઘસીને પાવાથી પથર પણ મટી જાય છે.

તાવનો ઉપાય—ક્રાઇનન તથા ગળો સત્વ બન્ને સરખે વજ લઇને લીંબુનારસમાં ચણોઠી પુરની ગોળી કરી દીવસમાં ત્રણ વખ આપવાથી બધી જાતના તાવ જાય છે.

દરાજનો મલમ—મોથ, મોરથુથુ, વાવડીંગ, રાળ, મનસીલ હડતાલ, લોધર, પીપળાનું મૂળ, એ બધી વસ્તુ સરખે ભાગે લ ખાડી, ચાળી, તેલમાં મેળવી ચોપડવાથી કાળી, તથા રાત દરાજમટે છે.

સમાપ્ત.

સાધારણ માણસ સમજીશકે તેટલા માટે ટુંકાણમાં

કાળજ્ઞાન

ચોપાઈ.

પગ ન્હાની કર, કાળજું, નાસા શીતળ થાય;
શુળજ પ્રગટે શીશમાં, તો, તો, મૃત્યુ થાય,
અંગ ધ્રુજે સ્થિર નવ રહે, સ્વાદ સુગંધી જાય;
જન વર ત્યાં જવના ગયા, પક્ષે મૃત્યુ થાય;
કંઠ રૂંધાયો કફ થકી, મુખરહે વ્યાધિ વિકાશ;
એ નર જાણો જીવસે, જો ઇચ્છે અવિનાસ
સોજ ચઢે મોઢાથકી, સ્ત્રીઓને જે પાય;
પુરૂષ પાયથી જાણવો, અસાધ્ય એ નિરધાર;
નરધુંટી સ્ત્રીને દુંટી, જો આવે સો જાય;
કોઇ વિષમ વ્યાધિ વિષે, અસાધ્ય એ કહેવાય;
અમર ન દીસે રોગીને, નવ દીનમાં જીવજાય;
કાન સુણે નહિ તો નકી, સસ દિને ક્ષય થાય
કાળી કીકી ન દેખતાં, પંચ દીને અળપાય;
નાસિકાગ્ર જય ના જુવે, ષટ દીનમાં મરી જાય;
જય જીવ્હાગ્ર ન દેખીયું. હરીએ કર્યે યત્ન;
તો તે દીન જાશે નહી, જીવરૂપી મહા રત્ન;

વેદ મણાશંકર વંદ્રાવન.

ધંધુકા.

સ્વર્ગસ્થ વૈદરાજ તિલકચંદ તારાચંદનો યાદગાર

ઉપાય.

અવસાન થવાને આગલે દીવસે લખાવેલો.

આ ઉપાય વૈદરાજ કાર્ડ દ્વારા પ્રસીદ્ધ કરી વૈદરાજો ઉપર મોકલવાના હતા.

સીલાજીતની ગોળી—સીલાજીત શુદ્ધ તો. ૫. રસસીંદુર તો. ૩, કેશર તો. ૧, લોહભસ્મ તો. ૨, અફીણ તો. ૧, સુન્નાંના વરખ તો. ૧, કસ્તુરી તો. ૧, જાયફળ તો ૧॥, જાવંત્રી તો. ૧॥, લવેંગ તો. ૧॥, પીપર તો. ૧॥, અકલગરો તો ૧॥, તજ તો. ૧॥, સુદ્ધ ભાંગ તો. ૩, નીસોતર તો. ૩, જેઠીમધ તો. ૩, ઉપરની વસ્તુઓને ચુકતીશર ખાંડી ચાળી અને તેમાં વરખ વિગેરે મેળવી બધાને બે દીવસ ઘુટેલા રસ સીંદુરમાં મેળવી એક દીવસ ખલ કરી, પછી આદુના રસનો એક પટ, પાનના રસનો એક પટ, ત્રીકટુના ઉકાળાનો એક પટ તથા ત્રીફળાંના ઉકાળાનો એક પટ આપી રતી-પુરની ગોળી કરી. ખાંશી, ક્ષય, શ્વાસ, સંગ્રહણી, વાયુ, સરદી, અમુઝણ, અશકતી, વિર્યદોશ, શીથીલતા, કમર અને હાથપગનો દુખાવો વિગેરે રોગોમાં મધ, ઘી વિગેરે રોગના પ્રમાણમાં યોગ્ય અનુપાન સાથે વાપરવાથી ઘણોજ સારો ફાયદો કરે છે માટે વૈદરાજો બનાવિને વાપરશી તો યશ, કીર્તી અને ધન પ્રાપ્ત કરશે.

વૈદરાજ તિલકચંદ ભાઈનો છેલ્લો સંદેશ

છેલ્લી ઘડીસુધી આયુર્વેદને ભુલ્યા નથી.

સંવત ૧૯૭૮ના અશાડ સુદ ૧૩ને વાર શુક્ર તા ૭-૭-૨૨ ને રોજ બપોરના ત્રણ વાગ્યાને સુમારે વૈદ્યરાજની છાતીમાં દુખાવો થઇ આવ્યો, મને તેમજ બીજા વૈદમીત્રોને માણુશો બોલાવવા આવ્યા હમે એમને ઘેર ગયા જોયું તો વૈદરાજના શરીરમાંથી ફુવારા બંધ પસીનો નિકળે છે. શરીર ઠંડુગાર થઇ ગયું છે, નાડી ઘણીજ ઉંડાણમાં દેખાતી હતી છતાં બેઠા બેઠા વાતો કરતા હતા, હમે હેમગર્ભ કસ્તુરી વિગેરે ઉંચી દવાઓ ચટાડી પણ શરીરમાં ગરમાવો આવ્યો નહીં ત્યારે વૈદરાજ બોલ્યા હવે તમે બધા ખાલી મહેનત કરો છો મારો સમય ભરાઇ ગયો છે, એટલામાં ડાકટર ધીઆ આવ્યા તેણે કહ્યું કેમ ઇન્જેકસન કરૂં ! ના હવે મારે છેલ્લી ઘડીએ ઇન્જેકશન નથી કરાવવું કારણ હું તેની વિરૂદ્ધ છું, ત્યારે દવા પાસો ડાકટરે કહ્યું આ લોકોએ બહુ દવા કરી હવે નહિ એટલે ડાકટર ગયા હું પાસે બેઠો હતો મેં પુછ્યું કેમ કંઇ કહેવું છે જવાબ હું તે શું કહું મારી શી ગુંજાશ પણ એટલું કહું છું કે આયુર્વેદની સુધારણાનું કામ છોડશો નહિ અને વૈદસભા ચલાવજો તમારાથી બને તો નિબંધ માળનો ત્રીજો ભાગ બહાર પાડજો કોઇની નિંદાથી ડરશો નહિ બસ હવે છાતી દુખે છે.

વૈદ ધીરજરામ દલપતરામ
રૂવારાને ટેકરે **સુરત.**

પ્રયોજન

આયુર્વેદનાં સેંકડો અને હજારો પુસ્તકોમાં ઔષધોનો માહ
સમુદ્ર ભરેલો છે. તો પછી આવા પુસ્તકોની શી જરૂર છે. વ
ખરી. પુસ્તકોમાં ઔષધોનો સમુદ્ર ભરેલો છે. પરંતુ તે સમુદ્રનું મં
કરીને જે જે વૈદરાજોએ ઔષધો રૂપી રત્નો મેળવ્યાં હોય એ
સીદ્ધ ઉપાયોનો કોઇ દીવસ નાસ નહી થાય અને વૈદરાજો
બીજાના એવા સીદ્ધ ઉપાયોની અરસ પરસ આપ લે કરે તો તેઓ
સંઘ શકતી દીન પર દીન વધારે ફેલાય જેથી લોકો તેનો લ
લઇ નિરોગી થાય તો આપણું આયુર્વેદનું ગૌરવ દીન પર દીન
પામે એવા શુભ હેતુથી આ પુસ્તકની યોજના કરવામાં આવી
એટલુંજ નહી પણ અગાઉ થઇ ગયેલા મોટા મોટા વૈદો પ
ઘણીજ અદભુત ગણાતી માત્રાઓ, ગોળીઓ, અને એવાજ બ
તાતકાલીક અશર કરનારા ઉપાયો હતા. પણ તેઓ તેને એવી
ગુપ્ત રાખતા કે ભાગ્યેજ તેના પુત્રો પણ જાણી શકે.
પરીણામ એ આવ્યુ કે તેઓ કાળના ઝપાટામાં ફસાઇને ભસ્મીભ
થઇ ગયા. તેની સાથે તેની વિદ્યા પણ ભસ્મીભુત થઇ ગઇ, હાલ
પણ ઘણાં વૈદરાજો પાસે સારા સારા ઉપાયો છે. પરંતુ તેઓ
તેને કૃપણના ધનની પેઠે ગુપ્ત રાખે છે. તેઓની દશા પણ ઉ
પ્રમાણે થશે. માટે વૈદ બંધુઓને પ્રાર્થના કરવાની કે હવે ગુ
રાખવાનો જમાનો વહી ગયો છે. માટે જેની પાસે જે સારા ઉપા
હોય તે આપણાં બીજા ધંધા બંધુઓથી છુપાવ્યા વ
મોટુ દીલ રાખીને એક બીજાને બતાવવા કે જે
આપણા આયુર્વેદની કીર્તી વધે અને જે જે સારા ઉપ

હાથ લાગ્યા હોય તેનો ફેલાવો થઇ તે સદા સર્વદા કાયમ રહે. આવા પવીત્ર હેતુથી આ પુસ્તકની યોજના કરવામાં આવી છે આ હેતુ ધ્યાનમાં લઇ જે જે વૈદ બંધુંઓએ પોતાના અનુભવેલા ઉપાયો આ પુસ્તકમાં પ્રસીદ્ધ કરવાને મોકલી આપ્યા છે તેઓનો અંતકરણ પુર્વક આભાર માનવામાં આવે છે. તેમજ જે જે વૈદોએ મોટા જથામાં ઉપાયો મોકલેલા તે બધાજ દાખલ થઇ શકયા નથી પણ તેમાંથી થોડા દાખલ કરવામાં આવ્યા છે તે બદલ વૈદરાજો ક્ષમા કરશે એવી આશા છે છેવટ આવા અનુભવને લગતા પુસ્તકો પ્રસીદ્ધ થવાની ખાસ જરૂર છે જે વૈદરાજો ધ્યાનમાં રાખશે એવી આશા છે.

લી કૃપાનંલાસી વૈદ **ધીરજલાલ દલપતરામ**

રૂવાળાને ટેકરે સુરત.

આયુર્વેદની મહાન શોધ

દરેક રોગના કુદરતી ઉપાય

રંગ રસાયણ.

સુર્યના કિરણો દ્વારા રોગને દુર કરવાની અદભુત વિધા અને લાલ લીલી ભુરી પીળી સફેત વિગેરે બાટલીઓમાં દરેક રોગોને તાત્તાળીક અશર કરનાર પાણી તૈયાર કરવાની રીત તથા દીવાના પ્રકાસથી રોગોને દુર કરવાની અદભુત કળા થોડા વખતમાં છપાઇ તૈયાર થસે.

કીંમત આના આઠ.

મળવાનું ઠેકાણું.

વૈદ ધીરજરામ દલપતરામ રૂવાળાને ટેકરે સુરત.

આર્ય રસાયણ શાસ્ત્રને લગતું અતી ઉત્તમ પુસ્તક

આયુર્વેદીક રસાયણ સાર.

રસશાસ્ત્રને લગતાં ઘણાં પુસ્તકો છપાયલાં છે. પરંતુ રસાયણો કેવી રીતે તૈયાર કરવાં તે બાબતમાં અનુભવની ખાસ જરૂર છે. માટે હમે એ બાબતમાં સંપૂર્ણ ખુલાશાવાર

અનુભવ સીદ્ધ પુસ્તક તૈયાર કર્યું છે.

જેમાં પારા ગંધકની શુદ્ધી, પારાના સંસ્કારો ભસ્મો, ક્ષારો રસાયણો વિગેરે તૈયાર કરવાની સ્હેલામાં સ્હેલી રીતો.

ભઠ્ઠીઓની રચના વિગેરે આર્ય રસાયણને લગતી તમામ માહીતી તેમજ ચન્દ્રોદય, મકરધ્વજ, રસસીંદુર, રાજમૃગાંક વિગેરે બનાવવાની અનુભવીક માહીતી આ પુસ્તકમાં આવશે.

ટુંકામાં વૈદરાજોને આ પુસ્તક રસાયણ બનાવવામાં એક ખરા ભેમીઆની ગરજ સારશે.

અગાઉથી ગ્રાહક થનારને રૂા. ૧।।, પાછળથી વધુ પડશે.

તાકીદે લખો :—

વૈદ ધીરજરામ દલપતરામ

રૂવાળાનો ટેકરો-સુરત.

વૈદરાજો માટે થોડા નમુના

આ નમુના વૈદરાજોને માત્ર એકજવાર ખાત્રી કરવાને નિચે લખેલા ભાવથી આપવામાં આવશે.

લોહ ભસ્મ સતપુટી	તોલા ૧ નો રૂ. ૧ાા
જસત ભસ્મ સ્વેત	તોલા ૧ નો રૂ. ૧
સુવર્ણ માક્ષીક ભસ્મ	તોલા ૧ નો રૂ. ૦ાા
બંગ ભસ્મ સ્વેત	તોલા ૧ નો રૂ. ૧
રસ સીંદુર વાટેલો	તોલા ૧ ના રૂ. ૩
સુવર્ણ ચંદ્રોદય અનુંપાન મીશ્ર	તોલા ૧ ના રૂ. ૧૦
તાલ સીંદુર આખો	તોલા ૧ ના રૂ ૩
રાજમૃગાંગ કુપીપક્વ	તોલા ૧ ના રૂ. ૨
માણીક્ય પંચામૃત	તોલા ૧ ના રૂ. ૧.૫
સીતભંજી રસ	તોલા ૧ ના રૂ. ૦ાા
ચંદ્રપ્રભા લોહ અને સીલાજીતવાલી	તોલા ૧ ના રૂ. ૨
સુવર્ણ માલતી વસંત	તોલા ૧ ના રૂ. ૧૦
સ્વલ્પ ચંદ્રોદય ગુટીકા	તોલા ૧ ના રૂ. ૫
મદન કાંન્તા ગુટીકા	તોલા ૧ ના રૂ. ૫
પુષ્ટી પ્રભા ગુટીકા	તોલા ૧ નો રૂ. ૨ાા
પથ્યા, ગુગળ	તોલા ૪ નો રૂ. ૧
માહાયોગરાજ ગુગળ ગોળીઓ	તોલા ૧ નો રૂ. ૧ાા

ઉપર લખેલી વસ્તુમાંથી જે જોઇએ તે વૈદરાજોએ નિચેને ઠેકાણેથી વિ. પી. થી મંગાવી લેવી.

વૈદ્ય ધીરજરામ દલપતરામ, રૂવાળાને ટેકરે—**સુરત.**

સુરત વૈદ્ય સભા.

ઠેઠ અંબાજી રોડ, છીપવાડને નાકે—સુરત.

આ સભા સુરતમાં બાર વર્ષ થયાં સ્થાપન થઇ છે. અને વૈદરાજો તેમજ આયુર્વેદ ઉપર પ્રીતી ધરવનારા ગ્રહસ્થોની મદદથી ચાલે છે. આ સભામાં આયુર્વેદના ગુઢ તત્વો તથા આયુર્વેદનું રહસ્ય પ્રજા વર્ગને સમજાવવા તથા દેશી વૈદક ઉપર જનસમુહની પ્રીતી સ્થીર કરવા, દર રવીવારે જુદા જુદા વૈદરાજો આયુર્વેદના જુદાં જુદાં અંગો ઉપર વાખ્યાનો આપે છે. તેમજ વૈદરાજોના લાભાર્થે એક આયુર્વેદીક પુસ્તકાલય તથા વનસ્પતીનું સંગ્રહસ્થાન રાખવામાં આવેલાં છે. આ સભામાં શેહેરના તેમજ બાહારગામના વૈદરાજો મેમ્બર તરીકે જોડાઇને આવાં આયુર્વેદ પ્રચારના કાર્યમાં મદદ આપી શકે છે. માટે આશા છે. કે વૈદરાજો આવી સસ્થાને યોગ્ય આશ્રય આપવા ચુકશે નહી.

સભાના કાર્યવાહકો

માનનિય પ્રમુખ—વૈદરાજ શીવશંકર નાનાભાઈ

પ્રમુખ—વૈદ ધીરજરામ દલપતરામ

કોશાધ્યક્ષ—વૈદ બાળકૃષ્ણ રત્નેશ્વર

મંત્રીઓ

ડા. ભોગીલાલ પ્રાણશંકર વૈદ

વૈદ ભોળાનાથ નર્મદાશંકર સ્માર્ત

ભાગ્યનો પારસ.

કિંમત ૨—૦—૦

એ સિવાય

તમામ જાતના સારાં અને સસ્તા પુસ્તકો મળવાનું ઠેકાણું

બુકસેલર લલ્લુભાઈ નારણદાસ

લીમડા ચોક, સુરત.